રવિન્દર સિંઘ

લાઈક ઈટ હેપન્ડ યસ્ટરડે



VISIT…

LANZAROTE Caliente.COM

લાઇફ ઈટ હેપન્ડ યસ્ટરડે

(અંગ્રેજી પુસ્તક 'LIKE IT HAPPENED YESTERDAY'નો ભાવાનુવાદ)


(જાણે ગઈકાલની વાત)

લેખક

રવિન્દર સિંઘ

ભાવાનુવાદ

રવિ ઇલા ભટ્ટ



મુખ્ય પ્રાપ્તિસ્થાન

નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨

બુકશેલ્ફ

૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે,
સી. જી. રોડ, અમદાવાદ-૯

E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com

LIKE IT HAPPENED YESTERDAY
Originally written by Ravinder Singh
Gujarati Translation by Ravi Ila Bhatt
Navbharat Sahitya Mandir, Ahmedabad
2014

ISBN : 978-81-8440-858-4

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

₹ ૧૬૦-૦૦

પ્રકાશક
મહેન્દ્ર પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ
અમદાવાદ-૩૮૦ ૦૦૧
ટેલિ. : (૦૭૯) ૨૨૧૩ ૯૨૫૩, ૨૨૧૩ ૨૯૨૧
E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com

ટાઈપસેટિંગ
સ્ટાઈલસ ગ્રાફિક્સ
અમદાવાદ

મુદ્રક
યશ પ્રિન્ટર્સ
અમદાવાદ

મારાં વ્હાલાં માતા-પિતાને અર્પણ.....

મારી લાગણીઓની વાત

તમે આ પુસ્તક વાંચવાની શરૂઆત કરો અથવા તો હું તમને મારી વાત જણાવું તે પહેલાં હું એક ક્ષણ અટકીને તમારો આભાર માનવા માગું છે કે તમે તમારા કિંમતી કલાકો અને દિવસો મારી સાથે પસાર કરવાનું નક્કી કર્યું. આજની વ્યસ્ત દુનિયામાં દરેક લોકોને પોતાની વાત હોય છે, જે માત્ર એક ટ્વિટ કે સ્ટેટસ અપડેટ દ્વારા જણાવી શકાય છે. ત્યાં તમે કલાકો સુધી આ પુસ્તક વાંચશો તે બહુમૂલ્ય છે. તેમાં પણ જો તમે એવા હો કે જે ઉધારીમાં નહીં પણ પોતાના માટે આ પુસ્તક ખરીદીને ઘરે રાખવાના છો, તેમનો હું વધુ એક વખત આભાર માનું છું. તમે આ પૈસા મૂવી જોવામાં કે પછી મોલમાં ફરવામાં અને સૅન્ડવિચ, ફ્રેન્ચ ફ્રાઇઝ અને કોલા પીવામાં પણ ખર્ચી શક્યા હોત, તેના બદલે તમે આ પુસ્તક ખરીદીને મને વધુ લખવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. અહીંયા રજૂ કરેલી વાત મારા હૃદય સાથે જોડાયેલી છે, પણ જ્યારે તમે આ પુસ્તક વાંચશો ત્યારે તેના દરેકે દરેક પ્રસંગો તમારી સાથે પણ જોડાયેલા લાગશે.

મને અત્યારે એક રસપ્રદ પ્રસંગ યાદ આવે છે, જ્યારે બાળપણમાં હું સ્કૂલે જતો હતો, ત્યારે મને એપ થતું કે હું ક્યારે યુવાન થઈશ અને કૉલેજમાં જઈશ. જ્યારે હું યુવાન થયો અને કૉલેજ જતો થયો ત્યારે મને એમ થતું કે હું ક્યારે જોબ કરીશ અને પોતાના પૈસા કમાઈ શકીશ. હવે છેલ્લાં એક દાયકાથી હું જ્યારે મારી પોતાની કમાણી કરી રહ્યો છું ત્યારે ખ્યાલ છે હું શું ઇચ્છી રહ્યો

છું?

અત્યારે મને એમ થાય છે કે હું સમયચક્ર ફેરવી નાખું અને પાછો સ્કૂલમાં જતો રહું. મારું અત્યારનું જીવન ખરાબ કે ખોટું નથી, પણ તે વખતે કંઈક એવું હતું...

કંઈક એવું હતું જે મને તે સમયમાં પાછા જવા માટે ખેંચે છે. મને એમ થાય છે કે તે સમયે પોકેટ-મની બચાવી રાખવામાં જે આનંદ અને સંતોષ મળતો હતો તે અત્યારે મારી પોતાની કમાણીમાં પણ નથી મળતો. તે સમયે એવું કંઈક હતું જેનાથી એમ થતું કે તે સમયે મારી પાસે માત્ર હોમવર્ક પૂરું કરવાની રખાતી અપેક્ષાઓ, અત્યારે નોકરી અને ઘર માટે રખાતી અનેક અપેક્ષાઓ કરતા વધારે સારી અને સરળ હતી.

આ લાગણીઓનું એક કારણ એ છે કે, મેં સારામાં સારો સમય પસાર કર્યો છે છતાં જેમ જેમ વર્ષો પસાર થયાં છે તેમ તેમ મારા ખભે જવાબદારીઓનો ભાર વધતો ગયો છે. બીજું કારણ એ પણ છે કે મારા મનમાં જૂના સમયની અનેક સુખદ યાદો રહેલી છે, પણ સાથે સાથે વર્તમાન ચિંતાઓ એટલી જ અસર કરે છે. આ બધાના કારણે જ મને તે સમય યાદ આવે છે જ્યારે હું સાવ બેદરકાર અને આરામદાયક જીવન જીવતો હતો. તે સમયે મારી સામે માત્ર એક જ સમસ્યા રહેતી કે પરીક્ષામાં સારા માર્ક મેળવવા.

બાળપણના દિવસો ખરેખર ખૂબ જ ખાસ હોય છે. મને વિશ્વાસ છે કે તમે પણ આવું જ વિચારતા હશો. બધી જ લાગણીઓ એક તરફ પણ સત્ય એ છે કે હું ઇચ્છું તો પણ તે સમયમાં પાછો આવી શકવાનો નથી. તેના કારણે જ હું આ પુસ્તક લખી રહ્યો છું, કારણ કે તેના દ્વારા હું ફરી એક વખત તે સમયને જીવી શકીશ. ક્યાંક ને ક્યાંક આ પુસ્તકના દરેક પાનામાં હું મારા સુંદર, નિર્દોષ, તોફાની અને જિજ્ઞાસાથી ભરપૂર દિવસોને જીવંત કરવા માગું છું.

હું એવા સમયની વાત કરું છું જ્યારે મોબાઇલફોન, ઇન્ટરનેટ કે પછી એટીએમ જેવી સગવડોનો સામાન્ય જનજીવનમાં પ્રવેશ થયો નહોતો. તે સમયે દૂરદર્શન એક માત્ર મનોરંજનનું સાધન હતું અને રવિવારે પ્રસારિત થતા રામાયણ અને મહાભારતના કારણે રસ્તા પરનો ટ્રાફિક પણ કલાક માટે ઓછો થઈ જતો.

તે સમયે ફિલ્મ જોવા માટે પણ વીસીઆર અને કેસેટ ભાડે લાવવા પડતા હતા. એ એવો પણ સમય હતો જ્યારે દુકાનદાર પાસેથી પચ્ચીસ પૈસા છૂટા લેવા પણ પડતા અને ક્યારેક આપવા પણ પડતા.

હજુ આગળ જઈએ તો તે એવો સમય હતો જ્યારે અત્યારે અમલમાં અને વપરાશમાં આવેલી શોધ પર માત્ર સંશોધન ચાલી રહ્યા હતા. તે સમયની સૌથી મોટી ખાસિયત એ હતી કે વર્તમાન સમયની શોધો તે વખતે નહોતી છતાં તે સમયના જીવન વધારે સરળ અને સહજ હતાં.

તેના કારણે જ હું માનું છું કે તમે ક્યાંય પણ જશો, કંઈ પણ કરશો અથવા કંઈપણ બનશો તમારો ભૂતકાળ એ જ રહેશે અને મહત્ત્વનો બની રહેશે. તમે કેવા નિર્ણયો કરો છો, તમે કેવી રીતે સ્થિતિને કાબૂમાં કરો છો તેના પર બધો આધાર રહેલો છે.

આજે જ્યારે હું તમને મારા બાળપણમાં લઈ જઈ રહ્યો છું ત્યારે મારી ઈચ્છા છે કે તમે પણ તમારા બાળપણમાં જાઓ અને તમારા વર્તમાન સાથે તેને સાંકળો. મારી એ પણ ઈચ્છા છે કે તમારી ખુશીઓ, ભય અને આંસુઓને આ પુસ્તકના ઘટનાક્રમ સાથે જોડો. જ્યારે તેવું થશે ત્યારે તમે આવશો અને મારી સાથે તમારી યાદો તાજી કરશો.

સદાય ખુશ રહેજો

રવિન

અનુક્રમણિકા

૧

પહેલો દિવસ પહેલી સ્કૂલ

હું રડતો હતો, સખત રડતો હતો.

મને એમ થતું કે આવું તો હું ક્યારેય રડ્યો નથી. મને ક્યારેય એવી જરૂર પણ પડી નહોતી.

તે દિવસ મારો સ્કૂલે જવાનો પહેલો દિવસ હતો. મને નર્સરીમાં મૂકવામાં આવ્યો હતો.

મારા પિતાએ મારો ડાબો હાથ ખૂબ જ હૂંફ સાથે તેમના જમણા હાથમાં પકડ્યો હતો. હું સતત તેમને પ્રાર્થના કરતો હતો કે મને એકલો મૂકીને ન જતા રહેશો. તે દિવસ સુધી હું ક્યારેય મારા પરિવારથી અલગ થયો નહોતો. આજે મારા પિતા તે કરવા જઈ રહ્યા હતા. મમ્મી-પપ્પા વગર રહેવાનો વિચાર જ મને ડરાવી રહ્યો હતો. કેટલો સમય રહેવું પડશે તે બીજી વાત હતી, પણ મહત્ત્વનું એ હતું કે થોડાક જ સમયમાં હું એવા વાતાવરણમાં હોઈશ જ્યાં મારું જાણીતું કોઈપણ નહીં હોય. મારા પિતા મને એવા અજાણ્યા લોકો વચ્ચે જ મૂકી જતાં હતા જેમાંના મોટાભાગના મારા જેટલા હતા જ્યારે કેટલાક થોડા મોટા હતા. તે વખતે મને જે વલોપાત થતો હતો તે અસહ્ય હતો.

હું પપ્પા સાથે વાત કરવા માગતો હતો કે આ રીતે એકાએક પરિવારથી જુદા થઈને રહેવું કેટલું કપરું છે. તે સમયે મારી પાસે શબ્દો નહોતા અને પપ્પા સાંભળવા માટે તૈયાર પણ નહોતા. તે સમયે મને ખ્યાલ નહોતો આવતો કે મારે શું કહેવું, પણ સાથે સાથે તે અંગે કેવી રીતે વર્તવું તેની પણ મને જાણ નહોતી. તે સમયે હું માત્ર રડવા સિવાય કંઈ કરી શકું તેમ નહોતો. મારી આંખોમાં પાણી ખૂટી પડ્યું, મારું નાક નીતરવા લાગ્યું અને મારું ગળું સુકાઈ ગયું ત્યાં સુધી હું રડતો રહ્યો. મને એમ થતું હતું કે મારી આવી દશા જોઈને કદાચ પપ્પાને મારા પર દયા આવશે. તેઓ મને અહીંયા મૂકવાની જગ્યાએ પાછા મમ્મી પાસે ઘરે લઈ જશે.

પણ તેમણે એવું કશું જ કર્યું નહીં.

તેના બદલે તેઓ મને સ્કૂલ નામની તે અજાણી જગ્યાએ મૂકીને જતા રહ્યા જેને હું પહેલા દિવસથી અને પહેલા કલાકથી જ દિલથી ધિક્કારતો હતો. તેમણે ત્યાં હાજર રહેલી બે ટીચરોને મને સોંપી દીધો અને તે બંને મને ખભાથી પકડીને એવી રીતે લઈ જતી હતી જાણે હું ભાગવાનો શક્ય તેટલો પ્રસાસ કરી રહ્યો હોઉં. તેમણે ખભેથી ઊંચક્યો હતો તેથી હું હવામાં પેંડલ મારી રહ્યો હતો જેથી કંઈક છટકી શકાય. મારા આ પ્રયાસના કારણે જેમણે મારો ડાબો ખભો પકડ્યો હતો તે ટીચરનો હાથ સરક્યો અને મારા પરની તેમની પકડ છૂટી ગઈ. તેના કારણે મેં શરીરની તમામ તાકાત ભેગી કરી અને બીજા ટીચરનો હાથ છોડાવીને ભાગ્યો. હું સીધો જઈને મારા પપ્પાને વળગી પડ્યો જે ક્લાસમાંથી બહાર જઈ જ રહ્યા હતા.

હું જઈને સીધો તેમના જમણા પગે વળગી ગયો અને તેમણે પહેરેલા ચૂડીદારને મજબૂત રીતે પકડી લીધું. બીજી તરફ તેમના ઝભ્ભાનો એક છેડો મોઢામાં પકડી લીધો. મેં નિર્ધાર કર્યો હતો કે ભલે આજે તેમનાં કપડાં ફાટી જાય પણ હું તેમને નહીં છોડું. જો કે પપ્પા રોકાયા નહીં અને વધુ ઝડપથી ચાલવા લાગ્યા, જેથી તેઓ પોતાને છોડાવી શકે.

પરિવાર વગર રહેવાની ભયાનક કલ્પનાએ મારી પકડ વધારે મજબૂત બનાવી દીધી હતી. હું વધારે જોરથી રડતો જતો હતો અને બરાડા પાડતો જતો

હતો. મેં એવી સ્થિતિનું સર્જન કર્યું હતું કે લોકો અમારી સામે જ જોઈ રહ્યા હતા. તે સમયે મને કશાની શરમ આવતી નહોતી.

આવું બને છે, ક્યારેક તમારી લાગણીઓ નિર્લજ્જ થઈને વહે છે. જ્યારે તમને એમ થાય કે તમને લાગી રહેલો ભય હકીકત બનવા જઈ રહ્યો છે. તે સમયે હું સાવ નાદાન બાળક હતો. મેં ભયના કારણે જ આવાં અનેક દૃશ્યો જોયાં છે અને ઊભાં પણ કર્યાં છે.

મેં તેમને એટલા જોરથી પકડી રાખ્યા હતા કે તેઓ આગળ જવા માટે જેવા પગ ઉપાડે કે મારું શરીર પણ તેમની સાથે જ ખેંચાય.

'નહીં ડેડી... પ્લીઝ મૈનું છડ કે નઈ જાઓ... પ્લીઝ.' (ના ડેડી... પ્લીઝ મને છોડીને ન જશો... પ્લીઝ ડેડી.) હું પંજાબીમાં બોલ્યો.

જો કે તેની તદ્દન વિપરીત અસર તેમની પર થઈ રહી હતી. મારા કરતા મોટા અને મજબૂત હોવાના કારણે તેમણે મને મોટા અવાજે ધમકાવ્યો અને મને લાફો મારવા માટે હાથ ઊંચો કર્યો. તેમણે તરત જ એક જ ઝાટકા સાથે મારો હાથ છોડાવ્યો અને મને ફરીથી ટીચરને સોંપી દીધો, જે આ વખતે મને પકડવા માટે સંપૂર્ણ સજ્જ હતા. મેં જોયું કે તેઓ મારા ક્લાસરૂમમાંથી બહાર જતા રહ્યા અને હું કંઈ જ ન કરી શક્યો.

તે ક્ષણથી હું તેમને નફરત કરવા લાગ્યો.

તેના કારણે જ હું મારા પપ્પાને નફરત કરતો અને મારી મમ્મીને વધારે ચાહતો હતો, તેથી જ હું તેને યાદ કરી રહ્યો હતો.

હું ક્લાસમાં બેસી રહ્યો હતો. હું શક્ય એટલો જોરથી રડી રહ્યો હતો જેથી અવાજ દૂર દૂર સુધી જાય.

જ્યારે મારી તમામ શક્તિ ખાલી થઈ ગઈ, ત્યારે હું શાંત થઈ ગયો અને ક્લાસના એક ખૂણામાં બેસી ગયો. મને હજી થોડો ભય લાગતો હતો, છતાં એક કલાક કરતા વધારે સમય થયો હોવાથી મને ક્યાંક ક્યાંક એમ થતું હતું કે હું આ વાતાવરણમાં અનુકૂળ થતો જાઉં છું. મેં જોયું કે માત્ર હું એકલો જ રડતો નહોતો, મારી આસપાસ અનેક હતા જે રડતા હતા. મારી જેમ તે બધા નેવી બ્લૂ અને સફેદ યુનિફૉર્મમાં હતા. મને એમ થતું હતું કે મારાં મમ્મી-

પપ્પાએ મારા માટે જે કપડાં પસંદ કર્યાં તે આ બધાનાં મા-બાપે પણ કર્યા છે. મારી સામેના ખૂણામાં એક છોકરી હજી રડી રહી હતી. તેનામાં રડવાની ક્ષમતા મારા કરતા વધારે હોય તેમ મને લાગ્યું. તે મારા કરતા વધારે મોટેથી રડતી હતી.

ખૂણામાં એકલા બેઠા બેઠા વિચારતો હતો કે મારા પરિવાર વગર હું કરીશ શું? હું મારી મમ્મીને યાદ કરતો હતો. મને તેનો પ્રેમ યાદ આવતો હતો. મને એમ થતું હતું કે અહીંયાથી ભાગી જાઉં અને તેના ખોળામાં સમાઈ જઈને પપ્પાની ફરિયાદ કરું કે તેમણે અજાણ્યા લોકો સામે મારી સાથે કેવું વર્તન કર્યું.

મને તો મારા ઘરનો રસ્તો પણ ખબર નહોતો. મને એવું પણ થતું હતું કે મમ્મી મને યાદ કરતી હશે કે નહીં. તેને યાદ કરતાં મારી આંખો ફરીથી ભીંજાઈ ગઈ, જો કે તે બરોબર સુકાઈ પણ નહોતી. મારું ગળું સુકાઈ ગયું હોવાથી હું ફરીથી ચીસો ન પાડી શક્યો.

એકાએક બેમાંથી એક ટીચર મારી પાસે આવ્યા. તેમણે મારી દાઢી પકડી અને બોલ્યા, ક્યા હુઆ રવિન્દર? ક્યોં રો રહે હો? (શું થયું રવિન્દર, કેમ રડી રહ્યો છે?)

નાક બંધ થયું હોવાથી હું માત્ર એટલું જ બોલ્યો હુ... હુ...હુ... મુઝે મમ્મી કે પાસ જાના હૈ... આ... (મારે મમ્મી પાસે જવું છે) અને પાછો રડવા લાગ્યો.

મારી મમ્મીએ મારા શર્ટ પર લગાવેલા રૂમાલથી તેમણે મારા આંસુઓથી ખરડાયેલો અને ગંદો થયેલો ચહેરો સાફ કર્યો. તે મારી સામે થોડું હસ્યા. એમણે મને કહ્યું કે તેઓ મને મમ્મી પાસે લઈ જશે. મેં તેમની સામે જોયું. તેમની આંખોમાં જોતા મને એમ લાગ્યું કે તે સાચું બોલે છે અથવા તો મારી પાસે તેમની વાત માનવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

સચ્ચી? (ખરેખર) મેં પૂછ્યું અને મારી આંખોમાં અનેક સ્વપ્નો ઊભરાવા લાગ્યાં.

હાં. લેકીન તુમ્હે મેરી બાત માનની પડેગી. (હા, પણ તે માટે પહેલાં તારે મારી વાત માનવી પડશે) તેમણે વિકલ્પ જણાવ્યો.

થોડા જ સમયમાં હું તેમની બધી જ વાત માનવા લાગ્યો. તેમણે મને કહ્યું ત્યાં હું બેસી ગયો. પછી તેમણે મને અન્ય વિદ્યાર્થીઓ સાથે બેસીની વિવિધ રમકડાં રમવાનું કહ્યું અને હું તે પણ કરવા લાગ્યો. મારી આસપાસ અઢળક રમકડાં અને ફુગ્ગાં હતાં અને ઘણાં બધાં બાળકો પણ હતાં જે તેનાથી રમી રહ્યાં હતાં. થોડાક જ સમયમાં મેં નવા મિત્રો બનાવી લીધા. મને હજી તેમનાં નામ ખબર નહોતાં પણ હું ખુશ હતો.

અમારા દરેક જણામાં આજનો દિવસ કે જે સ્કૂલમાં જવાનો પહેલો દિવસ હતો તે ખાસ હતો, કારણ કે અમે દરેક તબક્કે અસલામતી અનુભવતા હતા. જો કે તે બધું થોડો સમય ચાલ્યું અને પછી બધું સહજ થઈ ગયું. માનવ સ્વભાવ કેવો વિચિત્ર હોય છે. અમે બધાં એક જ બાબતે અસલામતી અનુભવતા હતા તેથી જ અમે બધા ઝડપથી મિત્રો પણ બની ગયા. આ નવા અને અજાણ્યા વાતાવરણમાં મને એક જ સધિયારો હતો કે મારી આસપાસ મારા જેવા જ લોકો હતા.

આ બધું પૂરું થયું ત્યારે હું ખૂબ જ ખુશ હતો કારણ કે હવે હું મારી મમ્મીને મળવાનો હતો. હું તેમને પપ્પાએ કરેલી ક્રૂરતા વિશે જણાવીશ તો તે મને ફરીથી ક્યારેય નહીં જવા દે.



સ્કૂલ શું કહેવાય તે સમજતા લગભગ બે વર્ષ લાગ્યાં. પહેલા ધોરણમાં આવતા સુધીમાં હું એક વાત સમજી ગયો હતો કે સ્કૂલથી ભાગી શકાય તેમ નથી. હવે મારે બાર વર્ષ સુધી અહીંયા જ રહેવાનું છે તેનો મને ખ્યાલ આવી ગયો, જો હું અધવચ્ચે ક્યાંય નાપાસ ન થાઉં તો. મારા ક્લાસમાં રહેલા અન્ય મિત્રોને પણ ખ્યાલ નહોતો કે તેમની જિંદગી સાથે શું થઈ રહ્યું છે, તેથી તેમનાં માતા-પિતાએ જે કહ્યું તે સ્વીકારી લીધું હતું. મને પણ બધાની જેમ જે ચાલે છે તેને અનુસરવાનું યોગ્ય લાગ્યું, તેથી મેં પણ સ્કૂલે જવાનું સ્વીકારી લીધું.

મેં જેવું સ્કૂલે જવાનું સ્વીકારી લીધું તો મારાં મમ્મી-પપ્પાની અપેક્ષાઓ પણ વધાવી લાગી.

સખત મહેનત કરજે, તારે અવ્વલ આવવાનું છે.

મેં માત્ર માથું હલાવીને હા પાડી, પણ મને ખ્યાલ નહોતો કે હું જે કરવા જઈ રહ્યો છું તે આગળ જતાં ઉંદરોની રેસ જેવી સ્થિતિમાં પરિવર્તિત થશે. તેના માટે મારે સતત સંઘર્ષ કરતા રહેવું પડશે.

૨

નાની નાની બાબતોમાં સમાયેલી ખુશી

અમારો પરિવાર ઓરિસ્સાના પશ્ચિમમાં આવેલી મહિનદીની પાસે આવેલા નાના અને શાંત એવા નગર બુર્લામાં રહેતો હતો. દુનિયાનો સૌથી મોટો ડેમ હિરાકુંડ મારા ઘરથી માત્ર ચાર કિમી દૂર હતો. હિરાકુંડની પ્રસિદ્ધિના કારણે અમારું બુર્લા પણ જાણીતું થઈ ગયું હતું, ભલે તે નાનકડું હતું.

જો તમે ક્યારેય બુર્લા આવો તો જોશો કે ૪.૮ કિ.મી. લાંબો હિરાકુંડ ડેમ એક તરફ બુર્લા સાથે જોડાયેલો છે જ્યારે બીજી બાજુ હિરાકુંડ નગર છે. બંને નગરો શરૂ થતાં પહેલાં બે વિશાળ મકાનો હતાં જે લાઇટહાઉસ કહેવાતા. બુર્લામાં આવેલા આ મકાનને જવાહર મિનાર કહેતા હતા. એવું કહેવાય છે કે તેમનું નામ પંડિત જવાહરલાલ નેહરુના નામ પરથી અપાયું હતું કારણ કે ડેમ બનતો હતો ત્યારે તેઓ તેને જોવા આવ્યા હતા.

જવાહર મિનાર પરથી દેખાતું ડેમનું દૃશ્ય ખરેખર અદ્ભુત હતું. આટલા મોટા ડેમની પાછળ એક વિશાળ તળાવ જેવું હતું જ્યાં મહિનદીનું પાણી ભેગું થતું હતું. તેમાંથી નાની નાની કેનાલો બનાવેલી હતી જેમાં લગાવેલા દરવાજામાંથી ધીમે ધીમે પાણી જતું હતું. તેમાંથી એક કેનાલ બુર્લા તરફ જતી

હતી. પૂર્વ તરફ વિશાળ ઈલેક્ટ્રિસિટી પ્લાન્ટ લગાવેલો હતો. દક્ષિણ-પશ્ચિમમાં સુંદર હરિયાળો પ્રદેશ હતો જે પાણીના કારણે આપોઆપ વિકસ્યો હતો. તે દિશામાં જોયા કરીએ તો એમ જ લાગે કે પાણી છેક ક્ષિતિજ સુધી જાય છે જ્યાં આકાશ અને પાણી ભેગાં થાય છે. સતત ચાલુ રહેતા ટર્બાઇનનો અવાજ એટલો મોટો હતો કે કાયમ સંભળાતો રહેતો. તેમાં પણ ઉપરથી ટર્બાઇન પર પડતાં અને ગોળગોળ ફરતાં પાણીને જોવાની તો મજા ખરેખર અલગ જ હતી. આ બધાની પૂર્વ તરફ મારું નાનકડું નગર બુર્લા આવેલું હતું.

મારા બાળપણની વાત કરું તો, તે વખતે બુર્લા ઘણું નાનું હતું. તેમાંય જો કોઈની પાસે મારુતિ ૮૦૦ હોય તો તે ધનવાન ગણાય. આવા જે પણ પરિવારો હતા કે જેમના ગૅરેજમાં નાનકડી કાર પડી હોય તે સંપન્ન હોવાનો સંતોષ માણતા હતા. આ નગર એટલું નાનું હતું કે કોઈ સરળતાથી માત્ર સાઇકલ પર અડધો કલાકમાં તો એક છેડેથી બીજા છેડે પહોંચી જાય.

નાનકડું હોવા છતાં બુર્લા સ્વનિર્ભર હતું. અમારી પાસે ખરીદી માટે એક જ બજાર હતું જે નાના બે પેટા બજારોમાં વહેંચાયેલું હતું. લોકો એક બજારને કચ્ચા માર્કેટ અને બીજાને પક્કા માર્કેટ કહેતા હતા. આમ જોવા જઈએ તો બંનેના દેખાવ કે બાંધકામમાં ખાસ તફાવત નહોતો. બસ તેમને નામ અલગ અલગ આપવામાં આવ્યા હતા. તેમની વચ્ચે તફાવત એટલો જ હતો કે કચ્ચા માર્કેટમાં શાકભાજી મળતા હતા જ્યારે તેનાથી ૧૦૦ મીટર દૂર પક્કા માર્કેટમાં કરિયાણું, અનાજ અને કપડાંની દુકાનો હતી. રવિવારે એક વખત કચ્ચા માર્કેટ આવીને જુઓ તો ખ્યાલ આવે કે સૌથી વધારે વસ્તી અહીંયા જ છે. નાની-મોટી અનેક ટ્રકો તાજાં શાકભાજી લઈને ત્યાં વેચવા આવતી અને મારા પપ્પા સહિત બધા ત્યાં ખરીદી કરવા પહોંચી જતા. જો કોઈને ઘરવખરી જેવી મોટી વસ્તુ ખરીદવી હોય તો તેણે પાસે આવેલા સંબલપુર શહેરમાં જવું પડતું કારણ કે બુર્લામાં વધારે વિકલ્પો મળતા નહીં.

અમારું નગર ઓરિસ્સાના નૉલેજ હબ તરીકે પણ જાણીતું હતું. બુર્લામાં ઓરિસ્સાની સૌથી જાણીતી વીર સુરેન્દ્ર સાઈ (વીએસએસ) મેડિકલ કૉલેજ અને યુનિવર્સિટી કૉલેજ ઑફ એન્જિનિયરિંગ (યુસીઈ) નામની એન્જિનિયરિંગની પણ

જાણીતી કૉલેજ હતી. મેડિકલ અને એન્જિનિયરિંગ કૉલેજની સાથે સાથે અમારે ત્યાં સંબલપુર યુનિવર્સિટીની બ્રાન્ચ પણ હતી. જ્યાં સુધી પ્રાઈમરી અને સેકન્ડરી સ્કૂલનો સવાલ હતો, તો અમારે ત્યાં ત્રણ અલગ અલગ ભાષા હિન્દી, ઓરિયા અને અંગ્રેજીની ત્રણ સ્કૂલ હતી. મારાં માતા-પિતાએ મને અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં મૂક્યો હતો. તેનું નામ હતું શ્રી સત્યસાંઈ કિડિસ અબોડ.

બુર્લા બિનસાંપ્રદાયિક નગર હતું, ત્યાં અલગ અલગ ધાર્મિક સ્થળો પણ હતાં. ખાસ કરીને ભગવાન રામ, ભગવાન જગન્નાથ અને ભગવાન કૃષ્ણનાં મંદિરો હિન્દુઓ કે જેમની વસ્તી વધારે હતી તેમને ધાર્મિક બાબતે મોટું મંચ પૂરું પાડતા હતા. દરરોજ અનેક લોકો આ મંદિરોમાં આવતા અને પૂજાપાઠ કરતા. ત્યાં ભગવાન કૃષ્ણનું સૌથી મોટું મંદિર હતું. તેમાં અનેક દેવી-દેવતાઓની મૂર્તિઓ હતી છતાં તે કૃષ્ણમંદિર તરીકે જ ઓળખાતું. દર વર્ષે ત્યાં જન્માષ્ટમીનો તહેવાર આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવાતો. હિન્દુ મંદિરો સિવાય અહીંયા કચ્ચા માર્કેટમાં એક મસ્જિદ હતી, હિરાકુંડ ડૅમ જવાના રસ્તે એક ચર્ચ હતું અને ત્યાંથી થોડે આગળ ગુરુદ્વારા હતું. આવી જગ્યાએ હું રહેતો હતો.

મારા પિતા ગુરુદ્વારામાં જ ધર્મગુરુ તરીકે કામ કરતા હતા અને અમે ત્યાં જ રહેતા હતા. મારા પરિવારમાં મારાં પપ્પા, મમ્મી, મારો નાનો ભાઈ અને હું એમ ચાર લોકો હતાં. અમે જ્યાં રહેતાં હતાં તે કૉમ્પ્લેક્સ ગુરુદ્વારાનો જ એક ભાગ હતો. સમગ્ર પરિસર ચોરસ આકારમાં ફેલાયેલું હતું જેની મધ્યમાં ગુરુદ્વારા હતું અને આજુબાજુ ત્રણ ભાગમાં ખુલ્લી જગ્યા હતી. આ ખુલ્લા ભાગની બંને બાજુ સાત ક્વાર્ટર હતા. આ ક્વાર્ટર ગુરુદ્વારાની માલિકીના હતા અને તેમાંથી મળતું ભાડું જ ગુરુદ્વારાની આવકનું એકમાત્ર સાધન હતું.

આ કૉમ્પ્લેક્સના આગળ મોટો દરવાજો હતો અને તેની જમણી તરફ અમારું ઘર હતું. તે ખરેખર અમારું ઘર નહોતું, પપ્પા ગુરુદ્વારામાં નોકરી કરતા હોવાથી અમને રહેવા માટે અપાયું હતું. આમ જોવા જઈએ તો તે કંઈ આકર્ષક મકાન નહોતું. તે ઈંટો અને અન્ય સામાનની મદદથી થોડી ગોઠવણ કરીને મકાન જેવું ઊભું કર્યું હોય એમ લાગે. તેને ચાર રૂમમાં વહેંચી દીધું હતું, હું જે કહું છું તે તમે જાતે જ જુઓ તો ખ્યાલ આવી જાય કે આશરો આપવા બનાવેલી

જગ્યા છે. ઘરમાં પ્રવેશતાની સાથે જ કિચન આવે, જો કે તેની સામેની દીવાલે બેત્રણ ખુરશીઓ મૂકી હતી તેથી જ્યારે પણ પાડોશી સ્ત્રીઓ મમ્મી સાથે વાતો કરવા આવે ત્યારે આ જ સ્થળ સિટિંગરૂમની ગરજ સારે. મમ્મીએ એવી સરસ ગોઠવણ કરી હતી કે તેમના આ મિત્રો સાથે વાતો કરતા કરતા રસોઈ પણ બની જાય.

ત્યાર પછીનો જે અમારો રૂમ હતો ત્યાં અમે દિવસનો મોટાભાગનો સમય પસાર કરતા હતા અને તેથી અમે તેને લિવિંગરૂમ ગણતા. આજ રૂમ રાત્રે નવ વાગ્યા પછી અમારા બેડરૂમમાં ફેરવાઈ જતો. મને હજી પણ યાદ છે કે જ્યારે હું ત્રીજા ધોરણમાં હતો ત્યારે પપ્પા લાકડાના બૉક્સમાં ફિટ કરેલું રોહિણી ડિલક્સ બ્લૅક ઍન્ડ વ્હાઇટ ટીવી લાવ્યા હતા. તેમાં શટર બનાવેલા હતા જે રાત્રે જ ખૂલતા અને સવારે બંધ થઈ જતા. તેમાં બાર ચૅનલો આવી શકતી હતી પણ તે સમયે દરેકના ઍન્ટેના માત્ર એક જ ચૅનલ દૂરદર્શન જ બતાવતા હતા તેથી ટીવીની બાકીની ક્ષમતાનો બગાડ થતો હતો તેમ કહી શકાય. આ રૂમમાં ટીવી આવ્યું પછી તો અમારો મોટાભાગનો સમય અહીં જ પસાર થતો. મને યાદ છે કે પપ્પા રાત્રે નવ વાગ્યે આવતા સમાચાર જોતા અને પછી હું, મારો ભાઈ અને મમ્મી સિરિયલ જોતાં હતાં.

રૂમના એક ખૂણામાં લાકડાનો પલંગ, જેની સાઇઝ સામાન્ય કહી શકાય તેવી હતી. તેની સાઇઝ સિંગલ બેડ કરતા થોડી વધારે અને ડબલ બેડ કરતા થોડી ઓછી હતી. બાકીની જગ્યા લાકડાનું ડ્રેસિંગ ટેબલ અને લાકડાનું કબાટ રોકી લેતા હતા. એક લાકડાનું ટેબલ હતું જેને સ્ટડી ટેબલ ગણતાં પણ તે અમારું ડાઇનિંગ ટેબલ પણ હતું અને બપોરના સમયે મમ્મી અમારાં કપડાંને ઇસ્ત્રી કરવા પણ તેનો જ ઉપયોગ કરતાં.

અત્યારે હું ભૂતકાળ સામે જોઉં છું ત્યારે એમ થાય છે કે અમે કેવી નાની નાની વાતોમાં પણ ખુશ રહેતાં હતાં. આ બધું જ રૂમમાં ગોઠવાયા પછી પણ ઘણી જગ્યા રહેતી હતી. તેથી ત્રણ ફૂટ લાંબું અને પાંચ ફૂટ પહોળું એક લોખંડનું કબાટ પણ રાખવામાં આવ્યું હતું, જે અમારાં સ્વેટર, શાલ, ઓશીકા, રજાઈ, બ્લેન્કેટ ્અન્ય કપડાં અને જરૂરી તમામ સામાન કે જેનો અમે સમયાંતરે ઉપયોગ

કરતા હતા તેને પોતાનામાં સમાવી અને સાચવી લેતું હતું. તેની બીજી તરફ નાની ઓરડી જેવું હતું જેમાં પપ્પાનાં ધાર્મિક પુસ્તકો પડ્યાં રહેતાં. આ બધું જ રાખ્યા પછી જે ત્રણ-એક ફૂટ જેવી જગ્યા રહેતી તેનો ઉપયોગ હું અને મારો ભાઈ નાચવા-કૂદવા અને ધમાલ-મસ્તી કરવા માટે કરતા.

ત્યાર પછીનો જે રૂમ હતો, ખરેખર તો રૂમ ન કહેવાય કારણ કે તેનો ઉપયોગ સ્ટોરરૂમ તરીકે જ થતો. અહીંયા એક તરફ લાકડાના ખડકલાં રહેતા અને બીજી તરફ લાકડાની મોટી છાજલી બનાવી હતી જ્યાં અનાજ, કઠોળ અને લોટ જેવી સામગ્રીનો સંગ્રહ કરવામાં આવતો હતો. આ રૂમના એક ખૂણામાંથી બીજા ખૂણા સુધી એક દોરી બાંધેલી હતી જેના પર અમારાં ઈસ્ત્રી કરેલાં કપડાં રાખવામાં આવતા કારણ કે તે સમયે અમારી પાસે અલમારી જેવું કશું જ નહોતું.

અમારું ઘર નાનું, સાદું છતાં તેની ગોઠવણના કારણે જટીલ કહેવાય તેવું હતું. અમને લોકોને ત્યાં શરૂઆતમાં રહેવાનું ગમતું હતું કારણ કે હું અને મારો ભાઈ તેની પાછળના ખુલ્લા ચોગાનમાં ખૂબ જ રમતા હતા. અમે જે મેદાનમાં રમતા હતા તેવું મેદાન સમગ્ર બુર્લામાં કોઈની પાસે નહોતું.

3

બ્લેક એન્ડ વ્હાઇટમાં સમાયેલી મારી દુનિયા

મારું અને મારા ભાઈનું નામ અનુપ્રાસ ધરાવતું હતું. જો કે અમારે ત્યાં મોટાભાગના લોકો એવા જ નામ રાખતા હતા. મારું નામ હતું રવિન્દર અને મારા ભાઈનું નામ જિતેન્દર. આ નામ માત્ર સ્કૂલમાં લખાવા અને ક્યારેક ઉપયોગમાં લેવા માટેના જ હતા. બાકી તો આખું બુર્લા મને રિંકુ અને મારા ભાઈને ટિંકુના હુલામણા નામે ઓળખતું જેમાં પણ કાવ્યાત્મક અનુપ્રાસ હતો.

ટિંકુ મારા કરતા બે વર્ષ નાનો હતો, તેથી જ્યારે તેને નર્સરીમાં મૂકવામાં આવ્યો ત્યારે હું એ જ સ્કૂલમાં પહેલા ધોરણમાં આવી ગયો હતો. અમારી પાસેના કેટલાક ફોટોગ્રાફમાં એક ફોટો એવો પણ છે જેમાં અમે બંને તે વખતે સાથે ઊભા હતા. અમે બંનેએ ફોટો સ્ટુડિયોમાં રાખેલી લાલ કલરની બે સીટવાળી સાઈકલ પર ફોટો પડાવ્યો હતો. તે દિવસ હજી પણ મારી આંખો સામે તરવરે છે.

તે દિવસે રવિવાર હતો અને બપોરે જ મમ્મીએ અમને તૈયાર કરી દીધા હતા. અમે નવાં કપડાં પહેર્યાં હતાં જે કદાચ તે વખત પૂરતા જ હતા. પહેલાં તો અમે એકબીજા સામે ગર્વ અને ખુશીથી જોયું અને પછી ક્યાંય સુધી અરીસામાં

પોતાને જાતને જોઈ રહ્યા. અમે બહાર જવા નીકળતા હતા ત્યાં જ મમ્મીએ અમારા ચહેરા પર તેના રૂમાલની મદદથી થોડો પાઉડર લગાવી આપ્યો. મને એમ લાગે છે કે તે દિવસે અમને વધારે સારા દેખાવા માટે કરવામાં આવેલો મેકઅપ હશે.

ત્યારપછી તરત જ અમે પપ્પાની સાઈકલ પર બેસી ગયા અને ગણતરીની મિનિટોમાં તો કચ્ચા માર્કેટમાં આવેલી ફોટોગ્રાફીની દુકાનમાં પહોંચી ગયા. કોઈ કૅમેરા વડે અમારો ફોટો ખેંચશે તે વિચારથી જ અમે ખૂબ ઉત્સાહિત હતા. આ વિચાર અમે કંઈક ખાસ છીએ તેવો અનુભવ કરાવતો હતો અને તેમાંય અમે પહેરેલાં નવાં કપડાં આ લાગણીમાં ઉમેરો કરતા હતા.

ફોટો સ્ટુડિયો પર ગયા એટલે પપ્પાએ દુકાનવાળા સાથે હાથ મિલાવ્યો અને કંઈક વાત કરી. ત્યાં સુધીમાં મેં અને ટિંકુએ એકબીજાને મદદ કરીને ટીશર્ટ અને ચડ્ડીની ક્રિઝ સરખી કરી. પપ્પાએ બૂમ મારી કે અમે સીધા સ્ટુડિયોમાં ઘૂસી ગયા. અંદરની ગોઠવણ અમે વિસ્ફારિત આંખે જોઈ રહ્યા હતા. તે સમયે નાનાં બાળકો તરીકે અમારા માટે આ સ્થળ તમામ રોમાંચ અને સાહસોથી ભરેલું હતું. ત્યાં સુધી અમે સ્ટુડિયો કાયમ બહારથી જ જોયો હતો અને આજે અમારી સામે આખું વિશ્વ ખુલ્લું હતું.

ત્યાં અલગ અલગ એંગલે મોટા સ્ટૅન્ડ પર સફેદ છત્રીઓ લગાવેલી હતી. તે રૂમના દરેક ખૂણામાં અંધકાર હતો જ્યારે વચ્ચેના ભાગમાં પેલી છત્રીઓમાંથી આવતો પ્રકાશ રેલાતો હતો. અમે અમારા ઘરમાં જોઈ હતી તેના કરતા ઘણી વધારે લાઇટો ત્યાં એક જ રૂમમાં હતી.

હું અને મારો ભાઈ આખા રૂમમાં ફરતા ગયા અને બધું જોતા ગયા. ત્યાં જમીન પર આમતેમ વાયરો ફેલાયેલા હતા. અમારી સામેની દીવાલમાં અનેક પોસ્ટરો લગાવેલા હતા. ત્યાં કેટલાક પડદા લગાવેલા હતા. અમે તેને ખેંચીને જોયું કે કેટલા પડદા છે તો ત્યાં વધારે દેખાયા. ખૂણામાં એક ડ્રેસિંગ ટેબલ હતું જેમાં એક કાચ અને એક પ્લાસ્ટિકનો કાંસકો હતો જેના કેટલાક દાંતા તૂટેલા હતા. તે સિવાય પાઉડર અને કેટલીક લિપસ્ટિક પડી હતી. મેં આ વસ્તુઓ હાથમાં તો લીધી પણ તેમાંથી દુર્ગંધ આવતી હોવાથી તરત જ

પાછી મૂકી દીધી. બીજી તરફ એક મોટું કાર્ટૂન હતું, પણ તે અમારા કરતા ઘણું મોટું તેથી અમને ખ્યાલ નહોતો આવતો કે કોનું કાર્ટૂન છે. ત્યાં અમે ફરતા હતા પણ અમને ખ્યાલ જ નહોતો કે સામે પડેલું એક બૉક્સ અમારી જિંદગી બદલી નાખશે.

અમે આમ-તેમ જોતા હતા ત્યાં એક વ્યક્તિ અંદર આવી અને અમને આવકાર્યા. તેના ગળામાં કેમેરો લટકતો હતો. તે અમારો કેમેરામૅન હતો. તે અમારા પ્રત્યે વધારે ધ્યાન આપતો હતો કારણ કે અમે તેના માટે ખાસ ગ્રાહકો હતા. તેથી તેણે કહ્યું કે હું તમારા માટે કંઈક લઈને આવું. અમને નવાઈ લાગી કે તે શું લાવશે પણ ત્યાં સુધીમાં તો તે ખૂણામાં રાખેલા કાર્ટૂન પાસે ગયો અને તેની પાછળ રાખેલી લાલ સાઇકલ લઈ આવ્યો.

અરે વાહ... ટિંકુ બોલી ઊઠ્યો. કેમેરામૅન રૂમની મધ્યમાં સાઇકલ ગોઠવે ન ગોઠવે ત્યાં તો ટિંકુ દોડ્યો અને સાઇકલ પર ગોઠવાઈ ગયો. હું પણ ટિંકુની પાછળ દોડ્યો અને અમારા બંને વચ્ચે સાઇકલ પર બેસવા માટે થોડું ઘર્ષણ થયું. મેં ટિંકુને પાછલી સીટે જવા કહ્યું પણ ત્યાં જ કેમેરામૅન આવ્યો અને તેણે જ ટિંકુને પાછળની સીટે બેસાડી દીધો. મને તે ગમ્યું. ટિંકુએ વિરોધ કર્યો પણ કેમેરામૅને તેને સમજાવ્યો કે જે પાછળની સીટ પર બેસીને ફોટો પડાવે તેનો ફોટો સરસ આવે છે. કેમેરામૅને મારો પક્ષ લીધો તેથી મેં ધીમે રહીને તેમનો આભાર માન્યો. મારો ભાઈ માની ગયો અને પાછળ ગોઠવાયો જ્યારે મેં આગળ બેસીને પેંડલ પર પગ જમાવ્યા. આગળ બેસીને હેંડલ પકડવું અને પેંડલ પર પગ મૂકવાથી મને નવી જ લાગણીઓ અનુભવાતી હતી.

સાઇકલ પર બેસીને લાઇટવાળી છત્રીઓ ધરાવતા રૂમમાં વચ્ચે રહીને અમે કેમેરામૅન અને અમારા પપ્પાના કેન્દ્ર સ્થાને આવી ગયા હતા. યોગ્ય રીતે ગોઠવણ કરવા માટે અમે ઘણો સમય લીધો હતો. અમારા માટે એક જગ્યાએ બેસી રહેવું કે યોગ્ય પોઝ આપવો અઘરું કામ હતું. જો કે કેમેરામૅન એક્સપર્ટ હતો. તે અમને બધું સમજાવતો હતો અને અચાનક તેણે કહ્યું, 'સ્માઇલ કરો બચ્ચા લોગ' અને અમે હસ્યા અને તેણે ફોટો ખેંચી લીધો.

અમારું તે હાસ્ય તરત જ વિલાઈ ગયું કારણ કે અમે સમજી ગયા હતા

કે તે કોઈ રમકડાંની દુકાન નહોતી કે તે લાલ સાઇકલ અમને મળશે. તે ફોટો સ્ટુડિયો હતો અને તેમાં રાખેલી સાઇકલ માત્ર એક શણગાર હતી. અમે સાઇકલ પરથી ઊભા થવા માગતા નહોતા. અમે પેંડલ મારીને તેને અમારા ઘર સુધી લઈ જવા માગતા હતા. 'ડેડી ઐસે હી ચલા કે ઘર જાવાંગે ના ?' (પપ્પા આ સાઇકલ ચલાવીને જ ઘરે જવાનું છે ને ?) ટિંકુએ સાઇકલ અમારી જ હોય તેવો ટહુકો કર્યો.

પપ્પા અને કેમેરામૅન હસી પડ્યા અને અમને નીચે ઉતારતા પપ્પા બોલ્યા કે આ સાઇકલ આપણી નથી તેથી તેને ઘરે ન લઈ જઈ શકીએ. ટિંકુએ આ સાંભળ્યું અને તરત જ આગળની સીટે આવી ગયો અને હેંડલ જોરથી પકડી લીધું તથા પોતાના પગ જમીન પર જમાવવાનો પ્રયાસ કરવા લાગ્યો જેથી પપ્પા તેને ઊંચકી ન શકે. હું પપ્પાની વાત સમજી ગયો હતો તેથી ઊભો થઈ ગયો હતો પણ ટિંકુ હજી ચીસો પાડી રહ્યો હતો. પપ્પાએ આંખો મોટી કરીને તેને ડરાવવાનો પ્રયાસ કર્યો અને પોતાની પહેલી આંગળી તેના મોઢા પર મૂકીને અને બોલ્યા 'શ...'. બૂમો ન પાડવા અને શાંતિ રાખવા માટેની તે ચેતવણી હતી.

આખરે પપ્પાનું રૂપ જોઈને તેનું નાટક બંધ થઈ ગયું. મેં ટિંકુનો હાથ પકડ્યો અને અમે પપ્પાની પાછળ તે રૂમની બહાર નીકળી ગયા. તે લાલ સાઇકલ ત્યાં જ વચ્ચોવચ પડી હતી અને પેલી છત્રીઓમાંથી આવતી લાઇટ તેના પર પડી રહી હતી. તે સુંદર રમકડાને ત્યાં છોડીને મૂકી જવું અમારા માટે દુઃખદ હતું.

પપ્પા જ્યારે કાઉન્ટર પર પૈસા ચૂકવતા હતા ત્યારે મારા નાના ભાઈની આંખો હું વાંચી શકતો હતો અને તેને આજે પણ ભૂલી શકતો નથી. અમે બંને પપ્પાની બાજુમાં ઊભા હતા ત્યાં બીજું એક દંપતી બે બાળકો સાથે અંદર આવ્યું. તે કેમેરામૅન તેમને અંદર લઈ ગયો અને તે બાળકો તરત જ પેલી સાઇકલ પર બેસી ગયા જે થોડી મિનિટો પહેલાં રિંકુ અને ટિંકુની એટલે કે અમારી હતી. તેમનાં માતા-પિતાએ તેમને સાઇકલ પર યોગ્ય રીતે બેસાડ્યા. અમારી આંખોની સામે જ તે બાળકો જાણે કે પોતાનો વિજય ઊજવતા હોય તેમ બેઠા હતા.

મારો ભાઈ મારી બાજુમાં જ ઊભો હતો અને આંખનું મટકું માર્યા વગર બધું જ જોઈ રહ્યો હતો. હું તે પરિવાર સામે જોતો અને પછી મારા ભાઈ સામે જોતો હતો. મને તેના પ્રત્યે લાગણી થતી હતી. મને સખત દુઃખ થતું હતું કે તેને કંઈક જોઈએ છે પણ તે લઈ શકતો નથી.

પપ્પાએ એટલામાં પૈસા ચૂકવી દીધા અને અમને તેમની પાછળ આવવા કહ્યું. મને હજી પણ યાદ છે કે તેનો હાથ પકડીને બહાર જતા હું બોલ્યો હતો કે, 'એ તો છોટી ટ્રાઈસિકલ હૈ, અસ્સી તો વડ્ડી સાઈકલ લાવાંગે.' (આ તો નાની સાઈકલ છે આપણે મોટી સાઈકલ લાવીશું.) આ રીતે હું તેને સાંત્વન આપતો હતો. આટલું કહીને મેં તેનો હાથ વધારે મજબૂત રીતે પકડ્યો અને અમે ત્યાંથી બહાર નીકળી ગયા.



'હેડ્સ પડે તો હું પાછો જઈશ અને ટેલ પડો તો તું.' તેણે કહ્યું.

એક તરફ ગોળીબાર થતો હતો અને તેઓ એક ટેકરી પાછળ છુપાઈને આવી વાતો કરી રહ્યા હતા.

તેણે સિક્કો ઉછાળ્યો.

ઈટ્સ હેડ.

જયે પોતાની હથેળીમાં રહેલો સિક્કો વિરુને બતાવ્યો, અને તેને આદેશ કર્યો કે તે બસંતીને લઈને ત્યાંથી જતો રહે અને ચાર થેલા ભરીને ગોળીઓ લઈને પાછો આવે. તે એકલા હાથે જ ડાકુઓનો સામનો કરી રહ્યો હતો તેથી મને એમ થયું કે તે કરી શકશે. મને પાછું એમ થતું કે પહેલાની જેમ જ તે બાકીના ડાકુઓને પણ મારી જ નાખશે.

તેણે ફરીથી પોતાની બંદુકની ચેમ્બર ખોલી તો તેમાં એક જ ગોળી હતી. મને ફરી એમ થયું કે આ એક જ ગોળી દ્વારા પણ તે ચમત્કાર કરી શકશે, જેમ તેણે પહેલાં કર્યા હતા. હવે તેની પાસે બ્રિજ પર બૉમ્બ મૂકવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો, કે જેના દ્વારા ડાકુઓ તેના સુધી ન પહોંચી શકે. જો કે સમય સરકી ગયો હતો, ડાકુઓ તે બ્રિજ પર પહોંચી ગયા હતા અને તેના તરફ આગળ વધી રહ્યા હતા.

મારું સંપૂર્ણ ધ્યાન તેના પર હતું, તે ભયાનક ક્ષણ હતી. મને જય ગમતો હતો તેથી હું ઈચ્છતો કે તે જીતે. તે સાવ એકલો હતો, મેં મારી આંગળી વાળી અને બૂમ મારી કે હમણાં શાંતિથી ઊભો રહે અને બહાર ન નીકળે. ટેકરીની પાછળ હશે ત્યાં સુધી તે સુરક્ષિત છે.

બીજી બાજુ મને વીરુનો વિચાર આવતો હતો કે જે હજી સુધી ગોળીઓ લઈને પાછો આવ્યો નહોતો. વીરુ કેમ નથી આવતો ? હું ફરીથી કૂદ્યો અને બોલી ઊઠ્યો કે આ વીરુ કેમ નથી આવતો.

એટલામાં જ જય ટેકરી પાછળથી કૂદ્યો અને રિવૉલ્વર લેવા ગયો. ટીવીની વધારે નજીક જઈને હું બોલ્યો, અરે ના જય...

તેનું શરીર જમીન પર ફસડાઈ પડ્યું. ગોળીબારના વધુ અવાજ આવ્યા અને મને જયની ચિંતા થઈ. હું તેની સુરક્ષા માટે પ્રાર્થના કરવા લાગ્યો. તેણે તરત જ રિવૉલ્વર લીધી અને બ્રિજ તરફ જવા લાગ્યો. બીજી તરફથી પેલા

ડાકુઓ પણ આવી રહ્યા હતા.

અરે યાર... લમણે હાથ દેતા હું બોલી પડ્યો.

જયે પોતાના ડાબા હાથમાં રહેલી રિવૉલ્વરથી બોમ્બનું નિશાન તાક્યું.

ત્યાં જ મારી નજર તેના શરીરના એ ભાગ પર ગઈ જ્યાંથી લોહી નીકળી રહ્યું હતું.

'શીટ, ગોલી લગ ગઈ જય કો', મેં ચીસ પાડી કે જયને ગોળી વાગી.

ઘવાયેલા જયે બૉમ્બ પર ગોળી મારી અને મોટો ધડાકો થયો અને બ્રિજ તૂટી ગયો. કેટલાક ડાકુઓ માર્યા ગયા અને બાકીના ભાગી ગયા.

લોહીથી ખરડાયેલો જય જમીન પર ફસડાયો. ત્યાં જ વીરુ પોતાના ઘોડા પર આવ્યો અને જયના નામની બૂમો મારી.

જયને આ રીતે વીરુના ખોળામાં પડેલો જોઈને મને ખૂબ જ દુ:ખ થયું. તેણે વીરુને કહ્યું કે આ વાર્તા તે વીરુનાં બાળકોને નહીં કહી શકે. તેનાથી એક વાત નક્કી હતી કે હવે જય બચશે નહીં. હું ભાંગી પડ્યો. હું ઈશ્વરને પ્રાર્થના કરતો હતો કે મારા મનમાં જે ભય છે તે સાચો ન પડે.

અંતિમ શ્વાસ લેતી વખતે ફરી એક વખત જય વીરુનું નામ બોલ્યો.

તે મૃત્યુ પામ્યો. મારો હીરો મૃત્યુ પામ્યો. મારો જય મૃત્યુ પામ્યો.

જય જે વાજુ વગાડતો હતો તે મ્યુઝિક ફરી એક વખત વાગ્યું અને હું રડવા લાગ્યો. મારી આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. જયના મૃત્યુથી હું વ્યથિત થઈ ગયો. તેના કારણે મેં બાકીની ફિલ્મ જોઈ જ નહીં. જો ઠાકુરે ગબ્બરને માર્યો ન હોત તો મેં પ્રતિજ્ઞા કરી હતી કે હું તે રાક્ષસને શોધીને મારીશ અને જયના મોતનો બદલો લઈશ.

આખો દિવસ હું દુ:ખી થઈને જય વિશે વિચારતો રહ્યો. હું ખૂબ રડ્યો. સાંજે જ્યારે મારા પપ્પા ન્યૂઝ જોતા હતા ત્યારે એક કાર્યક્રમ દરમિયાન મેં જયને જોયો.

મને મારી આંખો પર વિશ્વાસ નહોતો થતો. જય જીવતો છે, મેં બૂમ મારી.

પપ્પાએ મારી સામે જોયું અને પૂછ્યું, કેમ ? તેને શું થયું હતું ? અને હા તેનું નામ અમિતાભ બચ્ચન છે.

ના. તેનું નામ જય છે અને આજે બપોરે જ તે મરી ગયો હતો. મારું ધ્યાન હજી પણ ટીવી પર ચાલતા કાર્યક્રમ પર જ હતું. તેની આસપાસ અનેક લોકો ફરતા હતા. તે આ લોકો માટે હસતા હસતા કંઈક ગાતો હતો.

તેણે બપોરે 'શોલે' જોયું હતું અને તેનું એક પાત્ર મૃત્યુ પામ્યું હતું. મમ્મીએ પપ્પાને આખી વાત જણાવી.

પપ્પા હસી પડ્યા.

પપ્પાએ મને સમજાવ્યું કે ફિલ્મો અને સિરિયલોમાં જે આવે છે તે બધું કાલ્પનિક હોય છે અને ન્યૂઝમાં જે આવે તે સાચું. હું ધ્યાનથી તેમની વાત સાંભળતો હતો.

રાત્રે સૂવા જતાં પહેલાં હું પપ્પા પાસે ગયો. તે ઊંઘી ગયા હતા. તેમ છતાં મેં તેમને ઉઠાડ્યા અને ફરીથી એક વખત પૂછી લીધું કે, 'પપ્પા, તમે સાચું કહો છો ને કે જય જીવતો છે?'

૪

ઇન્જેક્શનથી ડર લાગતો

બાળપણમાં મને જો સૌથી વધારે ડર જો કોઈનાથી લાગતો હોય તો તે અમારા નગરમાં આવેલી હૉસ્પિટલ હતી. ઈંટો અને કોંક્રિટથી બનાવેલું સૌથી મોટું સ્ટ્રક્ચર એટલે હૉસ્પિટલ. બુર્લામાં આવેલી આ આછા ગુલાબી રંગની હૉસ્પિટલમાં વિશાળ બગીચો અને ગુલમહોરના અનેક ઝાડ હતાં. આવા ઝાડની નીચે સર્પાકાર અનેક સાઇકલો અને મોટરસાઇકલો ગોઠવાયેલી જ હોય.

હું જ્યારે પણ આ મકાનની નજીકથી પસાર થતો ત્યારે મારા ચેતાતંત્રમાં ઠંડીનું મોજું ફરી વળતું. બહારથી જોઈએ તો બધું જ બરાબર અને શાંત લાગે પણ જે અંદર ગયું હોય તેને જ ખ્યાલ આવે કે અંદર ખરેખર શું થાય છે. હું ત્યાં ઘણી વખત અંદર ગયો છું.

મારી અનિચ્છા છતાં મારા પપ્પાના દબાણથી હું ત્યાં ગયો હતો.

તેથી મને ખ્યાલ હતો કે અંદર શું થાય છે.

મારા ભાઈને અને મને જન્મ પછી તરત જ કે પછી તેના થોડા મહિના સુધી રોગ પ્રતિકારક રસીઓ મુકાવી નહોતી તેથી અમારે ત્યાં વારંવાર જવું પડતું હતું. દુઃખ અને કરુણતા એ વાતની હતી કે અમે જ્યારે આ ઇન્જેક્શનનું

દર્દ સમજવા જેટલા મોટા થયા ત્યારે અમારાં મા-બાપને તેનું મહત્ત્વ સમજાયું. તેના કારણે જ અમે ત્યાંથી ભાગી જતાં.

તેમ છતાં ત્યાં જવું જરૂરી હતું.

તેના કારણે કાયમ પપ્પા નિષ્ઠુર બનીને અમને જણાવ્યા વગર જ ત્યાં લઈ જતા. તે અમને બંનેને સાઇકલ પર બેસાડતા અને કહેતા કે ચાલો ચક્કર મારીને આવીએ. ટિંકુ ક્રમાનુસર આગળના સળિયા પર બેસતો અને હું પાછળ કેરિયર પર બેસી જતો અને પપ્પા જે સીટ પર બેસતા તેને પકડી રાખતો. ચક્કર મારતા મારતા સાઇકલ જ્યારે પક્કા માર્કેટથી જમણી તરફ આગળ જતી એટલે અમને ખ્યાલ આવી જતો કે આ રસ્તો હૉસ્પિટલ સિવાય ક્યાંય જશે નહીં.

તેના કારણે હું અને મારો ભાઈ બૂમો મારવા લાગતા, કારણ કે અમને ખબર હતી કે હવે શું આવવાનું છે.

'ડેડી અસ્સી કિથે જા રહે હૈ?' (પપ્પા આપણે ક્યાં જઈએ છીએ?) જવાબ જાણતા હોવા છતાં અમારામાંથી કોઈ એક તો આ સવાલ ખૂબ જ ખરાબ ટોનમાં પૂછી જ કાઢતા.

પપ્પા માટે પણ આ રોજિંદું થઈ ગયું હતું તેથી તે કોઈ જવાબ આપતા નહીં. તેથી હું મારા ભાઈને કહેતો, ટિંકુ ડેડી સાનુ ઇન્જેક્શન લગવાને લેકે જા રહે હૈ. (ટિંકુ પપ્પા આપણને ઇન્જેક્શન અપાવવા લઈ જાય છે.)

છતાં મારો ભાઈ મને પૂછતો કે પપ્પાએ તો આપણને ચક્કર મારવા લઈ જવાનું કહ્યું હતું?

મારો જવાબ હતો કે, ડેડી ને જુઠ બોલેયા સી. (પપ્પાએ ખોટું કહ્યું હતું.)

રિંકુ વીર ડેડી ને જુઠ ક્યું બોલેયા સી? (પપ્પા ખોટું કેમ બોલ્યા?) અશક્ય વાતની ખાતરી કરવા તે વધુ એક વખત સવાલ કરતો.

સાઇકલ ચાલી જતી અને અમે બંને વાતો કરતા હતા. હું ત્યારથી કાયમ મારા ભાઈનો હાથ પકડી રાખતો. તે પણ મને પાસે રાખવા ઇચ્છતો. જો કે અમારા પપ્પા અમને અલગ પાડી દેતા.

રજિસ્ટ્રેશન ટેબલ સુધી પહોંચતા તો અમારો ભય વિશાળકાય બની જતો. ટેબલ પાસે બેસતો ક્લાર્ક અમારા પપ્પાને સારી રીતે ઓળખતો હતો. તે માત્ર

આછું સ્મિત કરતો અને અડધાથી વધારે વિગતો ફોર્મમાં ભરી આપતો. મારા પપ્પા બે સ્લિપ લેતા જે અમારા બંને માટે એકએક રહેતી. અમે બંને તેમની એક એક બાજુ તેમનો હાથ પકડીને ચડ્ડી અને ટી-શર્ટ પહેરીની ચાલતા રહેતા.

અમે જેવા પગથિયાં ચઢવાની શરૂઆત કરતા કે મને અંદાજ આવી જતો કે અમે કેવી ભયાનક સ્થિતિમાંથી પસાર થવાના છીએ. ચેપ ન લાગે માટે વપરાતા લિક્વિડની ચોક્કસ ગંધના કારણે મારું નાક બંધ થઈ જતું. હૉસ્પિટલની તે અંધારી બાલ્કનીઓના કારણે મારો ભય વધતો જતો. બારીઓ પર લગાવેલા લીલા પડદા અને સફેદ વસ્ત્રોમાં ફરતી નર્સ તથા દર્દીઓનો જમાવડો મારામાં પણ બીમાર હોવાની લાગણી જન્માવતા. સરકારી હૉસ્પિટલનું દૃશ્ય કોઈ હોરર ફિલ્મ ચાલતી હોય તેવું લાગતું.

તેમાંય જ્યારે અમે અમારા વૉર્ડમાં પ્રવેશતા કે અમારો ભય અનેકગણો વધી જતો. ત્યાં એક વેમ્પાયર જેવી નર્સ હતી તેનું એક જ કામ હતું કે અમારા જેવા કુમળાં બાળકો ત્યાં આવે તે પહેલાં તેમના હાથ કે આંગળીમાંથી લોહી લેવાનું. તે અમારાથી યોગ્ય રીતે પરિચિત હતી. અમે તેના માટે મોટો પડકાર હતા. અનેક વખત અમે ત્યાં બૂમો મારી છે, રડ્યા છીએ અને ઘણી વખત તો પેન્ટ પહેર્યા વગર ભાગી પણ ગયા છીએ.

‘અમારી ભાગી જવાની ખાસિયત જાણતા હોવાથી પપ્પા કાયમ અમને ગમતી વસ્તુ અપાવવાની લાલચ આપતા. મોટાભાગે તો તેઓ અમને એક જ વાત કહતા કે તે અમને ફ્રૂટી – જાણીતું પીણું અપાવશે અને અમે તેના માટે ઇન્જેક્શન લેવા પણ તૈયાર થઈ જતા.

લીલા કલરના ટેટ્રા પેકમાં આવતા તે ત્રણ રૂપિયાના ડ્રિન્ક માટે અમે પાગલ હતા. તેની આગળના ભાગમાં બે પાકી કેરી દોરેલી હતી જેના પર ઠંડા પાણીનાં ટીપાં નીચેની તરફ સરકતા હોય. પપ્પાને ખબર હતી કે અમને આ ડ્રિન્ક કેટલું બધું ગમતું હતું. અમારા પપ્પાને ખ્યાલ હતો કે ફ્રૂટીનું નામ પડતાં જ અમે ઇન્જેક્શનનો ભય છોડી દઈશું અને તેથી તે આ લાલચનો યોગ્ય ઉપયોગ કરતા.

અમે તરત જ સામે રાખેલા બેડ પર જઈને પેટના બળે સૂઈ જતા. અમારી

સામે એક જ દૃશ્ય રહેતું કે દુકાનવાળો તેના ફ્રિઝરમાં પડેલા ફૂટીના પેકેટ કાઢીને અમને આપી રહ્યો છે. આ દરમિયાન નર્સ ઇલેક્ટ્રિક હિટર દ્વારા કરતા ગરમ પાણીમાંથી સોય કાઢતી. બીજી તરફ અમારું સ્વપ્ન આગળ વધતું જતું કે હવે ફૂટી અમારા હાથમાં આવી ગઈ છે. બીજી તરફ નર્સ પણ ઇન્જેક્શન પર સોય લગાવીને હવામાં એક પિચકારી મારતી. અમે અમારી અણીદાર સ્ટ્રો પેલા ટેટ્રા પેકમાં ઘુસાડવાનું વિચારતા હોઈએ ત્યાં તો પેલી નર્સે અમારા પાછળના ભાગમાં સોય ઘુસાડી દીધી હોય.

ત્યાર પછીની જે વેદનાની ક્ષણો છે તે અમારા માટે પસાર કરવી અઘરી બની જતી. જો કે અમે શીખી ગયા હતા કે આ દરમિયાન અમારા વિચારોને જકડી રાખવા જેથી પેલી વાસ્તવિકતાની ખાસ અસર ન થાય. થોડી વારમાં બધું પતી જતું છતાં અમે ફૂટી પીવાનો આનંદ માણતા હોઈએ તેમ તે બેડ પર યથાવત્ સ્થિતિમાં પડ્યા રહેતા. બંને ભાઈઓ અર્ધનગ્ન અવસ્થામાં દિવાસ્વપ્નો જોતા પડ્યા રહેતા.

અમે ત્યાં સુધી પડ્યા રહેતા જ્યાં સુધી પેલી નર્સ બૂમ ન મારે કે, ઉઠ જાઓ હો ગયા. (ઊભા થાઓ પતી ગયું.)

ત્યાર પછી અડધો કલાકમાં અમારું દિવાસ્વપ્ન પૂરું થતું અને અમારા હાથમાં ફૂટી આવી જતી. ત્યાં દુકાન પર ઊભા રહીને ફૂટી પી લેવાથી અમારું કામ પૂરું નહોતું થતું. ફૂટી પી ગયા પછી અમારો ક્રમ હતો કે ખાલી ટેટ્રાપેકને ઘરે લઈ જવાનું તથા તે જ સ્ટ્રોની મદદથી તેમાં જેટલી હવા ભરાય તેટલી ભરીને તેને નીચે મૂકવાનું અને પછી તેના પર કૂદવાનું. પછી, ધડામ... જાણે કોઈ ફટાકડો ફૂટ્યો હોય તેવો અવાજ આવતો અને ફૂટીનો અમારો રોમાંચ પૂરો થતો.

જો કદાચ પહેલી વખતમાં પેકેટ ફૂટે નહીં તો અમે તેને ઉપાડીને તે ફૂટે નહીં ત્યાં સુધી ફુલાવતા અને પ્રયાસ કરતા. અમને શરમ આવતી નહીં.

૫

બધું જ મારા દાંત માટે

એક દિવસ પપ્પા મને ફરી હૉસ્પિટલ લઈ ગયા અને મને કહ્યું કે ઇન્જેક્શનનો મારો કોર્સ પૂરો થયો છે અને તેથી મને પણ થોડી રાહત થઈ. છતાં મને તેઓ તે જ બિલ્ડિંગમાં લઈ જતા હતા તો હું કેવી રીતે રાહત અનુભવું ? હું ત્યારે જ તેમની વાત માન્યો જ્યારે તે મને અલગ દાદરેથી અલગ વિભાગ તરફ લઈ ગયા. હું ક્યારેય આ હૉસ્પિટલના કોઈ ભાગમાં જવા માગતો નહોતો. તેમ છતાં હું આ જગ્યા માટે ખાસ હતો. માત્ર ઇન્જેક્શનો જ નહીં પણ આ આખી હૉસ્પિટલ જ મને પસંદ નહોતી.

પપ્પા મને દાંતના વિભાગની ઓપીડીમાં લઈ ગયા. ત્યાં પહેલેથી જ મોટી લાઇન હતી. પપ્પાએ ત્યાં બેઠેલા પટાવાળાને ચીઠી આપી અને તે ડૉક્ટર પાસે જઈને મૂકી આવ્યો અને પાછો પોતાની જગ્યાએ આરામથી બેસી ગયો.

મને આશ્ચર્ય થતું હતું કે અમે અહીંયા શું કરીએ છીએ. હું મારી આસપાસ ઊભેલા લોકોને જોતો હતો. દરેકના મોઢા બંધ જ હતા તેથી મને ખ્યાલ નહોતો આવતો કે તેમને કેવા પ્રકારની તકલીફ છે. મને એ પણ આશ્ચર્ય થતું કે મને

કેવા પ્રકારની તકલીફ થઈ છે ? મારામાં બધું જ બરાબર હતું. મેં ક્યારેય કોઈપણ પ્રકારના દાંતના દુખાવાની વાત કરી નહોતી કે મારા મોઢામાંથી ખરાબ વાસ પણ નહોતી આવતી.

તેથી મેં પપ્પાને પૂછ્યું, ડેડી, તમારા દાંતમાં તકલીફ થઈ છે ?

કી ? (શું) તેમણે બેધ્યાનપણે જ મને પૂછ્યું.

ત્હોડે દ્દાંદ ખરાબ હૈ ? (તમારા દાંત ખરાબ છે ?) મેં આ વખતે પંજાબીમાં જ તેમને પૂછી લીધું.

તેઓ હસ્યા અને માથું ધુણાવી બોલ્યા, ના... ના...

તા ફેર અસ્સી ઐથે ક્યું આયે હાં ? મને આશ્ચર્ય થતું હતું કે તો પછી અમે ત્યાં કેમ આવ્યા હતા.

મારા પપ્પાએ મને બેસાડ્યો અને સમજાવ્યો કે અમે ત્યાં કેમ આવ્યા હતા. મારા આગળના બે દુધિયા દાંત કેટલાક મહિના પહેલાં પડી ગયા હતા. તેના કારણે જે જગ્યા પડી હતી તે નવા અને કાયમી દાંતથી ભરાવાની હતી. મારા પરિવારને એમ હતું કે આ જગ્યા કુદરતી રીતે ભરાઈ જ જશે. જો કે કુદરત કદાચ તે સમયે વધારે વ્યસ્ત હતી તેથી મને ભૂલી ગઈ. આ કેસમાં અમારે ડૉક્ટરની જરૂર હતી જે કુદરતની અવેજીમાં મને મદદ કરે.

લગભગ અડધો કલાક પછી ડૉક્ટર મારું નામ બોલ્યા, રવિન્દર સિંહ.

મારા પપ્પા તરત જ ઊભા થયા અને મારા લટકતા પગમાંથી પડી ગયેલી રબરની સ્લિપર મને પહેરવા જણાવ્યું. અમે બંને રૂમમાં દાખલ થયા. તે રૂમમાં ડેન્ટિસ્ટની પાછળ રહેલી મોટી બારીમાંથી સૂર્યપ્રકાશ આવતો હતો તેથી સર્વત્ર ઉજાશ ફેલાયેલો હતો. ડેન્ટિસ્ટની બાજુમાં એક વ્યક્તિ બેઠી હતી જેના ખોળામાં કાળી બૅગ હતી. તે વારંવાર દવાઓ કાઢીને ડેન્ટિસ્ટ સાથે તેની ચર્ચા કરતી હતી.

પપ્પાએ મને કહ્યું, તે વ્યક્તિ મેડિકલ રિપ્રેઝન્ટેટિવ છે. મને ખ્યાલ નહોતો આવતો કે તેનો અર્થ શું થાય, છતાં ત્યાં બેઠેલા ડેન્ટિસ્ટને તેની વાતોમાં સહેજ પણ રસ નહોતો તે દેખાતું હતું. ડેન્ટિસ્ટે ત્યારે જ તેની સામે જોયું જ્યારે તેણે એક પેન સેટ, ડાયરી અને એક કેલેન્ડર ડૉક્ટરની સામે મૂક્યાં.

તેની સામે જોઈને ડેન્ટિસ્ટ બોલ્યા, ફરીથી એક જ વસ્તુ ?

મેડિકલ રિપ્રેઝન્ટેટિવ હસ્યો અને તેણે પોતાની બેગમાં હાથ નાખ્યો અને તેમાંથી એક પ્લાસ્ટિકની ટોર્ચ કાઢીને તેમની સામે મૂકી દીધી અને જતો રહ્યો. મને એમ થયું કે ડેન્ટિસ્ટને ટોર્ચમાં જ રસ હતો તો પછી તેણે આટલી બધી દવાઓની માહિતી આપવામાં સમય કેમ બગાડ્યો.

મેં આસપાસ જોયું. આસપાસની તમામ દીવાલો દાંત અને જડબાના અલગ અલગ ડાયેગ્રામથી ભરેલી હતી. તેમાં 'ઇનસીસોર', 'કેનાઇન', 'મોલર' અને 'પ્રિ-મોલર' જેવા શબ્દોથી હું પરિચિત હતો. મેં મારી સાયન્સની બુકમાં તેના વિશે વાંચ્યું હતું. હું મારા પપ્પાને મારી હોંશિયારી બતાવવા માગતો હતો. મેં તેમનો હાથ હલાવ્યો અને તેમને કહ્યું કે આપણે ડૉક્ટરને કહેવું જોઈએ કે મારા ઇનસીસોરનો વિકાસ થયો નથી. તેમણે મારી અવગણના કરી અને જાતે જ બધી તકલીફનું વર્ણન કરવા લાગ્યા.

હું હજી પણ તે સજાવેલી દીવાલો તરફ જોઈ રહ્યો હતો. તેમાં એક પોસ્ટરમાં સુંદર યુવતીને ચમકતા દાંત સાથે બતાવવામાં આવી હતી. તેના હાથમાં સફેદ અને લાલ પટ્ટાવાળી ટૂથપેસ્ટ હતી. તેનું સ્મિત સુંદર લાગતું હતું. અંતે ડેન્ટિસ્ટે મારી સામે જોયું અને મને મોઢું ખોલવા જણાવ્યું. મેં પેલા પોસ્ટરમાં રહેલી યુવતીની નકલ કરીને સ્મિત આપ્યું. ડેન્ટિસ્ટને તે ગમ્યું નહીં. તેણે મને પોસ્ટર તરફ નહીં પણ પોતાની સામે જોવા કહ્યું.

હસવાનું નથી રવિન્દર, તારું મોઢું ખોલ. આઆઆઆઆ... તેમણે મને કરીને બતાવ્યું. તેઓ રમૂજી લાગતા હતા.

મને એમ થયું કે માત્ર સ્મિત દ્વારા હું મારા બાકીના અને જે નથી તે તમામ દાંત સારી રીતે બતાવી શકીશ. જો કે આ વખતે મેં મારું મોઢું એટલું મોટું ખોલ્યું અને બોલાય એટલા જોરથી બોલ્યો, આઆઆઆઆ... અવાજની સાથે સાથે હું મારી જીભ પણ આમતેમ ફેરવતો હતો.

મેં જેવું મારું મોઢું મોટું કર્યું અને વધારે ખેંચ્યું તો મારી આંખો જાણે કે મારા ગાલમાં સમાઈ ગઈ. તેમ કરવા માટે મારે ઘણી તાકાત ભેગી કરવી પડી હતી. આસપાસ ઊભેલાં બધા લોકો મારી સામે જોતા હતા.

ઓકે... ઓકે... બસ આટલું બરાબર છે. ડેન્ટિસ્ટે મને કહ્યું.

મેં મારું મોઢું બંધ કર્યું અને ટૂથપેસ્ટ હાથમાં લઈને સ્માઈલ કરી રહેલી યુવતી તરફ ફરીથી જોવા લાગ્યો. ડેન્ટિસ્ટે પપ્પાને કેટલીક વાતો કરી જેની હું અવગણના કરી રહ્યો હતો. તેમણે કેટલીક દવાઓ લખી આપી અને અમને બે દિવસ પછી ફરીથી આવવાનું જણાવ્યું. તેમની છેલ્લી વાત મને સંભળાઈ કે ફરીથી જ્યારે આવીશું ત્યારે લગભગ એક કલાક જશે એટલે મને થયું કે મારે સ્કૂલનો એક અથવા બે પિરિયડનો ભોગ આપવો પડશે.

મેં પપ્પા સાથે વાત કરીને ખાતરી કરવાનો પ્રયાસ કર્યો કે તે શું કરવા માગે છે, તેનાથી મને દુખાવો થશે કે નહીં. પપ્પાએ તો માત્ર માથું હલાવ્યું, જ્યારે મારે તો દવાઓ લેવાની હતી અને આજે આવ્યો એમ બે દિવસ પછી ફરીથી આ ડેન્ટિસ્ટ પાસે આવવાનું હતું. મને એક વાત તો સમજાઈ ગઈ કે બે દિવસ પછી મને કાયદેસર રીતે સ્કૂલ ગુલ્લી મારવા મળશે.

ત્યાર પછીના બે દિવસ સુધી ડૉક્ટરે જણાવેલી દવાઓ સાથે મારે ભોજન કરવાનું હતું. ત્રીજા દિવસે સવારે હું અરીસામાં જોઈને બ્રશ કરતો હતો. મને એમ થયું કે કદાચ દવા કામ કરી ગઈ હોય અને મને નવા દાંત ઊગ્યા હોય તો.

કંઈ જ નહોતું. મારા મોઢાની અંદર જે જગ્યા બે દિવસ પહેલાં ખાલી દેખાતી હતી તેવી જ હતી. પાગલ ડેન્ટિસ્ટ, મેં મારી જાત સાથે વાત કરતા કહ્યું.

સ્કૂલમાં મેં મારા બધા જ મિત્રોને ગર્વ સાથે કહ્યું કે હું તો માત્ર અડધો દિવસ જ સ્કૂલમાં છું પછી જતો રહીશ. થોડા સમય પછી મારા પપ્પા આવશે અને મને લઈ જશે. પપ્પા પણ થોડા સમયમાં આવી જ ગયા અને બધા અમારી સામે જોઈ રહ્યા હતા. મેં ઝડપથી મારી સ્કૂલ બૅગ ઉપાડીને ખભે ભરાવી અને પપ્પા તરફ ચાલવા લાગ્યો.

તે દિવસે જે રીતે બધું બન્યું હતું તેમ આજે પણ બન્યું. અમે પહેલાં સ્લિપ લીધી, પછી દાદરા ચઢ્યા અને પછી ત્યાંથી બીજા વિભાગ તરફ આવ્યા જ્યાં બહારની તરફ ડેન્ટલ વૉર્ડ હતો. ત્યાં ઘણા લોકો લાઇનમાં ઊભા હતા.

મેં ડૉક્ટરની કેબિનમાં ઝાંખવાનો પ્રયાસ કર્યો કે પેલી સ્માઈલ કરતી લેડીનું પોસ્ટર હજી દીવાલ પર છે કે નહીં. અરે હા, એ ત્યાં જ હતી અને હજી પણ પેલી ટૂથપેસ્ટ હાથમાં રાખીને હસી રહી હતી.

તો આપણે શરૂ કરીએ. થોડી વારમાં ડૉક્ટરે પપ્પા સાથે કેટલીક ચર્ચાઓ કર્યા પછી કહ્યું.

પપ્પાએ મારી સામે જોયા વગર જ માથું હલાવ્યું.

ડેન્ટિસ્ટે નર્સને બોલાવી અને મને તેની પાછળ જવા જણાવ્યું. હું પપ્પાના ચહેરા સામે જોઈ રહ્યો હતો. તેમની ગુઢ શાંતિ મારા મગજમાં ખળભળાટ મચાવી રહી હતી. હું નર્સની પાછળ જઈ રહ્યો હતો છતાં મારા મગજમાં વિચારોનું તોફાન મચ્યું હતું. તે મને ડેન્ટલ વૉર્ડના જમણી તરફના એકદમ ખૂણામાં આવેલી કેબિન તરફ લઈ ગઈ.

થોડી જ ક્ષણોમાં હું લાંબી ખુરશી પર બેસી ગયો હતો. નર્સે જણાવ્યું કે આ ડેન્ટિસ્ટની ચેર છે અને પછી તેને વ્યવસ્થિત કરી. તેણે તેનું લિવર ખેંચીને વધારે નીચે નમાવી. તેણે ફરીથી લિવર ખેંચ્યું અને લગભગ હું જમીનને સમાંતર આવી ગયો. મેં તેને પૂછી કાઢ્યું કે તે શું કરવા માગે છે. તેણે કોઈ જવાબ ન આપ્યો.

થોડીવારમાં ડેન્ટિસ્ટ ત્યાં આવી ગયા. હું કંઈ સમજુ તે પહેલાં તેમણે હાથમાં ગ્લોઝ પહેરવાનું શરૂ કર્યું. ત્યાર પછી તેમણે મોઢા પર માસ્ક પણ પહેરી લીધું. આ બધું જોયા પછી મને એમ થયું કે કંઈક ભયંકર થવાનું છે મારી સાથે. હું તે ખુરશીમાં ભરાઈ પડ્યો હતો. મેં ફરીથી ડેન્ટિસ્ટને એક વખત પૂછ્યું કે મારી સાથે શું થઈ રહ્યું છે.

અમે તારા પેઢામાં ફસાયેલા દાંતને બહાર કાઢીશું. તેમણે જવાબ આપ્યો.

શું ? મેં કહ્યું. કોઈએ જવાબ ન આપ્યો એટલે મેં ફરીથી પૂછ્યું, કેવી રીતે ?

અમે તારા પેઢામાં નાનકડો ચીરો મૂકીશું.

એટલું સાંભળતા તો જાણે મારા મોઢામાં બૉમ્બ મૂક્યો હોય તેમ લાગ્યું.

શું તમે મારા પેઢામાં ચીરો મૂકશો ? ના, પ્લીઝ, તેનાથી મને દુઃખાવો થશે.

ડેન્ટિસ્ટ અને નર્સે તે તરફ ધ્યાન આપ્યું નહીં.

મેં તેમને કહ્યું કે મારા પપ્પાને બોલાવો, છતાં તેમણે ધ્યાન ન આપ્યું.

ડેન્ટિસ્ટ અને નર્સ મારા નાના ફૂલગુલાબી પેઢાની ચીરફાડ કરવા લગભગ તૈયાર થઈ ગયા હતા. નર્સે ઓવરહેડ લાઇટ બરાબર ગોઠવી જેથી તે સીધી મારા ચહેરા પર જ આવે. તેના કારણે એક ક્ષણ માટે તો મને દેખાતું બંધ થઈ ગયું. ડેન્ટિસ્ટે પોતાનાં સાધનો પકડ્યાં અને મોઢું વધારે પહોળું કરવા જણાવ્યું.

હું ભયથી ધ્રૂજી ગયો હતો.

ના, ના, મને તેનાથી દુઃખશે. હું સતત એક જ રટણ કર્યા કરતો હતો. મારા પગ ધ્રૂજતા હતા. હું તે ખુરશીમાંથી ઊભો થઈને ભાગવા માગતો હતો પણ મારા માટે તે લગભગ અશક્ય હતું.

ડેન્ટિસ્ટે મને જણાવ્યું કે તેઓ મને એનેસ્થેશિયા આપશે જેથી મને દુઃખાવો નહીં થાય. આટલું બોલીને તેમણે એક મોટું ઇન્જેક્શન લીધું. તેની સોય પણ મોટી હતી. મને એમ લાગે છે કે લગભગ ચાર ઇંચ નહીં પાંચ ઇંચની હશે. આવી ભયાનક વસ્તુ તેમણે મારી આંખો સામે લાવીને ધરી દીધી.

હું ભયથી થીજી ગયો હતો. મારા મોઢામાંથી એકપણ શબ્દ નીકળતો નહોતો. હું માત્ર ઇન્જેક્શનને જોઈ રહ્યો હતો.

ડેડી ઈઈઈઈઈ... હું મોટેથી રડી પડ્યો. ના, મેં મોટી ચીસ પાડી.

તે મારા જીવનની લગભગ સૌથી મોટી અને લાંબી ચીસ હતી. મને એમ થયું કે ડેન્ટલ વૉર્ડની કેબિનમાં થઈને નીચે જતી સીડી પર અને ત્યાંથી બહાર નીકળીને આવતા પાર્કિંગ સુધી તે લગભગ બધાને સંભળાઈ જ હશે. મારી આ ચીસની સફર દરમિયાન હૉસ્પિટલમાં હાજર મારા પપ્પા સહિત લગભગ બધા જ લોકોને મારા ડર વિશે ખ્યાલ આવી ગયો હશે.

બીજી જ ક્ષણે પપ્પા અંદર ધસી આવ્યા. તેમણે સામે ઊભેલા ડેન્ટિસ્ટ અને નર્સની સામે જોયું. તેમણે જે બધું પકડ્યું હતું તે મૂકી દીધું. તેમના હાથ પણ તેમના કાન પર હતા. તેમાં કંઈ ચોખવટ કરવી પડે તેવું કશું હતું જ નહીં.

ડેન્ટિસ્ટે મારા પપ્પા સામે જોયું, કારણ કે કહેવા જેવું તો કશું હતું જ

નહીં. મારા પપ્પાએ મારા બદલે માફી માગી. મેં પપ્પા સામે જોયું અને મને ત્યાંથી લઈ જવા વિનંતી કરી. તેમણે મારી પીઠ થપથપાવી અને મને કહ્યું કે હું ડેન્ટિસ્ટને મારા મોઢાનું ઑપરેશન કરવા દઉં તે જરૂરી છે. તેમણે મને કહ્યું કે જો હું તેમ નહીં કરવા દઉં તો આખી જિંદગી મારે દાંત વગર પસાર કરવી પડશે.

કશો વાંધો નહીં, મારે દાંત નથી જોઈતા. પ્લીઝ ડેડી, હું રડવા લાગ્યો.

તને ખ્યાલ નથી આવતો, એક વખત તું એનેસ્થેશિયા લઈશ પછી તને કોઈ જ દુઃખાવો નહીં થાય. ડેન્ટિસ્ટ બોલ્યા.

જો કે બીજી જ ક્ષણે મેં જવાબ વાળ્યો. અરે, યાર પણ આ એનેસ્થેશિયાના ઇન્જેક્શનથી તો મને દુઃખશે ને.

નર્સ હસી પડી. ડૉક્ટરે ગુસ્સાથી તેની સામે જોયું.

ડેન્ટિસ્ટ પપ્પા તરફ ફર્યા અને બોલ્યા : જો તમે તમારા દીકરાને સમજાવી ન શકતા હોવ તો પછી તમે તેને આવતા અઠવાડિયે લઈ આવજો, મારે બીજા કેસ પણ જોવાના છે.

મને એમ થયું કે તેને કહી દઉં કે આવતા અઠવાડિયા પર વાત લઈ જાય. જોકે, તરત જ પપ્પા બોલ્યા કે આવતા અઠવાડિયે તો મારે બહારગામ જવાનું છે. તેથી ઑપરેશન આજે જ થાય તે સારું છે.

લગભગ અડધો કલાક પછી ત્યાં ડેન્ટિસ્ટની ચેર પર જ અમારી સંધિ અને શાંતિ મંત્રણાઓ ભાંગી પડી અને નિષ્ફળ ગઈ. આ નિષ્ફળતાનું એક જ પરિણામ હતું, કે હવે યુદ્ધ થશે.

તે લોકો એક થઈ ગયા અને હું એકલો પડી ગયો.

પપ્પાએ ડેન્ટિસ્ટને કહ્યું કે તમે આગળ વધો. ડેન્ટિસ્ટે ફરીથી પેલી સિરિંજ લીધી અને ભરવા લાગ્યા. હું પણ લગભગ હુમલો કરવાની સ્થિતિમાં આવી ગયો હતો. જેવા ડેન્ટિસ્ટ મારી પાસે આવ્યા કે મેં હવામાં જ એક મુક્કો વીંઝ્યો જો કે ઇન્જેક્શન બચી ગયું. પપ્પાએ બૂમ મારીને નર્સને મારો એક હાથ પકડવા જણાવ્યું અને બીજો તેમણે પકડી લીધો.

તે ખુરશી પણ એવી હતી કે હું કૂદકો પણ મારી શકતો નહોતો.

મેં તરત જ હવામાં પગ વીંઝવાનું ચાલુ કરી દીધું. હવામાં પેડલ મારવાના

કારણે પાસે પડેલી ખુરશી પર રહેલા કેટલાક કોટન બૉલ્સ અને અન્ય સાધનો નીચે પડી ગયાં. હું લગભગ તમામ તાકાત ભેગી કરીને ચીસો પાડવા લાગ્યો. હવે માત્ર મુશ્કેલ નહીં પણ લગભગ અશક્ય બની ગયું હતું કે ડેન્ટિસ્ટ મને ઇન્જેક્શન આપી શકે. તે ગુસ્સે થયો અને બરાડ્યો કે જો હવે હું તોફાન બંધ નહીં કરું તો મોઢામાં નિડલ તૂટી જશે અને મારા પેઢામાં ક્યાંક ફસાઈ જશે. જો કે મને કોઈ ફેર પડતો નહોતો. મેં વધારે મોટેથી ચીસો પાડી. હવે અમારી ટસલ વધી ગઈ, કારણ કે હવે ત્રણની સામે એકનો જંગ થવાનો હતો.

તે ત્રણે જણા પણ બૂમો મારતા હતા કે હવે કરવું શું.

પપ્પાએ તરત જ નર્સને કહ્યું કે મારા બંને હાથ પકડી રાખે. તેમણે મારા બંને હાથ પીઠ પાછળ વાળી દીધા અને નર્સને કહ્યું કે તેને કસીને પકડી રાખ. ત્યારબાદ તેઓ સાઇડમાં આવ્યા અને મારા બંને પગ કસીને પકડ્યા. તેઓ મારા ઘૂંટણિયા પર બેસી ગયા અને મારી જાંઘો દબાવી દીધી. હવે મારા પગ સંપૂર્ણ રીતે તેમના કાબૂમાં હતા.

મેં ફરીથી બધી જ તાકાત ભેગી કરીને તેમનો વિરોધ કર્યો. નર્સે મારા હાથ એટલા કસીને પકડ્યા હતા કે તેમાં લોહીનું પરિભ્રમણ લગભગ બંધ થઈ ગયું હતું. હવે મને પરસેવો થવા લાગ્યો હતો. મને થોડી ગભરામણ થતી હતી પણ હું હાર માનું તેમ નહોતો. મારી આંખો લાલ અને પહોળી થઈ ગઈ છતાં હું હાર માનવા તૈયાર નહોતો. જો કે થોડી જ વારમાં હું હાંફી ગયો. તેમને ખ્યાલ આવતો હતો કે હવે હું થાકી ગયો છું. જ્યારે મારો વિરોધ ઓછો થયો કે ડૉક્ટર મારી નજીક આવ્યા.

પપ્પા અને નર્સે તો મને જકડી જ રાખ્યો હતો. ડેન્ટિસ્ટ બોલ્યા કે હવે તે મને ઇન્જેક્શન આપશે. હવે મેં શરીરમાં જેટલી પણ તાકાત વધી હતી તે ભેગી કરીને મારું શરીર હલાવવાની જગ્યાએ માથું આમતેમ હલાવવાનું શરૂ કરી દીધું.

ડેન્ટિસ્ટ હવે ખરેખર કંટાળ્યા હતા. બીજી તરફ મારા પપ્પા પણ. નર્સ બૂમો મારીને મને કહી રહી હતી, ક્યા કર રહે હો બેટા, ઐસા મત કરો. (તું શું કરી રહ્યો છે દીકરા, આવું ન કરીશ.)

ડેન્ટિસ્ટ એક ક્ષણ માટે બહાર ગયા અને બીજા કમ્પાઉન્ડરને પકડી લાવ્યા.

તેણે નિર્દયી રીતે કમ્પાઉન્ડરને આદેશ આપ્યો કે તે મારું માથું પકડી રાખે જેથી હું હલાવી ન શકું. તેમણે એવું પણ કહ્યું કે માથું એવી રીતે પકડે કે મારાં જડબાં વધારે પહોળાં રહે. તેથી હવે ચારની સામે એકની લડાઈ થઈ ગઈ.

કમ્પાઉન્ડર તેને મળેલા આદેશ પ્રમાણે કામ કરવા ગયો, પણ બીજી જ ક્ષણે તેનો હાથ મારા જડબા પાસે આવ્યો અને મેં તેને જોરથી બચકું ભરી લીધું. તેના હાથમાંથી ડેટોલ અને જંતુનાશકનો ટેસ્ટ આવતો હતો. મેં તરત જ થૂંકી દીધું જો કે તે થૂંક ડેન્ટિસ્ટના એપ્રન પર પડ્યું. કમ્પાઉન્ડર પીડાથી કણસી ઊઠ્યો. ડેન્ટેસ્ટ કંટાળાથી ઉશ્કેરાઈ ગયો, પપ્પા પણ મારી સામે બૂમો મારવા લાગ્યા. નર્સ બોલે જતી હતી, બેટા... બેટા...

લગભગ અડધો કલાક યુદ્ધ ચાલ્યું અને હવે મારા શરીરે સાથ છોડાવા માંડ્યો. હવે મારે શ્વાસ લેવા માટે હવાની જરૂર હતી, વધારેમાં વધારે હવા. હું વીરતાથી લડ્યો હતો. હવે હું મૂર્છિત થઈ રહ્યો હતો, મારી તકદીરના શરણે થવા લાગ્યો. મેં મારી આંખો બંધ કરી દીધી, જોકે તે પહેલાં જોયું કે સિરિંજ મારાથી એક ઇંચ જ દૂર હતી. મેં મારી આંખમાંથી આંસુ અને કપાળ પરથી પડતા પરસેવાને મારા ગાલ પર અનુભવ્યા.

બીજી મિનિટે મને મારા નાકની પાછળ અને મારા પેઢામાંથી અસહ્ય પીડાનો અનુભવ થયો. મને એમ લાગ્યું કે ડેન્ટિસ્ટે ક્યાંક મારા નસકોરાની પાછળના કોઈ સ્નાયુમાં તેનું ઇન્જેક્શન ખાલી કરી દીધું હતું. ત્યાર પછી કેબિનમાં શાંતિ પ્રસરી ગઈ. મને ઇન્જેક્શન આપ્યા પછી ડૉક્ટરે મને પ્લાસ્ટિકનું બોડી કવર પહેરાવી દીધું.

હું શાંતિથી પડ્યો હતો. મારી આંખમાંથી આંસુ મારા ગાલ પર પડી રહ્યા હતા.

એનેસ્થેશિયાએ ઝડપથી તેનું કામ કરવા માડ્યું. મને મારા પેઢા ભારે થઈ ગયા હોય તેમ લાગ્યું. મેં આંખો ખોલીને પપ્પા સામે જોયું. તેમણે મને કહ્યું કે બધું બરાબર થઈ જશે. મેં તેમના હાથ તરફ જોયું જે હજી મારી જાંઘોને પકડી રહ્યા હતા. મેં ફરીથી તેમની સામે જોયું પણ હું કંઈ જ બોલી શક્યો નહીં. મારે કંઈ કહેવું પણ નહોતું.

મેં ભીની આંખો બંધ કરી દીધી, અને બાકીની પ્રક્રિયા પૂરી થાય ત્યાં

સુધી શાંત પડ્યો રહ્યો.

લગભગ વીસ મિનિટ પછી ડેન્ટિસ્ટે મારો ખભો હલાવ્યો અને મને કહ્યું કે બધું પતી ગયું. મારે ઊભા થવું હોય તો થઈ શકું છું.

મેં મારી આંખો ઉઘાડી પણ હું તેમની સામે જોઈ શકતો નહોતો. તે જે બોલ્યા તે મેં સાંભળ્યું પણ હું કંઈ કરી શક્યો નહીં. મેં તેમની વાતો અને તેમની અવગણના કરી.

નર્સે પણ મારા હાથ છોડી દીધા અને પપ્પા પણ ઊભા થઈને મારી પાસે આવ્યા. તેમણે મને ખાતરી આપી કે ઑપરેશન પૂરું થઈ ગયું છે. તેમણે મને શાંત પાડવા મારો ખભો થપથપાવ્યો. હું તેમની સામે જોઈ શકતો નહોતો કે કંઈ બોલી પણ શકતો નહોતો.

તેમણે મને ઊભા થવાનું કહ્યું તો હું હાલ્યો નહીં. તેઓ મને ત્યાં જ છોડીને ડેન્ટિસ્ટ પાસે ગયા જેથી પૂછી શકે કે મારે શું ખાવું અને શું નહીં. હું ધીમેથી ઊભો થયો અને તેમની દરકાર કર્યા વગર જ રૂમની બહાર નીકળી ગયો.

બહાર નીકળતી વખતે હું વૉશબેઝીન પાસેથી પસાર થયો. ત્યાં લગાવેલા અરીસામાં મેં મારી જાતને જોઈ. મારું નાક અને મારા હોઠ હજી લાલ હતા. મારા હોઠ અને શર્ટ પર લોહીનાં ટીપાં બાઝેલાં હતાં. મેં મોઢું ખોલવાનો પ્રયાસ કર્યો, પણ કશો જ અનુભવ થતો નહોતો. હજી પણ ત્યાં એનેસ્થેશિયાની અસર હતી. મેં પરાણે મારો નીચેનો હોઠ હલાવ્યો અને જોયું કે ત્યાં કોટન બૉલ્સ ભરાવેલા છે જેણે મારા ઉપરના પેઢાને ઢાંકી દીધા છે.

ડેન્ટિસ્ટે તરત જ બૂમ મારી કે કોટન બહાર કાઢીશ નહીં.

મેં મારા ટી-શર્ટને મારા હાફ પેન્ટમાં નાખી અને રૂમની બહાર નીકળી ગયો. ત્યાં સુધીમાં પપ્પાએ પણ ડેન્ટિસ્ટ સાથે વાત કરી લીધી હતી અને તેઓ પણ મારી પાછળ બહાર આવ્યા.

'ચલો ઘર ચલે..' (ચાલ ઘરે જઈએ) એમ કહીને તેમણે મારો હાથ પકડી લીધો.

મેં કઈ જ કહ્યું નહીં માત્ર તેમની પાછળ ચાલવા લાગ્યો, પણ મારી આંગળીઓ તેમના હાથમાંથી છટકે નહીં તે રીતે.

૬
પ્રશ્ન મારા જન્મનો

મારા જન્મદિવસે મોડી રાત્રે મારી આંખો સામે મારા જીવનના પસાર થયેલા પ્રસંગો તરવરતા હતા. મમ્મીએ લાઈટ બંધ કરી અને હું પથારીમાં જ પડ્યો હતો. આખો દિવસ ચાલેલી જન્મદિવસની ઉજવણીના કારણે હું ખૂબ થાકી ગયો હતો.

છતાં હું જાગતો હતો. મારી આંખો સામેની દીવાલ પર લાગેલી ઘડિયાળના ચમકતા કાંટા પર અટકેલી હતી. આગામી પંદર મિનિટ પછી મારો જન્મદિવસ પૂરો થવાનો હતો, તેથી હું આખા દિવસના પ્રસંગોને યાદ કરી રહ્યો હતો.

તે મારો શ્રેષ્ઠ બર્થડે હતો. સવારમાં પપ્પાએ મારા માટે ગુરુદ્વારામાં ખાસ પ્રાર્થના કરી. સ્કૂલમાં પણ હું એકલો જ હતો જે યુનિફૉર્મમાં નહોતો, કારણ કે તે દિવસે હું બર્થડેના ખાસ કપડાં પહેરી ગયો હતો. મારા માટે આખા ક્લાસે, ''હેપ્પી બર્થ ડે ટુ યુ ગાયું'' અને બદલામાં મેં મારા ક્લાસના તમામ બાળકો અને ટીચરને ચૉકલેટ આપી.

સાંજે પહેલી વખત મેં બર્થ ડે પર કેક કાપી હતી. ત્યાં સુધી કેક કાપવાનું

ચલણ મારા પરિવારમાં નહોતું. મારી અનેક વિનંતીઓ બાદ મારાં મમ્મી-પપ્પા કેક માટે તૈયાર થયાં હતાં. મમ્મી પડોશમાંથી કોઈકનું ઓવન લઈ આવી અને તેમાં કેક બનાવી. તેના પર સાત ચેરી લગાવેલી હતી. કેક કાપવાની વિધિ સાંજે યોજાઈ. મેં આ માટે એવા જ મિત્રોની પસંદગી કરી હતી જે ભેટ લઈને આવે. ડિનર માટે મમ્મીએ મારા મનપસંદ રાજમા ચાવલ બનાવ્યા હતા. તે ખૂબ જ સુંદર દિવસ હતો અને મને એમ થતું કે આ પૂરો ન થાય તો સારું. જો કે તે મારી આંગળીઓમાંથી સરકતો જતો હતો...

જેવા ઘડિયાળમાં બે કાંટા ભેગા થયા કે મેં મારી આંખો બંધ કરી અને મને એવો સુંદર અનુભવ થયો કે મારા જન્મ પછી આજે સાત વર્ષ પૂરાં થઈ ગયાં.

... સાત વર્ષ.

... હું જન્મ્યો ત્યારથી.

... સાત વર્ષ... જેમ કે... એક... બે... ત્રણ... ચાર... પાંચ... છ... સાત વર્ષ.

... હું જન્મ્યો ત્યારથી.

પણ હું જન્મ્યો કેવી રીતે ? અને તરત જ મારી આંખો ખૂલી ગઈ.

મને એમ થયું કે, હું ખરેખર જન્મ્યો કેવી રીતે ? મને એક જ વિચાર આવતો હતો.

સાત વર્ષ પસાર થઈ ગયાં અને ત્યાં સુધી મને આ સવાલ જ ન થયો. આજે એકએક આ રાતના અંધારામાં મને સવાલ થયો કે મને ખબર જ નથી કે આ ગ્રહ પર મારું અવતરણ થયું કેવી રીતે. મારા અસ્તિત્વનો રોમાંચ મને તે દિવસે થતો હતો તેવો પહેલાં ક્યારેય થયો નહોતો.

ત્યાર પછીની થોડી મિનિટો મેં ઉન્માદને દબાવી રાખ્યો. મેં મારા મનને શાંત પાડવાનો પ્રયાસ કર્યો કે તેમાં ચિંતા કરવા જેવું કશું જ નથી, હું શોધી કાઢીશ કે હું કેવી રીતે જન્મ્યો. જો કે ઊંઘ હવે મારાથી જોજનો દૂર જતી રહી હતી. મારામાં રહેલો આઈન્સ્ટાઈન માથું ઊંચકતો જતો હતો કે મારે આ જટીલ સમસ્યા ઉકેલવી જ પડશે કે મારી ઉત્ક્રાંતિ થઈ કેવી રીતે.

મારા મનમાં કેટલાક વિચારો અને થિયરીઓ ચાલતી હતી.

એવું બને કે મમ્મીએ અમારા ગાર્ડનમાં બીજ વાવ્યું હોય અને તેમાંથી મારો જન્મ થયો હતો.

જો તેવું ન હોય તો કદાચ...

અડધી રાત્રે મારા મનમાં વિચિત્ર વિચારોનું સર્જન થઈ રહ્યું હતું પણ તેમાંથી એક પણ મને યોગ્ય લાગતો નહોતો કે જેનાથી મને વિશ્વાસ આવે. હું પથારીમાં આળોટતો જતો હતો અને વિચારો મગજમાં ચકરાવે ચઢ્યા હતા.

આ રીતે લગભગ એક કલાક પસાર કર્યા પછી હું ઊભો થયો. મેં મમ્મી સામે જોયું જે મારી બાજુની જ પથારીમાં ટિંકુની પાસે સૂઈ ગઈ હતી. ત્યારે મને ફરીથી સવાલ થયો કે સાલું ટિંક જન્મ્યો તે જોવું પણ હું કેવી રીતે ચૂકી ગયો? તે મારા પછી બે વર્ષે આવ્યો હતો. બે-ચાર મિનિટ તો હું પસ્તાવો કરતો રહ્યો કે અમારા જન્મના આટલા મોટા કોયડાને ઉકેલવાની ક્ષણો હું કેવી રીતે ચૂકી ગયો. હવે આ સવાલના જવાબ માટે મારે મમ્મીને ઉઠાડવી કે પછી પાછા જઈને સૂઈ જવું તેની વચ્ચે હું અટવાયો હતો.

અંતે મેં નક્કી કર્યું કે તેને નથી જગાડવી અને હું પાછો સૂઈ ગયો.

જોકે મારા મનમાં રહેલી ઉત્તેજના મને ઊંઘવા નહોતો દેતી. પાંચ જ મિનિટમાં હું ફરીથી પથારીમાંથી ઊભો થઈ ગયો. મેં ફરીથી મમ્મીની સામે જોયું. મેં પાયજામો અને બંડી પહેરી હતી અને આ સ્થિતિમાં જ હું મમ્મીની પાસે ગયો. તેમની નજીક જઈને હું તેના ચહેરાની પાસે ઊભો રહ્યો.

તે ગાઢ નિદ્રામાં હતી અને હું અપાર ઉત્કંઠામાં હતો.

મમ્મી... મેં ધીમેથી કહ્યું.

હમ... તે ઊંઘમાં જ બબડી.

તેને જગાડવામાં મને થોડો ડર લાગતો હતો.

મમ્મી, આ વખતે હું ગણગણ્યો નહીં પણ થોડો મોટેથી બોલ્યો.

તે બેઠી થઈ ગઈ અને બોલી, હાં...

તે થોડી ડરી ગઈ. તેણે મારી સામે જોયું અને પછી ઘડિયાળ સામે જોયું. તેને એમ થયું કે હું ઊંઘી ગઈ છું અને આને મને અત્યારે જગાડી.

ચિંતાતુર સ્વરે તેણે મને કહ્યું, કિ હો ગયા બેટા? (શું થયું દીકરા?)

એકાએક થયેલા સવાલથી હું થોડો મૂંઝાયેલો હતો, છતાં મારા જમણા પગને મારા ડાબા પગ સાથે ઘસતાં ઘસતાં હું સવાલ કરવા મથતો હતો.

કિ હો ગયા હાં? તેણે ફરીથી પૂછ્યું. તે જાણવા માગતી હતી કે હું બરાબર તો છું ને.

આ વખતે હું મારું નાક અને આંખો મસળી રહ્યો હતો. એક ક્ષણ માટે તો મને એમ થયું કે મેં તેને શા માટે જગાડી હતી.

તેણે મને પૂછ્યું કે મારે બાથરૂમ જવું છે. જો કે નકારમાં મેં મારું માથું ડાબેથી જમણે ધુણાવ્યું.

ફીર? હવે તે ધીરજ ગુમાવી રહી હતી. મારો ભાઈ પણ ઊંઘમાં આમ તેમ પડખા ફેરવી રહ્યો હતો.

''મમ્મી'', હું બોલવા મથી રહ્યો હતો.

હાં બોલ? (હા બોલ)

મમ્મી મેં કિસ તરહ પેદા હોયા સી? મેં સવાલ કરી નાખ્યો કે મારો જન્મ કેવી રીતે થયો?

હું તેની સામે એકધારું જોઈ રહ્યો હતો પણ તેના હાવભાવ ન સમજી શક્યો.

તેના ચહેરા પર એક સ્મિત હતું.

તેના કપાળની રેખાઓ મને મૂંઝવણમાં નાખતી હતી.

૭

જીવનનો સૌથી મોટો કોયડો ઉકેલાઇ ગયો

મારા જીવનના કોયડાને ઉકેલવા માટે મારે બીજા ત્રણ અઠવાડિયાં પસાર કરવા પડ્યા. કમનસીબી એ હતી કે એવું કોઈ જ નહોતું કે જે મને સાચી વાત જણાવવા તૈયાર હોય. હું મારી મમ્મીની જ વાત સાચી માની રહ્યો હતો કે જેણે મને કહ્યું કે હું કેવી રીતે જન્મ્યો તે મને ખબર નથી, કારણ કે એક દિવસ હું તેને ગુરુદ્વારામાં પડેલો મળ્યો હતો.

જોકે હવે મેં તેની વાત માનવાનું છોડી દીધું હતું, કારણ કે પપ્પા તરફથી મને અલગ અલગ જવાબ મળ્યા હતા. તે એવું કહેતા હતા કે તેમને પણ ખબર નથી કે હું કેવી રીતે આ દુનિયામાં આવ્યો, કારણ કે તેઓ અમારા ઘરથી દૂર આવેલી એક દુકાનમાંથી મને લઈ આવ્યા હતા.

જુઠ્ઠા, બંને જુઠ્ઠા હતા.

આ બધા જવાબોએ મારી ઉત્કંઠા એટલી વધારી દીધી હતી કે હું તેનો જવાબ શોધવા મથતો હતો. એક તરફ મને એમ લાગતું હતું કે આ લોકો મારી વિરુદ્ધ કાવતરું કરીને કંઈક છુપાવી રહ્યા છે, છતાં બીજી તરફ મને એમ થતું હતું કે કોઈ કુદરતી આપત્તિ પણ હોઈ શકે જેણે મને આ દુનિયામાં ફેંક્યો હોય.

ત્યારથી મારા મનમાં એક જ સવાલ ઘુમરાતો હતો, સ્કૂલે જતા-આવતા, સ્કૂલમાં ચાલતા પિરિયડોની વચ્ચે, રાત્રે સૂઈ જતા, સવારે ઊઠીને ટૉઈલેટમાં બેઠા બેઠા પણ એક જ વિચાર આવતો હતો.

લગભગ બીજા અઠવાડિયાના અંત સુધીમાં તો મારા મનમાં અનેક પ્રશ્નો ઊભા થઈ ગયા હતા. મને એમ જ થતું હતું કે હું આ સવાલોના કારણે અભ્યાસ પર ધ્યાન નથી આપી શકતો. મને ખરેખર નવાઈ લાગતી હતી કે આ વાત સતત મારા મગજ પર અસર કરી રહી છે. દર વખતે હું મારા મગજને કહેતો કે તેના વિશે હવે સહેજ પણ નથી વિચારવું પણ હજી તો અડધો કલાક જ થયો હોય ત્યાં હું તેનાથી ઊંધું જ કરતો. મને તેનો નશો થઈ ગયો હતો. ક્યારેક મને એમ થતું કે મારું મગજ ફાટી જશે, કારણ કે છેલ્લાં બે અઠવાડિયાંથી હું એક જ વાત પર અટકેલો હતો. અંતે મેં નિર્ણય કરી લીધો કે હવે આમાંથી બહાર આવવું જ પડશે. તેથી મેં મારા આ સવાલની મારા દોસ્તો સાથે વાત કરવાનું નક્કી કર્યું. કારણ કે કદાચ એવું બને કે તેઓ પણ આ વિચારોથી પીડાતા હોય અથવા તો તેમની પાસે જવાબ હોય. એક દિવસ રિસેસ દરમિયાન જ્યારે અમે લંચબૉક્સમાંથી નાસ્તો કરી રહ્યા હતા ત્યારે મારા ખાસ મિત્રો આગળ મેં આ વિષય રજૂ કર્યો. મારા એક પણ મિત્રો પાસે તેનો જવાબ નહોતો, માત્ર પિંકી નામની એક છોકરી હતી જેણે મને સમજ આપી.

તું તારી મમ્મીના પેટમાંથી બહાર આવ્યો છે. તેણે આ જવાબ આપ્યો અને કંઈ ગંભીર વાત હોય જ નહીં તેમ નાસ્તો કરવા લાગી. મને જે આઘાત લાગ્યો કે હું તેની સામે જ તાકી રહ્યો. તે આટલું મોટું રહસ્ય જાણતી હોવા છતાં એવી રીતે વર્તન કરતી હતી કે જાણે કંઈ છે જ નહીં.

મને વધારે તો એ લાગી આવ્યું કે આ છોકરીને આ વિશે બધી જ માહિતી છે જે મને નથી, અરે આ કોઈ છોકરાઓને નથી. છોકરીઓને આ બધું ખબર હોય છે તો છોકરાઓને કેમ નહીં ? મારામાં રહેલું પૌરુષત્વ ઘવાયું હતું. બાકીના છોકરાઓમાં ઈગો જેવું ખાસ હતું નહીં તેથી તેમને પિંકીની વાતથી ખાસ ફરક પડ્યો નહીં. તે લોકો તેમનો નાસ્તો કરવામાં જ વ્યસ્ત હતા. તેમને આ વાતની ખાસ અસર પણ થઈ નહોતી.

હું ક્યાંય સુધી રાહ જોતો રહ્યો કે આ બધું ગળે ઊતરી જાય. મેં મારા અંગત પૂર્વગ્રહો છોડી દીધા અને પિંકીની વાત વિશે વિચારવા લાગ્યો. કંઈક કારણ તો હતું કે મને તેની થિયરીમાં વિશ્વાસ આવતો હતો, કારણ કે તે જે રીતે આત્મવિશ્વાસથી વાત કરતી હતી તે અસરકારક હતી. તેનાથી મને થોડી રાહત થઈ હતી. ત્યાં જ મારા એક મિત્ર મનદીપે વચ્ચે ઝંપલાવ્યું અને પૂછી કાઢ્યું કે તે તેની મમ્મીના પેટમાં કેવી રીતે આવ્યો?

આ ખરેખર સારો સવાલ હતો. આરામથી નાસ્તો ચાવતા ચાવતા હું પિંકી સામે જોઈ રહ્યો હતો. હવે તે શું કહેશે?

જોકે તેણે સીધે સીધો કોઈ જવાબ આપ્યો નહીં. તે એક ક્ષણ માટે અટકી અને પછી આંખો ફેરવવા માંડી અને બોલી, અરે હા, તું કેવી રીતે તારી મમ્મીના પેટમાં આવ્યો એમ ને?

તે જે રીતે જવાબ ટાળી રહી હતી તેનાથી લોકો કંટાળી રહ્યા હતા. 'અરે, આને આ નથી ખબર.' મનદીપે તેના તરફ આંગળી કરી અને મજાક કરતા કહ્યું કે આને કશું ખબર નથી.

'એ, ફેક રહી થી... ફેક રહી થી...' (અરે આ ગપ્પા મારી રહી હતી). બાકીના છોકરાઓ પણ પિંકીની મજાક કરતા કરતા ફરીથી નાસ્તો કરવામાં મશગૂલ થઈ ગયા. તેમને માત્ર એટલાથી સંતોષ થઈ ગયો હતો કે ખરેખર પિંકીને બધી ખબર નથી.

એટલામાં બેલ વાગ્યો અને અમે બધા હાથ ધોવા વૉશરૂમ તરફ ભાગ્યાં. પિંકી તેનો નાસ્તો પૂરો કરી શકી નહોતી. જ્યારે હું વૉશરૂમ તરફ જતો હતો ત્યારે તે કંઈક વિચારોમાં અટવાયેલી હોય તેમ ચાલતી હતી. મને લાગ્યું કે થોડા સમય પહેલાં જે ચર્ચા થઈ તે હજી તેના મગજમાં ફરી રહી હતી.

વૉશરૂમમાંથી પાછા આવતા સમયે મેં ફરીથી તેની સામે જોયું અને મને એમ લાગ્યું કે તેના તરફની મારી લાગણીઓ એકાએક બદલાઈ ગઈ છે. હું તેનો આભારી હતો. તેણે મને એવી વાત તો કરી જ હતી કે તેની પર મને વિશ્વાસ બેસે. તે મારાં માતા-પિતા કરતાં તો સારી જ હતી કે જેઓ કાયમ પોતાની વાત એવી રીતે જ ચાલુ કરતા કે, અમને ખબર નથી. અમે તો તને

અહીંથી લાવ્યા હતા અને ત્યાંથી લાવ્યા હતા.

છેવટે સ્કૂલ પૂરી થઈ અને દિવસ પણ પૂરો થયો, છતાં મારી સમસ્યાનો અંત આવ્યો નહોતો. હવે તે સમસ્યા ફેલાઈ હતી, મારા તરફથી પિંકી સુધી ગઈ હતી. પેલું કહેવાય છે ને કે, 'મન હોય તો માળવે જવાય' બસ આ જ કહેવતના જોરે ત્રીજા અઠવાડિયાના અંતે અમે જાણી લીધું કે સાચું શું છે. જો કે તેનાથી હું અને પિંકી સારાં મિત્રો ન બની શક્યાં. તેણે મારા સવાલને પડતો નહોતો મૂક્યો. તે પણ મારી જેમ આ રહસ્ય ઉકેલવા માગતી હતી.



મેં જેમ કહ્યું હતું તેમ, મારા જન્મદિવસના ત્રીજા અઠવાડિયે અમે તે રહસ્યનો ઉકેલ લાવી દીધો હતો. તે દિવસે રવિવાર હતો. મારા જીવનનો સૌથી મહત્ત્વનો રવિવાર. સવારે દૂરદર્શન પર રંગોલીનો કાર્યક્રમ પૂરો થયો કે મમ્મીએ અમને બંને ભાઈઓને નાહવા જવા કહ્યું.

અમારી વાત કરીએ તો સરદારનાં બાળકો માટે રવિવારનો અર્થ અલગ અલગ થતો હોય છે. માત્ર રજાની મજા માણવા સાથે અમારા માટે રવિવાર એક કંટાળાજનક કામ લઈને આવતો અને તે હતું અમારું માથું ધોવાનું. આ અમારો ક્રમ હતો અને તેમાંથી મમ્મી અમને છટકવા દેતી નહીં. તે ધીમે રહીને અમારી નાની પાઘડી ઉતારતી અને અમને નીચા નમીને વાળ આગળ લાવવા કહેતી જેથી શેમ્પુ કરી શકાય. તે દરમિયાન સૌથી કપરું કામ હતું માથું નમાવીને ઊભા રહેવાનું. એ દિવસે અમારા બાથરૂમમાં ક્લિનિક પ્લસ શેમ્પૂની સુવાસ એટલી ફેલાઈ જતી કે અઠવાડિયા સુધી તેની અસર રહેતી. માથું ધોઈ નાખવાથી આ ક્રમ પૂરો થઈ જતો તેમ નહીં. માથું ધોયા પછી મમ્મી અમને તડકામાં બેસાડતી જેથી સારી રીતે અમારા વાળ કોરા થઈ જાય. રસોડાનાં કામકાજમાંથી નવરી પડે એટલે તરત જ અમારા માથામાં કોપરેલથી માલિશ કરતી. ત્યાર પછી તેને બરાબર ઓળીને નાની પાઘડીમાં સમાવી દેવાતા જે બીજા રવિવાર સુધી અકબંધ રહેતા. ફરીથી રવિવાર આવે એટલે એ ક્રમાનુસાર કામ થઈ જતું. મમ્મી માથામાં તેલ નાખે ત્યારે હું અને મારો ભાઈ ટીવી પર આવતા જંગલ બુક કાર્યક્રમની

મજા માણતા હતા.

તે દિવસે કાયમની જેમ સૂર્ય દેખાતો નહોતો, તથા જે વ્યક્તિ ગુરુદ્વારા સાફ કરવા માટે આવતી હતી તે પણ થોડી મોડી આવી હતી. મમ્મીને ભય હતો કે તે જેવું સફાઈ કામ શરૂ કરશે કે ધૂળ ઊડશે અને અમે બહાર બેઠા હોઈશું તો અમારા વાળ ફરીથી મેલા થઈ જશે, તેથી તેણે અમને અંદર બેસવાનું કહ્યું.

એ વધારે સારું થયું.

અમે ટીવીની સામે ગોઠવાઈ ગયા અને મારા વાળ ખુરશીની પાછળના ભાગમાં રાખેલા રૂમાલ પર પથરાયેલા હતા. તેમાંથી શેમ્પૂની સ્મેલવાળા પાણીનાં ટીપાં હજી પણ જમીન પર પડી રહ્યાં હતાં. તેની સાથે સાથે મમ્મીએ અમને ગરમ-ગરમ પરોઠા અને દહીં આપ્યું હતું, જેના પર મીઠું અને મરી સરસ રીતે ભભરાવેલાં હતાં. ખુરશી પર બેઠાબેઠા અમે પગ હલાવે જતા હતા અને ખુશ થઈને પરોઠાની મજા માણતા હતા. અમારા હાથ અને હોઠ દહીંથી તરબતર હતા અને મમ્મી જે પરોઠું લાવી રહી હતી તે લેવા માટે અમે ઝઘડતા હતા.

આ જિંદગી સરસ હતી, ના સ્કૂલે જવાનું, ના ભણવાનું, માત્ર રમવાનું અને ટીવી જોવાનું.

બરાબર નવ વાગ્યે દર રવિવારની જેમ મમ્મી અંદર આવી અને તેના હાથમાં તેના માટે બે પરોઠાં અને ચા હતાં. તે વખતનો સૌથી જાણીતો કાર્યક્રમ મહાભારત જોવા માટે તે ગોઠવાઈ કે મેં અને મારા ભાઈએ ટીવીની સાથે જ સિરિયલનું ટાઇટલ સોંગ ગાવાની શરૂઆત કરી દીધી. આ રીતે અમે દર રવિવારે ગાતા હતા, અમારી મમ્મીને થોડો કંટાળો આવતો છતાં બધાંને મજા પડતી.

અમે બંને આંખો બંધ કરીને અમારામાં રહેલી તમામ શક્તિનો ઉપયોગ કરીને ટાઇટલ ટ્રેક બોલતા... 'સમ્ભવાઆઆમી યુગેએએએએ યુગેએએએએ એએએએ.'

ત્યાર બાદ ટીવીમાં રહેલી વ્યક્તિ તેની બોરિંગ સ્પીચ આપતી ત્યારે પણ અમે તેને સાથ આપતા : 'મૈં સમય હું,' અને ત્યારે જ મમ્મી અકળાઈ ઊઠતી અને કહેતી, 'બસ હાં, ચૂપ હો જાઓ તુસ્સી દોવેં.' (બહુ થયું હોં, હવે તમે

બંને ચૂપ થઈ જાઓ)

ટિંકુ અને હું એકબીજાને સામે જોતા અને પછી મોઢા પર હાથ રાખીને હસી પડતાં. હસતા હસતા અમે ધીમેથી પેલા ટીવીવાળાની ફરીથી નકલ કરતા. અમે તેનું નામ જાણીતી ઘડિયાળની કંપની પરથી 'એચએમટી' રાખ્યું હતું. મને એ સમજાતું નહોતું કે તેમાં આમતેમ ફરતા ગ્રહો અને પેટા ટાઇમ મશીન વ્યક્તિની બોરિંગ સ્પીચમાં મમ્મીને શું રસ પડતો હતો. તે ઉપરાંત રથના પૈડા જેવું એક ચાર આરા વાળું ચક્ર બતાવતા જે નાનું-મોટું થતું રહેતું.

ટિંકુ અને હું મહાભારત એટલા માટે જોતા હતા કે તેમાં યુદ્ધ થતું બતાવતા હતા અને ખાસ કરીને તેમાં સૌ ધનુષ-બાણથી યુદ્ધ લડતા હતા. અમને સૌથી વધારે આશ્ચર્ય એ થતું કે કેવી રીતે એક બાણમાંથી વરસાદ પડવા લાગતો કે ક્યારેક તેમાંથી સાપ નીકળવા માંડતા. વાસ્તવમાં તો તે સાયન્સ-ફિક્શનનું કૉમ્બિનેશન હતું જેની સાથે કેટલીક માન્યતાઓ જોડાયેલી હતી. ખાસ કરીને જંગલનાં દૃશ્યો જ્યારે પણ આવતા ત્યારે અમને રસ પડતો. તેમાંય જ્યારે રાજાઓ દ્વારા જાદુઈ શક્તિ ધરાવતા રાક્ષસોને મારવામાં આવતા ત્યારે અમને વધારે મજા આવતી. બાકીતો આખું મહાભારત અમારા માટે કંટાળાજનક રહેતું જેના માધ્યમથી અમારે જંગલબુક, ડક ટેલ્સ અને ટેલિસ્પીનની રાહ જોવાની રહેતી, જે તેના પછી પ્રસારિત થતા હતા.

તે દિવસે મહાભારતમાં નહોતું કોઈ યુદ્ધ થયું કે ન તો કોઈ જંગલનું દૃશ્ય આવ્યું, પણ તેમ છતાં તે એપિસોડ મારા માટે જીવનના સૌથી મોટા રહસ્યના ઉકેલ સમાન હતો. તે દિવસે મને ખ્યાલ આવ્યો કે સૂર્યદેવતાએ પાંડુ રાજાની પત્ની કુંતીને સંતાન થાય તેવા આશીર્વાદ આપ્યા.

'ચૂપ હો જા, પ્લીઝ.' મેં ટિંકુને કહ્યું, કારણ કે તે મને બહાર તેની સાથે રમવા માટે દબાણ કરતો હતો. હું કેવી રીતે જઈ શકું? આ દૃશ્ય મારા માટે આશાના કિરણ સમાન હતું. અત્યારે મને ટીવીના માધ્યમથી જાણવા મળવાનું હતું કે કેવી રીતે સંતાનનો જન્મ થાય છે. તેમાં રમવાની કોને પડી હોય?

હું તે એપિસોડ ક્યારેય નહીં ભૂલું. કુંતિ જ્યારે તેના ભવ્ય મહેલની બારી પાસે ગઈ ત્યારે તેના હાથમાં પાણીની એક ઝારી હતી. તેણે તેનો હાથ બારીમાંથી

બહાર કાઢ્યો જેના પર સૂર્યના તાજાં કિરણો પડી રહ્યાં હતાં. તેણે ઝારી નમાવી અને તેમાંથી પાણી નીચે જમીન પર પડ્યું. તેણે આંખો બંધ કરી અને પછી કશુંક બોલી, લગભગ કોઈ મંત્ર બોલી. હું તેના હોઠ જોઈ રહ્યો હતો પણ મને તેના ગણગણાટમાં ખાસ સમજ પડી નહીં.

એવામાં જે બન્યું તે મારા માટે તે ઉંમરે સમજવું કે પચાવવું થોડું મુશ્કેલ હતું. સફેદ વસ્ત્રોમાં સજ્જ એક પુરુષ સૂર્યમાંથી બહાર આવ્યો. તે ધીમે ધીમે અદશ્ય પગથિયાંના માધ્યમથી કુંતિ પાસે આવ્યો.

સૂર્યદેવતા... કુંતિ બોલી ઊઠી.

જો સૂર્યદેવતા... મેં મારા ભાઈને કહ્યું. મારી આંખો અમારા બ્લૅક ઍન્ડ વ્હાઇટ ટીવી પર જડાયેલી હતી.

મોગલી કબ આયેગા? ટિંકુએ મોટેથી મને પૂછ્યું. તે જંગલબુક અંગે પૂછતો હતો.

'થપ્પડ પે જાના હૈ તેન્નુ, ચૂપ હો જા.' મમ્મીએ તેના રોજિંદા ડાયલોગ દ્વારા અમને ધમકાવ્યા અને ચૂપ રહેવા જણાવ્યું.

મેં ફરીથી ધ્યાન ટીવી સ્ક્રીન પર કેન્દ્રીત કર્યું. મને શીખવવામાં આવ્યું હતું કે નીલ આર્મસ્ટ્રોંગને ચંદ્ર પર જતાં અનેક દિવસો લાગ્યા હતા, જ્યારે સૂર્યદેવતાને કુંતિના રૂમમાં આવતા અડધી મિનિટ પણ નહોતી થઈ. તેના માટે તેમને રૉકેટની પણ જરૂર નહોતી પડી, તે માત્ર ચાલીને આવી ગયા. સ્કૂલમાં પણ સાયન્સ અને સંસ્કૃત કાયમ મને વિરોધાભાસમાં અટકાવી દેતા હતા.

અગમ્ય કારણોસર મહાભારતમાં અન્ય દેવતાઓની સરખામણીમાં સૂર્યદેવતા થોડા ઝાંખા પડતા હતા. તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ જણાતો હતો કારણ કે તે અન્ય દેવતાઓની જેમ સાહજિક રીતે હસી પણ નહોતા શકતા. મેં ધ્યાનથી જોયું તો તેમનું માથું પણ બરાબર નહોતું દેખાતું. તેમણે જે મુગટ પહેર્યો હતો તે બરાબર સેટ નહોતો થતો અને કદાચ તેના કારણે પણ તેમને ફાવતું નહીં હોય તેમ મને લાગ્યું.

કુંતિએ બે હાથ જોડી તેમને વંદન કર્યા અને પછી તેમણે થોડી વાતચીત કરી. સૂર્યદેવતાએ કુંતિને પૂછ્યું કે કયા કારણોસર તેણે તેમને બોલાવ્યા છે.

કુંતિએ જણાવ્યું કે તે માત્ર પોતાની શક્તિની પરખ કરી રહી હતી. તેમને બોલાવવા પાછળનું બીજું કોઈ કારણ હતું નહીં. સૂર્યદેવતાએ કહ્યું કે તે આ રીતે ખાલી પાછા જાય તે યોગ્ય નથી, તેથી તેમણે તેને સંતાનપ્રાપ્તિના આશીર્વાદ આપ્યા. ત્યાર પછી દુનિયામાં એવી કોઈ વ્યક્તિ નહીં હોય જેને બાકીનો એપિસોડ જેવામાં વધારે રસ પડ્યો હોય.

ટીવી સ્ક્રીન પર મારી આંખો ચોંટી ગઈ હતી. મેં ઘડિયાળ તરફ નજર કરી તો માત્ર પંદર જ મિનિટ બાકી હતી. મને એમ થયું કે આ પંદર મિનિટમાં તેને સંતાન કેવી રીતે આવે છે તે બતાવશે કે નહીં. હું પ્રાર્થના કરવા લાગ્યો.

જોકે કુંતિ પાગલ થઈ ગઈ હતી. સૂર્યદેવતાએ તેને સંતાન આપવાની વાત કરી તો તે ના પાડવા લાગી. સૂર્યદેવતાએ તેને કહ્યું કે એક વખત તેઓ કોઈને આશીર્વાદ આપી દે પછી પાછા લઈ શકાતા નથી. છતાં કુંતિ આશીર્વાદ લેવા માટે આનાકાની કરી રહી હતી.

અરે લઈ લે, યાર. મેં ટીવી સામે જોતા જોતાં હવામાં લાત મારીને એક જોરથી બૂમ પણ મારી.

મમ્મી આશ્ચર્ય સાથે મારી સામે જોઈ રહી.

મારી આસપાસનું વિશ્વ મને દેખાતું જ નહોતું. અત્યારે મારી સામે માત્ર ૧૪ ઇંચનું કોણાર્ક રોહિણી ડિલક્સ ટીવી હતું જેમાં કુંતિ અને સૂર્યદેવતા સમાયેલા હતા. ઘડિયાળમાં સમય પસાર થતો જતો હતો. મારા જીવનના સૌથી મોટા રહસ્યની જાણકારી મેળવવાની હું સૌથી નજીક હતો, પણ કુંતિ તેની દલીલોમાં જ અટવાયેલી હતી.

બરાબર ૯:૫૩ મિનિટે સૂર્યદેવતાએ તેમનો હાથ હવામાં ઉપર કર્યો. પ્રકાશનું એક તેજસ્વી કિરણ તેમની હથેળીના મધ્યમાંથી નીકળ્યું અને કુંતિના પેટ પર પડ્યું અને પછી તેના સમગ્ર શરીર પર ફેલાયું. બેકગ્રાઉન્ડમાં વાવાઝોડા અને વીજળીના અવાજો ચાલતા હતા અને સમગ્ર ટીવી સ્ક્રીન પર એક તેજ ફેલાઈ ગયું. હું તેમાં એટલો બધો પરોવાઈ ગયો હતો કે મને એમ થયું કે મારા પોતાના પેટમાં બાળકનો જન્મ થઈ રહ્યો છે.

૯:૫૫ મિનિટે પેલો તેજસ્વી પ્રકાશ બંધ થઈ ગયો. સૂર્યદેવતાએ તેમનું

કામ પૂરું કરી દીધું હતું. કુંતિના હાથમાં બાળક દેખાતું હતું, પણ કુંતિ તેનાથી સહેજ પણ ખુશ નહોતી.

હું ખૂબ જ ખુશ હતો, કારણ કે મેં બધું જ જોયું હતું. હવે મારા મનમાં એકપણ શંકા બાકી રહી નહોતી. પહેલું કિરણ પડ્યું ત્યારથી અંત સુધીનું બધું જ મેં જોયું હતું. છેલ્લાં ત્રણ અઠવાડિયાંથી ચાલતા મનોમંથન અને મારા જીવનની સૌથી મોટી સમસ્યાનો આ અદ્ભુત અંત હતો.

કેટલીક શોધ આજીવન યાદગીરી આપી જાય છે. કેટલીક શોધ હૃદયની એટલી નજીક હોય છે કે માત્ર શોધક જ તેને અનુભવી અને ઊજવી શકે છે. મારા બાળપણના હિરો કોલમ્બસ જેવી લાગણી મને થતી હતી. તેણે જ્યારે અમેરિકાની શોધ કરી ત્યારે જે અનુભૂતિ થઈ હશે તે મને થઈ રહી હતી.

તે ખરેખર મારા માટે સુખદ રવિવાર હતો. તે દિવસે રાત્રે હું ઘણા સમય પછી શાંતિથી ઊંઘી શક્યો.

બીજા દિવસે સવારે હું ખૂબ જ રાહત અને હાશકારા સાથે જાગ્યો હતો તેથી મારામાં ઊર્જાનો સંચાર જણાતો હતો. મને એમ થતું હતું કે મેં જીવનમાં કંઈક મોટી બાબત પ્રાપ્ત કરી લીધી છે. માત્ર બંડી અને ચડ્ડી પહેરીને મોઢામાં બ્રશ રાખીને હું મકાનની બાજુના ખુલ્લા ભાગમાં ખુલ્લા પગે જ લટાર મારી રહ્યો હતો. લોકો કરતાં કંઈક ચઢિયાતો હોઉં એવી લાગણી સાથે. હાથમાં રહેલો સફેદ ટૂથપાઉડર લગભગ ખાલી થઈ ગયો હતો અને કેટલોક મારા મોઢા અને બંડી પર પણ ઢળેલો દેખાતો હતો.

એવામાં અમારી પાડોશમાં રહેતી એક મહિલાએ બારી ખોલી અને બંને હાથ બહાર કાઢ્યા. અમે તેને સારી રીતે ઓળખતા હતા કારણ કે તે અવારનવાર મમ્મીને મળવા માટે ઘરે આવતી હતી. મેં તેમની સામે જોયું. મને ઇચ્છા થઈ કે હું તેમને ગુડમોર્નિંગ કહું પણ મને ડર હતો કે મારા મોઢામાં રહેલું ફીણ બહાર આવી જશે. તેમણે પણ મને જોયો, છતાં તેઓ કંઈ બોલ્યા નહીં અને કંઈક કરવા લાગ્યા.

પાછળ મને અવાજ આવ્યો, એમ થયું કે મમ્મી મને બોલાવી રહી છે. મારે એક સમસ્યા હતી કે હું બ્રશ કરતો હોઉં ત્યારે ઘણી વખત મારા દાંતને યોગ્ય રીતે ઘસવાની જગ્યાએ હું દિવાસ્વપ્નોમાં ખોવાઈ જતો અને બ્રશ મોઢામાં

જ રહી જતું. અત્યારે જે અવાજ આવ્યો તે મારી મમ્મીની રોજિંદી કામગીરી હતી કે મને યાદ કરાવે જેથી હું મારા ઉપરના દાંતને બરાબર સાફ કરું. તેનો અવાજ સાંભળ્યા પછી મેં મારા મોઢામાં ડાબી બાજુ રહેલા બ્રશની દિશા બદલીને જમણી તરફ કરી. ત્યાં જ જે બન્યું તેના કારણે મારી આંખો અને મારું મોઢું ખુલ્લાં રહી ગયાં.

બાજુવાળી આન્ટીએ બંને હાથ બારીમાંથી બહાર કાઢ્યા હતા. તેમના હાથમાં તેવી જ ઝારી હતી જે મેં મહાભારતમાં જોઈ હતી. અરે, યાર, એટલું બોલતા જ હું પાસે આવેલા જામફળના ઝાડ પાછળ સંતાઈ ગયો જેથી આરામથી જે બનવાનું છે તે જોઈ શકાય. બ્રશ પણ સ્થિર થઈ ગયું અને મમ્મીએ આપેલી સૂચનાઓ પણ અવગણી કાઢી.

આન્ટીએ સૂર્ય સામે જોયું અને પછી કંઈક ગણગણાટ કર્યો અને જમીન પર પાણી રેડવા લાગી. હું માખીઓને ભગાડવા આમતેમ પગ હલાવી રહ્યો હતો. તેની આંખો બંધ હતી પણ હોઠ ગણગણતા હતા. મેં તેમના હોઠના હલનચલન પરથી મંત્રો જાણવાનો પ્રયાસ કર્યો જેમ કુંતિ વખતે કર્યો હતો, પણ હું પહેલાની જેમ જ નિષ્ફળ ગયો.

પેપરમિન્ટ ફ્લેવરનો પાઉડર મારા ચહેરા પર લાગીને સુકાઈ ગયો હતો. મારા આગળના બે દાંત ન હોવાથી તે ખાલી જગ્યામાંથી બ્રશ પણ પડી ગયું. હું એકીટશે સૂર્ય સામે જોતો અને પછી આન્ટી સામે જોતો હતો. મેં ફરીથી સૂર્ય સામે જોયું અને એમ થયું કે હમણાં ભગવાન તેમાંથી બહાર આવશે.

ગમે તે ક્ષણે આમ બની શકે તેમ હતું.

'તારે સ્કૂલે નથી જવાનું કે શું ?' મારી મમ્મીનો તીણો અવાજ મારા કાનના પડદા પર અથડાયો.

તે મારી બાજુમાં જ ઊભી હતી. તેણે મને બાવડેથી પકડ્યો અને ઢસડવા માંડી.

'મમ્મી... મમ્મી... એક મિનિટ... ઓહો... પ્લીઝ... એક મિનિટ... પ્લીઝઝઝઝ.' મેં તેને અનેક અરજ કરી પણ તે ન માની.

તે મને ઢસડીને બાથરૂમમાં લઈ ગઈ અને ચેતવણી આપી દીધી કે માત્ર

પાંચ મિનિટમાં નાહીને બહાર આવી જજે.

મને તેના પર ગુસ્સો આવી ગયો અને મને થયું કે કહી દઉં કે તું મારી આગળ ખોટું બોલતી હતી, કે તેને ખબર નથી કે મારો જન્મ કેવી રીતે થયો. કોઈ અગમ્ય કારણોસર હું બોલી ન શક્યો અને માત્ર તેની આંખોમાં જોઈ રહ્યો.

શરીર પર પડેલા ઠંડા પાણીએ મારો ગુસ્સો શાંત કરી દીધો અને હું ભૂલી ગયો કે મને મમ્મી પર ગુસ્સો આવતો હતો. જો કે આન્ટીનું શું થયું હશે તે વિચાર હજી પણ ત્યાં જ અટકેલો હતો.

નાહ્યા પછી માથું ઓળતી વખતે મમ્મીએ મને પ્રેમથી પૂછ્યું કે, 'કિન્નુ દેખ રહા સી બહાર બ્રશ કરદે હોયે?' (બ્રશ કરતી વખતે બહાર કોની સામે જોઈ રહ્યો હતો?)

હું માત્ર હસ્યો પણ જવાબ ન આપ્યો.

તેણે મારા ખભે સ્કૂલબૅગ ભરાવી અને ફરી પૂછ્યું, 'બોલ?'

વો તીન નંબર વાલી આન્ટી હૈ ના...

હં...

મેં જોયું કે તે બાળકને જન્મ આપી રહી હતી. ખૂબ જ વિશ્વાસપૂર્વક મેં જવાબ આપી દીધો.

મમ્મી ત્યાં જ થીજી ગઈ અને એ જ ક્ષણે મને ખભેથી પકડીને નીચે બેસાડી દીધો અને આંખોમાં આંખો પરોવી.

જો કે તેના ચહેરા પર હાસ્ય હતું.

તેના મસ્તકપરની રેખાઓ કંઈક બીજું જણાવતી હતી તેથી હું મૂંઝવણમાં મુકાઈ ગયો.



મને સ્કૂલમાં ભણવા મૂકે ચાર વર્ષ પસાર થઈ ગયાં હતાં. તેમાંય પહેલાં બે વર્ષ તો માત્ર એ જ સમજવામાં પસાર થયાં કે અભ્યાસ શું છે અને પહેલો ક્રમ લાવવો એટલું શું. ત્રીજું વર્ષ છે તે આ ક્રમ મેળવવાની તૈયારીમાં જ પસાર થઈ ગયું. ચોથું વર્ષ તો તેનાથી પણ ખરાબ પસાર થયું, કારણ કે મને ખબર પડી કે પાછળ ત્રણ વર્ષે જે બધું કર્યું તે લગભગ ખોટું હતું.

લાઇક ઈટ હેપ્ન્ડ યસ્ટરડે

હું ખૂબ જ ખુશ હતો કારણ કે વાર્ષિક પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હતી. મારી સામે હવે મોટું ઉનાળું વૅકેશન હતું. મારાં મમ્મી-પપ્પા મારા જેટલા ખુશ નહોતાં દેખાતાં કારણ કે હું તેમની અપેક્ષાઓ સંતોષવામાં સફળ થયો નહોતો. મારા હાથમાં રહેલી માર્કશીટ લઈને તેઓ અનેક વખત વાંચી ગયા. મેં સારા માર્ક મેળવ્યા હતા પણ તેમની ધારણા પ્રમાણેના નહોતા કે તેઓ મારી પીઠ થપથપાવે.

ક્લાસમાં હું દસમા ક્રમે આવ્યો હતો. અમારા ક્લાસમાં ગણીને ૩૦ બાળકો ભણતાં હતાં.

માર્કશીટમાં રહેલા ગણિતના માર્ક બતાવીને મમ્મીએ મને કહ્યું કે જો આ વિષય પર તારે વધારે ભાર આપવાની જરૂર છે.

આ એક જ વિષય એવો છે કે જેમાં તું બધા જવાબ સાચા લખે તો તને ૧૦૦માંથી ૧૦૦ માર્ક મળી શકે.

મેં ૮૫ માર્ક તો મેળવ્યા જ હતા, છતાં મને એમ થયું કે માત્ર ૧૫ માર્ક હું મેળવી લઉં તો ક્લાસમાં પહેલા નંબરે આવી જઉં. મમ્મી મને સમજાવતી હતી કે જો હું સખત મહેનત કરું તો કશું જ અશક્ય નથી.

તારા ક્લાસમાં ભણતો મનદીપ જો. તેણે ૧૦૦માંથી ૧૦૦ માર્ક મેળવ્યા છે અને તે તારા કરતાં ઘણો આગળ છે. મમ્મીએ રસોડામાં જતાં પહેલાં જણાવ્યું કે તારે આવા વિદ્યાર્થીઓ સાથે મિત્રતા કરવી જોઈએ.

મારા રૂમમાં પાછા જતાં હું બાકીના ૨૦ લોકોનું વિચારતો હતો જે ક્લાસમાં મારા કરતાં પાછળ હતા. મને એમ થયું કે તેમની મમ્મીઓ પણ તેમને કહેતી હશે કે તેમણે મારી સાથે મિત્રતા કરવી જોઈએ.

છતાં મારે મારી મમ્મીની વાત માનવા જેવી હતી. હું તેને નિરાશ કરવા માગતો નહોતો, તેથી મારા મિત્રવર્તુળમાં ફેરફાર કરવાનું પહેલું કામ મેં આદર્યું. અંગત રીતે મને એ ખ્યાલ નહોતો આવતો કે કોઈની માર્કશીટના આધારે મિત્રતા કરવી અને તોડી નાખવી કેવી રીતે શક્ય બને. શું આપણે આપણી રીતે જેની સાથે ફાવે તેને મિત્ર ન બનાવી શકીએ? જો કે અત્યારે જે થાય તે મારે માટે મહત્ત્વનું હતું. મમ્મી જે કહે છે તે સાચું છે કે ખોટું છે તે વિચાર્યા વગર તે મારી સરખામણી મનદીપ સાથે કરે છે તેના કારણે મને વધારે ઈર્ષા થતી હતી.

૮

મારી પાસે પેન હતી

હું જ્યારે છઠ્ઠા ધોરણમાં આવ્યો ત્યારે મને એવી લાગણી થતી હતી કે હું ખરેખર સમજદાર થઈ ગયો છું. મને એમ થયું કે આ તબક્કે મારે મારા જીવનમાં બે પરિવર્તન કરવા જોઈએ.

મારે પહેલા તો પેન્સીલની જગ્યાએ, એક ઈન્ક પેન રાખવી જોઈએ. ખાસ કરીને જ્યારે મારા હાથમાં, કમ્પાસ બૉક્સમાં અને મારા ખીસામાં આ પેન રહેતી ત્યારે મને ખાસ લાગણીઓ થતી.

મને હજી પણ યાદ છે કે મને તે પેનનું કેટલું વળગણ હતું. તેમાંય તેનો આગળનો પૉઈન્ટનો ભાગ મને ખૂબ જ ગમતો હતો અને પેનમાં તે ભાગ જ સૌથી સરસ લાગતો હતો. ફ્રી સમય હોય ત્યારે હું મારી આ પેન લઈને બેસી જતો અને કલાકો સુધી તેના આગળના પૉઈન્ટને જોતો રહેતો અને વિચારતો કે કેવી રીતે આટલો સરસ આકાર આપતા હશે. મને સૌથી વધારે આશ્ચર્ય એ થતું હતું કે એક સિલિન્ડર જેવો આકાર આગળ આવીને આટલા સુંદર પૉઈન્ટમાં ફેરવાઈ જતો હશે. આ પેનનો સૌથી સરસ અનુભવ તો એ હતો કે જ્યારે હું તેને જોતો હોઉં ત્યારે તેમાંથી વહેતી શાહી પેપર પર અક્ષરોમાં ફેરવાઈ જતી.

લાઇક ઈટ હેપ્નૂડ યસ્ટરડે

મને પહેલી નજરનો પ્રેમ થઈ ગયો હતો.

હું દરરોજ રાત્રે લગભગ પંદરથી વીસ મિનિટનો સમય મારી આ પેનની શાહી કેટલી વધી તે ચેક કરવામાં અને ખાલી થવા આવી હોય તો તેને ફરીથી ભરવામાં પસાર કરતો હતો. પેનમાં શાહી ભરવાની કામગીરી પૂરી થયા બાદ હું મારી ચેલપાર્ક શાહીની બૉટલનું ઢાંકણું બંધ કરતો અને આસપાસ ઢળેલી શાહી પણ સાફ કરી નાખતો. ખાસ કરીને નીબની આસપાસ જે જાડી થઈ ગયેલી શાહી ચોંટી હોય તેને સાફ કરતો. હું સતત એ પ્રયાસ કરતો કે પેનની નીબ વધારેમાં વધારે ચોખ્ખી અને ચમકતી રહે. જો તેમાંથી થોડું પણ લિકેજ થતું તો હું તેને મારા માથામાં ઘસી નાખતો. મારા ટ્યૂશનના સર પાસેથી હું આમ કરતા શીખ્યો હતો.

આ એ સમય હતો જ્યારે મને એવી લાગણી થઈ હતી કે હું મોટો થઈ ગયો છું. જ્યારથી મને આ લાગણી થઈ કે હું એવી આશા રાખતો થઈ ગયો કે મારા પ્રત્યેનાં લોકોના વલણ અને વિચારસરણી પણ વિકસતા જાય. મને હજી પણ તે દિવસ બરાબર યાદ છે જે દિવસે આ શાહી પેને ઘરમાં પ્રવેશ કર્યો હતો. હું તે દિવસે સાયન્સનું હોમવર્ક કરી રહ્યો હતો. 'હેલ્ધી બ્રેકફાસ્ટ' નામના ચેપ્ટરની ખાલી જગ્યાઓ પૂરવાનું કામ કરતો હતો. તે દરમિયાન મેં મમ્મીને પૂછ્યું કે મારે એકલું દૂધ જ કેમ પીવાનું હોય છે? હું તમારી જેમ ચા કેમ ન પી શકું?

કારણ કે તું હજી નાનો છે, જવાબ આવ્યો. ચા બાળકો માટે સારી નહીં. તું જ્યારે મોટો થઈ જાય ત્યારે ચા પીવા માંડજે.

પેન્સીલની અણી કાઢતા કાઢતા હું જવાબ વિશે વિચારતો હતો અને બોલ્યો, તો હું મોટો ક્યારે થઈશ?

મમ્મીએ એક ક્ષણ માટે મારી સામે જોયું અને પછી મારા હાથમાં રહેલી પેન્સીલને જોઈને બોલી, કે જે દિવસે તું પેન્સીલની જગ્યાએ પેનથી લખતો થઈ જાય તે દિવસે. આટલું બોલીને તે હસી પડી.

તે દિવસથી મેં પેનના ઉપયોગને મારા વિકાસ સાથે સાંકળી લીધો. હું ઘણા સમયથી છઠ્ઠા ધોરણમાં આવવાની વાટ જોઈ રહ્યો હતો, કારણ કે અમારા

અભ્યાસક્રમ પ્રમાણે તે ધોરણમાં આવ્યા પછી જ અમે પેનનો ઉપયોગ કરી શકતા હતા. જ્યારે હું છઠ્ઠા ધોરણમાં આવ્યો કે મેં તરત જ ચા પીવાનું લાઈસન્સ, પરવાનગી માગી.

મોટા થવાની પ્રક્રિયામાં બીજો મહત્ત્વનો તબક્કો હતો સાઇકલના માલિક બનવાનો. સાઇકલ મેળવવી એટલી સરળ નહોતી. અનેક વર્ષોની માગણી પછી આ ઈચ્છા પૂરી થઈ હતી. અનેક વખત વાતચીત દરમિયાન હું સાઇકલનો વિષય લાવી દેતો અને દર વખતે મને મનાઈ કરવામાં આવતી.

'તુ હાલે છોટા હૈ, સાઇકલ ચલાન વાસ્તે.' (સાઈકલ ચલાવવા માટે તું હજી નાનો છે.) હું જ્યારે પણ આ વાત કરતો ત્યારે મમ્મી આ એક જ વાક્ય બોલીને વાતને ત્યાં જ અટકાવી દેતી.

'પર દેવેશ હોર મનદીપ વી છોટે હૈં. ઓહના કોલ સાઇકલ હૈ.' (પણ દેવેશ અને મનદીપ પણ નાના છે છતાં તેમની પાસે સાઇકલ છે.) હું દલીલ કરતો.

તો પછી અંજુ, મીનુ અને રશ્મીનું શું? મમ્મી વળતો હુમલો કરતી.

મમ્મી તે છોકરીઓ છે, હું મારા બચાવમાં જાતિવાદ વચ્ચે લાવતો.

મમ્મી તેનાથી માને તેવી નહોતી. તેણે બીજા કેટલાક છોકરાઓના નામ પણ આપ્યા જેમની પાસે સાઇકલ નહોતી. હું તેને જવાબ આપવા માગતો હતો અને મારી પાસે તેના સચોટ કારણો પણ હતાં, છતાં હું તેને કશું કહી ન શક્યો. મને ખબર હતી કે તેના પર કોઈ અસર નહીં થાય. મેં વધારે ચર્ચા કરી જ નહીં.

તે દિવસે સાંજે મમ્મીની સાથે વાત ન કરીને મેં મારી નારાજગી જાહેર કરી હતી. જો કે થોડી વારમાં મમ્મીએ મને અને મારા ભાઈને જમવાનું આપ્યું. ટિંકુ જ્યારે તેનું ખાવાનું ખાઈ ગયો ત્યારે હું તેને જોઈ જ રહ્યો. મને ભૂખ લાગી હતી પણ હું અહિંસાના માર્ગે વિરોધ કરવા ઊતર્યો હતો. મમ્મી હજી પણ રસોડામાં જ હતી અને પપ્પા માટે રોટલી બનાવતી હતી.

પહેલાં તો મને એમ થયું કે જ્યાં સુધી તે મને સાઇકલ લાવી આપવાનું વચન નહીં આપે ત્યાં સુધી ખાવું જ નથી. વધારે ભૂખ લાગતા જ મેં વિચાર્યું

કે તે બૂમો મારે તે પહેલાં ખાઈ જઉં. આ એ તબક્કો હોતો જ્યારે મારો અહમ ઘવાયો હતો.

જો કે કોઈ અસર થઈ નહીં. રસોડમાં રહેલી મમ્મીને ખબર પણ નહોતી કે મેં ખાધું કે નહીં. તેણે બૂમો પણ ન મારી.

આખરે લાગણીઓ અને ભૂખથી હું ભાંગી પડ્યો. મારી આંખો ભીની થઈ ગઈ. આંખમાં રહેલાં આંસુઓના કારણે સામે પડેલું જમવાનું ઝાંખું દેખાતું હતું. ટિંકુ મારી સામે જોઈ રહ્યો હતો. મેં તેની સામે જોયું તો મને આવી સ્થિતિમાં જોઈને તે મૂંઝાઈ ગયો. તે ખુરશી પરથી ઊતર્યો અને રસોડામાં ગયો. મને એમ થયું કે મારો ભાઈ રસોડામાં જઈને મમ્મીને કહેશે કે હું રડું છું અને મમ્મી તરત જ બહાર આવીને મને શાંત રાખશે અને જમાડશે.

હું ખોટો સાબિત થયો. મારો લાગણીવિહોણો ભાઈ માત્ર તેના માટે દાળ લઈને પાછો આવ્યો. પાછો ફરીને તે પોતાની ખુરશી પર બેસી ગયો અને હવામાં લટકતા પગ અને હાથમાં પકડેલી ચમચી હલાવવા લાગ્યો. જો કે તેને ચમચી પકડતા બરાબર આવડતું નહોતું. તે હજી પણ મને નિસાસા નાખતા જોઈ રહ્યો હતો. તે ખરેખર નિરાશાજનક હતો.

તેની સામે મોઢું બગાડતાં મેં મનમાં જ કહ્યું કે હું ક્યારેય તને મારી સાઈકલ આપીશ નહીં. જો કે તેની પણ કોઈ અસર તેના પર થઈ નહીં.

હું તેના વિશે વિચારતો હતો ત્યારે રડવાનું પણ બંધ થઈ ગયું હતું.

મમ્મીએ રસોડામાંથી બૂમ મારી કે મારે વધારે રોટલી જોઈએ છે. મેં જવાબ ન આપ્યો. તેણે ફરીથી બૂમ મારી, પણ મેં જવાબ ન આપ્યો.

અંતે તે રસોડામાંથી બહાર આવી, જોવા કે મેં મારું જમવાનું પૂરું કર્યું છે કે નહીં. તેણે જોયું કે હું ધીમે ધીમે રડી રહ્યો હતો. મને શું થયું તેની ચિંતામાં તે દોડી અને પાસે આવીને મારો હાથ પકડીને બોલી :

કિ હો ગયા, બેટા? (શું થયું બેટા?)

મેં કોઈ જવાબ આપ્યો નહીં, પણ તેના ગળે વળગી પડ્યો અને ચોધાર આંસુઓએ રડવા લાગ્યો. મારી લાગણીઓને વધારે પકડી રાખું તે શક્ય નહોતું. હું હવે વધારે ગુસ્સે થઈ શકું તેમ પણ નહોતો. મારી અહિંસાની ચળવળ

આંસુઓના પૂરમાં તણાઈ ગઈ. થોડી વાર રહીને મમ્મીએ મને શાંત પાડ્યો અને તેના હાથ વડે મને ખવડાવવા લાગી. મને રાહતની લાગણી થઈ. એક એક કોળિયો ખવડાવતી વખતે તે મને સમજાવતી જતી હતી કે હું હવે મોટો થઈ ગયો છું અને હવે મારે અમારા ઘરની આર્થિક સ્થિતિને સમજવી જોઈએ. તેણે મને થોડું પાણી આપ્યું અને કહ્યું કે મારે દરેક વસ્તુ માટે માગણી ન કરવી જોઈએ. આ બધું જ ચાલતું હતું ત્યારે હું તેનો દુપટ્ટો પકડીને નિરાશાથી બેસી રહ્યો હતો અને વાત વાતમાં તેણે મને જમાડી પણ લીધો અને વાસ્તવિકતા પણ સમજાવી દીધી.

રાત્રે પથારીમાં પડ્યા પડ્યા મને વિચાર આવ્યો કે જ્યારે તે મારી સામે આવી દલીલ કરે કે મારા ક્લાસમાં ઘણા છોકરાઓ છે જે સાઇકલ પર નથી આવતા, ત્યારે મારે કેવો જવાબ આપવો. મને એમ થયું કે તેમને કહી દઉં કે તેમને સાઇકલની જરૂર જ નથી કારણ કે તેમના પપ્પા પાસે સ્કૂટર છે. દરરોજ તેમના પપ્પા તેમના સ્કૂટર પર સ્કૂલમાં મૂકી જતા હોય છે. ત્યારે મને એટલું ખરાબ લાગતું કે મારા પપ્પા પાસે સ્કૂટર નથી.

આ તબક્કો એવો હતો કે હું મારા પપ્પાને નફરત કરતો હતો, માત્ર એટલા માટે કે તમારા અન્ય મિત્રોના પપ્પાની જેમ તેઓ ડૉક્ટર કે એન્જિનિયર નહોતા. સ્કૂલમાં આવતા અન્ય છોકરાઓની જેમ હું પણ મારા પપ્પાના બે પગની વચ્ચે ઊભા રહેવા માગતો હતો જ્યારે તે મને સ્કૂટર પર સ્કૂલમાં મૂકવા આવે. તેમની જેમ હું પણ હોર્ન વગાડીને લોકોને મારા રસ્તામાંથી હટાવવા માગતો હતો. અન્ય છોકરાઓની જેમ મારી પણ ઇચ્છા હતી કે ક્લાસમાં જઈને હું કહું કે મારા પપ્પા મને સ્કૂટર પર સ્કૂલમાં મૂકી જાય છે. મને ખબર હતી કે મારા પપ્પાની ક્ષમતા નથી અને એટલા માટે જ હું સાઇકલની માગણી કરતો હતો.

બપોરે જ્યારે સ્કૂલ પૂરી થાય ત્યારે મારા મિત્રો સરસ છ સીટવાળી સાઇકલમાં ઘરે જતાં કારણ કે તે સમયે તેમના પપ્પા ઑફિસમાં બિઝી હોય એટલે તેમને લેવા ન આવી શકે. તેના કારણે તેઓ આ રિક્ષામાં જવાની મજા માણે અને એકબીજા સાથે વાતો કરતાં કરતાં બાજુમાંથી પસાર થતી દુનિયાને

પણ જોતા જાય. તે લોકો આગળની તરફ નીચે બનાવેલી ગ્રિલમાં પોતાની વૉટરબૉટલ ભરાવી દે અને પછી પાછળ જઈને સીટ પર બેસી જાય પછી રિક્ષાવાળો દરવાજો બંધ કરી દે. ત્યાર પછી તેઓ અંદર બેઠા બેઠા પાછળ બનાવેલી ચોરસ બારીમાંથી હાથ બહાર કાઢીને બાકીના લોકોને બાય બાય કહેતા રહેતા. બપોરના સમયે ઘણી રિક્ષાઓ આ રીતે બાળકોને મૂકવા માટે આવતી અને હું તેમને જોઈ રહેતો. આ દરમિયાન હું મારા ભાઈનો હાથ પકડીને ઊભો રહેતો અને અમારા પપ્પા અમને લેવા આવે તેની રાહ જોતો.

એક વખત મારી સાથે ભણતા સૌરવે મને કહ્યું, તુમ હમારે સાથ રિક્ષા મેં ક્યોં નહીં આતે હો? (તું અમારી સાથે રિક્ષામાં કેમ નથી આવતો?)

'મેરે ડેડી બોલતે હૈ કી રિક્ષાવાલે લેટ કર દેતે હૈ. હમ સાઇકલ પર જલદી ઘર પહોંચ જાતે હૈ.' (મારા પપ્પા કહે છે કે રિક્ષાવાળા મોડું કરે છે. અમે સાઇકલ પર ઝડપથી ઘરે પહોંચી જઈએ છીએ.)

તે દિવસે મેં પપ્પાને કહ્યું હતું કે ઝડપથી પેડલ મારે જેથી અમે રિક્ષાવાળાને પાછળ પાડી દઈએ અને મેં સૌરવને કરેલી વાત સાચી પડે. જો કે મનના કોઈ ઊંડા ખૂણે મને સાચી વાતની જાણ હતી. રિક્ષાવાળો બાળકદીઠ દર મહિને ૧૦૦ રૂપિયાનો ચાર્જ લેતો હતો. અમારા પપ્પા અમારા બંને માટે આટલો બધો ખર્ચ ઉપાડી શકે તેટલા સક્ષમ નહોતા.

આ બધાં જ કારણોના લીધે મેં સાઇકલની માગણી કરી હતી, પણ મમ્મી મને રાત્રે જમાડતી વખતે સમજાવતી હતી કે હું આ માગણી ન કરું. મને મમ્મીનું વાક્ય યાદ આવી ગયું કે, મારે અમારા ઘરની આર્થિક સ્થિતિ જાણીને આવી માગણી ન કરવી જોઈએ. મારા મગજમાં સતત એ જ વાત ફર્યા કરતી હતી અને તેમાં ક્યારે ઊંઘ આવી ગઈ તે ખ્યાલ ન આવ્યો...

... અને બીજા દિવસની સવાર મારા માટે જીવનની શ્રેષ્ઠ સવાર હતી. હું મારી સાઇકલ લઈને સ્કૂલે જતો હતો. મેં સાઇકલની જમણી તરફ આવેલી ઘંટડી પર મારી વૉટરબૉટલ લટકાવી હતી. પાછળ આવેલા કેરિયરમાં મારી સ્કૂલ બેગ ભરાવી હતી. તે સમયે હું અમારા નગરનો સૌથી ખુશ છોકરો બન્યો હતો અને તેથી મારું સ્મિત ખાળી શકતો નહોતો. સ્કૂલ જતી વખતે રસ્તામાં

મેં કેટલાક મિત્રો અને તેમના પપ્પા, જે સ્કૂટર પર અને પેલી બૉક્સ જેવી રિક્ષાઓમાં આવતા હતા તેમને પાછળ પાડી દીધા હતા. ત્યાર પછી મેં થોડું વધારે તોફાન કરવા મને સૌથી વધારે ગમતો સ્ટંટ કર્યો અને હેન્ડલ પરથી હાથ લઈ લઈને ફાસ્ટ સાઇકલ ચલાવવા લાગ્યો. ત્યારે હું મારી જાતને હીરો માનતો હતો.

મારી ઇચ્છા તો દરેક માટે હીરો બનવાની હતી, તેથી મેં પૂરપાટ વેગે મારી સાઇકલ સ્કૂલમાં જવા દીધી અને તેના કારણે પાછળ પવનથી ધૂળ ઊડી. હું સીટ પરથી ઊભો થઈ ગયો અને એટલી ઝડપથી પેડલ મારવા લાગ્યો કે લોકો જોતા જ રહ્યા. સાઇકલને છેક મેં ઊંચા દાદરા સુધી મારી મૂકી અને લોકો ખુશ થઈને તાળીઓ પાડવા લાગ્યા. ત્યાં ઊભેલી છોકરીઓ પણ મને પ્રોત્સાહન આપવા મારું નામ 'રવિન્દર... રવિન્દર...' બોલવા લાગી. તે લોકો મારી તરફ આકર્ષાયેલા જોઈને મેં સાઇકલનું આગળનું વ્હીલ ઊંચું કરીને પગથિયાની રેલિંગ પર મૂકી દીધું. ત્યારપછી મેં ઝડપથી સાઇકલ ચલાવીને એકદમ બ્રેક મારીને સાઇકલ સ્લિપ કરવાનો સ્ટંટ ચાલુ કર્યો.

મેં શરૂઆત કરી ત્યારે જ મને મારી મમ્મીની બૂમ સંભળાઈ, 'ઉઠ જા, સ્કૂલ જાના હૈ.' (ઊઠ તારે સ્કૂલે જવાનું છે.)

ત્યાં બધું જ પૂરું થઈ ગયું. હું મારી પથારીમાં એ જ બંડી અને પાઇજામો પહેરેલો પડ્યો હતો.

સ્કૂલે જતી વખતે જ્યારે પપ્પા પેડલ મારતા હતા ત્યારે મેં તેમને કહ્યું, 'ઈક ગલ પૂછાં ડેડી?' (પપ્પા, હું તમને એક વાત પૂછું?)

પૂછ. વધારે ધ્યાન આપ્યા વગર જ તેમણે જવાબ આપ્યો.

'તુસી મેનું સાઇકલ લે દેગે કી?' (તમે મને સાઇકલ અપાવશો?)



સાઇકલ મેળવવાની મારી ઇચ્છા અધૂરી રહેવા છતાં સ્કૂલમાં મારી સ્પર્ધાને ખાસ કોઈ અસર થઈ નહોતી. છઠ્ઠા ધોરણના અંતે હું વિજેતા જાહેર થવાનો જ હતો પણ હિન્દીના કારણે પાછા પડવું પડ્યું. માત્ર પાંચ માર્ક વધારે આવી

ગયા હોત તો હું મારાં માતા-પિતાને ગર્વનો અનુભવ કરાવી શક્યો હોત.

આ વખતે મેં વધારે મહેનત કરી હતી.

રસપ્રદ વાત એ હતી કે આ વખતે મારાં મમ્મી-પપ્પા મારા પરિણામથી વધારે ખુશ અને સંતુષ્ટ હતાં. જો કે હું ખુશ નહોતો. આ કૉમ્પિટિશન મારા મગજમાં અને મારા અભ્યાસનો એક ભાગ બનીને સેટ થઈ ગઈ હોવા છતાં હું ક્લાસમાં બીજો આવ્યો તેની મને ખુશી થતી નહોતી.

મારાં મમ્મી-પપ્પા મારી માર્કશીટ જોઈને ખુશ થતાં હતાં ત્યારે મને આવો અનુભવ થતો હતો. મેં તેમને યાદ કરાવ્યું કે હું પહેલા નંબરે નથી આવ્યો.

તેમ છતાં મમ્મી અને પપ્પાએ મારો ખભો થપથપાવ્યો. તેના કારણે મને વધારે સારું લાગતું હતું. મને મારા પરિણામથી સંતોષ નહોતો છતાં મને એ વાતની ખુશી હતી કે મારાં મમ્મી-પપ્પા આ પરિણામથી ખુશ છે.

તમારા નક્કી કરેલા લક્ષ્યથી થોડાક જ પાછળ રહી જાઓ ત્યારે બે બાબતો મનમાં જાગે છે. તમારે મનમાં એ નક્કી કરી લેવાનું કે આપણે નક્કી કરેલા લક્ષ્યની તદ્દન નજીક આવી ગયા છીએ અને ગમે ત્યારે તેને પ્રાપ્ત કરી લઈશું; અથવા તો પછી એવું વિચારો કે તમે તે ક્રમે છો તે બરાબર છે. તેને જાળવી રાખવા વધારે મહેનત કરવી પડશે અને સાથે સાથે તમારા લક્ષ્ય સુધી પણ પહોંચવું પડશે. મારાં મમ્મી-પપ્પા બીજી બાબત વિચારનારાં હતાં. કમનસીબે હું પહેલી વિચારસરણી ધરાવતો હતો કે હવે મારે માત્ર થોડીઘણી મહેનત કરીને સ્કૂલમાં પહેલાં આવી જવાનું છે.

તે વર્ષે મારી મમ્મીની ઇચ્છા પ્રમાણે અને તેમણે જોયેલા સાતમા ધોરણના અભ્યાસક્રમના કારણે મારું ભણતર સ્કૂલ ચાલુ થાય તે પહેલાં અડધા વૅકેશનથી જ શરૂ થઈ ગયું. જ્યારે પણ હું ઘરમાં હોઉં કે મને સમગ્ર 'બાલ ભારતી' હિન્દી સાહિત્ય અને હિન્દી વ્યાકરણનાં પુસ્તકો પકડાવી દેવામાં આવતાં.

બાલ ભારતીમાં આવતી વાર્તાઓ વાંચવાની મને મજા પડતી પણ પેલા વ્યાકરણના ભૂતો મારી પર મંડરાતા રહેતા. ઘરમાં રહીને આટલું બધું હિન્દી ભણ્યા પછી જ્યારે સ્કૂલમાં હિન્દી શીખવવામાં આવતું ત્યારે હું ખાસ રસ દાખવતો નહીં.

તે સૌથી મોટી ભૂલ હતી.

જ્યારે મને સમજાયું કે આમ કરવાથી મારા પરિણાને ગંભીર અસર થશે ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. સાત મહિના સુધી મારાં માતા-પિતાની ઈચ્છાનો ભાર ઉપાડ્યા બાદ હું ફરીથી તેમની અપેક્ષાએ ઊણો ઊતર્યો.

વાર્ષિક પરીક્ષામાં મારું પરિણામ ખરાબ નહોતું આવ્યું, કારણ કે હજી તેને કેટલાક મહિનાની વાર હતી. અર્ધ વાર્ષિક પરીક્ષામાં મારો દેખાવ ખૂબ જ નબળો રહ્યો અને હું બીજા ક્રમેથી સાત મહિનામાં સાતમા ક્રમે આવી ગયો.

મને હજી પણ યાદ છે કે કેવી રીતે હું મારાં મમ્મી-પપ્પાને મારા માર્ક કહેવામાં મોડું કરતો હતો. હવે હું તેમાંથી બચી શકું તેમ નહોતો, કારણ કે મારે તેમની સહી કરાવ્યા પછી પેપર સ્કૂલમાં પાછા આપવાના હતા. એક તબક્કે તો મેં એવું પણ વિચાર્યું હતું કે તેમની સહી જાતે જ કરી લઉં અને તેના માટે તૈયારી પણ કરી લીધી હતી, જો કે અંતિમ ક્ષણે એમ થયું કે આવું ન કરવું જોઈએ અને વિચાર માંડી વાળ્યો.

તે દિવસોમાં હું સતત એ ભયમાં જીવતો હતો કે હમણાં મારાં મમ્મી-પપ્પા મને વઢશે. બીજા જ અઠવાડિયે મારો ભય સાચો પણ પડ્યો. તે વખતે સ્કૂલમાં પેરેન્ટ્સ અને ટીચરની મિટિંગ રાખવામાં આવી હતી. મેં અથાક પ્રયાસ કર્યા કે મમ્મી મારા હિન્દી ટીચરને ન મળે પણ તે મળી જ ગઈ. બાકીનું અઠવાડિયું મારા માટે આફત સમાન સાબિત થયું.

સાંજે રમવાનું બંધ અને સવારે પણ વહેલા ઊઠીને ભણવા બેસી જવાનું. હું સ્કૂલેથી પાછો આવ્યો કે તરત જ મમ્મીએ મને ફરમાન સંભળાવી દીધું.

મારો સામાજિક બહિષ્કાર થયો હોય તેમ લાગતું હતું. મારા રમવાના સમયમાં પણ ઘટાડો કરીને બેના બદલે એક કલાકનો કરી નાખવામાં આવ્યો. હવે મારે જીવનમાં જે કંઈ પણ જોઈતું હતું તેનો આધાર મારા પરિણામ પર જ હતો. તને ત્યારે જ સાઇકલ મળશે જ્યારે તું સારું ભણીશ અને સારું પરિણામ લાવીશ. શું ? જે લોકો સારા માર્ક નથી લાવી શકતા તેમને સાઇકલ ચલાવવા મળતી નથી ?

હું એ જ હતો જેણે ગયા વર્ષે સારું પરિણામ લાવીને મમ્મી-પપ્પાને ગર્વ

અપાવ્યો હતો. તે લોકો પણ એ જ માતા-પિતા હતાં જેમણે મારી પીઠ થાબડીને મારાં વખાણ કર્યાં હતાં. અમે બધા એ જ હતા તો પછી એવું તો શું બન્યું કે મારા સંબંધો આ સ્તરે આવી ગયા. આ તબક્કે હું સંપૂર્ણપણે આત્મવિશ્વાસ ગુમાવી ચૂક્યો હતો. મને એમ થયું કે મારા માટે કશું સારું રહ્યું જ નથી. સત્ય એ હતું કે મારા ક્લાસમાં રહેલા બાકીના વીસ બાળકો જે મારી પાછળ હતાં તે પણ મને પ્રોત્સાહિત કરી શકે તેમ નહોતાં.

મારા પપ્પા જે ગયા અઠવાડિયા સુધી એમ માનતા હતા કે હું તેમને ગર્વ લેવા જેવા કામ કરીશ તે હવે જાહેરમાં મારા પર દોષારોપણ કરે છે કે હું તેમનું સ્વપ્ન ક્યારેય પૂરું નહીં કરી શકું. મારા આ ઘાને વધારે કોતરવા માટે દૂરદર્શન પર આવતા ચિત્રહાર કાર્યક્રમમાં તે સમયે જાણીતું બનેલું નવું ગીત બે વખત વગાડતા હતા. જે કંઈક આવું હતું, 'પાપા કહેતે હૈ બડા નામ કરેગા... બેટા હમારા ઐસા કામ કરેગા...' ખરેખર ખોટા ટાઈમે ગીત ચાલતું હતું.

ફરીથી વધારે સારા થવાની અને આગળ આવવાની રેસમાં મારામાં બીજું પરિવર્તન આવ્યું. પેરન્ટ્સ મિટિંગ દરમિયાન મારી મમ્મી અને મારા ક્લાસ ટીચર, હિન્દી ટીચરના કહેવા પ્રમાણે મને પહેલી બેન્ચે બેસાડવા માટે સહમત થઈ ગયાં. તે ત્રણે એવું માનતાં હતાં કે તેનાથી હું વધારે સારી રીતે ધ્યાન આપી શકીશ.

મને આ લોજિક થોડું અકળાવતું હતું, શું કોઈ એવો ક્લાસ જ નહીં હોય કે જે બીજી બેન્ચથી શરૂ થતો હોય !

૯

સ્કૂલ બદલી નાખી

ના, મારે તે સ્કૂલમાં જવું જ નથી. મેં ચીસ પાડી.

'ચૂપ હો જા, હં.' મમ્મીએ મને ચેતવણી આપી. મારા મોઢેથી આ બકવાસ સાંભળવા માગતી નહોતી અને તેથી તેણે મને ચૂપ રહેવા જણાવ્યું.

'પણ તું શા માટે મારી સાથે આમ કરે છે?' મેં ગુસ્સામાં જ સવાલ કર્યો.

'કારણ કે તેં આ સ્કૂલમાં પ્રવેશ મેળવવા માટેની પરીક્ષા પાસ કરી છે અને તારે આ સ્કૂલમાં જવું જ પડશે.' તેણે મોટા અને મક્કમ અવાજે જવાબ આપ્યો.

મને થોડો ડર લાગ્યો છતાં મેં થોડા હળવા અવાજે વળતો પ્રશ્ન કર્યો કે, 'મેં મદનાવતીની પણ પ્રવેશ પરીક્ષા પાસ કરી છે, તો તું મને ત્યાં કેમ નથી મોકલતી?'

તેણે કોઈ જવાબ આપ્યો નહીં અને રસોડામાં જઈને ડુંગળી સમારવા લાગી. હું પણ વિરોધના ભાગરૂપે બહાર વરંડામાં જતો રહ્યો. હું ત્યાં જઈને થોડીવાર બેસી રહ્યો.

બુર્લાની અમારી આ સ્કૂલમાં સાતમા ધોરણ સુધીનો જ અભ્યાસ થતો હતો. તે નાની સંસ્થા હતી. જો કે સ્ટેટ બૉર્ડની માન્યતા ધરાવતી સંસ્થાઓમાંની વધારે સંખ્યા હતી. બુર્લામાં અભ્યાસ કરવા માટે આ એકમાત્ર ઇંગ્લિશ મિડિયમની સ્કૂલ હતી તેથી અમારે આગળ અભ્યાસ કરવા માટે સંબલપુર જવું પડતું. તે અમારી પાસે જ આવેલું અને જિલ્લાના હેડક્વાર્ટર જેવું હતું. મેં સફળતાપૂર્વક સાતમું ધોરણ પાસ કરી દીધું હતું. તેના કારણે જ મારે મારી મમ્મી જોડે માથાકૂટ થઈ રહી હતી કે હવે મારે કઈ સ્કૂલમાં જવું.

સંબલપુરમાં પણ ગણતરીની જ અંગ્રેજી માધ્યમની સ્કૂલ હતી. ચારમાંથી ત્રણ જેની મને ખબર હતી તે સીબીએસઈ(સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન)ની માન્યતા ધરાવતી હતી જ્યારે બાકીની એક કૉન્વેન્ટ સ્કૂલ આઈસીએસઈ (ઇન્ડિયન સર્ટિફિકેટ ઑફ સેકન્ડરી એજ્યુકેશન) ધરાવતી હતી.

મને કૉન્વેન્ટ સ્કૂલમાં જવામાં વધારે રસ હતો. તેનું એક કારણ એ હતું કે ત્યાં છોકરીઓને યુનિફૉર્મમાં સ્કર્ટ પહેરવા દેતા હતા. બુર્લામાં સ્કૂલ જતી વખતે મેં અનેક વખત તેમને બસમાં ચઢતી વખતે જોઈ હતી. બસમાં ચઢતા તેમના અડધા પગ ખુલ્લા દેખાતા હતા. મેં કેટલાક છોકરાઓ પાસેથી સાંભળેલી વાત પ્રમાણે છોકરાઓ જાણી જોઈને પેન્સિલ નીચે નાખતા અને તેના માધ્યમથી છોકરીઓના પગ વચ્ચે જોઈ લેતા. ખબર નહીં ત્યાં કેવી રહસ્યમયી દુનિયા છુપાયેલી હશે. સવારમાં જોવા મળતા મલાઈ અને અન્ય છોકરાઓ તરફથી જાણવા મળતી આવી પ્રોત્સાહક વાતો મને કૉન્વેન્ટમાં ભણવા માટે લલચાવતી.

પેન્સિલ નીચે નાખીને મનોરંજન મેળવવાનું મારું આ દિવાસ્વપ્ન પૂરું ન થઈ શક્યું અને તેના બે કારણ હતાં, પહેલું તો એ કે કૉન્વેન્ટ સ્કૂલ ખૂબ જ મોંઘી ગણાતી. મારો એક ખાસ મિત્ર નિશાંત તેમાં જતો હતો અને તે જણાવતો કે તેમાં ભણવાનો ખૂબ જ ખર્ચ થાય છે. આ વાત કરતા તેણે તેની સ્કૂલ વિશે બીજી પણ એક પ્રોત્સાહક વાત કરી. તેણે કહ્યું કે તેની બાજુમાં બેસતી એક છોકરી જ્યારે સ્કૂલમાં આવતી ત્યારે મોજા નીચે ઉતારી દીધા હોય અને સ્કર્ટ બને તેટલું ઉપર ખેંચી લીધું હોય.

તે જ ક્ષણે મેં નક્કી કરી લીધું કે તેને કૉન્વેન્ટમાં ભણવાની ફી પૂછવી

પડશે. કૉન્વેન્ટમાં પઢને કે કિતને પૈસે દેને હોંગે?

હું દર મહિને અઢીસો રૂપિયા ફી ભરું છું અને બસમાં જવા-આવવાના સો રૂપિયા અલગ. નિશાંતે ગણતરી કરીને જવાબ આપ્યો.

શું? સાડા ત્રણસો રૂપિયા. તેણે જાણે મારા પર ગ્રેનેડ ફેંક્યો હોય તેમ લાગ્યું.

જેના પપ્પા બુર્લમાં એક મહિનાના સિત્તેર રૂપિયા ખર્ચી શકતા હોય તેના માટે આ વાત ગ્રેનેડ જેવી ન હોય? બીજી તરફ મારા માટે વાત બહુ જ સ્પષ્ટ હતી કે મારા પપ્પા સ્કર્ટ પહેરીને આવતી છોકરીવાળી સ્કૂલમાં ભણાવવા માટે આ ખર્ચ ઉપાડી શકે તેમ નહોતા.

બીજી વાત એ હતી કે કૉન્વેન્ટમાં માત્ર દસમા ધોરણ સુધી જ અભ્યાસ થતો હતો, જ્યારે સીબીએસઈમાં બારમા ધોરણ સુધી ભણાવતા હતા. તેથી દસમા ધોરણ પછી ફરીથી સ્કૂલ બદલવાની મથામણ થતી. ત્રણ વર્ષ બાદ ફરીથી સ્કૂલ બદલવાનો કોઈ અર્થ નહોતો, તેથી મારા દિવાસ્વપ્નો કુદરતી રીતે જ મોતને ભેટી પડ્યા.

મને બાકીની ત્રણે સીબીએસઈ સ્કૂલની છોકરીઓનો વિચાર આવતો જે બોરિંગ સલવાર-કમિઝ પહેરતી અને ઉપરથી દુપટ્ટો પણ નાખતી. તેમાં કશું જ આકર્ષક નહોતું. મારા આ તફાવતને બાદ કરતા ત્રણે સ્કૂલ અભ્યાસ માટે સારું નામ ધરાવતી હતી. તેથી ત્રણમાંથી એકને પસંદ કરવી અને બાકીની નહીં તે માટે ઘણી મથામણ કરવી પડતી.

છોકરીઓના યુનિફૉર્મને બાજુએ રાખીને વાત કરીએ તો મદનાવતી ત્રણેમાં સારી સ્કૂલ ગણાતી. તેની બસ બુર્લામાં અંદર સુધી આવતી. સેન્ટ્રલ સ્કૂલની વાત કરીએ તો આ સ્કૂલનું સ્ટ્રક્ચર સરસ હતું, પણ તેનું શિક્ષણનું સ્તર ત્રણેમાં સૌથી નીચે હતું. ગુરુ નાનક પબ્લિક સ્કૂલની વાત કરીએ તો બાકીનાની સરખામણીમાં તે નાની હતી અને તેની બસ પણ બુર્લામાં અંદર આવતી નહીં, તેથી લોકો ત્યાં જવાનું ઓછું પસંદ કરતા.

મારી બીજી પસંદ મદનાવતી સ્કૂલ હતી કારણ કે મારી જૂની સ્કૂલના બાકીના મિત્રો અભ્યાસ માટે ત્યાં જવાના હતા. મારાં મમ્મી-પપ્પા મને ગુરુનાનક

પબ્લિક સ્કૂલમાં જવા દબાણ કરતા હતા. એક વાત સ્પષ્ટ હતી કે આ બંને સ્કૂલ મારા ઘરથી તો દૂર જ હતી અને બીજું એ કે જેમાં પણ જઈએ ત્યાં ટીચર, ક્લાસ, વિદ્યાર્થીઓ બધું જ નવું જ હોવાનું. બધું બાજુએ રાખીએ તો મને એમ થતું કે મારા જૂના મિત્રો મારી આસપાસ હોય તો વધારે મજા આવે, બાકી જીએનપીએસમાં તો હું સાવ એકલો થઈ જવાનો હતો. બાકીના બધા સ્કૂલબસમાં જશે અને આવશે તથા સાથે હોવાથી મજા કરશે. મને આવો આનંદ કરવા નહીં મળે. મારે દરરોજ જાહેર બસમાં આવવું-જવું પડશે.

આ તમામ બાબતોના કારણે હું મારાં મમ્મી-પપ્પા સાથે દલીલો કરતો હતો. તે ઉંમરે મારામાં તાકાત નહોતી કે હું તેમની ઇચ્છા વિરુદ્ધ જઈને કંઈક કરી શકું.

જીએનપીએસમાં ભણવા જવાના બે દિવસ પહેલાં મેં મારાં મમ્મી અને પપ્પા વચ્ચે થતી વાતચીત સાંભળી. ત્યારે મને ખ્યાલ આવ્યો કે પપ્પા મને શા માટે ત્યાં મોકલવા માગે છે અને મમ્મી પણ કેમ તેની ઇચ્છા નથી છતાં સહમત થાય છે.

તે દિવસે રાત્રે હું આંખો બંધ રાખીને પથારીમાં જ પડ્યો રહ્યો હતો. પપ્પા મોડા ઘરે આવ્યા હતા અને મમ્મીએ તેમને જમવાનું આપવાનું હતું. તેમને એમ થયું કે હું સૂઈ ગયો છું તેથી તેમણે વાતચીત કરવાનું શરૂ કર્યું.

'ઓડે સારે દોસ્ત મદાવતી જા રહે હૈં. મૈનું પતા હે ઓડે વાસ્તે મુશ્કીલ હોવેગા. ' (તેના બધા જ મિત્રો મદનાવતીમાં જવાના હતા. મને ખબર છે કે તેના માટે મુશ્કેલ બનવાનું છે.) પપ્પાની બાજુમાં બેઠા બેઠા મમ્મીએ પપ્પાને કહ્યું.

થોડીવાર શાંતિ પ્રસરી રહી પછી તે બોલ્યા, 'થોડા ટાઇમ લગેગા. ફિર સબ ઠીક હો જાયેગા. હોર કોઈ રાસ્તા વી નહીં હૈ સાડે કોલ.' (તેને થોડો સમય લાગશે, પછી બધું બરાબર થઈ જશે. તે સિવાય આપણી પાસે બીજો કોઈ રસ્તો જ નથી.) મને એમ થયું કે બંને મારી તરફ જોઈ રહ્યા છે.

હું સતત ધ્યાન રાખી રહ્યો હતો કે મારી આંખ ન ખૂલે, જેથી મને તેમના વિચારો જાણવા મળે.

મને ખ્યાલ આવ્યો કે મને સંબલપુરની અન્ય સ્કૂલમાં ભણાવવા મૂકવો તે મારાં મમ્મી-પપ્પાની આર્થિક સ્થિતિ પ્રમાણે મુશ્કેલ હતું. તેમાં ફી વધારે હતી અને તે ઉપરાંત દરરોજ જવા-આવવાનો ખર્ચ મારા પપ્પાના ખીસાને વધારે પીડા આપે તેમ હતો. તેમ છતાં તેમણે મારા માટે જે સ્કૂલ પસંદ કરી હતી તે સારી અને એજ્યુકેશનમાં ઘણી જૂની હતી.

જીએનપીએસ તેમના માટે આશાનું કિરણ હતી. આ સ્કૂલ શીખ મૅનેજમૅન્ટ કમિટી દ્વારા ચલાવવામાં આવતી હતી. પપ્પાએ અમારી આર્થિક સ્થિતિ અંગે સ્કૂલની કમિટીને એક અરજી પણ લખી દીધી હતી. તેના આધારે તેમણે અરજ કરી હતી કે મને સ્કૂલ ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવે.

પપ્પા ગુરુદ્વારામાં પૂજારી હતા અને અમારા ફેમિલી બેકગ્રાઉન્ડ અને અન્ય પાસા ચકાસ્યા બાદ અને અનેક ચર્ચાવિચારણા કર્યા પછી કમિટીએ અમારી અરજી મંજૂર કરી દીધી. તેના કારણે પપ્પાના દર મહિને દોઢસો રૂપિયા બચવાના હતા જે મારી ફી હતી. તે સમયે બચત માટે આ મોટી રકમ ગણાતી હતી.

જે ક્ષણે મેં મારાં મમ્મી-પપ્પાના નિર્ણય પાછળનું કારણ જાણ્યું કે, બીજી જ ક્ષણે મેં મારી જીદ છોડી દીધી અને મારી જાતને જીએનપીએસમાં સેટ કરવા માટે તૈયાર કરી લીધી.

મારી ધારણા પ્રમાણે, સ્કૂલે કેવી રીતે જવું તે મારા માટે સૌથી મોટો પ્રશ્ન હતો. સ્કૂલમાં પહોંચવું અમારા માટે થોડું મુશ્કેલ હતું. બસ સ્ટૅન્ડ અમારા ઘરથી એક કિલોમીટર દૂર હતું. નવી સ્કૂલના પહેલાં દિવસે તો પપ્પા મને તેમની સાઇકલ પર બસ સ્ટૅન્ડ મૂકવા આવ્યા હતા. તેમણે અમારા પાડોશી પાસેથી બસના ટાઈમિંગ જાણી લીધા હતા જે દરરોજ નોકરી કરવા સંબલપુર જતા હતા. મેં ક્યારેય જાતે જાહેર બસમાં સફર કરી નહોતી, તેથી પપ્પાને એમ હતું કે શરૂઆતના કેટલાક દિવસ કોઈ મારી સાથે હોય તે વધારે જરૂરી છે.

રામ્મી અંકલ, અમારા પાડોશી રાઇટ ટાઇમે આવી ગયા. મારે જે બસ-સ્ટૅન્ડે ઊતરવાનું હતું તેના માટે અમારે ૪૫ મિનિટની મુસાફરી કરવાની હતી. જ્યારે અમે મુસાફરી શરૂ કરી કે રામ્મી અંકલે મને કહ્યું કે આજે તેઓ મને સ્કૂલ સુધી કંપની આપી શકે તેમ નથી, કારણ કે તેમને કંઈક ખાસ કામ છે

તેથી તેઓ છેલ્લા બસસ્ટેન્ડે ઊતરશે. મને ખ્યાલ નહોતો કે મારું ધ્યાન રાખવાનો વાયદો આપતી વખતે આ વિશે તેમણે પપ્પા સાથે કોઈ ખુલાસો કર્યો હતો કે નહીં. તેમણે મને માત્ર તે રસ્તો બતાવી દીધો જે મારી સ્કૂલ સુધી જતો હતો.

સાવ અજાણ્યા સ્થળે એકલા જવામાં મને થોડો ભય લાગતો હતો. હું બસમાંથી ઊતર્યો અને રામી અંકલે મને બસની બારીમાંથી જે રસ્તો બતાવ્યો હતો તેના પર ચાલવા લાગ્યો. આ રસ્તો ઇન્ડસ્ટ્રિયલ વિસ્તાર તરફ જતો હતો તેથી ત્યાં અનેક ટ્રકોની અવરજવર રહેતી હતી. હું જે રસ્તે જતો હતો તે ખૂબ જ ગંદો હતો, ત્યાં ઠેરઠેર કાગળ અને પ્લાસ્ટિકની થેલીઓ ફેલાયેલી હતી. તે ઉપરાંત અહીંયા ખૂબ જ ભીડ પણ હતી. અનેક ફેરિયાઓ તેમની ખુલ્લી લારીઓમાં નાસ્તો વેચી રહ્યા હતા અને રિક્ષાવાળા તથા ટ્રક ડ્રાઇવરો ત્યાં ઊભા રહીને નાસ્તો કરી રહ્યા હતા. રસ્તાના એક ખૂણામાં ખૂબ જ કાદવ અને ગંદું પાણી ભરાયેલા હતા જેમાં રસ્તે રખડતા કૂતરા અને ભૂંડ પડ્યા રહ્યા હતા. અનેક માખી-મચ્છરો પણ ત્યાં ઊડતાં દેખાતાં હતાં. તેમાંથી આવતી દુર્ગંધથી મારું નાક ભરાઈ ગયું.

આ બધું જ હોવા છતાં હું સતત ધ્યાન રાખી રહ્યો હતો કે મારો નવો સફેદ શર્ટ અને વૉટરબૉટલ ખરાબ ન થાય.

થોડુંક ચાલ્યા પછી હું એવા વળાંકે આવી ગયો જ્યાંથી બે-ત્રણ રસ્તા જતા હતા. રામી અંકલે એ નહોતું જણાવ્યું કે ત્યાંથી ક્યાં જવું તેથી મારે સ્થાનિક રિક્ષાવાળાની મદદ લેવી પડી. થોડી આવક થાય તે માટે તેમણે મને રિક્ષામાં મૂકી જવાની વાત કરી. મેં તેમની વાતનો અસ્વીકાર કર્યો અને તેમની સલાહ પ્રમાણે ચાલવા લાગ્યો જે મને ફ્રીમાં મળી હતી. મોટાભાગના લોકોએ મને જાણીતો શોર્ટકટ બતાવ્યો જે ચોખાના ખેતરોમાંથી પસાર થતો હતો. તે રસ્તો માત્ર રાહદારીઓ માટે જ બનાવેલો હતો. તેમાંથી કોઈ વાહન લઈને પસાર થઈ શકે તેમ નહોતું.

હું એ રસ્તે જતો હતો. મને થોડે આગળ જતાં એક ઝૂંપડપટ્ટી દેખાઈ. મારાથી લગભગ પચાસ ફૂટ દૂર હશે. ત્યાંથી આગળ વધ્યા પછી સામે મોટું ખેતર આવ્યું. અત્યારે તો તે સાવ ઉજ્જડ હતું, ત્યાં જંગલી ઝાડી-ઝાંખરાં ઊગી

નીકળ્યા હતા. લગભગ એક માઈલ દૂર મને કેટલીક ટ્રકો દેખાતી હતી. તેમાંથી રસ્તા પર માટી નાખવામાં આવતી હતી.

ત્યાં સાઈનબૉર્ડ લગાવેલું હતું જેના પર લખ્યું હતું : રેલવે કોલોની. મને ખ્યાલ આવી ગયો કે આ વિસ્તારને રહેવા માટે કોલોનીમાં ફેરવી નખાયો છે. તે બૉર્ડ જણાવતું હતું કે આ જમીન રેલવેની છે અને ત્યાં તેનો અધિકાર છે. ત્યાંથી આગળની જમીન થોડી ઊંચી હતી. કેટલાક લોકો ત્યાં શૌચક્રિયા માટે આવ્યા હતા. તેમને તેમના શરીરના અંગો દેખાય તેમાં કશો જ વાંધો નહોતો. મને એમ થયું કે આ લોકો પેલી ઝૂંપડપટ્ટીમાંથી આવ્યા હશે જેની પાસેથી હું થોડાવાર પહેલાં જ પસાર થયો હતો.

હું લગભગ આઠ ફૂટ ઊંચા ઢોળાવે ચઢી ગયો અને આગળ વધતો રહ્યો, જ્યાં એક કાચો રસ્તો આવ્યો. ત્યાં ખાસ ગ્રીનરી દેખાઈ નહીં તેથી મને એમ લાગ્યું કે લોકો આનો ખાસ ઉપયોગ કરતા નહીં હોય તેથી માત્ર અહીં જંગલી ઘાસ જ ઊગ્યું છે. આવી અનેક મુશ્કેલીઓનો સામનો કરતા કરતા અને લગભગ દોઢ કિ.મી. જેટલું ચાલ્યા પછી આખરે હું મારી સ્કૂલમાં આવી ગયો.

સ્કૂલના સ્ટ્રક્ચરથી હું પરિચિત હતો કારણ કે ત્યાં બે-ત્રણ વખત હું આવી ગયો હતો. એક વખત પ્રવેશ પરીક્ષા આપવા માટે અને બીજી બે વખત પપ્પાએ પેલી એપ્લિકેશન આપવાની હતી ત્યારે. મને ખ્યાલ નહોતો કે મારો ક્લાસ કયો છે તેથી મેં સીધી જ પ્રિન્સિપાલના રૂમની વાટ પકડી. મને એક વાતની ખાતરી હતી કે મારા જેવું બીજું કોઈ નહીં હોય, જે સ્કૂલના પહેલાં જ દિવસે અને પહેલાં જ કલાકમાં પ્રિન્સિપાલને મળવાનું વિચારે.

તે શીખ હતા. મેં તેમને સંબલપુર ગુરુદ્વારામાં અનેક વખત જોયા હતા. હું જ્યારે પણ તેમને ગુરુદ્વારામાં મળતો ત્યારે તેમને આદર આપતો.

તેમની ઑફિસ તરફ જતાં મને વિચાર આવ્યો કે મારે તેમને શું કહેવું, 'સત શ્રી અકાલ, અંકલ' કે પછી 'ગુડ મોર્નિંગ સર'. જો કે મારે ચિંતા કરવાની જ નહોતી, પ્રિન્સિપાલ તેમની કેબિનમાં હતા જ નહીં. તેમનો પટાવાળો ત્યાં બેઠો હતો તેથી મેં તેની પાસે જઈને મારા ક્લાસરૂમ અંગે પૂછ્યું. પોતાના ખાખી યુનિફૉર્મમાં તે પ્રિન્સિપાલની કેબિનની બહાર બેઠો હતો.

ભૈયા, ક્લાસ તક છોડ દો ગે? મેં ખૂબ જ વિનમ્રતાથી તેને કહ્યું.

તે ખેતરમાં બેઠેલી ભેંસ જેવો દેખાતો હતો, સાવ આળસુ અને નિસ્પૃહી. તે કંઈક ચાવી રહ્યો હતો તેથી મારા મનમાં ફરીથી ભેંસનું દશ્ય ઊપસી આવ્યું. તેણે મારી સામે જોયું અને પાછો આરામથી બેસી ગયો. તેણે મારી અવગણના કરી. તે મારી અવગણના કરી જ કેવી રીતે શકે? મેં તેને સીધી જ ધમકી આપી દીધી કે હું પ્રિન્સિપાલને ફરિયાદ કરીશ અને તેઓ મારા પપ્પાને સારી રીતે ઓળખે છે.

તેની થોડીક મિનિટ બાદ હું સ્કૂલની મધ્યમાં આવેલા ભાગમાં ઊભો હતો અને બાજુમાં પેલો બફોલે મૅન મારી બૅગ અને વૉટરબૉટલ લઈને આવ્યો હતો. તેણે મને મારા નવા ક્લાસના દરવાજે લાવીને ઊભો કરી દીધો. તે કંઈ બોલ્યો નહીં, માત્ર હાથથી ઇશારો કર્યો. તેની પાસેથી આનાથી વધારે અપેક્ષા ન રાખી શકાય તેનો મને ખ્યાલ હતો.

મારો ક્લાસ ચાલુ થઈ ગયો હતો. મને દરવાજે ઊભેલો જોઈને બધા છોકરાઓની નજર મારા તરફ ગઈ. છોકરાઓનું ધ્યાન ભટકેલું જોઈને ટીચરે પણ દરવાજા તરફ નજર કરી. હું ત્યાં ઊભો હતો. મને શરમ આવી ગઈ.

ક્લાસ ટીચર જે અત્યાર સુધી એકલી જ બોલતી હતી તે અત્યારે શાંત થઈ ગઈ. વિદ્યાર્થીઓ જે માત્ર સાંભળી રહ્યા હતા તે અંદરોઅંદર ગણગણાટ કરવા લાગ્યા.

બોલ? ટીચરે ત્યાં ઊભા ઊભા જ મને કહ્યું. તેણે નાકના ટેરવા પર અડી રહેલા ચશ્માંમાંથી નજર કરતાં સવાલ કર્યો.

આ... આ... મે'મ, હું રવિન્દર. ખચકાતા સ્વરે મેં જવાબ આપ્યો.

તેમણે તરત જ રજિસ્ટરમાં નજર કરી અને બોલ્યા :

અરે હા, રવિન્દર.

તે મારી પાસે આવ્યા અને બોલ્યા : તો તું સ્કૂલના પહેલા દિવસે જ મોડો આવ્યો એમ ને?

મને થોડી શરમ આવી પણ હું બોલ્યો, મેમ હું બુર્લામાં રહું છું અને સ્કૂલ સુધી આવવાનો રસ્તો મને ખ્યાલ નહોતો તેથી. મેં બચાવ કરી લીધો.

તેઓ હસ્યા અને કહ્યું, વાંધો નહીં અંદર આવ. હું તારી હાજરી ભરી દઉં છું અને હવે તને રસ્તો ખ્યાલ આવી ગયો છે તો કાલથી મોડું ન કરતો, સમજ્યો ?

હા, મેમ. ખુશ થઈને મેં જવાબ આપ્યો અને ક્લાસમાં દાખલ થયો પણ ત્યાં જ અટકી ગયો. મારી સામે નવા વિદ્યાર્થીઓ હતા જે ક્યારના મારી સામે જોઈને હસી રહ્યા હતા અને ગણગણી રહ્યા હતા. હું ક્લાસમાં આવ્યો કે તેમના ગણગણાટમાં વધારો થવા લાગ્યો.

હો, તેની સામે જો. એક ખૂણામાંથી આવતો અવાજ મને સંભળાયો. અને આ અવાજ છેક બીજા ખૂણા સુધી ગયો. હું ખરેખર ઝંખવાણો પડી ગયો હતો. નવી સ્કૂલમાં પહેલો દિવસ અને તેમાંય મોડો પડ્યો તેથી થોડો નિરાશ થઈ ગયો. મને એમ થયું કે મારા પગ જેલી જેવા થઈ ગયા છે. હું ચાલી પણ નહોતો શકતો. જો મને ક્યાંક બેસવા મળી જાય તો આ બાબતો અહીં જ અટકી જાય તેમ હતી. તેના માટે મેં આમતેમ નજર ફેરવી પણ મને કંઈ દેખાયું નહીં. હું હજી પણ ક્લાસના દરવાજે ઊભો હતો, મારા ખભે હજી પણ સ્કૂલ બૅગ ભરાવેલી હતી અને હાથમાં વૉટરબૉટલ હતી. મારા પગ પાણી પાણી થઈ રહ્યા હતા.

ત્યાં જ મેં અવાજ સાંભળ્યો, હાફ પેન્ટ. મારી જમણી તરફથી તે અવાજ આવ્યો હતો.

મને જ્યારે ખ્યાલ આવ્યો ત્યારે મેં છોકરાઓ તરફ જોયું. પહેલી બેન્ચ, બીજી બેન્ચ અને પછી આખા ક્લાસમાં નજર કરી. બધા જ નેવી બ્લૂ કલરના પેન્ટમાં હતા.

ત્યાં માત્ર એક જ વ્યક્તિ હાફ પેન્ટમાં હતી અને તે હું.

મેં ફરીથી જમણી તરફ નજર કરી. છોકરીઓએ સલવાર પહેર્યા હતા, ટીચરે સાડી પહેરી હતી અને હું એકમાત્ર એવો હતો જે હાફ પેન્ટમાં હતો જે પરાણે મારી જાંઘો સુધી પહોંચતું હતું. તેના કારણે મારા પગનું પ્રદર્શન થતું હતું.

મારા પગ તરફ નજર નાખ્યા પછી મને એમ થયું કે માત્ર ક્લાસમાં

જ નહીં પણ સમગ્ર સ્કૂલમાં પણ હું એક જ એવી વ્યક્તિ હોઈશ જેણે હાફ પેન્ટ પહેર્યું હતું. પેલો બફેલો મૅન પણ ફૂલ પેન્ટમાં હતો.

હે ભગવાન, હવે હું શું કરું ? મેં મનમાં જ કહ્યું, કારણ કે મને અત્યારે સખત શરમ આવી રહી હતી.

મનમાં તો મને એમ જ થતું હતું કે આ હાફ પેન્ટ પણ ઊતરી ગયું છે. જે લોકોને હું જાણતો જ નહોતો તેમના માટે હાસ્યનું પાત્ર બની ગયો.

મને એમ થયું કે આ ક્ષણને બદલી નાખું, સ્કૂલમાંથી ભાગી જાઉં. ત્યાંથી જે પહેલી બસ મળે તેમાં બુર્લા પાછો જતો રહું અને ઘરમાં આવીને મારી પથારીમાં છુપાઈ જાઉં.

મારી કલ્પનાઓના ઘોડા દોડતા હતા.

મારી પહેલાની સ્કૂલમાં તો હાફ પેન્ટ પહેરવું સામાન્ય હતું. જો કે હું એ ભૂલી ગયો હતો કે મારી સ્કૂલ અપગ્રેડ થવાની સાથે મારા ડ્રેસમાં પણ અપગ્રેડ કરીને મારે ફૂલ પેન્ટ પહેરવું પડશે. પહેલાં દિવસે તો હું બધા માટે મજાકનું સરસ સાધન બની ગયો.

ત્યાં જા અને સુશીલની બાજુમાં બેસી જા. ટીચરે એક ખાલી જગ્યા તરફ ઈશારો કરી આદેશ આપ્યો, જ્યારે બાકીની બધી જગ્યા છોકરીઓથી ભરેલી હતી.

હું મારા નસીબને કોસતો હતો કે આખા ક્લાસમાં મને બેસવા માટે એક સીટ મળી અને તે પણ છોકરીઓના વિભાગમાં. જ્યાં ક્લાસના તમામ છોકરા બેઠા હતા તેની વિરુદ્ધ જઈને બેસવાનું મને વધારે શરમમાં નાખતું હતું. મેં ફરીથી નજર કરી, પણ છોકરાઓ તરફ એક પણ સીટ ખાલી દેખાઈ નહીં.

શું થયું ? ક્લાસ ટીચરે પૂછ્યું.

ના, કંઈ નહીં, મેમ. મેં જવાબ આપ્યો અને તેમણે બતાવેલી સીટ તરફ જોવા લાગ્યો.

એક ઊંડો શ્વાસ લઈને હું ક્લાસમાં દાખલ થયો અને લોકોની મશ્કરીને પાછળ છોડીને છોકરીઓના આખા વિભાગને પસાર કરતો કરતો ત્યાં સુધી ગયો. છોકરીઓ પણ ચેનચાળા કરતી કરતી મારી સામે જોઈ રહી હતી. મેં

કોઈની સામે જોવાનું પણ ટાળ્યું. મેં વધારે આત્મવિશ્વાસ બતાવવાનો પ્રયાસ કર્યો જેથી તેમની વાતો તરફ મારું ધ્યાન નથી તેમ લાગે. જો કે મારી બોડી લેન્ગવેજ કંઈક અલગ કહી રહી હતી તેથી જતાં જતાં પણ હું મારું હાફ પેન્ટ નીચે ખેંચી રહ્યો હતો જેથી શક્ય એટલા મારા પગ ઢંકાઈ જાય. મહિલા મગરોના તળાવમાં પડેલા બતક જેવી મારી દશા હતી. હું જેમ જેમ આગળ જતો હતો તેમ તેમ બધાં માથાં મારી તરફ વળતાં જતાં હતાં.

મારે જ્યાં બેસવાનું હતું ત્યાં પહોંચ્યા પછી મને થોડી રાહત થઈ.

સુશીલે મારી તરફ રાખેલું તેનું પુસ્તક લઈ લીધું. હું તેની સામે જોઈને હસ્યો. તેણે પણ પ્રતિભાવ આપ્યો. મેં ખીસામાંથી રૂમાલ કાઢીને મારા કપાળે બાઝેલો પરસેવો લૂછ્યો.

બધા લોકો ત્યાં સુધી મારે સામે જોઈ રહ્યા જ્યાં સુધી ટીચરે ફરીથી બોલવાનું શરૂ ન કર્યું : ‘‘ચલો આપણે ક્યાં હતા ?’’

ટીચરે ફરીથી ભણાવવાનું શરૂ કર્યું. ક્યારનાય મારે સામે તાકી રહેલા ચહેરાઓ પાછા તેમનાં પુસ્તકોમાં પરોવાઈ ગયા. મેં મારા ખોળામાં-જ સ્કૂલ બૅગ રાખી જેથી મારી જાંઘો ઢંકાઈ જાય. મને એમ થતું હતું કે પિરિયડ પૂરો ન થાય તો સારું. મારી સહેજ પણ ઇચ્છા નહોતી કે ટીચર ન હોય ત્યારે છોકરા-છોકરીઓ મારી સાથે કોઈપણ જાતની મજાક-મસ્તી કરે.

હું વિચારતો હતો ત્યાં જ પિરિયડ પૂરો થયો. ટીચર જતાં રહ્યા અને હું આખી સ્કૂલ માટે ચર્ચાનો વિષય બની ગયો.

હું બીજા બે દિવસ સુધી સ્કૂલ ગયો નહીં.

ત્યાં સુધીમાં બુર્લાના દરજીએ મારા માટે નેવી બ્લૂ કલરનું ફૂલ પેન્ટ સીવી કાઢ્યું હતું.

૧૦

૧૦મા ચેપ્ટરની તાકાત

ધોરણ નવનો લગભગ અડધો અભ્યાસક્રમ પૂરો થઈ ગયો હતો. શિયાળો પણ બરાબર જામ્યો હતો. લાલ કલરના સ્વેટર પટારામાંથી બહાર આવીને અમારા શરીર પર ગોઠવાઈ ગયા હતા. નેવી બ્લ્યૂ કલરના પેન્ટ અને વ્હાઈટ શર્ટની ઉપર તે વધારે આકર્ષક લાગતા હતા. તેમાંય તાજેતરમાં કાઢેલું અને હજી તપવ્યા વગરનું સ્વેટર હતું. તેમાંથી નેપ્થાલેન ગોળીની વાસ આવતી હતી.

સવારના પહોરમાં પથારીમાંથી બહાર નીકળવાની પણ ઈચ્છા થતી નહોતી. તેની સીધી અસર સ્કૂલમાં હાજરીને થતી હતી. તેના કારણે દરરોજ કોઈ ને કોઈ વિદ્યાર્થી આખી સ્કૂલ અથવા તો પહેલો પિરિયડ છોડી દેવા મજબૂર થઈ જતા. મોડા આવનાર અને રજા પાડનારા વિદ્યાર્થીઓએ ફરજિયાત મોડા આવવાની કે રજાની અરજી આપવી પડતી. રસપ્રદ વાત એ છે કે એકપણ અરજીમાં ક્યાંય એવો ઉલ્લેખ થતો નહોતો કે આળસના કારણે સવારે વહેલા ઉઠાયું નહીં.

દરેક ચીઠીમાં એવી હૃદયસ્પર્શી વાત હોતી કે ટીચર કશું કહી ન શકતા. કોઈ કહેતું કે રસ્તામાં એક ગલૂડિયું મરી રહ્યું હતું તેને બચાવવામાં મોડું થયું,

તો કોઈ કહેતું કે સાઈકલની ચેન તૂટી ગઈ હતી કે નીકળી જતી હતી તેથી મોડું થયું. અમે મોટાભાગના લોકો એટલા હોંશિયાર હતા કે એવાં કારણો આપતાં જે બીજામાં દેખાય જ નહીં. હકીકત એ હતી કે અમે બધા આળસુ હતા. ઘણાં તો એટલા આળસુ હતા કે ચીઠીમાં પણ આખું વર્ષ એક જ કારણ દર્શાવતા.

ગુરપ્રીત જે મારી બાજુમાં ડાબી તરફ બેસતી તે શિયાળા દરમિયાન ભાગ્યે જ નહાતી હતી. મોટાભાગે તે મોડી આવતી અને દરરોજ પ્રાણીઓ બદલતી જેને તે બચાવતી હોય. શરૂઆત ગલૂડિયાથી કરી હતી પછી બિલાડીનું બચ્ચું આવ્યું પછી બકરી આવી. મને એમ થતું કે તે જે રીતે પ્રાણીઓને બચાવે છે તે જોતા તો શિયાળો પૂરો થતા સુધીમાં માત્ર હાથી અને ઘોડા સિવાય બધા જ પ્રાણીઓને તેણે બચાવી લીધા હશે.

નંદુએ જ્યારે ચોથી વખત તેની સાઈકલની ચેન ખરાબ થઈ ગયાનું કારણ આપ્યું ત્યારે ક્લાસ ટીચરે તેને કહ્યું કે નંદુ તું સાઈકલ કેમ નથી બદલી નાખતો. આટલું સાંભળતા તો આખા ક્લાસમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. પોતાનું જુઠ્ઠાણું પકડાઈ ગયું હોવા છતાં નંદુ પણ બેશરમ થઈને આખા ક્લાસની સાથે હવામાં જોડાઈ ગયો.

તે સિવાય કેટલાક એવા વિચિત્ર હતા કે તેમનું બહાનું કાયમ કંઈક અલગ જ બતાવવાનું વિચારતા રહેતા. આવા લોકો લગભગ અડધી રાત સુધી વિચારતા રહેતા કે આવતીકાલે કયું બહાનું કાઢીશું. સ્કૂલમાં પણ આ લોકો તેમની ચીઠી એટલી સાચવીને રાખતા કે કોઈ જાણી ન જાય અને તેનો ફરીથી ઉપયોગ પણ ન કરી શકે.

સ્કૂલમાં મોડા આવવાનો ક્રમ ચાલુ જ હતો. તેવી જ રીતે ખોટી ચીઠીઓ જમા કરાવવાનો પણ ક્રમ યથાવત્ હતો. આ બધાની વચ્ચે કેટલાક સાચા કેસ પણ જોવા મળતા. આવા સમયે તમારો કેસ સાચો હોવા છતાં રજાનું કારણ સાબિત કરવાનું વ્યર્થ રહેતું.

તેમાં એક દિવસ અમારા ક્લાસે ઈતિહાસ સર્જ્યો. શિયાળામાં પહેલી વખત ક્લાસમાં બધા જ હાજર હતા.

આવું ક્યારેક ક્યારેક બની જતું તેવું નહોતું. આ ઐતિહાસિક કાર્ય પાછળ

નક્કર કારણ હતું.

તે દિવસે શુક્રવાર હતો અને પહેલો પિરિયડ બાયૉલૉજીનો હતો. વૃક્ષો અને વનસ્પતિઓના વિશ્વથી કંટાળવાનો અંત આવ્યો હતો. તે દિવસે અમે પ્રાણીઓના વિશ્વમાં પ્રવેશ કરવાના હતા. તે દિવસે અમે નવું ચેપ્ટર ૧૦ – રિપ્રોડક્શન શરૂ કરવાના હતા.

જે દિવસથી સ્કૂલ ચાલુ થઈને પુસ્તકો આવી ગયાં ત્યારથી અત્યાર સુધીમાં બાયૉલૉજીનું પુસ્તક સૌથી વધારે વંચાતું હતું. તેમાંય આ ચેપ્ટર માટે ખાસ પાના ઉથલાવવામાં આવતા હતા. ઘણી વખત સ્કૂલમાં અને ઘરમાં પણ એકાંતમાં હું આ પુસ્તકનું દસમું ચેપ્ટર ખોલતો અને ખાસ કરીને પેલું પાનું ખોલતો જેમાં પુરુષ અને સ્ત્રીનું નગ્ન ચિત્ર આપવામાં આવ્યું હતું. જ્યારે મેં પહેલી જ વખત મારા પુસ્તકમાં આવું જોયું તો મને મારા પર વિશ્વાસ નહોતો આવતો. તે મારો પહેલો જ અનુભવ હતો જેમાં હું લાઇફ સાઇઝના પુરુષ અને સ્ત્રીના પોસ્ટર જોતો હતો અને તે પણ કપડાં પહેર્યાં વગરના. તે સમયે મને સખત આઘાત લાગ્યો હતો. ભલે તે મારા અભ્યાસનું પુસ્તક હતું છતાં મને એમ થતું હતું કે મારાં મમ્મી-પપ્પા જોઈ જશે તો મારા વિશે શું વિચારશે, કે હું સ્કૂલમાં આવું ભણવા જઉં છું. આ ભયના કારણે જ હું ઘરમાં આ પુસ્તકને ચોપડીઓના ખાનામાં સૌથી નીચે મૂકતો જેથી તેને કોઈ લેવાનું વિચારે નહીં અથવા લઈ શકે નહીં.

સામાન્ય રીતે પ્રાર્થના પૂરી થયા પછી વિદ્યાર્થીઓ પહેલા પિરિયડમાં જવાના બદલે પાણી પીવા જતા અથવા ટૉઈલેટ જતાં પણ તે દિવસે કોઈ આઘુંપાછું થયું નહીં અને બધા સીધા જ ક્લાસમાં ગોઠવાઈ ગયા. ત્યાર પછી અમે બે ભાગમાં વહેંચાઈ ગયા – છોકરાઓ અને છોકરીઓ.

તે વખતે ક્લાસમાં સખત ઉત્સાહ અને ગણગણાટ જણાતો હતો, ખાસ કરીને પાછલી પાટલીઓમાં વધારે, કારણ કે અમે લોકો પાછળ બેઠા બેઠા એકબીજાને જોક્સ કહી રહ્યા હતા. ગણગણાટ અને હસવાનો અવાજ માત્ર છોકરાઓ તરફથી આવતો હતો, જ્યારે છોકરીઓ શાંત હતી અથવા તો દેખાવ કરી રહી હતી અને અમારી સામે મોઢું બગાડી રહી હતી. તે એવું સાબિત

કરવા માગતી હતી કે અમે લોકો સામાન્ય બાબતને પણ વધારે પડતા ઉત્સાહથી લઈએ છીએ. અમને પણ આંતરિક રીતે તો ખબર જ હતી કે તેઓ પણ એટલી જ ઉત્સાહિત હતી માત્ર બનાવટ કરી રહી હતી. કેવા બેવડા ધોરણો અપનાવતી હતી ?

એક તબક્કો જ્યારે એવો આવ્યો કે અમારા સ્ત્રી અને પુરુષના ગુપ્તભાગ અંગે પણ બોલવાનું આવે ત્યારે અમે જાહેરમાં મર્યાદા રાખવા કોડવર્ડનો ઉપયોગ કરતા. આ કામમાં ક્રિયેટિવિટી અને કલ્પનાઓ તેની ટોચ પર હતી અને અમે સ્ત્રી અને પુરુષના દરેક અંગના નામ તેની સાથે સમાનતા ધરાવતા ફળોના નામ પ્રમાણે રાખી દીધા હતા. એક તબક્કો એવો આવ્યો કે પુસ્તકમાં રહેલું તે પેજ બોડી પાર્ટ નહીં પણ ફ્રૂટની દુકાન હોય તેમ લાગતું હતું. જ્યારે આ ચેપ્ટર પૂરું થયું ત્યારે અમે ફોટામાં રહેલા બંનેને નામ આપી દીધા. અમારા નગરના જાણીતા નામ પરથી પુરુષને ચિંટુ અને સ્ત્રીને બબલી નામ આપી દીધું.

આ પાગલપન ચાલુ જ હતું. કેટલાક ઉત્સાહી જીવો પોતાની નોટના પાછળના પાના પર વિચિત્ર ચિત્રો દોરતા અને પછી તે પાનું ફાડીને બાકીનાને બતાવતા. લોકો તેની કારીગરી જોઈને પ્રતિભાવ પણ આપતા. હું પણ તેમાં જ સ્થાન ધરાવતો હતો. એક વખત જ્યારે મારું દોરેલું ચિત્ર સુશીલ પાસે ગયું તો તે જોઈને તે ઉત્સાહમાં આવીં ગયો અને બોલ્યો, 'ઓહ, બેટા, ગઝબ બનાયા હૈ બે તુ તો.' (અરે યાર, તેં તો જબરદસ્ત બનાવ્યું છે.)

તે સમયે મારું ધ્યાન ભાવના તરફ ગયું. તે મારી સામે જ જોઈ રહી હતી. મને તેના પ્રત્યે કુણી લાગણી હતી અને હું તેને કાયમ મારી બહેનની જેમ જ રાખતો હતો. તે ગુસ્સાથી મારી સામે જોઈ રહી હતી અને બોલી, 'તુ ભી ઉનકી તરહ બન ગયા હૈ ના રવિન્દર ?' (તું પણ એમના જેવો થઈ ગયો છે નહીં રવિન્દર ?)

હું કંઈ બોલ્યો નહીં. મને શરમ આવી એટલે હું ત્યાંથી અટકી ગયો. મારી પાસે કોઈ ખુલાસો નહોતો. જો કે આ ગુનાની લાગણી ગણતરીની મિનિટો માટે જ હતી. મેં મારી આસપાસ નજર કરી તો બધા જ મારી જેમ રિપ્રોડક્શનનો પાઠ ભણીને ઉત્સાહિત જણાતા હતા.

એવામાં પાછળથી કોઈએ બૂમ મારી કે નંદુ ક્યાંકથી કોન્વેન્ટ સ્કૂલની બાયોલૉજીની બુક લઈ આવ્યો છે જેમાં બધા અંગોનાં ચિત્રો અલગ કરીને ક્લોઝઅપમાં બતાવ્યા છે. આ બધું જ આપણા પુસ્તકમાં નહોતું.

મારાથી રહેવાયું નહીં. આ એવી વાત હતી કે ઉત્સાહ રોકી શકાય તેમ નહોતો. મેં પહેલાં પાછળ જોયું અને પછી ભાવના સામે જોયું. અડધી મિનિટ પહેલાં તો હું વિચારતો હતો કે મારી જાતને ભાવનાની નજરમાં કેવી રીતે ઉઠાવવી. પાછલી બેંચ પર બેસનારે જે જાહેરાત કરી હતી તે સાંભળ્યા પછી મારું મન બદલાઈ ગયું. હું ભાવના સામે જોયા વગર કે તેના સવાલનો જવાબ આપવાની ચિંતા કર્યા વગર જ પાછલી બેંચ તરફ દોડી ગયો. હું પણ બાકીનાની જેમ તે પુસ્તકમાં આપેલા ક્લોઝઅપ જોવા મથતો રહ્યો. બધા એકબીજાના હાથમાંથી પુસ્તક ખેંચી રહ્યા હતા. મને ખાતરી હતી કે કોઈને આખું ચિત્ર જ જોવા મળ્યું નહીં હોય.

એકાએક આ બધી જ મસ્તી, મજાક, જોક્સ અને હસવાના અવાજો શમી ગયાં. બાયોલૉજીના મેમ આવી ગયાં હતાં. તેમણે બહારથી જ શોરબકોરનો અવાજ સાંભળ્યો હતો છતાં તેઓ અંદર આવીને શાંત રહ્યાં.

જેવો અવાજ શાંત થયો કે તે એક ઠસ્સા સાથે પોતાની ખુરશી પાસે ગયા. તેઓ મોટાભાગે તેવું કરતા હતા. આખી સ્કૂલમાં તે સૌથી સરસ દેખાતા ટીચર હતા. તે લગભગ તેમની પચ્ચીસી વટાવી ગયા હોય તેટલા લાગતા હતા. અમને એ પણ ખ્યાલ હતો કે તેમના લગ્ન નથી થયા. તેઓ જ્યારે મરુન કલરના ડ્રેસ અને ચૂડીદારમાં આવતા અને તેમાંય મેચિંગની બંગડી અને સેન્ડલ પહેરેલા હોય ત્યારે ખૂબ જ સરસ દેખાતાં હતાં. તેઓ ખુરશીમાં ગોઠવાયાં અને પછી રજિસ્ટર ખોલીને હાજરી ભરવા લાગ્યા.

તે દિવસે દરેક રોલ નંબરની પાછળ 'યસ ટીચર' અથવા તો 'પ્રેઝન્ટ મેમ' એવું જ આવતું હતું. તેઓ જ્યારે છેલ્લાં નંબર પર આવ્યાં ત્યારે તેમના ચહેરા પર આછું સ્મિત રેલાઈ ગયું. એમ લાગતું હતું કે ગયા વર્ષની જેમ આ વર્ષે પણ સો ટકા હાજરી હતી.

આ બધું જ ચેપ્ટર દસની તાકાતના કારણે થયું હતું.

હાજરીનું કામ પૂરું થતાની સાથે જ મેડમે હાથમાં ચોક લીધો. ક્લાસમાં પીનડ્રોપ સાઈલેન્સ (નિરવ શાંતિ) હતી. છોકરાઓને ઉત્સાહનો ડૂમો ભરાયેલો હતો અને તેના કારણે શ્વાસ અધ્ધર થઈ ગયો હતો. ક્લાસના મોનિટર દ્વારા સરસ રીતે સાફ કરાયેલા બ્લૅકબૉર્ડ પર તે ચોકથી લખવા આમતેમ જઈ રહ્યાં હતાં ત્યારે માત્ર તેમના સેન્ડલનો અવાજ આવતો હતો. તેમણે ચોકથી બૉર્ડ પર લખ્યું,

રિ-પ્રો-ડ-ક્શ-ન.

... તેમણે તેમના મરોડદાર અક્ષરોથી બૉર્ડ પર લખી નાખ્યું. તેમના દ્વારા લખવામાં આવેલા દરેક શબ્દના અવાજ સાથે અમારા મનમાં રહેલી ઉત્તેજના પણ તેની પરાકાષ્ઠા સુધી પહોંચી ગઈ હતી. છોકરીઓ માટે તો તે અન્ય ચેપ્ટરની જેમ જ હતું તેથી તેઓ નોટ્સ લખવા માટે તૈયાર થઈ ગઈ. અમારા છોકરાઓ માટે તો તે સવારની પ્રાર્થના પછી તરત જ એડલ્ટ મૂવી જોવા જેવી લાગણી હતી. અમે એકબીજા તરફ જોયું અને કપટી રીતે એકબીજા સામે હસ્યા. છોકરીઓમાં આ બધું કરવાની તાકાત નહોતી તેથી તેઓ માત્ર બ્લૅકબૉર્ડ સામે જોઈ રહી હતી.

બાયૉલૉજીના મેડમે પાઠ શરૂ કર્યો. પાંચ મિનિટ પસાર થઈ...

પછી દસ, વીસ અને ત્રીસ.

ત્રીસ મિનિટ્સ.

તેમાં કશું જ મજેદાર બન્યું નહીં, કશું જ નહીં.

અમારી લાગણીઓ સંતોષાઈ નહીં તેથી અમે દુઃખી થઈ ગયા. અમારી ઈચ્છા હતી કે ટીચર શરીરના અંગો વિશે જણાવે, તેની જગ્યાએ તેઓ શરીરના અંગોની અંદર કંઈક શોધી રહ્યા હતા, પેલા કોષો અને જિન્સની પાછળ પડ્યા હતા. તે પરિણામો અને પ્રક્રિયા વિશે વાત કરી રહ્યાં હતાં. અમે અધ્ધર શ્વાસે રાહ જોઈ રહ્યા હતા કે તે રીપ્રોડક્શનની જોઈ શકાય તેવી બાહ્ય પ્રક્રિયા વિશે સમજાવે. ગમે તે કારણ હોય પણ તે જોઈ ન શકાય તેવી આંતરિક કામગીરીમાં જ અટવાયેલાં હતાં. અમે પ્રક્રિયાની સપાટી પર રહીને મજા માણવા માગતા હતા જ્યારે તે ઉંડાણમાં જતા રહ્યાં હતાં.

લાઇક ઈટ હેપ્નૂડ યસ્ટરડે

'જ્યારે પિતાના એક્સ રંગસૂત્રો માતાના એક્સ રંગસૂત્રો સાથે ભેગા થાય છે ત્યારે છોકરીનો જન્મ થાય છે. 'તે બોલતા જતાં હતાં. તેમણે પછી ઉમેર્યું, 'જ્યારે પિતાના વાય રંગસૂત્રો માતાના એક્સ રંગસૂત્રો સાથે ભેગા થાય છે ત્યારે છોકરાનો જન્મ થાય છે.'

તે અનેક વખત આ વાત બોલી ગયાં અને અંતે ક્લાસની સામે જોઈને બોલ્યાં, તો આ બાબત શું રજૂ કરે છે?

તેમણે આખા ક્લાસમાં ડાબેથી જમણી તરફ નજર ફેરવી કે કોઈ બહાદુર બચ્ચો આ વાતનો જવાબ આપશે. છોકરાઓ તરફ તો લગભગ મૂંઝવણભરી શાંતિ પ્રસરી ગઈ હતી. એમ લાગતું હતું કે અમે છેતરાઈ રહ્યા છીએ અને હમણાં તેના કારણે ભાંગી પડીશું.

તમારી પાસે આના કરતા વધારે રસપ્રદ બાબત નથી ભણાવવા માટે, સુશીલે અકળામણ સાથે ગણગણાટ કર્યો.

સુશીલ અગ્રવાલ, અમારા ક્લાસનો છેલ્લી બેંચ પર બેસતો સૌથી તોફાન છોકરો. આ વાતમાં કોઈ શંકા જ નહોતી અને અમારા ક્લાસે તથા સુશીલે આ વાતને સારી રીતે સ્વીકારી લીધી હતી. તેનાં તોફાનોના કારણે છોકરીઓને તે ગમતો નહીં, તેની હિંમત અને મજાક કરવાની આવડતના કારણે છોકરાઓ તેને પસંદ કરતા હતા. તે દિવસે નસીબે કે કમનસીબે હું તેની બાજુમાં બેઠો હતો.

'ત્યાં શું ચાલી રહ્યું છે?' ટીચરે અમારા તરફ ડસ્ટર ચીંધતા પૂછ્યું.

ત્યાંથી કોઈએ જવાબ આપ્યો નહીં પણ અમે બધાએ હસવાનું બંધ કરી દીધું.

બીજી જ ક્ષણે અર્ચના, કે જે ક્લાસમાં પહેલા નંબરે આવે છે તેણે આ સવાલનો જવાબ આપવા માટે હાથ ઊંચો કરીને ટીચરનું ધ્યાન પોતાના તરફ ખેંચી લીધું.

હા, અર્ચના? ટીચરે તેને જવાબ આપવા કહ્યું.

'તેનો સીધો અર્થ એ થયો કે સંતાન છોકરો છે કે છોકરી તેની માતા સાથે કોઈ લેવાદેવા નથી. તેનો બધો જ આધાર પિતાના રંગસૂત્રો પર છે.'

જવાબ આપીને તે ત્યાં જ ઊભી રહી, કદાચ મેડમ તેના વખાણ કરે તે સાંભળવા માટે.

બીજી ક્ષણે તેવું બન્યું પણ ખરું. 'ખૂબ સરસ અર્ચના, પણ અભણ લોકો ખાસ કરીને ગામડામાં બાળકની જાતિ માટે માતાનો દોષ કાઢે છે. સારું બેસી જા.'

અમને આ સંશોધનમાં કંઈ આકર્ષક ન લાગ્યું.

અરે શું યાર, એક્સ અને વાય, અહીં પણ? બાયૉલૉજીનો ક્લાસ છે કે બીજગણિતનો? સુશીલ ફરીથી કંટાળા સાથે બોલ્યો.

ખરેખર સુશીલ... તો પછી કંઈક કર. અમે તેને પ્રોત્સાહન આપતા હતા જેથી થોડો આનંદ મળે.

તેથી તેણે લેક્ચરને વચ્ચે જ અટકાવતા હાથ ઊંચો કર્યો. તેણે કહ્યું કે તેને એક પ્રશ્ન છે, જો કે તેવું ભાગ્યે જ બનતું. અમે આતુરતાથી સાંભળતા હતા.

હા સુશીલ? મેડમે તેને પ્રશ્ન પૂછવાની રજા આપી.

સુશીલ ઊભો થયો, તેના પેન્ટનો બેલ્ટ અને ટીશર્ટ સરખા કર્યા. તેણે ધીમે ધીમે હસવાનો પ્રયાસ કર્યો પણ અંતે બેશરમ બનીને હસતા હસતા સવાલ કર્યો. તેના કારણે ક્લાસમાં બધાને ખ્યાલ આવી ગયો કે તે કેવા સવાલ કરશે.

'મેમ, કેવી રીતે અને ક્યારે પિતાનો એક્સ માતાના એક્સને મળે છે?'

માસ્ટર સ્ટ્રોક હતો.

આ સવાલ કરવાની સુશીલની હિંમતથી અમને તેના પ્રત્યે માન થયું. છોકરાઓની સાઇડમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. અમે અવાજ ધીમો કરવા પ્રયાસ કર્યો પણ તે ખરેખર અઘરું હતું. પાછલી બેન્ચ પર બેસનારાઓએ તેના સવાલને વધાવી લીધો.

છોકરીઓના વિભાગમાં, ઓહ શીટ, ઓહ ગૉડ જેવા અવાજો નીકળ્યા અને શરમના કારણે પણ તેઓ ધીમે ધીમે હસતી હતી. તેમને કદાચ ટીચરની દયા આવતી હશે.

ક્લાસમાં માત્ર એક જ વ્યક્તિ એવી હતી જેને હસવું નહોતું આવતું

અથવા તો રોકી રાખ્યું હતું અને તે હતા બાયૉલૉજીના મેડમ. ક્લાસમાં શાંતિ જળવાય તે માટે તેમણે પૂરતા પ્રયાસ કર્યો અને બૂમ મારી 'સાઇલન્સ.'

તેના કારણે લગભગ અડધો ક્લાસ તો શાંત થઈ ગયો પણ પછી તેમણે ત્રણ વખત ડસ્ટર ટેબલ પર પછાડ્યું તેના કારણે બાકીના બધા પણ શાંત થઈ ગયા. બધા શાંત થઈ ગયા એટલે તેમને થોડી રાહત થઈ અને તેમને આત્મવિશ્વાસ પણ વધ્યો હોય તેમ તે જવાબ આપવા ફર્યાં.

બાયોલોજીના મેડમે સીધા તેની આંખમાં જોઈને કહ્યું, જ્યારે પુરુષનું વીર્ય સ્ત્રીના ઈંડાના સંપર્કમાં આવે છે ત્યારે એક્સ અથવા વાય રંગસૂત્રો સ્ત્રીના એક્સને મળે છે. સમજી ગયો? તેમણે ચકાસણી કરી.

આવા અણધાર્યા જવાબથી સુશીલ કંઈ નક્કી ન કરી શક્યો કે તેનું માથું ઉપર-નીચે હલાવવું કે ડાબે-જમણે. તેથી અમારો હીરો માથું બધી દિશામાં ફરેવીને બેસી ગયો.

મેડમ જેવા બ્લૅકબૉર્ડ તરફ વળ્યાં કે અમે બધા સુશીલ તરફ જોવા લાગ્યા. બધાના ચહેરા પર હાસ્ય હતું. અમે તેને થમ્બ્સ-અપ કરીને બિરદાવી રહ્યા હતા.

જો કે સુશીલને અમારા વખાણમાં રસ નહોતો. તે વિચારી રહ્યો હતો કે મેં કેટલો રસપ્રદ સવાલ કર્યો અને ટીચરે તેનો કેવો બોરિંગ જવાબ આપ્યો.

તેણે અમારી સામે જોયું અને પોતાની હથેળી કપાળે પછાડી પાછો બોલ્યો, યે ક્યા બોલે જા રહી હૈ?

ત્યાં જ પાછળ બેઠેલું કોઈક બોલ્યું કે, તે સરળતાથી કહી કેમ નથી દેતી કે જ્યારે પુરુષ અને સ્ત્રી સેક્સ કરે ત્યારે?

ઔર નહીં તો ક્યા? સુશીલ બોલ્યો.

અમે બધા આ રોચક શબ્દો સાંભળવા માગતા જ્યારે જવાબમાં નોન સેક્સ એટલે કે સાવ નીરસ વાક્યો આવી રહ્યાં હતાં. એવું નહોતું કે આ શબ્દો અમે ક્યારેય સાંભળ્યા નહોતા કે બોલ્યા નહોતા પણ અમારા જ ક્લાસમાં અને અમારા જ ટીચરના મોઢેથી આ શબ્દો સાંભળવા મળે તે કંઈક અલગ જ હતું. અડધો કલાક પહેલાં અમને એમ હતું કે આજે તે સમજાવશે કે સેક્સ કેવી રીતે

થાય છે. તે રીપ્રોડક્શન માટેના અંગોની વાત કરશે જેમાંનું એક તેમની પાસે હતું અને બીજું અમારી પાસે હતું. ટૂંકમાં કહીએ તો અમને એમ હતું કે આજે પોર્ન સાંભળવા મળશે, પણ તેઓ તેની આસપાસ પણ ફરક્યા નહીં.

... અને આ રીતે સ્ત્રીના શરીરમાં સંતાનની ઉત્પત્તિ થાય છે. આટલું બોલીને તેમણે પોતાનું લેક્ચર પૂરું કર્યું.

'વાહ, સ્ત્રી ગર્ભવતી થઈ ગઈ ત્યાં સુધી સેક્સનો ક્યાંય ઉલ્લેખ જ ન આવ્યો. તે શું બનાવી રહી હતી, ટેસ્ટ-ટ્યૂબ બેબી?' મેં અકળાઈને સુશીલને ધીમેથી કહ્યું.

મારી આસપાસ બેઠેલા પણ આ સાંભળી ગયા અને હસવા લાગ્યા.

લેક્ચર પૂરું થવામાં દસ મિનિટ બાકી હતી. આ સમય મોટાભાગે પ્રશ્નોત્તરીનો રહેતો. આ વિષયની ગંભીરતા અને સુશીલ જેવાની હાજરીના કારણે બાયૉલૉજીના મેડમે નક્કી કર્યું કે કોઈને પૂછવું જ નથી કે તમને કોઈ પ્રશ્ન કે સમસ્યા જેવું છે. તેથી તેમણે આખા ક્લાસને એક વખત જાતે પાઠનું અવલોકન કરવા કહી દીધું.

અમે ફરીથી સુશીલ સામે જોયું અને કહ્યું કે તેણે બાકીના સમયનો સદુપયોગ કરતા હજી એક પ્રશ્ન પૂછવો જોઈએ. તેણે ના પાડી દીધી.

બધાએ તેના તરફ ચીઠીઓ અને ચોકના ટુકડા ફેંકવાનું શરૂ કર્યું. તે પોતાને બચાવતો રહ્યો. તેણે કંટાળીને પાછળ જોઈને કહ્યું, ભાગ સાલા મેં નહીં પૂછુંગા.

અરે એક વખત તો ટ્રાય કર, તેના મોઢે કંઈક તો બોલાવ યાર. ટોળામાંથી કોઈએ કહ્યું.

હા, અરે હા, તું તે કરી શકે છે. બધાએ તેને ચાનક ચઢાવી. અમે તેને રોકસ્ટારની જેમ પ્રોત્સાહિત કરી રહ્યા હતા.

આ બધા જ તુક્કા કામ કરી ગયા અને તે આખરે સવાલ પૂછવા તૈયાર થયો.

મેડમ, એક મૂંઝવણ છે. સુશીલે હાથ ઊંચો કરીને કહ્યું.

છોકરાઓને સુશીલ પાસેથી ઘણી અપેક્ષાઓ હતી. છોકરીઓને તો એમ થયું હશે કે ક્લાસમાંથી ભાગી જઈએ અથવા તો સ્કૂલબૅગમાં જ સમાઈ જઈએ.

તેમને ખરેખર હવે શરમ આવતી હતી. મેડમે પણ તેમની ઘડિયાળ સામે જોયું. તેમને એમ થતું હશે કે બેલ વાગે તો સારું. જો કે ભગવાન અમારી સાઇડ હતા.

હા ? તેમણે અવાજ સરખો કરતા કહ્યું અને ગુસ્સે થઈને આગળ બોલ્યા, બીજા કોઈને પ્રશ્ન છે કોઈ.

મેમ, મને ખ્યાલ ન આવ્યો કે પુરુષનું વીર્ય સ્ત્રીના શરીરમાં જાય કેવી રીતે. તેણે ખૂબ જ નિર્દોષ ચહેરે સવાલ કરી દીધો, જાણે કે તેને ખરેખર ખબર ન હોય.

આખા ક્લાસમાં એક જ અવાજ આવ્યો, 'હુઉઉઉઉઉ....'

આ ચેકમેટ હતું. મેડમ પાસે નવી ચાલ ચાલવાનો કોઈ રસ્તો જ નહોતો. હવે તેમણે 'સેક્સ'નો ઉલ્લેખ કરવો જ પડશે જે સાંભળવા માટે અમે પિરિયડ શરૂ થયો ત્યારથી તલસતા હતા.

ક્લાસમાં ફરી એક વખત ઉત્તેજના ફેલાઈ ગઈ. છોકરીઓ પાસે પણ કોઈ વિકલ્પ નહોતો તેથી તેમણે પણ છોકરાઓની માનસિકતા આગળ નમતું જોખવું પડ્યું. તેમ છતાં સુશીલનો સીધો જ સવાલ તેમના માટે પચાવવો થોડો કપરો હતો. પહેલાં તો એમ થયું કે પાછળની બેંચ પર બેઠેલા છોકરાઓ સુશીલની બહાદુરીને બિરદાવવા તાળીઓ પાડશે પણ મેડમ શું જવાબ આપે છે તે સાંભળવા માટે તે આયોજનને પડતું મુકાયું.

બાયૉલૉજીના મેડમ થોડાક અકળાયેલાં અને મૂંઝવણમાં જણાતાં હતાં. તેમને થોડો ક્ષોભ થતો હતો પણ તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. તે ગુસ્સા સાથે ઊભાં થયાં અને બાકીના સામે જોઈને બોલ્યાં, બીજા કોઈને કોઈ પ્રશ્ન છે ?

ક્લાસ એકદમ શાંત હતા. કોઈનામાં કંઈપણ બોલવાની હિંમત નહોતી.

સારું, તો પછી હું સુશીલના પ્રશ્નનો જવાબ આપી દઉં. છોકરા અને છોકરીઓના વિભાગની વચ્ચે આવીને બે હાથે અદબ વાળીને બોલ્યા.

સુશીલ આંખો પટપટાવતો તેમની સામે જોઈ રહ્યો હતો.

મેડમ બોલ્યાં, 'જ્યારે પુરુષનું પ્રજનન અંગ સ્ત્રીના પ્રજનન અંગમાં જાય છે ત્યારે.'

સમગ્ર પિરિયડ દરમિયાન આ શ્રેષ્ઠ વાક્ય તેમના તરફથી બોલાયું હતું. અમે કંઈ જ બોલ્યા નહીં. તેઓ જે બોલ્યા તેને માત્ર ખુશ થઈને સાંભળતા હતા અને ઇચ્છતા હતા કે હજી કંઈક વધારે આવે.

ટીચરે સુશીલ પર નજર ટેકવી. તે જાણવા માગતા હતા કે સુશીલ હવે કહે છે કે તેની મૂંઝવણ દૂર થઈ ગઈ કે નહીં, પણ સુશીલ કંઈ જ બોલ્યો નહીં. તેથી તેઓ આગળ વધ્યા, 'સ્ત્રી અને પુરુષ વચ્ચેની આ શારીરિક પ્રક્રિયાને સેક્સ માણ્યું કહેવાય છે. તારે આ જ સાંભળવું હતું ને?'

અમારા માટે તો તે અદ્ભુત ક્ષણ હતી. ચોથા ભાગના છોકરાઓ તો માત્ર વાત સાંભળીને ચરમસીમાએ પહોંચી ગયા હતા.

મેડમ એક મિનિટ માટે અટક્યાં અને પાછાં બોલ્યાં, 'આપણે બધાં આપણાં મા-બાપ દ્વારા આ રીતે જ આવ્યાં છીએ. સુશીલ તું પણ આવી રીતે જ આવ્યો છે. વર્ષો પછી આપણી આગામી પેઢી પણ આવી રીતે જ જન્મ લેશે. તેના પછી તેમનાં સંતાનો પણ.'

હવે તે રાહ જોઈ રહ્યા હતા કે સુશીલ તેમનો જવાબ સમજીને કોઈ પ્રતિક્રિયા આપે પણ સુશીલ સાવ ડઘાઈ ગયો હતો. તેને અપેક્ષા જ નહોતી કે ટીચર આવો જવાબ આપશે. તેને એ પણ ખ્યાલ નહોતો આવતો કે ટીચરે સંપૂર્ણ જવાબ આપી દીધો કે હજી આપવાનો બાકી છે. લગભગ દસ સેકન્ડ પસાર થઈ હશે, તેને ખાતરી થઈ ગઈ કે ટીચર હવે આગળ કશું કહેશે નહીં તેથી તેણે મૂંઝવણમાં જ જવાબ વાળ્યો, ઓહ... ઓકે... ઓકે...

આટલું બોલીને તે બેસી ગયો અને અમારા મનોરંજનનો અંત આવ્યો.

બેલ વાગ્યો અને 'ઓહ નો' ક્લાસમાંથી એક જ અવાજ આવ્યો. મેડમે તરત જ પોતાની બૅગ પુસ્તકો અને રજિસ્ટર હાથમાં લીધા અને ક્લાસમાંથી બહાર નીકળી ગયા.

પાઠ પૂરો થયા પછી જે એક્સરસાઇઝ છે તે હોમવર્કમાં કરી નાખજો અને આવતા પિરિયડમાં આપણે ચેપ્ટર ૧૧ વિશે ચર્ચા કરીશું, જતાં જતાં આટલું બોલતાં ગયાં.

અમે તરત જ ચોપડીનાં પાનાં ફેરવ્યાં અને ચેક કરવા લાગ્યા કે ૧૧મા

ચેપ્ટરમાં શું છે.

સુશીલ પાછળ ફર્યો અને બોલ્યો, હવેનું ચેપ્ટર સેક્સ્યુઅલી ટ્રાન્સમીટેડ ડિસીઝ વિશે છે. તેમાં કોન્ડોમની વાત છે, જુઓ પાના નંબર ૮૦ અને સાતમી લાઇન.

અમારા બધાના મનમાં ફરીથી વિકૃત આનંદ મેળવવાની ઝંખના જાગી.

તે જન્માષ્ટમીની સાંજ હતી. લગભગ અડધી રાત થવા આવી ત્યારે હું મારા મિત્રો સાથે બુર્લામાં આવેલા કૃષ્ણ મંદિરમાં હતો.

અમારી આસપાસ અનેક શ્રદ્ધાળુઓ હતા. બધા લોકો મંદિર પરિસરમાં પલાઠીવાળીને બેઠા હતા. હું અને મારા મિત્રો અને અન્ય કેટલાંક બાળકો સાથે છેલ્લી લાઇનમાં બેઠાં હતાં. અમે લોકો અહીંયા માત્ર ખીર અને અન્ય પ્રસાદ ખાવા માટે જ આવતા હતા. આ રીતે અડધી રાતે ઘરથી દૂર મિત્રો સાથે ફરવાની મજા કંઈક અલગ જ હતી.

તે સમયે ગવાતાં ભજનો અને મંત્રોચ્ચાર તથા મંદિરના ઘંટના અવાજ આજે પણ મારા કાનમાં સંભળાય છે. લોકોનો શેરબકોર તેમાં વધારો કરતો હતો. આ બધા અવાજથી અમને કોઈ અસર થતી નહોતી. અમે લોકો એકબીજાને જોક્સ કહેવામાં અને એકબીજાની મજાક ઉડાવવામાં વ્યસ્ત હતા. સમયાંતરે પંડિતજી અમને શાંત રહેવા જણાવતા હતા. તે સૂચના આપે એટલે અમે થોડી મિનિટો માટે શાંત થઈ જતા અને ફરીથી શોરબકોર શરૂ કરી દેતા.

ચોથી વખત તો તેમણે વિનંતી ન કરી પણ અમને બધાને આગળ આવવા આદેશ આપી દીધો. અમે બધા આગળ આવતા હતા અને લોકો અમારી સામે જોઈ રહ્યા હતા. અમને અપમાન થતું હોય તેમ લાગતું હતું, જો ખીરની લાલચ ન હોત તો ક્યારનાય ત્યાંથી જતા રહ્યા હોત. અમે બધા એક પછી એક આગળ આવ્યા અને પંડિતજીને સામે આવીને પહેલી હરોળમાં બેસી ગયા. આગળ બેઠા પછી પંડિતજી જે પૌરાણિક કથા કહેતા હતા તે સાંભળવા સિવાય અમારી પાસે કોઈ વિકલ્પ નહોતો. તે દ્વાપર યુગની વાત કરતા હતા.

લાઇક ઈટ હેપ્ન્ડ યસ્ટરડે

પંડિતજી ભગવાન કૃષ્ણના જન્મની વાત કરતા હતા. તેમણે જણાવ્યું કે જેવા દેવકીના વાસુદેવ સાથે લગ્ન થયા કે દેવકીના ભાઈ કંસને આકાશવાણી સંભળાઈ. આકાશમાં આવેલાં વાદળોની પાછળથી કોઈ રહસ્યમયી અવાજ આવતો હતો. જેણે કહ્યું કે દેવકી અને વાસુદેવનું આઠમું સંતાન કંસને મારી નાખશે. મૃત્યુની વાત સાંભળી ગભરાયેલા કંસે બંનેને કારાગારમાં ધકેલી દીધાં.

કથા આગળ વધતી જતી હતી. કંસ દ્વારા દેવકીના પહેલાં છ સંતાનોની હત્યાની વાત કર્યા પછી પંડિતજીએ અંતે કૃષ્ણના જન્મની વાત કરી. આ રીતે તે ભવ્ય રાત આવી. વાત પૂરી કરતા પંડિતજી બોલ્યા કે આ રીતે કંસનો અત્યાચાર થવા છતાં ભગવાન કૃષ્ણનું પૃથ્વી પર અવતરણ થયું. બોલો ભગવાન કૃષ્ણની...

ત્યાં બેઠેલા તમામ લોકો બોલી ઊઠ્યા, જય...

તે વખતે ત્યાં હાજર હું અને મારા મિત્રોને કંઈક યાદ આવ્યું અને અમે બધા હસવા લાગ્યા. અમારા અવાજથી પંડિતજીને પણ ખ્યાલ આવ્યો કે અમે આગળ આવી ગયા છીએ, તેથી ગુસ્સાથી બોલ્યા શું છે બધાને.

અમારામાંથી એક જણે કહ્યું કે પંડિતજી તમે જે કથા કહી તે અંગે અમને એક પ્રશ્ન છે. પંડિતજી ખુશ થઈ ગયા કે અમે બધા તેમની વાત શાંતિથી અને ધ્યાનથી સાંભળતા હતા. તેમણે કહ્યું કે અત્યાર સુધી કથામાં ક્યારેય કોઈએ કહ્યું નથી કે તેમને પ્રશ્ન છે, પણ આજે આ બાળકો હોવા છતાં તેમને કથામાં કંઈક શંકા ગઈ અથવા તો મૂંઝવણ થઈ.

અમારી વચ્ચે કલબલાટ શરૂ થયો, તું પૂછ ના, નહીં, તું પૂછ ના.

પંડિતજીએ એકાએક મારા તરફ આંગળી ચીંધીને કહ્યું કે તું જણાવ શું પ્રશ્ન છે ? મેં મિત્રો સામે જોયું કે ખરેખર અમને જે પ્રશ્ન છે તે રજૂ કરવો જોઈએ કે નહીં. તેમણે હકારમાં માથું હલાવ્યું.

પંડિતજી ! જ્યારે કંસે આકાશવાણી સાંભળી તો પછી તેણે દેવકી અને વાસુદેવને જેલમાં શા માટે નાખી દીધા ? મેં કહ્યું.

વાહ, સરસ પ્રશ્ન છે બેટા. તારો કહેવાનો અર્થ એ છે કે કંસે તે બંનેને મારી કેમ ન નાખ્યા જેથી આગળ તેના જીવનને ખતરો ન આવે ? પંડિતજી

અલગ ટ્રેક પર જતા રહ્યા હતા અને તેમણે જાતે કરેલા અર્થઘટનનો જવાબ જાતે જ આપવા લાગ્યા હતા. '... સાંભળ બેટા, કંસને તેની બહેન દેવકી પ્રત્યે અપાર પ્રેમ હતો, તેથી તે તેને મારી ન શકે અને વાસુદેવને મારીને તે પોતાની બહેનને વિધવા બનાવવા પણ નહોતો માગતો. તેને એક ભય તો હતો જ કે વાસુદેવ અને દેવકીનું સંતાન જન્મ તો લેશે જ. તેથી તેણે તેમને જેલમાં બંધ કરી દીધા જેથી જેવું તેમનું સંતાન આ દુનિયામાં જન્મ લે કે તરત જ તે તેને મારી નાખે.'

ના, ના, પંડિતજી, મારે જે કહેવું છે તે તમે સમજ્યા નહીં. ખરેખર અમારે એ જાણવું છે કે, કંસને ખબર હતી કે દેવકી અને વાસુદેવના સંતાનથી તેના જીવનને ખતરો છે તો પછી તેણે બંનેને એક જ જેલમાં કેમ રાખ્યાં ? તમને ખ્યાલ આવ્યો હું શું કહેવા માગું છું, બંનેને સાથે એક જ જેલમાં કેમ રાખ્યાં ?

મેં મારા પ્રશ્નની સ્પષ્ટતા તો કરી દીધી પણ મને પછી ખ્યાલ આવ્યો કે તે સમયે માઇક મારી તરફ હતું અને ચાલુ જ હતું. તેના કારણે મારો અવાજ માઇકમાં થઈ તેના વાયરોમાં પસાર થતો થતો મંદિર પર લગાવેલા લાઉડ સ્પીકરમાંથી બહાર આવ્યો જે બે કિમી દૂર સુધી સ્પષ્ટ રીતે સાંભળી શકાય તેવો હતો.

અનેક લોકો આ સાંભળીને હસવા લાગ્યા અને કેટલાક તો અમારી આ બેશરમી, ખાસ કરીને મારી નફ્ફટાઈ અંગે વાતો કરવા લાગ્યા.

પંડિતજી મારી સામે શૂન્યમનસ્ક થઈને ઊભા હતા. તેમને સહેજ પણ કલ્પના નહોતી કે અમે તેમને ક્યાં લાવીને મૂકી દીધા. અમારી સહેજ પણ ઇચ્છા નહોતી કે તે અમારા પ્રશ્નનો જવાબ આપે, પણ અમે તેમને એટલો જ અનુભવ કરાવવા માગતા હતા કે અમને આગળ બેસાડીને તેમણે કેટલી મોટી ભૂલ કરી હતી.

એવામાં અમારામાંથી એકે બૂમ મારી, ખીર મીલની શુરૂ હો ગઈ હૈ... ચલો... ચલો...

અને અમે બધા ઊભા થઈને ભાગી ગયા.

૧૧
જુઓ અને જણાવો

એક દિવસ બપોરે રિસેસ દરમિયાન હું પાણી પીવા માટે ક્લાસમાંથી જતો હતો ત્યારે મેં જોયું કે ચાર છોકરાઓનું ટોળું ક્લાસમાં પાછળ ભેગું થયું હતું. ચારેય મારા ક્લાસના જ હતા, જેમાંથી બે સિનિયર હતા અને એક જુનિયર હતો જે તેનાં તોફાનોના કારણે સમગ્ર સ્કૂલમાં જાણીતો હતો. બધા ભેગા થઈને ગોળાકાર ઊભા હતા અને કંઈક જોઈ રહ્યા હતા. તે લોકો શું કરી રહ્યા છે તે જાણવાની જિજ્ઞાસા સાથે હું પણ ત્યાં ગયો.

તેમણે જેવો મારાં પગલાંનો અવાજ સાંભળ્યો કે મારી સામે જોયું અને પછી એકબીજા સામે જોઈને તેઓ જેનું નિરીક્ષણ કરી રહ્યા હતા તે સંતાડવા લાગ્યા. મેં ધ્યાનથી જોયું તો મને ખ્યાલ આવ્યો કે કોઈ મૅગેઝિનનું પેજ છે જેને તેઓ એકબીજાને આપી રહ્યા છે. પહેલાં તો તેઓ અવાજ કરતા હતા પણ જ્યારે હું તેમની નજીક પહોંચી ગયો કે તેઓ એકદમ શાંત થઈ ગયા. આ દશ્ય ખરેખર અસામાન્ય જ હતું.

મનોજ અને સુશીલ મારી સામે જોઈ રહ્યા હતા અને બાકીનાની હાજરી પણ જણાવતી હતી કે અહીં કશુંક શંકાસ્પદ ચાલી રહ્યું છે. મેં વધારે વાર ન કરી અને સુશીલને સવાલ કર્યો, ક્યા દેખ રહા હૈ તું? (શું જોઈ રહ્યો છે તું?)

હું રસપ્રદ જવાબની અપેક્ષા રાખી રહ્યો હતો.

'અબે કુછ નહીં સરદાર, ઐસે હી ટાઈમપાસ કર રહે થે?' (અરે કશું નહીં યાર, બસ એમ જ ટાઈમપાસ કરતા હતા.) મારી શંકાને દૂર કરવા તેણે કહ્યું.

જો કે જેવો હું તેમની એકદમ નજીક પહોંચ્યો કે તેમની બોડી લેંગ્વેજ સાવ બદલાઈ ગઈ.

સુશીલ નોનવેજ જોક્સ કહેતો હતો બસ, તેમાંથી એક જણો બોલ્યો.

ખરેખર? તો પછી મને પણ કહોને યાર. મેં ઉત્સાહ સાથે કહ્યું.

આ દરમિયાન હું તેમની ખૂબ જ નજીક આવી ગયો. મેં જોયું કે મનોજ બેંચ નીચે કંઈક છુપાવી રહ્યો છે.

શું છુપાવી રહ્યો છે?

જવા દે, દેવિન્દરે બૂમ મારી, કે જે અમારો સિનિયર હતો. તેણે ગુસ્સાથી મારી સામે જોયું.

હું પણ પાછો પડું તેમ નહોતો. આ મારો ક્લાસ છે. હું શું કામ બહાર જાઉં? મેં વળતો પ્રહાર કર્યો.

મારા પ્રહારથી છંછેડાઈને દેવિન્દર મારી સામે આવી ગયો. મારી આંખોમાં આંખો પરોવીને જોવા લાગ્યો. હું તેનાથી ગભરાયો નહીં. તેના કારણે મોટો ઝઘડો થવાની તૈયારી જ હતી.

જો કે સુશીલ વચ્ચે પડ્યો.

છોડ ને યાર, આપણો સારો મિત્ર છે. દેવિન્દરને અટકાવતા તે બોલ્યો.

બધા શાંત થયા એટલે સુશીલે મનોજને કહ્યું કે પેલું બહાર કાઢ.

મનોજ તેની સામે આશ્ચર્યથી જોઈ રહ્યો હતો. તેણે ભમરો ઊંચી કરીને પ્રશ્નપૂર્વક બાકીના સામે જોયું પણ સુશીલે હકારમાં માથું હલાવ્યું.

અંતે મનોજે ડેસ્કની નીચે હાથ નાખ્યો અને તે વસ્તુ બહાર કાઢી. જ્યારે તેના હાથમાં રહેલી વસ્તુ મેં જોઈ તો મને મારી આંખો પર વિશ્વાસ જ ન આવ્યો. તે ક્ષણે મારો પરિચય ડર્ટી મૅગેઝિનના વિશ્વ સાથે થયો. મારી સામે એક પોર્ન મૅગેઝિન પડ્યું હતું.

તે એક હિન્દી મૅગેઝિન હતું. તેના કવર પેજ પર લાલ અક્ષરમાં નામ લખ્યું હતું, 'મનોહર રાતે.'

તેની નીચે એક સુંદર યુવતી પોતાના પેટના ભાગે મખમલી બેડ પર પડેલી હતી. તેના શરીર પર વસ્ત્રો હતાં જ નહીં તેમ કહીએ તો પણ ચાલે. તેની પીઠ છેક નીચેના સુંવાળા વળાંકો સુધી ખુલ્લી જ હતી અને આખા ફોટામાં તે જ દશ્ય સૌથી વધારે આકર્ષક હતું. અર્ધપારદર્શન કાળા રંગનું કપડું તેના કમરથી નીચેના ભાગ પર હતું જે તેની જાંઘ સુધી પરાણે પહોંચતું હતું. તેના શરીર પર માત્ર આ જ કપડું હતું. તેણે પોતાના જમણા હાથમાં દાઢી ટેકવી હતી અને એક આંગળી મોઢામાં રાખીને ફોટોગ્રાફર સામે સિડક્ટિવ રીતે હસી રહી હતી.

'ઓહ માય ગૉડ,' ફાટી આંખે અને ખુલ્લા મોઢે હું બોલી ગયો. હું તેની સામે જ જોઈ રહ્યો હતો.

સુશીલ મારા હાવભાવ જોઈને હસ્યો. મને તેનાથી ખાસ ફેર પડ્યો નહીં. થોડીવાર રહી સુશીલે મારા ખભે હાથ મૂક્યો.

'ક્યા હો ગયા બે ?' (શું થઈ ગયું તને ?) એટલું બોલતા જ તે હસ્યો. બાકીના પણ તેની સાથે જોડાયા. બધાના હસવાના અવાજથી પેલા કવર પેજ પરના સુંદર વળાંકો પર કેન્દ્રીત થયેલું મારું ધ્યાન વિચલિત થયું. મને તરત જ ભાન થયું કે હું ક્લાસમાં ઊભો છું. મેં દરવાજા સામે જોયું અને ગળામાં ભરાયેલો ડૂમો હળવેથી નીચે ઉતારી ગયો.

ચિંતા ન કરીશ, કોઈને ખબર નહીં પડે, મજા કર. મારા ખભે હાથ રાખીને સુશીલે ફરીથી મજાક કરી.

મારામાં રહેલી થોડીઘણી શરમ પણ જતી રહી. ટોળામાં હું એવી રીતે ગોઠવાઈ ગયો જેથી મૅગેઝિનને યોગ્ય રીતે જોઈ શકું.

ખરેખર સેક્સી છે યાર.

હવે હું પાનું ઉથલાવું ? મનોજે કહ્યું, જે અમારા જૂથમાં આગળ પડતો હતો.

અડધાએ હા કહી અને અડધાએ ના પાડી. અમે બધા હા પાડીએ તેની

રાહ જોઈ રહ્યો હતો, દરમિયાન તે પેલા કવર પેજ પર રહેલી યુવતીની પીઠ પર ચોક્કસ રીતે હાથ ફેરવી રહ્યો હતો.

તેને આમ કરતા જોઈને મને થોડી ઘૃણા થઈ પણ થોડો સમય પસાર થયો ત્યાં બધી ઘૃણા ઓસરી ગઈ. તેના થોડા સમય પછી મને ઇચ્છા થવા લાગી કે હું પણ તેના પર હાથ ફેરવું.

હવે પાનું ફેરવ યાર, કોઈક બોલ્યું.

આ વખતે કોઈએ વિરોધ કર્યો નહીં એટલે મનોજે પાનું ઉથલાવ્યું.

'કોણ લાવ્યું છે આ', પછીનું પાનું જોઈને મેં પૂછ્યું. કારણ કે પછીના પાના પર રહેલું પોસ્ટર જોઈને મારી આંખો ફાટી રહી ગઈ હતી.

એક સાઉથ ઇન્ડિયન છોકરી એકદમ ટાઇટ કાળો બ્લાઉઝ પહેરીને ઊભી હતી, જે અમારા એક્સાઇટમૅન્ટનું બીજું લેવલ હતું.

બધાનાં મોઢાંમાંથી એક જ અવાજ આવ્યો, 'આહ...'

તેના આ નાનકડા બ્લાઉઝની સ્લીવ્ઝ પણ નાની હતી અને તેની નેકલાઇન ઊંડી હતી. ત્યાર પછી હુક શરૂ થતા હતા પણ તેણે માત્ર છેલ્લા બે જ બંધ કર્યા હતા બાકીના ઉપરના ખુલ્લા હતા. તેનાં આ ખુલ્લા હુકના કારણે તેણે જે અંદર પહેર્યું હતું તે સ્પષ્ટ દેખાતું હતું. તેનાં કપડાં કરતાં તેનું ફિગર વધારે આકર્ષક દેખાતું હતું. એવું લાગતું હતું કે તેનું શરીર આ કપડાંના બંધનો તોડી નાખીને મુક્ત થવા માગે છે. બીજી તરફ કમરથી નીચે તેણે સ્કર્ટ પહેર્યું હતું જેને તે ડાબા હાથથી ઉપર ખેંચી રહી હતી જેથી તેની જાંઘ દેખાતી હતી.

'સુશીલ લાવ્યો છે', વધુ સારી રીતે દેખાય એટલા માટે મૅગેઝિનને પોતાની તરફ ખેંચતા ખેંચતા મનોજ બોલ્યો.

'જેમ જેમ પાનું ફેરવતા જઈશું તેમ તેમ તેના એક એક કપડાં ઊતરતાં જશે.'

મને ખબર નથી કે તે કોણ બોલ્યું હતું, પણ એ વાક્ય સાંભળીને અમારી ઉત્તેજના વધવા લાગી અને અમે અધીરિયા થઈને એકબીજાના હાથમાંથી મૅગેઝિન ખેંચવા લાગ્યા.

કેમ તેને ખેંચી રહ્યા છે? અમે એકબીજાને સવાલ કરતા છતાં કોઈ તૈયાર

નહોતું પોતાના હાથમાંથી મૅગેઝિન જવા દેવા માટે. નગ્ન યુવતીના પોસ્ટરે અમારી અંદર રહેલા જાનવરને જગાડી દીધો હતો.

અબે ઈધર કર!

મને આપ યાર!

અરે, રહેવા દે!

અબે ફટ જાયેગી મૅગેઝિન! (અરે મૅગેઝિન ફાટી જશે!)

શાંતિથી જોવાની જગ્યાએ અમે શોરબકોર કરવા લાગ્યા.

એટલામાં દેવિન્દર આગળ આવ્યો. તેણે પોતાની સિનિયોરિટીનો લાભ લઈને સ્થિતિ કાબૂમાં લઈ લીધી. પહેલાં તેણે બધાને બેસાડી દીધા. તેણે પછી એવો પ્રસ્તાવ મૂક્યો કે મૅગેઝિન વારાફરતી એકબીજાને આપવામાં આવે જેથી બધા બરાબર જોઈ શકે.

અમે બધા સહમત થઈ ગયા. જો કે બીજી જ ક્ષણે અમે ફરીથી ઝઘડી પડ્યા કે આ કાર્યની શરૂઆત કોના દ્વારા થશે. કોણ પહેલાં મૅગેઝિન જોવા લેશે.

દેવિન્દર પાસે તેનો પણ જવાબ હતો. તેણે કહ્યું કે પહેલો ચાન્સ મારો રહેશે. અમે બધાએ મન મારીને હા પાડી.

જો તું માત્ર પોસ્ટર જોઈ રહ્યો છે, પણ તારે તેમાં રહેલી વાર્તા પણ વાંચવી પડશે. 'મસ્ત હૈ' (મસ્ત છે). મારો વારો આવવાની રાહ જોઈ રહ્યો હતો ત્યારે સુશીલે મને સલાહ આપી.

ખરેખર ?

હા, વાંચ્યા પછી તો તારે સીધા જ બાથરૂમ તરફ ભાગવું પડશે. તેણે મજાક કરતા કહ્યું.

તેણે જે કહ્યું તેનો ખ્યાલ ન આવતા મેં પૂછ્યું, 'મારે શા માટે બાથરૂમમાં જવું પડશે ?'

બાકીના છોકરાઓ હસવા લાગ્યા.

'અબે બચ્ચા હૈ યે અભી', (અરે યાર આ હજી નાનું છોકરું છે) દેવિન્દરે હસતાં હસતાં જ કહ્યું. સાથે સાથે તેણે બાજુમાં બેઠેલાને મૅગેઝિન પણ આપ્યું.

મને ઈચ્છા થઈ ગઈ કે તેને તેની ઉંમર યાદ કરાવી દઉં અને સાથે સાથે એ પણ જણાવું કે આપણે હજી સ્કૂલમાં જ છીએ અને તે અનેક વખત નાપાસ થયો છે.

'તેં ક્યારેય નથી કર્યું?' સુશીલે મને આશ્ચર્યથી પૂછ્યું.

ત્યાં સુધીમાં મૅગેઝિન મારી પાસે આવી ગયું હતું, તેથી સુશીલ શું બોલતો હતો તેના તરફ ધ્યાન આપ્યું નહીં. હું ઉત્તેજિત હતો કારણ કે અંતે મારો વારો આવ્યો મૅગેઝિન હાથમાં રાખીને જોવાનો. હું તેમાં રહેલા પોસ્ટર અને વાર્તા જોઉં કે વાંચું તે પહેલાં તો પ્રિન્સિપાલની કૅબિન પાસે બેસતા પટાવાળાએ રિસેસ પૂરી થવાનો બેલ મારી દીધો. હું મનમાં જ તેને શાપ આપવા લાગ્યો.

મને ચિંતા થઈ કે ગમે તે સમયે લોકો ક્લાસમાં આવવા લાગશે અને મારી ઉત્તેજનાનો અંત આવી જશે. મારે ઝડપથી તે જોવું નહોતું. થોડીક શ્યામ વર્ણની અને પચ્ચીસીએ પહોંચેલી મદમસ્ત યુવતી, જેમ જેમ પાનાં ફેરવીએ તેમ તેમ પોતાનાં કપડાં ઉતારે તે મજા હું ગુમાવવા નહોતો માગતો. તેથી મેં તેને બંધ કરી દીધું અને સુશીલને આપી દીધું.

બાકીનો આખો દિવસ તે નગ્ન યુવતી મારા મગજમાં ફર્યા કરતી હતી. જ્યારે ગણિતના સરે બૉર્ડ પર ત્રિકોણ દોર્યો ત્યારે મેં ત્રિકોણ તો દોર્યો જ પણ સાથે સાથે પેલી યુવતીનો પણ સ્કેચ બનાવ્યો. તે જ્યારે સમજાવી રહ્યા હતા કે કેવી રીતે ત્રિકોણમિતિ દ્વારા એક વૃક્ષના પડછાયાની લંબાઈ માપી શકાય, તેના માટે સૂર્યનાં કિરણો અને વૃક્ષની ઊંચાઈને ગણતરીમાં લેવા, ત્યારે હું પેલી યુવતીના બ્લાઉઝ અને સ્કર્ટમાં કલર પૂરી રહ્યો હતો.

મારી ક્રિયેટિવિટી બતાવવા માટે બાજુમાં બેઠેલા સુશીલને મેં કોણી મારી. તે નોટ્સ લેવામાં વ્યસ્ત હતો તેથી મેં ફરીથી તેને કોણી મારી. તેણે મારી સામે જોયું.

મારામાં રહેલા પેઈન્ટરે તેની સામે જોયું અને ખૂબ જ ગર્વ સાથે તાજેતરમાં દોરેલી મારી મોનાલિસાને મેં તેને બતાવી. તેણે તેની સામે જોયું અને હસ્યો. થોડીવાર તે જોઈ રહ્યો અને પછી તેણે મારા આર્ટવર્કમાં થોડો ફેરફાર કરી આપ્યો. તેણે યુવતીની ક્લિવેજ થોડી વધારે ઊંડી બનાવી અને પછી આંખ મિચકારી.

પરફેક્ટ, તેની કારીગરી અને વિષયના જ્ઞાનને બિરદાવતા હું બોલ્યો. બીજી જ મિનિટે અમે બંને હસી પડ્યા.

સાંજે ચાર વાગ્યે સ્કૂલ પૂરી થઈ એટલે હું સુશીલ પાસે ગયો, કારણ કે મારે તેની સાથે ખાનગી વાત કરવી હતી. મારે તે મૅગેઝિન જોઈતું હતું. મને એમ થયું કે હું કેટલો હોંશિયાર છું કે તેને કહું કે આ મૅગેઝિન હું ઘરે લઈ જઈને એકાંતમાં વાંચવા માગું છું.

મેં તેની સાથે વાત કરી પણ હું સૌથી છેલ્લો હતો જેણે આ વાત કરી હતી. તેણે બધાને મૅગેઝિન આપવાનો વાયદો કરી દીધો હતો તેથી તેમાં કેટલાક દિવસ પસાર થાય તેમ હતું. તેણે મને કહ્યું કે આઠ દિવસ પછી મને મૅગેઝિન મળશે.

મેં ક્યારેય કોઈ વસ્તુ માટે આટલી બધી રાહ જોઈ નથી, ક્યારેય નહીં.



તે દિવસે સાંજે સ્કૂલેથી પાછા આવ્યા પછી મેં મમ્મીને કહ્યું કે મારી તબિયત ઠીક લાગતી નથી. મારે ટ્યૂશન ન જવું પડે તેથી મેં બહાનું કાઢ્યું.

મમ્મીએ મારો હાથ પકડ્યો અને પછી મારા કપાળે હાથ મૂકી જોયો. તે ચકાસવા માગતા હતા કે તાવ તો નથી આવતો ને, પણ તેવું નહોતું.

સખત માથું દુઃખે છે, મમ્મી. મને ખરેખર કંઈક થાય છે.

સારું. બ્રેડ બટરનો નાસ્તો કર્યા પછી ડિસ્પ્રિન લઈ લેજે અને આરામ કરજે. મારી નાસ્તાની પ્લેટ સાથે ટેબ્લેટ અને પાણીનો અડધો ગ્લાસ મૂકતા તેમણે મને સલાહ આપી.

દરરોજ સાંજે મારાં મમ્મી-પપ્પા ગુરુદ્વારામાં સાંજની પ્રાર્થના કરવા માટે જતા હતા. ત્યાં અન્ય લોકો પણ આવતા હતા. આ કામ પૂરું કરીને આવતા તેમને સહેજે એક કલાક થતો. આ દરમિયાન મારો ભાઈ પણ ટ્યૂશનમાં જતો હતો.

ડિસ્પ્રિનને મેં રસોડાના વૉશબેઝિનમાં નાખી, ઘરનો મુખ્ય દરવાજો બંધ કર્યો અને મારા બેડ તરફ પ્રયાણ કર્યું. મારા માથા નીચે બે તકિયા મૂક્યા બાદ

મારી સ્કૂલ બૅગ પાસે ખેંચી, જે બેડની નીચે રાખી હતી.

મનોહર રાતને માણવાનો સમય થઈ ગયો હતો.

મારી ખુશીઓનો કલાક શરૂ થઈ ગયો હતો. આ રીતે ખાનગીમાં મજા માણવા મળશે તે વિચારથી જ હું ઉત્તેજિત હતો. મેં તરત જ તે પાનું ખોલ્યું જ્યાં પેલી શ્યામવર્ણી યુવતીએ સિડક્ટિવ પોઝ આપવાની શરૂઆત કહી હતી.

મેં મૅગેઝિનને થોડું નજીક લીધું જેથી હું તેના શરીર, ટાઇટ બ્લાઉઝ અને નાના સ્કર્ટને ધ્યાનથી જોઈ શકું. હું તેના શરીરના દેખાતા તમામ અંગોને જોઈ રહ્યો હતો અને જે નહોતું દેખાતું તેની કલ્પના કરતો હતો.

મને સૌથી વધારે તો તેનો બ્લાઉઝ ગમતો હતો કારણ કે તેની પાસે છુપાવવા કરતા બતાવવાનું વધારે હતું. તેના કરતાય વધારે તે જે રીતે હસતી હતી તેના લીધે હું પાગલ થતો જતો હતો. હું એક પછી એક પાનાં ઉથલાવવા લાગ્યો. મને ખ્યાલ હતો કે હવે શું આવશે છતાં હું મારા માટે આશ્ચર્ય અકબંધ રાખતો હતો.

પછીના પાના પર તે બાથરૂમમાં જતી રહી હતી. તેની પાછળના ભાગમાં મોટો અરીસો હતો જેમાં તેની સુંદર પીઠ દેખાતી હતી. તેની પાછળ વૉશબેઝિન હતું અને જમણી તરફ બાથ ટબ હતું જે આખા દશ્યને ઉઠાવ આપતા હતા.

આ વખતે તેણે બ્લાઉઝના બાકીના બે હૂક પણ ખોલી નાખ્યા હતા. તેના કારણે બ્લાઉઝ માત્ર ખભા પર લટકતો હતો. તેના ખુલ્લા બ્લાઉઝની વચ્ચે બ્લૅક લેસી સ્ટ્રીપ તેના ખભાથી નીચે તરફ આવતી હતી જેમાં આગળની તરફ ઘણું બધું સમાયેલું હતું.

મારું શરીર પ્રતિક્રિયા આપવા લાગ્યું હતું. મને અલગ જ લાગણી થતી હતી. મને એમ થતું હતું કે સમગ્ર દુનિયાથી અલિપ્ત થઈને અત્યારે જે કરી રહ્યો છું તેમાં ખોવાઈ જાઉં. અત્યારે હું અન્ય કોઈ વિશે વિચારવા માગતો નહોતો. હું માત્ર તેના પર ધ્યાન કેન્દ્રિત કરવા માગતો હતો.

મેં તેના પોસ્ટર પર આંગળી ફેરવી અને પછી તેની નાભી પર આંગળી ફેરવવા લાગ્યો. તેને સાચે જ હાથ ફેરવતો હોઉં તેવી કલ્પના કરીને આનંદ મેળવી રહ્યો હતો.

લાઇક ઈટ હૅપ્ન્ડ યસ્ટરડે

તેનું સ્કર્ટ તેણે હજુ વધારે ઊંચું કર્યું હતું પણ આ વખતે તેના પગની સ્થિતિ બદલાઈને ક્રૉસમાં થઈ ગઈ હતી. તેણે સ્કર્ટ થોડું નીચે તરફ પણ ખેંચ્યું હતું તેથી તેની કમરના ભાગે બ્લૅક ઇલાસ્ટિક દેખાતું હતું જે ખરેખર ભૂલી શકાય તેમ નહોતું.

દર વખતે કેમેરો તેની સામે આવતો અને તે કૅમેરા સામે જ જોતી. તેની આંખોમાં મદમસ્ત તોફાનનો વિશ્વાસ જણાતો હતો. હું કલ્પના કરતો હતો કે આ માત્ર મારી કલ્પના નથી પણ તે ખરેખર મારી સામે જોઈ રહી છે. મારી સાથે જે બની રહ્યું છે તે જાણીને તે મારી સામે હસી રહી છે. તેના કારણે જે લાગણીઓ થતી હતી તે અસહ્ય હતી તેથી મેં પાનું ફેરવી નાખ્યું.

તેના ખભે રહેલી કાળી પટ્ટીઓ હવે ઊતરીને તેની કોણી પાસે આવી ગઈ હતી. તેણે જાતે જ તે કર્યું હતું. બ્લાઉઝ તો ફ્લૉર પર પડ્યું હતું. મારી જિંદગીમાં પહેલી વખત મેં કોઈ યુવતીને ટૉપલેસ જોઈ હતી. મને કોઈ ફરક નહોતો પડતો કે હું તેને માત્ર ફોટામાં જોઈ રહ્યો હતો.

હું બેડ પર આમતેમ ફરવા લાગ્યો અને મેં તરત જ મારી સ્થિતિ બદલી નાખી. હું પેટના ભાગે ઊંધો સૂઈ ગયો અને તકિયા પર દાઢી ટેકવીને મૅગેઝિનને વધારે નજીક લઈ ગયો. બેડના ખૂણામાં પડેલા બ્લેન્કેટને વાળીને મેં મારા બે પગની વચ્ચે દબાવ્યું. જેમ જેમ તેના નિર્વસ્ત્ર અંગે વિશે વિચારતો જતો હતો તેમ તેમ ખરેખર ઉત્તેજનાનો અનુભવ થતો જતો હતો. મોટાભાગનો સમય માત્ર તેના રૂપ-રંગ અને અંગોને જોવામાં પસાર કર્યો હતો. બાકીના અડધા કલાકમાં મેં એવા ફોટા જોયા જેણે મારા જાતીય આવેગોને પ્રબળ બનાવી દીધા. જેમ જેમ હું આગળ વધતો હતો તેમ તેમ મને લાગતું હતું કે તે મને સંમોહિત કરી રહી છે. દરેક પાના પર મળતો તેનો સુંવાળો સાથ મને ગમતો હતો.

અંતિમ પાના પર આવ્યો ત્યારે તેણે તેનાં તમામ વસ્ત્રો કાઢી નાખ્યાં હતાં. તે મારા માટે નિર્વસ્ત્ર સ્થિતિમાં સૌથી વધારે સુંદર દેખાતી હતી. તેનું યુવાન અને આકર્ષક શરીર બાથટબના પાણીમાં ઢંકાયેલું હતું. તેનો જમણો પગ બાથટબની બહાર હતો અને તેના આ પગ પરથી પાણીનાં નાનાં નાનાં ટીપાં ફ્લૉર પર પડી રહ્યાં હતાં.

લાઇક ઈટ હેપ્પન્ડ યસ્ટરડે

હું પહેલી વખત કોઈ નગ્ન યુવતીને આ રીતે ઉત્તેજક મુદ્રામાં જોતો હતો જેણે પોતાના મહત્ત્વના ભાગો છુપાવ્યા છતાં મારી સામે રજૂ કર્યા હતા.

ત્યાં જ એકાએક કંઈક વિચિત્ર બન્યું. એકાએક તે ઉત્તેજક પળો બ્લૅક હોલ જેવી બની ગઈ અને મને તેમાં ખેંચતી ગઈ. મને સમજ નહોતી પડતી કે હું શું અનુભવી રહ્યો છું. હું આનંદની એવી ચરમસીમાએ પહોંચી ગયો હતો જ્યાંથી પાછા આવવું મુશ્કેલ હતું. મને એમ થતું હતું કે આ ઉત્તેજના મારા શરીરમાં ક્યાંક ભેગી થઈ રહી છે અને તેના કારણે મોટો બ્લાસ્ટ થશે. મારામાં જે ભરાઈ રહ્યું હતું તેને કોઈપણ રીતે બહાર કાઢવું પડે તેમ હતું. હું અસમંજસમાં હતો અને શાંત થવા માગતો હતો.

મને ખ્યાલ હતો કે, જ્યારે છોકરાઓને જાતીય ઉત્તેજના આવે છે ત્યારે તેઓ સખત થઈ જાય છે. મને પહેલાં પણ બે-ત્રણ વખત આવું થયું હતું, પણ તે દિવસે કંઈક જુદો જ અનુભવ હતો. હું મારી જાતને મદદ કરવા માગતો હતો પણ કેવી રીતે કરવી તેની સમજ નહોતી પડતી. આ નર્વસનેસના કારણે મેં મારો હાથ મારા શોર્ટ્સમાં નાખી દીધો, જે આ સ્થિતિમાં કુદરતી હતું.

હાથ નાખતાં જ મને એમ થયું કે હું હમણાં જ યુરીન કરી જઈશ તેથી હું બાથરૂમ તરફ જવા ઊભો થયો. મારું શરીર અંદરથી કંઈક બહાર કાઢવા મથતું હતું પણ કરી શકતું નહોતું. હું કંઈ સમજું અથવા કરું તે પહેલાં તો મારું શરીર સાવ ઢળી પડ્યું, ઢીલું થઈ ગયું અને કંઈક બહાર આવી ગયું. મેં હાથ બહાર કાઢી લીધો. તે ભીનું નહોતું પણ ચીકણું પ્રવાહી હતું. મને ખ્યાલ ન આવ્યો કે તે શું છે.

મારા મનમાં ભય વ્યાપી ગયો.

મને શું થયું છે? ચિંતાના કારણે હું જાત સાથે જ વાત કરવા લાગ્યો.

મેં મારાં કપડાં કાઢ્યાં અને જોયું કે ખરેખર શું થયું છે. મને ખ્યાલ નહોતો આવતો કે આ કેવા પ્રકારનું સેમી લિક્વિડ મારાં કપડાં પર ચોંટ્યું હતું.

ઓહ ગૉડ.

મને કંઈ ખ્યાલ આવે તે પહેલાં તો મારા મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. મને એમ થયું કે ચોક્કસ કોઈ રોગ થયો છે. મને એવું પણ થયું કે

આવા ગંદા મૅગેઝિન વાંચવાના કારણે ભગવાને મને સજા કરી છે. મને એમ લાગતું હતું કે હું કોઈ મોટી મુસિબતમાં સપડાયો છું.

હું ભયથી કંપી ગયો.

હું બાથરૂમમાં ગયો અને બધું બરાબર સાફ કરવા લાગ્યો. તે દરમિયાન ભગવાન પાસે માફી માગી રહ્યો હતો : 'હે ભગવાન, હું ફરીથી ક્યારેય આવું નહીં વાંચું, મને માફ કરો, પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ.'

હજી તો આ એકતરફી વાતચીત હતી. મને એમ થતું હતું કે મારે મમ્મીને આ વિશે વાત કરવી કે નહીં. મને પછી એમ થયું કે પણ શું કહીશ, કેવી રીતે થયું.

એવામાં જ દરવાજે ટકોરા પડ્યા.

મારા મનમાં ભયનું લખલખું પસાર થઈ ગયું. મારે ઝડપ કરવી જોઈએ. હા ઝડપ કરવી પણ શેના માટે ઝડપ કરવી, તેવો સવાલ મનમાં ઊઠ્યો. મારું શોર્ટ્સ સાફ કરતી વખતે મારા હાથ ધ્રૂજી રહ્યા હતા અને તેથી મેં ગમેતેમ સાફ કરીને તેને ધોવાના કપડામાં નાખી દીધું. બહાર આવીને મેં ઝડપથી બારણું ખોલવા દોટ મૂકી. અંતિમ ક્ષણે મારી નજર બેડ પર ગઈ તો જોયું કે મૅગેઝિન ત્યાં જ પડ્યું છે. હું પાછો વળ્યો અને તેને મારી બૅગમાં સંતાડી દીધું.

ઓહ ગૉડ.

મેં અંતે બારણું ખોલ્યું, પણ હું સખત હાંફતો હતો.

તું બારણું બંધ શા માટે કરે છે?

તે મારાં મમ્મી હતાં.

અરે, હું...અં... એમ જ.

આ લે, પ્રસાદ લઈ લે. તેમણે મને ગુરુદ્વારામાંથી આવેલો પ્રસાદ આપ્યો. થોડા સમય પહેલાં મેં જે કર્યું હતું તે યાદ આવતા જ આવા હાથે પ્રસાદ લેવાનું મને યોગ્ય ન લાગ્યું તેથી મેં ના પાડી.

હું પછીથી લઈ લઈશ.

'તેરા સર ઠીક હો ગયા?' તેણે મને મારા માથાના દુખાવા વિશે સવાલ કર્યો અને ટીવીવાળા રૂમ તરફ ચાલી ગઈ.

ના હજી નહીં, મેં કહ્યું અને હું પણ બેડ તરફ જતો રહ્યો.

બેડ પર પડતાની સાથે જ મેં બ્લેન્કેટ ઓઢી લીધો. તે સમયે મારા મનમાં મારી તબિયત અંગે મૂંઝવણો ચાલતી હતી. મેં મનમાં જ વિચાર્યું કે આવતીકાલે ગુપ્ત રીતે જઈને ડૉક્ટરને મળી આવું. ડૉક્ટર પાસે જઈને આવી વાત કરતા થોડી શરમ આવશે તેવો વિચાર આવતા જ મેં નક્કી કર્યું કે સુશીલને મારી સાથે લઈ જઈશ. આખરે તે મૅગેઝિન એનું હતું જેના કારણે મારી પર આ વીતી રહ્યું છે.

તે રાત્રે મને બરાબર ઊંઘ પણ નહોતી આવી. હું મૂંઝવણમાં મુકાઈ ગયો હતો. પહેલાં તો જે અનુભવ થયો તેની મૂંઝવણ અને બીજું એ કે આ અનુભવ વિશે હું મારા પરિવારને પણ જાણ નહોતો કરી શકતો. તે દિવસે રાત્રે ઊંઘવા જતા પહેલાં હું યુરીન કરવા જવાની પણ હિંમત ન કરી શક્યો. મને એવો ભય હતો કે, થોડા કલાકો પહેલાં જે પ્રવાહી નીકળ્યું હતું, તે ફરીથી આવશે તો. મારા મગજમાં હજી પણ તે ઘટના અને તેનાં પરિણામો ચકરાવો લેતાં હતાં.

સદ્નસીબે સવાર પડી અને સૂર્યનારાયણ દેખાયા અને ત્યાં સુધીમાં કંઈ જ અઘટીત બન્યું નહીં. બાથરૂમમાં પણ સવારે કંઈ જ થયું નહીં. બાર કલાક સુધી રોકી રાખ્યા પછી હું યુરીન કરવા ગયો અને ઘણું બધું કર્યું. ત્યાર પછી રોજિંદા ક્રમ પ્રમાણે હું સ્કૂલ પહોંચી ગયો અને મને એમ થયું કે બધું થાળે પડી ગયું છે. રસપ્રદ વાત એ છે કે તેની સાથે વાત કર્યા પછી મને ખ્યાલ આવ્યો કે હવે મારે તેને લઈને ડૉક્ટર પાસે જવાની જરૂર નથી. સુશીલ જ મારો ડૉક્ટર સાબિત થયો હતો.

તે દિવસે પહેલી વખત મને એમ થયું કે કાયમ સારા મિત્રોની જોડે રહીને જ બધું શીખી શકાતું નથી. જીવનની ઘણી એવી વાતો હોય છે જે શીખવા માટે સુશીલ જેવા મિત્રોની જરૂર પડે છે અથવા તેમની સાથે રહીને જ શીખી શકાય છે.

સુશીલે મને શાંત પાડ્યો. તેમાંય તેણે મને કહ્યું કે 'આવો અનુભવ મને પણ થયો હતો' ત્યારે મને ઘણી રાહત થઈ. તેણે મને સમજાવ્યું કે છોકરો જ્યારે

ચરમસીમાએ પહોંચે છે ત્યારે તેને આવો અનુભવ થાય છે. તેણે એવું પણ કહ્યું કે છોકરીઓને જ્યારે પહેલી વખત માસિકસ્રાવ થાય ત્યારે તેમને પણ આવો જ અનુભવ થાય છે. ત્યાં સુધી હું તરુણાવસ્થાના શારીરિક ફેરફારો અંગે સાવ અજાણ હતો. લગભગ અડધો કલાકની ચર્ચા પછી હું એ જાણીને ખુશ હતો કે હું સામાન્ય છું. મને બીજો આનંદ એ હતો કે હું પુખ્ત થવા તરફ વધી રહ્યો હતો. મારામાં ધીમે ધીમે પણ ખચકાટ સાથેનો ગર્વ આવતો જતો હતો.

સુશીલે આ વિષયના તેના જ્ઞાનથી મને આશ્ચર્યમાં મૂકી દીધો હતો. તેના આ જ્ઞાન સિવાય તેની પાસે વધુ એક આશ્ચર્ય હતું જે તેણે મને છેલ્લા પિરિયડ પછી આપ્યું.

તે હતું બીજું મૅગેઝિન.

૧૨

પહેલો પ્રેમ

લગભગ બપોરનો સમય હતો. ક્લાસમાં બધા જ ખુશ જણાતા હતા. ત્રીજો પિરિયડ પૂરો થયો હતો અને તેના પછીનો અંગ્રેજીનો પિરિયડ હતો, પણ અમને ખ્યાલ હતો કે તેના સર તે દિવસે નહોતા આવ્યા. જેવો બેલ પડ્યો કે અમારા ક્લાસનો મોનિટર અમિત સ્ટાફરૂમ તરફ ભાગ્યો.

અમે તેને ખાતરી કરવા મોકલ્યો હતો કે અંગ્રેજીનો પિરિયડ છે તેના બદલે રમતનો કરી દેવામાં આવે. તેનું મુખ્ય કારણ એ હતું કે આ પિરિયડ પછી ચાલીસ મિનિટની મોટી રીસેસ હતી, તેથી જો બધું જોડાઈ જાય તો બધાને મજા આવે.

અભ્યાસના પિરિયડને આર્ટ ક્લાસમાં પરિવર્તિત કરવા માટે ઘણી મહેતન કરવી પડે છે. પહેલાં તો બધી ગોઠવણ કરવાની, સમસ્યાને જાણવાની, તેનું સમાધાન શોધવાનું, નવી તકોનું સર્જન કરવાનું, જ્યાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા યોગ્ય ઉકેલ શોધવામાં આવે. આ તબક્કાવાર પ્રક્રિયા હતી.

અમિતમાં આ સમસ્યાને જાણવાની અને તેનું સમાધાન લાવવાની પાક્કી સમજ હતી. અમિતે સ્ટાફરૂમમાં જઈને અન્ય ટીચરની હાજરીમાં અમારા ક્લાસ

ટીચરને પૂછ્યું કે મેડમ અંગ્રેજીના સર આવ્યા નથી તો અમે રમવા માટે જઈએ. ગઈ કાલે પણ હિસ્ટ્રીના સર નહોતા આવ્યા તો અમે ગયા જ હતા.

ક્લાસ ટીચરે તરત જ તેની માગણી ફગાવી દીધી અને બીજા ટીચરને ક્લાસમાં મોકલી દીધા. ગુરપ્રીત કે જે છોકરીઓની મોનિટર હતી અને જે અમિત સાથે પણ ગઈ હતી તેણે આવીને અમિતની મૂર્ખામીનું વર્ણન કર્યું.

તેં શા માટે ડહાપણ કરીને કહ્યું કે ગઈકાલે હિસ્ટ્રીના સર નહોતા તો અમે રમવા માટે ગયા હતા ? અમારામાંથી કોઈ પાછળની બેંચમાંથી બોલી ઊઠ્યું.

ત્યાર પછી બીજા કોઈએ અમિત પર આરોપ મૂક્યો અને પછી તો આરોપ અને હતાશાની હારમાળા સર્જાઈ. એકની સામે આખી ફોજ ઊભી થાય તેનું સ્કૂલમાં ઘણી વખત બનતું હોય છે. તેમાંય ઘરડા ઘોડાના દોષ દેવામાં અમે અવ્વલ હતા.

અરે આ મહિનો ક્યારે પૂરો થશે, જેથી આ મૂર્ખ મોનિટરથી રાહત મળે, છોકરીઓમાંથી કોઈએ બૂમ મારી.

અરે ત્રીસ તારીખે અન્ય છોકરીએ જવાબ આપ્યો. બધા હસવા લાગ્યા.

ક્લાસમાં ઘણો અવાજ થતો હતો. લગભગ દસ મિનિટ સુધી તે અવાજ રહ્યો. એકાએક ક્લાસમાં શાંતિ પ્રસરી ગઈ, કારણ કે પ્રાઈમરી સેક્શનમાં જે ટીચર અંગ્રેજી ભણાવતા હતા તે અમારા ક્લાસમાં આવ્યા.

મને કાયમ તેમના પ્રત્યે આકર્ષણ રહેતું હતું અને ઘણી વખત હું સ્કૂલ કેમ્પસમાં પણ તેમનો પીછો કરતો હતો. તે જ્યારે પણ મારી બાજુમાંથી પસાર થતા ત્યારે હું ઊભો રહેતો અને તેમના વખાણ કરતો. તે અમારા સ્કૂલના સૌથી સુંદર ટીચર તો નહોતા કારણ કે અમારા બાયોના મેડમ તેમના કરતા ઘણા વધારે સુંદર દેખાતાં હતાં. તેમ છતાં તેમનામાં એવું કંઈક હતું જે મને બાયો મેમના બદલે તેમની તરફ વધારે ખેંચતું હતું. તે આકર્ષણની મને ક્યારેય ખબર પડી નહોતી. મને તો તેમનું નામ પણ ખબર નહોતી.

તેમને ક્લાસમાં આવતા જોઈને મને સુંવાળી લાગણીઓ થવા લાગી. તેમની હાજરીથી મારા ચહેરા પર સ્મિત રેલાવા લાગ્યું અને આંખોમાં ચમક આવી ગઈ. મને અત્યારે અમિતની બુદ્ધિ પર માન થતું હતું અને તેને ભેટી

પડવાની ઈચ્છા થતી હતી.

તે ઊંચા હતા અને સાડી પહેરવાના કારણે વધારે જાજરમાન લાગતા હતા. જો કે મારી જેમ બધા તેમને જોઈને ખુશ નહોતા.

ગુડ આફ્ટરનુન મેડમ. બધાએ ભગ્ન હૃદયે પણ તેમને આવકાર્યા.

તેમણે પણ સામે ખુશ થઈને કહ્યું, 'ગુઉઉઉડ આફ્ટર નુઉઉઉઉઉન સ્ટુડન્ટ્સ', પ્રાઈમરીમાં ભણાવતા હોય તેવી અદાથી જ બોલ્યા.

તે દિવસે પહેલી વખત મેં તેમનો અવાજ સાંભળ્યો હતો અને મને તે ખૂબ જ ગમ્યો હતો.

ક્લાસમાં આવીને તેઓ બેસી ગયા અને તેમની સાથે બાકી બધા પણ. મારી આંખો તેમના પર જ ચોંટેલી હતી. આજે મારી પાસે તક હતી કે હું ક્યાંય સુધી તેમને જોઈ રહું જે પહેલાં ક્યારેય શક્ય નહોતું બન્યું. તેમણે પોની સ્ટાઈલના વાળ ઓળેલા હતા જે ઘોડાની પૂંછડીની જેમ તેમની પીઠ પર લટકતા હતા. તેમનું શરીર સ્લિમ હતું અને તેના કારણે તે વધારે ઊંચા લાગતા હતા. તે મારા કરતા પણ ઊંચા હતા. મેં મારી ઊંચાઈની ગણતરી કરીને વિચાર્યું. તેમણે વધારે શણગારો પણ નહોતા કર્યા, માત્ર એક કાંડા ઘડિયાળ અને ગળામાં પાતળી ચેન પહેર્યાં હતાં. આમ જોવા જઈએ તો તે સામાન્ય છતાં સુંદર અને વધારે આકર્ષક લાગતાં હતાં.

તમારા અંગ્રેજીના સરના બદલે આજે હું તમારો ક્લાસ લઈશ. તેમણે જાહેરાત કરી દીધી.

મનમાં હું વિચરતો હતો કે સર આખું અઠવાડિયું ન આવે તો કેવું સારું.

તેમણે અમને પુસ્તક ખોલવા કહ્યું. ત્યાર પછી તે ઊભાં થયાં અને પોતાની સાડી સરખી કરી અને તેનો એક છેડો કમરમાં ભરાવ્યો. તેના કારણે તેમની પાતળી કમર પર મારી નજર ગઈ.

મને એમ થતું હતું કે હું પહેલી બેન્ચ પર જતો રહું.

તેમણે એક હાથમાં બુક લીધી અને બીજા હાથમાં ચોકનો ટુકડો રમાડવા લાગ્યા. તેમનો નાજુક અવાજ મારા કાનમાં પ્રવેશતો હતો. તે ખસીને બ્લૅકબૉર્ડ તરફ ગયા. મારી નજર તેમની મૂવમૅન્ટ અને મારા કાન તેમના અવાજનો પીછો

કરી રહ્યા હતા.

તેમણે નાઉન ભણાવવાનું શરૂ કર્યું. તેના વિશે આછી પાતળી શરૂઆત કર્યા પછી તેમણે બ્લૅકબૉર્ડ પર પણ લખ્યું. તેમણે સુંદર અક્ષરે લખ્યું નાઉન અને પછી તેની નીચે કેટલીક શાખાઓ બનાવી જેથી વિવિધ પ્રકારની નાઉનની સમજ આપી શકાય.

તે દરમિયાન પાવર કટ થઈ ગયો. બધા નિરાશ થઈ ગયા, કારણ કે પહેલાં તો રમવા ન મળ્યું તેનું દુઃખ અને હવે ગરમી લાગશે તેનું. અમારી સ્કૂલ જે વિસ્તારમાં હતી ત્યાં વીજપુરવઠો ખોરવાઈ જવો સામાન્ય વાત છે. તેમાંય જ્યારે ગરમીની શરૂઆત થતી ત્યારે આવું ઘણી વખત બનતું. ક્લાસમાં ગોળ ગોળ ફરતા પંખા અને બધાનો અવાજ બંધ થઈ ગયા.

મેડમ હજી પણ બૉર્ડ પર લખી રહ્યા હતા અને ભણાવવાનું ચાલુ જ હતું. આખો ક્લાસ જ્યારે બંધ પંખા સામે જોઈ રહ્યા હતા ત્યારે મારી નજર તેમના પર જ ટકેલી હતી. તેમના શરીરના એક-એક ભાગને જોઈને હું મારી ઝંખના તૃપ્ત કરી રહ્યો હતો. હું તેમની બોડી લેન્ગ્વેજને અને તેમના શરીરના દરેક હલનચલનને માણી રહ્યો હતો. તેમની પીઠ ખૂબ જ આકર્ષક હતી. બ્લૅકબૉર્ડ પર લખી લીધા પછી જેવા તે આગળ ફર્યા કે તેમના વાળ એક ઝાટકા સાથે પીઠ પર ફેલાઈ ગયા જેનાથી પીઠનો એકતરફનો ભાગ ઢંકાઈ ગયો. તેમની પીઠ સાથે હાઇડ ઍન્ડ સીકની રમત રમી રહેલા વાળની સુવાસનું મન ભરીને માણવા માગતો હતો. તે જે રીતે બૉર્ડ પર નાઉનના પ્રકાર લખીને અમારી તરફ ફરતા હતા તે મને ખૂબ જ ગમતું હતું. તે જેટલી વખત પાછા ફરતા ત્યારે તેમની ઘડિયાળ કાંડા તરફ સરકી જતી હતી.

મારું મગજ તે જે ભણાવતા હતા તેના તરફ ધ્યાન અપાતું જ નહોતું. તેમણે જે લખ્યું અને લખાવ્યું તે મેં નોટમાં લખી લીધું પણ શું લખાવ્યું તેનો મને ખ્યાલ નહોતો. મારી નોટમાં મેં નાઉનના અનેક પ્રકાર લખી લીધા હતા.

એક વખત તો તેમણે મારા ધબકારની ગતિ અસહ્ય રીતે વધારી દીધી. હું જ્યાં બેઠો હતો ત્યાં આવીને એક ક્ષણ માટે ઊભાં રહી ગયાં અને પછી જતાં રહ્યાં. આ સ્થિતિ માટે હું સહેજ પણ તૈયાર નહોતો. તે સમયે મારું મગજ

મૂંઝાઈ ગયું હતું કારણ કે અડધું મગજ કહેતું હતું કે એક વખત ઊંચું જોઈને તેમને નખશીખ જોઈ લે જ્યારે બીજો અડધો ભાગ શરમ અનુભવતો હતો.

તેમાંય જ્યારે તે મારી પાસે આવીને ઊભા રહી ગયા ત્યારે તો મારા પેટમાં હજારો પતંગિયાં ઊડતાં હોય તેમ લાગતું હતું. આહ... હવે હું તેમની સુવાસ માણી શકું તેમ હતો. તેથી મેં તેમની સામે જોયું અને એક ઊંડો શ્વાસ લીધો જેથી તેમના શરીરમાંથી આવતી ચોક્કસ સુવાસને હૃદય સુધી લઈ જઈ શકાય. તેમની આ સુવાસના કારણે મારા પેટમાં રહેલાં પતંગિયાં પણ મોહિત થઈ ગયાં હતાં. એમ લાગતું હતું કે તેઓ પણ મુક્ત થવા માગે છે. આ જ કારણે મેં ફરીથી તેમના પર એક નજર નાખી.

આ બાજુથી મેં જોયું કે તેમની સાડીના પાલવની પાછળ તેમનું પાતળું અને સુડોળ પેટ દેખાતું હતું જે સામાન્ય રીતે આગળથી જોવું શક્ય નહોતું. મારી આંખો તેમની કમરનું સ્કેનિંગ કરી રહી હતી. તેમની ચામડી એકદમ મુલાયમ હતી. તેમના બ્લાઉઝને છેડે નાનકડા પ્રસ્વેદ બિંદુઓ ઊપસી આવ્યાં હતાં જે ધીમે રહીને તેમની કમર પર સરકી જતાં હતાં. મારે તે ભાગનો સ્પર્શ કરવો હતો, મારે તે પ્રસ્વેદ બિંદુઓમાં સમાયેલી તેમની સુવાસને માણવી હતી.

આ દરમિયાન જ્યારે તેમણે પોતાના પગની દિશા બદલી ત્યારે તેમની ઊભાં રહેવાની સ્થિતિ પણ બદલાઈ અને તેના કારણે તેમની નાભી દેખાવા લાગી. કમર પર કસેલી સાડીથી સહેજ ઉપરના ભાગે રહેલા નાભીને હું જોઈ રહ્યો હતો. મારી નજર ત્યાંથી ખસવા તૈયાર જ નહોતી. મને ઇચ્છા થતી હતી કે મારી આંગળી તેમાં ફેરવું અને મુલાયમ અને માદક પ્રસ્વેદનો અનુભવ કરું. મારા માટે તે ક્ષણ પણ ઘણી હતી. મારી બાજુમાં તેમની હાજરીથી જ મારા શ્વાસ અટકી પડ્યા હતા. કોઈ અગમ્ય કારણોસર તે મને સંમોહિત કરી રહ્યા હોય તેમ લાગતું હતું. હું શારીરિક રીતે ત્યાં હાજર હતો પણ મારું મન ક્યાંય ખોવાયેલું હતું. હું વિવિધ કલ્પનાઓ કરવામાં વ્યસ્ત હતો. મને કંઈ સંભળાતું પણ નહોતું. હવે હું જોવા કરતા કલ્પના વધારે કરવા લાગ્યો હતો. મારી ઇન્દ્રિયો પર અસહ્ય દબાણ આવી ગયું હતું. આ બધી જ ઇન્દ્રિયો ત્યારે વાસ્તવિક દુનિયામાં આવી જ્યારે મારી બાજુમાં બેઠેલા સુશીલે મને હાથ પકડીને હલાવ્યો.

'અબે આન્સર હર?' (અબે જવાબ આપ?)

હેં? શું? હું એકાએક વાસ્તવિકતામાં પટકાયો હતો.

મેં સુશીલ સામે જોયું અને જાણવાનો પ્રયાસ કરવા લાગ્યો કે ખરેખર શું થયું.

બધા હસવા લાગ્યા. મને ખ્યાલ ન આવ્યો કે કેમ હસે છે. મને પહેલાં તો એમ થયું કે તેમની સાથે જોડાઈ જાઉં, પછી ખ્યાલ આવ્યો કે તે બધા મારા પર હસી રહ્યા છે.

તેમણે તને સવાલ પૂછ્યો છે? સુશીલે વિનમ્રતાથી કહ્યું અને હસવા લાગ્યો.

મેં ઊંચું જોયું તો તે મારી સામે જ જોઈ રહ્યા હતા. આ એ નજર નહોતી જેના માટે હું તરસી રહ્યો હતો. એક આછકલું સ્મિત તેમના હોઠના ખૂણા પર રમી રહ્યું હતું.

પહેલાં તો મને વિચાર આવ્યો કે શું તેમને ખ્યાલ આવી ગયો હશે કે હું શું વિચારી રહ્યો છું. આ વિચારે મને થોડો ભય લાગ્યો. ભય અને શરમના કારણે હું આસપાસ જોવા લાગ્યો.

બધાએ હસવાનું બંધ કરી દીધું હતું.

શું તું જવાબ આપી શકીશ? મારી બાજુમાં ઊભેલી યુવતી કે જેની નાભિનો હું સ્પર્શ કરવા માગતો હતો તેણે પૂછ્યું.

'બબ... બબ... હા... હા મેમ', મારી જીભ થોથવાતી હતી અને મારું મગજ કામ કરતું બંધ થઈ ગયું હતું.

બધા આશ્ચર્યથી રાહ જોઈ રહ્યા હતા કે હું શું જવાબ આપીશ.

હું આ સ્થિતિ માટે તૈયાર નહોતો અને તેમાંય મને સૌથી વધારે જે ગમે છે તેમની સાથે તો નહીં જ. હું કેવી રીતે તેમની સામે મજાકનું પાત્ર બની શકું અને તે પણ તેમના દ્વારા જ.

મેં સુશીલ સામે જોયું અને માત્ર દાઢી હલાવીને તેને સવાલ અંગે પૂછ્યું. તે કંઈક બોલ્યો પણ મને ખ્યાલ ન આવ્યો.

તેથી મેં મારામાં રહેલી હિંમત ભેગી કરી અને સામે સવાલ કર્યો, 'અ...

મે'મ, સવાલ શું હતો?'

મારા સવાલથી સમગ્ર ક્લાસમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. મેડમ પણ હસવા લાગ્યાં અને તેના કારણે તેમના હોઠ પાછળ છુપાયેલા મોતી જેવા સફેદ દાંત દેખાયા. હું પણ હસી પડ્યો.

મારા સવાલનો જવાબ આપવાના બદલે તેમણે મને પૂછ્યું, 'તારું નામ શું છે?'

'મેડમ રવિન્દર સિંહ.' મારી ટાઈ સરખી કરતા કરતા મને સૌથી વધારે ગમતા ટીચરને મેં મારો પરિચય આપ્યો.

'તો રવિન્દર હું ભણાવતી હતી ત્યારે તારું મગજ ક્યાં હતું?' મારા ચહેરા પર રમી રહેલા હાસ્યને તેમણે અધવચ્ચે જ અટકાવી દીધું.

હું કેવી રીતે કહું કે મારું મગજ ક્યાં હતું, અને કોણ મારા મગજમાં હતું અને હું તેમના વિશે શું વિચારી રહ્યો હતો...?

'આ... ના... ના... કંઈ નહીં... ખરેખર કંઈ નહીં.' મેડમ કશું જ કહેવું નથી અને છુપાવવા જેવું ઘણું છે.

તે મારી સામે જોઈ રહ્યાં હતાં. તેના કારણે મેં મારી નજર નીચે ટેબલ તરફ કરી દીધી. ક્લાસમાં રહેલા કેટલાક લોકો મારી સ્થિતિ સમજીને હસી રહ્યા હતા.

બેસી જા. તેમણે કહ્યું.

મેડમ! હું ખરેખર ચેક કરવા માગતો હતો કે તેમણે બેસવાનું જ કહ્યું ને.

મેં કહ્યું ને બેસી જા, રવિન્દર અને ક્લાસમાં ધ્યાન આપો. તેમણે ફરીથી આદેશ આપ્યો.

હા, મેડમ.

હું તરત જ બેસી ગયો અને પછી પાછો ઊભો થઈ બોલ્યો, સોરી મેડમ અને ફરી પાછો બેસી ગયો. ક્લાસમાં ફરીથી હાસ્ય રેલાઈ ગયું.

મેડમે આગળ વધતા નાઉનના બીજા પ્રકારો વિશે જણાવ્યું. હું સુશીલ તરફ ફર્યો અને તે પણ આ જ તકની રાહ જોઈ રહ્યો હતો.

'બેટા, સબ પતા હૈ મુઝે કે તેરા ધ્યાન કહા થા!' (મને ખબર છે કે ખરેખર તારું ધ્યાન ક્યાં હતું!) તેણે હસતા હસતા કહ્યું.

તું કહેવા શું માગે છે? મેં સવાલ કર્યો

'અબે ઘુર ઘુર કે દેખ રહા થા ના મેડમ કો.' ટીચરને તાકી રહ્યો હતો ત્યારે તે મને જોઈ ગયો હતો.

'અરે એવું કશું નથી', તેના આરોપોને અવગણીને મેં નોટબુકમાં નજર કેન્દ્રિત કરવાનો પ્રયાસ કર્યો.

'ખરેખર!' તેણે ફરીથી મજાક કરી.

મેં આ વખતે તેને કંઈ જવાબ ન આપ્યો.

'તેનો અર્થ એ થયો કે તને તે ગમતી નથી?'

'ચૂપ કરજા ભાઈ, પઢ લેને દે', મેં તેને વિનંતી કરી કે હમણાં શાંતિ રાખ અને મને ભણી લેવા દે. હું વાત અટકાવી દેવા માગતો હતો. ત્યાર પછી મેં તેની સાથે વાત કરવાનું ટાળ્યું.

આ દરમિયાન ટીચરે બૉર્ડ પર લખેલા પ્રકારો સાફ કરી નાખ્યા અને તેનાં ઉદાહરણો લખવાની શરૂઆત કરી. મારી પાછળ કંઈક ગણગણાટ થઈ રહ્યો હતો તે મેં સાંભળ્યો. મારી ઇચ્છા તેમાં જોડાવાની હતી, પણ થોડીવાર પહેલાં જે બન્યું પછી મને એમ થયું કે હવે ફરીથી એવું કંઈ નથી કરવું જે તેમને પસંદ નથી. તેના કારણે મેં પાછળના ગણગણાટ પર ધ્યાન ન આપ્યું. મેં મારું સમગ્ર ધ્યાન ઉદાહરણો લખવા પર કેન્દ્રિત કરી દીધું. હું મારી જાતને તેમની નજરમાં ઉપર ઉઠાવવા માગતો હતો. મેં નક્કી કર્યું હતું કે તે જે સવાલ કરશે તેનો જવાબ આપવાની હું એક પણ તક જવા દઈશ નહીં અને જો તેમ નહીં થાય તો કોઈ મહત્ત્વનો પ્રશ્ન કરી લઈશ. તેના કારણે તેમના મનમાં મારા માટે રહેલી ખોટી છાપને દૂર કરી શકાશે, મને એવો વિચાર આવ્યો.

આ દરમિયાન મેં અનુભવ્યું કે પાછળનો ગણગણાટ વધીને એક બેન્ચથી બીજી બેન્ચ પસાર થઈ રહ્યો હતો. આ અવાજ માત્ર છોકરાઓના વિભાગ પૂરતો જ સીમિત રહેતા મેં પાછળ ફરીને કેટલાક ઉત્સાહી ચહેરાઓ સામે જોયું. મને નવાઈ લાગી કે આ લોકો શું જોઈ રહ્યા છે.

હું ફરીથી નોટ્સ લખવામાં વ્યસ્ત થઈ ગયો પણ સુશીલે મને અટકાવીને કહ્યું કે તું કેમ મજા નથી માણી રહ્યો. 'અબે તુ મઝે નહીં લે રહા હૈ?'

શું?

'તેની સામે જો અત્યારે', માથું હલાવીને તેણે ટીચર તરફ ઇશારો કરીને જોવાનું કહ્યું, જે હજી સુધી બૉર્ડ પર કંઈક લખી રહ્યા હતા.

પહેલાં તો મને ખ્યાલ ન આવ્યો કે સુશીલ શું કહી રહ્યો છે, પણ મને એ પણ જાણતા વાર ન લાગી કે ખરેખર તેનું ધ્યાન કઈ તરફ હતું.

પાવરકટના કારણે પંખા ઘણા સમયથી બંધ હતા અને તેના કારણે ઉનાળાની બપોરે રૂમનું તાપમાન અસહ્ય વધી ગયું હતું. પરસેવાના કારણે મેડમનો સફેદ બ્લાઉઝ પારદર્શક બની રહ્યો હતો જેથી તેની અંદર રહેલી બ્રા દેખાઈ રહી હતી. આ વિષય પર ક્લાસના છોકરાઓ ચર્ચા કરી રહ્યા હતા.

મને તેમના પ્રત્યે નફરત થઈ ગઈ. મેં મારી આસપાસ નજર કરી તે સમજાયું કે બધા ત્યાં જ તાકી રહ્યા છે. અગમ્ય કારણોથી મને એમ લાગતું હતું કે આ અયોગ્ય થઈ રહ્યું છે. તેના કારણે તેઓ જે ભણાવતા હતા તે તરફથી મારું ધ્યાન ભટકતું હતું. મને પહેલાં તો એમ થયું કે બધાને અટકાવી દઉં કે આ રીતે તેમની સામે જોવે નહીં.

મને એમ લાગતું હતું કે અમારી વચ્ચે કોઈ અજાણ્યો સંબંધ બંધાઈ રહ્યો છે. તેના કારણે મારે તેમને આ બધાથી બચાવવા જોઈએ, છતાં કંઈ પણ કરવાનો મને વિચાર ન આવ્યો. હું પ્રાર્થના કરવા લાગ્યો કે ઝડપથી પાવર પાછો આવે અને જો તેમ ન થાય તો બેલ વાગે જેથી પિરિયડ પૂરો થાય નહીં તો પછી તે બૉર્ડ પર લખવાના બદલે અમારા તરફ ફરે અને પિરિયડ પૂરો થાય ત્યાં સુધી તે જ સ્થિતિમાં ઊભા રહે.

'તેમના બ્લાઉઝમાંથી દેખાતી પેલી ગુલાબી વસ્તુ તો જુઓ.' સુશીલે લાલસાથી કહ્યું.

બંધ થઈ જા. હવે મને ગુસ્સો આવતો હતો તેથી મેં પિત્તો ગુમાવીને તેને ચેતવણી આપી દીધી.

તેના ચહેરા પરનું હાસ્ય વિલાઈ ગયું. જ્યારે તેણે જોયું કે હું જે કહી

રહ્યો છું તે ગંભીરતા સાથે કહું છું. મને એમ લાગ્યું, તેને મારા તરફથી આવા પ્રતિભાવની સહેજ પણ અપેક્ષા નહોતી.

તેમના વિશે બિલકુલ પણ આવી વાતો કરીશ નહીં. મેં તેને ચેતવણી આપી.

તે મારી સામે જ જોઈ રહ્યો અને પછી પાછળ બેઠેલા અમારા મિત્રો તરફ ફરીને બોલ્યો, 'સરદાર પાગલ હો ગયા હૈ.' (આ પાગલ થઈ ગયો છે) એટલું બોલીને મારા વર્તન અંગે વાત કરી.

ટીચરને અમારો ગણગણાટ સંભળાયો તેથી તેઓ પાછા ફર્યા અને બોલ્યા, કંઈ તકલીફ છે ત્યાં ?

કોઈ કશું બોલ્યું નહીં, તેથી તેઓ એક મિનિટ માટે ઊભા રહ્યા અને ફરીથી બૉર્ડ પર લખવામાં વ્યસ્ત થઈ ગયા. અમારી પાછળ બેઠેલા મિત્રો પણ સુશીલ સાથે મજાકમાં જોડાઈ ગયા. તે લોકો પાગલની જેમ તેમના વિશે ગમે તેવો બકવાસ કરી રહ્યા હતા.

એક સમયે તો મને એમ લાગ્યું કે મને ચીઢવવા માટે આ બોલે છે. તેમ છતાં તે લોકો જ્યારે બંધ ન થયા ત્યારે તેમની વાતો સાંભળીને હું અટવાઈ ગયો. મારી પાસે તેમનો બકવાસ સાંભળવા સિવાય અન્ય વિકલ્પ જ નહોતો.

આ દરમિયાન સુશીલે હદ વટાવી દીધી. જ્યારે તે બોલ્યો, આજે રાત્રે તો હું મારી સાથે બેડ પર તેની કલ્પના કરીને સૂઈ જઈશ. આ વાત સહનશક્તિના સીમાથી બહાર હતી. હું કૂદ્યો અને તેનું ગળું પકડી લીધું.

મારા ગુસ્સાથી સુશીલ ડઘાઈ ગયો. મારા આ વર્તનની તેને અપેક્ષા નહોતી. તેને ખ્યાલ આવી ગયો કે શું થશે તેથી તેણે મારું કાંડું પકડ્યું અને મારી પકડ છોડાવવાનો પ્રયાસ કર્યો. અમારી પાછળ બેઠેલામાંથી કોઈ આગળ આવ્યું અને વચ્ચે પડીને અમને છોડાવવા લાગ્યું.

મારો ગુસ્સો હદ વટાવી ગયો હતો. મારી અત્યાર સુધીની જિંદગીમાં હું ક્યારેય આ રીતે વર્તન કરતો નહોતો.

મેં તને કહ્યું હતું કે ચૂપ થઈ જા. મેં કહ્યું અને એક હાથે તેનું ગળું પકડીને બીજા હાથે તેની છાતીમાં એક મુક્કો માર્યો.

સુશીલે પણ પ્રતિક્રિયા આપવામાં વાર ન કરી. આ દરમિયાન તે એક જ વાક્ય બોલ્યો, 'મુઝે મારેગા ઈસ કે લીયે તુ.' (તું આના માટે મને મારીશ.) આટલું બોલતા તેણે એક મુક્કો માર્યો પણ હું બચી ગયો.

મારામારીનો અવાજ આવતા ટીચર પાછળ ફર્યાં. તેમણે જોયું કે હું અને સુશીલ મારામારી કરી રહ્યા હતા.

ઊભા થાઓ બેઉ જણા. ટીચરે બૂમ મારી. હાથમાં રહેલું પુસ્તક ટેબલ પર મૂકીને તે અમારી તરફ આગળ વધ્યાં.

આઉટ, બંને જણા ક્લાસની બહાર જતા રહો.

મેડમ પણ પહેલાં તેણે મને માર્યું હતું. તમે ગમે તેને પૂછી જુઓ. સુશીલે પોતાનો બચાવ કર્યો.

ગુસ્સામાં તેમણે મારી તરફ જોયું.

તે પહેલાં તેને માર્યું હતું? તેમણે વેધક સવાલ કર્યો.

હું શાંતિથી માથું નમાવીને ઊભો હતો.

મને જવાબ આપ, તે પહેલાં માર્યું હતું? તેમણે ફરીથી ગુસ્સામાં સવાલ કર્યો.

હા, મેડમ. નીચે જોતા જોતા મેં જવાબ આપ્યો.

તો પછી મને જણાવ કે શા માટે માર્યું હતું. તેમણે અદબ વાળીને મારી સામે નજર કરતા કહ્યું.

કારણ કે તે ખરાબ ખરાબ બોલતો હતો. મેં સરળતાથી જવાબ આપ્યો.

ના, મેડમ, હું કશું જ બોલ્યો નથી. સુશીલે વચ્ચે જ કહ્યું.

ટીચરે ઈશારાથી જ સુશીલને ચૂપ રહેવા જણાવ્યું અને મને પૂછ્યું,

તે શું બોલતો હતો?

હું કંઈ જ ન બોલી શક્યો. હું કેવી રીતે કહેતો?

તેમણે ફરીથી સવાલ કર્યો, તે શું કહેતો હતો?

હું એકપણ શબ્દો બોલ્યા વગર ચૂપચાપ ઊભો જ હતો.

મારા ચૂપ રહેવાથી તેમને અપમાન થયું હોય તેમ લાગ્યું અને હવે આ મુદ્દે વધારે ચર્ચા ન કરતા તેમણે દરવાજા તરફ ઈશારો કરી મને આદેશ આપ્યો,

બહાર જતો રહે રવિન્દર.

મેં તેમની સામે જોયું. તેમનો હાથ હજી પણ દરવાજા તરફ ઈશારો કરતો હતો. મેં સુશીલ અને પછી બાકીના લોકો સામે જોયું.

ત્યારે જ તેમણે મને બહાર જવાનું યાદ કરાવ્યું.

ક્લાસમાં ગણગણાટ ફેલાઈ ગયો.

મેં નોટ બંધ કરી, પેનનું ઢાંકણું લગાવી દીધું અને કોઈપણ ચર્ચા કર્યા વગર ક્લાસની બહાર જતો રહ્યો.

અત્યાર સુધીમાં પહેલી વખત આ નવી સ્કૂલમાં મને સજા કરવામાં આવી હતી. દુઃખદ વાત એ હતી કે મને સૌથી વધારે ગમતા ટીચર દ્વારા સજા કરાઈ હતી.

ક્લાસની દીવાલો અને બહાર રહેલા કેમ્પસ તરફ નજર કરતા હું વિચારતો હતો કે પિરિયડ શરૂ થયો ત્યારે મને વિચાર આવતા હતા કે હું કેવી રીતે તેમની નજરમાં ચઢિયાતો સાબિત થઈશ અને અત્યારે બધું ઊંધું થઈ ગયું. મને એમ થયું કે સુશીલ મેડમ વિશે જે બોલતો હતો તેને મેં એટલું ગંભીરતાથી કેમ લીધું. તે એવી વ્યક્તિ વિશે વાત કરતો હતો જેના વિશે હું ખાસ જાણતો પણ નહોતો. અન્ય વ્યક્તિ માટે થઈને મેં ક્યારેય આવી રીતે આક્રમક થઈને કોઈને માર્યું નહોતું. મને યાદ નહોતું કે મેં ક્યારેય અન્ય કોઈ ટીચર માટે થઈને મારા સાથીને માર્યો હોય.

એવામાં બેલ વાગ્યો અને પિરિયડ પૂરો થયો. રીસેસ પડતાં જ બધા બહાર દોડી આવ્યા. ટીચર બહાર આવ્યા અને મારી સામે ગુસ્સાથી જોઈને બોલ્યા,

અંદર જા અને ફરી ક્યારેય આવું ન કરતો.

તે હજી પણ મારા પર ગુસ્સે જણાતાં હતાં. હું તેમની સામે જોઈ રહ્યો હતો જ્યાં સુધી તે ચાલતા ચલાતા સ્ટાફરૂમમાં ન જતાં રહ્યાં.

મને એમ થયું કે મેં જ બધું બરબાદ કરી નાખ્યું. જો કે એમ પણ થતું હતું કે જે કર્યું તે બરાબર હતું. જો કોઈ તેમના વિશે ખરાબ બોલશે તો હું ફરીથી તેવું કરીશ. હું તેનું માથું ફોડી નાખીશ, મેં મનમાં જ નિર્ધાર કર્યો.

આ પિરિયડના કારણે ઘણું બધું બદલાઈ ગયું હતું. અનેક છોકરાઓને

ખ્યાલ આવી ગયો કે હું તેમના પ્રેમમાં છું. તેમણે મને આ વિશે પૂછ્યું ત્યારે મેં તેમને ના પાડી પણ અંદરખાને મને ગમતું હતું કે લોકો અમારા નામ એકબીજા સાથે જોડે.

સારી બાબત એ બની હતી કે તેમને મારા નામની જાણ થઈ ગઈ હતી. આખા ક્લાસમાંથી તેઓ મને ઓળખતા હતા. દુઃખ એ વાતનું હતું કે તેઓ મને ખોટી બાબત સાથે સાંકળીને ઓળખતા હતા. તેમને ઇમ્પ્રેસ કરવાની રેસમાં હું આગળ જવા માગતો હતો તેની જગ્યાએ સામેના છેડે જતો રહ્યો જ્યાંથી મારે પાછા આવવાનું હતું.

આ પિરિયડમાં સૌથી મોટી ઘટના એ બની હતી કે મારા અને સુશીલ વચ્ચેની ફ્રેન્ડશીપ તૂટી ગઈ હતી. માત્ર ગણતરીના સમયમાં આ બધું બની ગયું. માત્ર એક પિરિયડ પહેલાં અમે ખૂબ જ સારા મિત્રો હતા. એક પિરિયડ બાદ અમે બધા સાથે વાત કરતા હતા પણ એકબીજા સાથે નહીં.

હું ક્લાસમાં આવ્યો ત્યારે મેં સાંભળ્યું કે સુશીલ અમારા મિત્રોને કહી રહ્યો હતો કે, 'ટીચર માટે હું અમારી મિત્રતા ભૂલી ગયો...' મે'મ કે ચક્કર મેં અપને દોસ્ત પે હાથ ઉઠાયા.

મને બીજું બધું પણ સંભળાયું.

તે શાંત અને રમૂજી માણસ છે. મને એમ લાગ્યું કે પહેલાં તેં એના પર હાથ ઉઠાવ્યો હશે. કોઈએ સુશીલને સવાલ કર્યો.

હા, પણ ખરેખર તેનો આ સાચો સ્વભાવ નથી. મને હજી વિશ્વાસ નથી આવતો કે તે આવું વર્તન પણ કરી શકે છે.

હું મારી બૅગ પેક કરીને બહાર નીકળી ગયો. તે દિવસે મેં ટિફિન પણ ખાધું નહીં. મેં સ્કૂલની બહાર ઊભેલી ગાયને ટિફિન ખવડાવી દીધું.

લાઇક ઈટ હેપ્નૂડ યસ્ટરડે

એક દિવસ સવારે હું સ્કૂલમાં હતો.

તે પાંચમો મહિનો ચાલતો હતો અને સ્કૂલની ફી ભરવાનો છેલ્લો દિવસ હતો, પરંતુ સ્કૂલનો ક્લાર્ક જે ફી ઉઘરાવતો હોય છે તે બીમારીના કારણે એક અઠવાડિયાથી રજા પર હતો.

એસેમ્બલી હૉલમાં પ્રાર્થના પૂરી થતાં જ પ્રિન્સિપાસે જાહેરાત કરી કે, દરેક ક્લાસ ટીચર હાજરી ભરે તેની સાથે ફી પણ ઉઘરાવી લે અને વિદ્યાર્થીઓને તેની પહોંચ પછીથી આપી દેવામાં આવશે.

મારી નવી સ્કૂલમાં મારા પ્રિન્સિપાલ અને ક્લાર્ક સિવાય કોઈને પણ જાણ નહોતી કે હું અભ્યાસ માટે ફી આપી શકતો નથી. ઘણાં લાંબા સમયથી આ રહસ્ય અકબંધ હતું. ભૂતકાળમાં જ્યારે પણ મારા મિત્રો મને તેમની સાથે ફી ભરવા આવવાનું કહેતા ત્યારે હું કોઈપણ બહાનું બતાવી છટકી જતો. સામાન્ય રીતે હું તેમને એમ જ જણાવતો કે મેં આ મહિનાની ફી ક્યારનીય ભરી દીધી હતી. જો કે આ વખતે હું ફસાઈ ગયો હતો.

થોડીવારમાં હું ક્લાસમાં આવી ગયો. લોકો સામે સત્ય બહાર આવી જશે તેવા ડરથી હું ઠંડોગાર બની ગયો હતો.

તેઓ મારા માટે શું વિચારશે? આટલા મહિનાઓથી હું તેમની આગળ જુઠ્ઠું બોલતો હતો? જે અભ્યાસ માટે તેમને ફી ભરવી પડે છે તેને હું મફતમાં ભોગવી રહ્યો છું?

મારા મગજમાં એક સાથે હજારો વિચારો આવવા લાગ્યા. એક ક્ષણે એવો વિચાર આવ્યો કે ક્લાસમાંથી ભાગી જાઉં જેથી ટીચર મારી ગેરહાજરી પૂરે.

પરંતું બીજી જ ક્ષણે અમારી નજર એક થઈ તેથી હું પાછો જગ્યાએ બેસી ગયો.

તે એક પછી એક રોલ નંબર બોલવા લાગ્યા.

મારા મિત્રો તેમની પાસે જઈને ફી આપવા લાગ્યા.

હું બેચેનીપૂર્વક મારો વારો આવે તેની રાહ જોઈ રહ્યો હતો અને વિચારતો હતો કે કેવી રીતે આ પ્રક્રિયાને અટકાવી શકાય. અચાનક મને વિચાર આવ્યો અને મેં મારા ખીસામાં હાથ નાખ્યો. જે પણ પૈસા હતા તે બહાર કાઢ્યા અને ગણ્યા. તે માત્ર સત્તર રૂપિયા હતા. મેં પાછળ ફરીને સુશીલને બોલાવ્યો. તેણે મને એક મિનિટ રાહ જોવા કહ્યું. મેં તેને કહ્યું કે તે ખૂબ જ જરૂરી છે. તે તરત જ મારી તરફ ફર્યો અને બોલ્યો : શું થયું ?

મેં તેની પાસે થોડા રૂપિયા ઉધાર માગ્યા.

તેણે ખીસું તપાસ્યું તો તેની પાસે માત્ર વીસ રૂપિયા હતા. તેના હાથમાં દસ-દસની માત્ર બે નોટ હતી. તેની મદદથી હવે મારી પાસે સાડત્રીસ રૂપિયા થઈ ગયા હતા. મારે જેટલા રૂપિયાની જરૂર હતી તેમાં ઘણાં ખૂટતા હતા.

હું અમારા ક્લાસના સૌથી ધનવાન છોકરા અમિત પાસે ગયો. કમનસીબે તે પણ મારી મદદ કરી શકતો નહોતો કારણ કે તે સવારે જ તેણે કેન્ટીનનું બિલ ચૂકતે કર્યું હતું અને હવે તેની પાસે માત્ર ફી જેટલા જ રૂપિયા હતા. મારા નિરાશ ચહેરાને જોઈને તેણે મને વાયદો કર્યો કે મારે જેટલા પણ રૂપિયા જોઈતા હશે તે આપશે પણ તેના માટે આવતીકાલ સવાર સુધી રાહ જોવી પડશે.

પણ આવતી કાલે તો મોડું થઈ જશે. હકીકતમાં તો આવતીકાલે તેની જરૂર પણ નહીં પડે. મને તેની તત્કાલિન જરૂર હતી જેથી ફી ભરી શકાય અને મારી જાતને શરમમાં મુકાતા બચાવી શકાય. મારા વિચારો ઝડપથી ચાલી રહ્યા હતા પણ સમય તેના કરતા વધારે ઝડપી હતો.

આખરે તે ક્ષણ આવી ગઈ અને ટીચર મારો નંબર બોલ્યા.

મને ખ્યાલ નહોતો કે હું શું જવાબ આપીશ. મેં સુશીલને તેના વીસ રૂપિયા પાછા આપ્યા અને મારી બૅગના પહેલા ખાનામાં પડેલા કાગળના જૂના કાગળને હાથમાં લીધો. મેં તેને હથેળીમાં દબાવ્યો અને ટીચર તરફ જવા લાગ્યો.

મને ખ્યાલ નહોતો કે હું શું જવાબ આપીશ તેવા વિચારોમાં ખોવાયેલો

હું ધીમે ધીમે તેમના તરફ ગયો. હું વિચારતો હતો પણ મારું દુ:ખી હૃદય મને તેમ કરવા દેતું નહોતું. હું ટેબલ પાસે પહોંચ્યો તો મેં તેના પર ઘણા રૂપિયા પડેલા જોયા. ટીચર રાહ જોતા હતા કે હું મારો હિસ્સો આપું.

શૂન્યમનસ્ક થઈને હું તેમની તરફ નમ્યો અને ધીમેથી ગણગણ્યો. તેમને બરાબર સંભળાયું નહીં તેથી ફરીથી બોલવા કહ્યું. ક્લાસના બાકી બધાની સામે જોવાનું ટાળીને મેં પહેલાં જે કહ્યું હતું તેનું શાંતિથી પુનરાવર્તન કર્યું.

'તું કહેવા શું માગે છે કે તું ફી નથી ભરતો?' તેમણે મોટેથી સવાલ કર્યો. તે મૂંઝાયેલાં હતાં અને તેથી જ મારી પાસે ખુલાસો માગતાં હતાં.

શીટ...

આગળની હરોળમાં બેઠેલા લોકોએ સવાલ સાંભળ્યો. તેઓ આશ્ચર્યથી આ વિશે ચર્ચા કરવા લાગ્યા. ગણતરીની મિનિટોમાં તો આ વાત આખા ક્લાસમાં ફેલાઈ ગઈ અને બધા મારી સામે જોઈ રહ્યા કે હું શું જવાબ આપું છું.

હું કોઈની પણ સામે જોઈ શકવા સક્ષમ નહોતો.

ટીચરે ફરીથી મારું નામ લીધું, મારે હજી ખુલાસો કરવાનો બાકી હતો.

પણ શા માટે? તેમણે તેમના ચશ્માં ઉતારતા પૂછ્યું.

'અમે લોકો ગરીબ છીએ. મારા પપ્પા મારા ભણતરનો ભાર ઉઠાવી શકે તેમ નથી. આટલું બોલીને મારી મુઠ્ઠીમાં રહેલ કાગળ ખોલીને તેમના ટેબલ પર મૂક્યો જેથી તે વાંચી શકે.'

મારી ફી માફીની અરજી હતી જેના પર પ્રિન્સિપાલ અને સ્કૂલની કમિટીએ મંજૂરીની મહોર મારેલી હતી.

હું માથું ઊંચું કરી શક્યો નહીં અને કોઈની પણ સામે જોયું નહીં. મારામાં તે માટે હિંમત જ નહોતી. આખા ક્લાસમાં ગણગણાટ શરૂ થઈ ગયો. તેમને આજે હકીકતની જાણ થઈ હતી જેને મેં ઘણા સમયથી છુપાવી હતી.

ત્યાર પછી તરત જ ટીચરે મને મારી જગ્યાએ બેસી જવા કહ્યું. મેં ફરીથી તે કાગળને વાળીને મારા ખીસામાં મૂકી દીધો. ત્યાં સુધી હું નીચું જોઈને જ ઊભો હતો અને પછી ચૂપચાપ મારી જગ્યાએ જઈને બેસી ગયો.

જ્યારે પહેલો પિરિયડ પૂરો થયો ત્યારે મારા સાથી મિત્રો તરફથી પૂછનારા

અઘરા અને આશ્ચર્યજનક સવાલો માટે મેં મારી જાતને તૈયાર કરી લીધી હતી.

હું તે ભયંકર ક્ષણ માટે તૈયાર હતો.

મારા આશ્ચર્ય વચ્ચે બધાએ મારી સાથે એવી રીતે વાત કરી જાણે કશું બન્યું જ ન હોય.

કોઈએ મને મારી ફી વિશે પૂછ્યું જ નહીં, ક્યારેય નહીં!

૧૩
તે કાળો દિવસ

મને હજી પણ યાદ છે કે લગભગ તે સમયે એપ્રિલ મહિનો અડધો પસાર થઈ ગયો હતો જ્યારે મેં પહેલી વખત થિયેટરમાં ફિલ્મ જોઈ હતી. તે વખતની બપોર ખૂબ જ સુંદર હતી. હું અને મારા મિત્રો મેટની શો જોવા માટે ગયા હતા. આ આકસ્મિક ગોઠવાયેલો કાર્યક્રમ હતો. તે સમયે અમારી વાર્ષિક પરીક્ષાઓ ચાલતી હતી અને તે દિવસે પણ અમારે ઇતિહાસની પરીક્ષા હતી જે અમારા માટે સૌથી બોરિંગ વિષય હતો.

નિયમ પ્રમાણે ૧૨:૩૦ વાગ્યે મોટાભાગના વિદ્યાર્થીઓ સ્કૂલમાં આવી ગયા. પરીક્ષા એક વાગ્યે શરૂ થવાની હતી. અમારા ખભે સ્કૂલ બૅગ ભરાવેલી હતી પણ પરીક્ષાના કારણે તેમાં ખાસ ભાર હતો નહીં, માત્ર વાંચવા પૂરતા કેટલાક ચોપડા હતા. દરેકના હાથમાં રહેલું પ્રશ્નપત્ર અને ટેકા માટેનું ક્લિપબૉર્ડ જોઈને બધાની ઉત્સુકતાનું અનુમાન લગાવી શકાતું હતું. અંતિમ ક્ષણે પેન્સિલની અણી કાઢવી અથવા તો પેનમાં શાહી ચેક કરવી કે ભરવી તેમાં બધા જ વ્યસ્ત હતા.

પરીક્ષા પહેલાં દેખાતી સામાન્ય ચિંતા દરેકના ચહેરા પર જણાતી હતી.

ટોપ રેન્કર પણ બનાવટી સ્મિત કરીને ચિંતા છુપાવવાનો પ્રયાસ કરતા હતા. મોટાભાગના કાયમની જેમ એક જ વાત કરતા હતા, 'ખબર નથી પડતી યાર, આજની પરીક્ષામાં શું થશે. ગઈકાલે રાત્રે જે વાંચ્યું હતું તે બરાબર યાદ આવતું નથી અત્યારે.'

આ તેમની મોડસ ઓપરેન્ડી હતી જેથી ચિંતા કરીને તેમણે ફરીથી વાંચવું ન પડે અને બાકીનાને બતાવી શકાય કે તેઓ કેટલા ચિંતાતુર છે કે અંતિમ મિનિટ સુધી તેમને વાંચવું પડે છે. હકીકતમાં તેઓ આંતરિક રીતે ચિંતા કરીને ફરીથી વાંચતા જ હોય પણ અન્યના નામે વાંચતા હોય. હવે બધાને તેના વિશે ખ્યાલ આવી ગયો હતો તેથી કોઈને ખાસ ફરક પડતો નહોતો.

બીજી તરફ અભ્યાસમાં પાછળ રહેનારા પણ આત્મવિશ્વાસથી ભરપૂર જણાતા હતા, જાણે આ વખતે બાજી મારી જશે. તેઓ મોટાભાગે કહેતા કે ઈતિહાસ એટલું શું, વાર્તાઓ... આપણે દરેક પ્રશ્નમાં એક લખી નાખવાની.

અમિતે મને પ્રશ્ન કર્યો કે, મહાત્મા ગાંધીનો જન્મ ક્યારે થયો હતો?

બીજી ઑક્ટોબર, મેં જાહેર રજા યાદ કરતો હોઉં તેમ કહી દીધું.

'અબે સાલ બતા, તારીખ નહીં.' તેણે તારીખ નહીં વર્ષ અંગે પૂછ્યું.

વર્ષ... હં... ૧૯૪૦. મેં જવાબ આપ્યો. તે મારી સામે આશ્ચર્યથી જોઈ રહ્યો હતો. મેં ફરીથી કહ્યું, ના... ૧૯૩૭.

તે હસવા લાગ્યો અને બોલ્યો, તારો કહેવાનો અર્થ એ છે કે આપણને આઝાદી મળી ત્યારે ગાંધીજી માત્ર દસ વર્ષના હતા.

આ સાંભળીને અમારી પાસે ઊભેલી ગુરપ્રિત હસવા લાગી. જો કે જવાબ તેને પણ ખબર નહોતો.

૧૮૬૯. અમિતે જવાબ આપ્યો.

આ મારા માટે અપમાનજનક હતું. તેમાંય તેણે ત્રીજી વ્યક્તિ અને તે પણ છોકરીની સામે અપમાન કર્યું હતું.

સારું, સારું ચાલ હું તને એક પ્રશ્ન પૂછું. એમ કહીને મેં પુસ્તક ખોલ્યું.

'ચલ બતા, ફર્સ્ટ બેટલ ઑફ પાનિપત કહાં હુઈ થી?' મેં તેને ઐતિહાસિક યુદ્ધની તારીખ અંગે સવાલ કર્યો.

૧૫૨૬. તેણે તરત જ જવાબ આપ્યો. તેના ચહેરા પર વિજયી સ્મિત ફરકતું હતું. મેં તેનો જવાબ ચેક કર્યો. તે ખરેખર સાચો હતો. હવે મારો અહમ સાવ દટાઈ ગયો, કારણ કે તે મારા કરતા વધારે જાણતો હતો.

'એન્ડ સેકન્ડ બેટલ ઑફ પાનિપત?' કદાચ તે ખોટો પડે તો એવી ધારણાએ મેં બીજો સવાલ કર્યો.

અં... સેકન્ડ... બેટલ... ૧૫- યસ, ૧૫૫૬? તેના મગજમાં રહેલા કેલેન્ડરો ઉથલાવીને તેણે જવાબ આપ્યો.

કમનસીબે તે ફરીથી સાચો પડ્યો.

તેના આત્મવિશ્વાસે મારા આત્મવિશ્વાસને તોડી નાખ્યો. હવે મારી પાસે બે જ રસ્તા હતા જેના દ્વારા એક્ઝામ પહેલાં હું મારી જાતને વિશ્વાસ અપાવી શકું તેમ હતો. પહેલું કે હું અન્ય દ્વારા પુછાયેલા તમામ પ્રશ્નોના સાચા જવાબ આપું. બીજું એ હતું કે જો હું અન્ય વ્યક્તિના સવાલોના જવાબ ન આપી શકું તો તે વ્યક્તિ પણ મારા સવાલોના જવાબ ન આપી શકે.

મારા માટે તો અત્યારે બંને રીત કામ કરતી નહોતી. મેં ફરીથી ચોપડી ઉપાડી અને આ વખતે તેના કરતા પણ વધારે અઘરો સવાલ પૂછવાનું નક્કી કર્યું, જેથી મારો આત્મવિશ્વાસ વધે.

તું મોગલકાળ વિશે બધા જ સવાલોના જવાબ આપી શકે છે?

અમિતે માથું હલાવ્યું.

'અનારકલી ક્યારે મૃત્યુ પામી?'

તે ખડખડાટ હસી પડ્યો. આપણા પુસ્તકમાં અનારકલી વિશે કશું જ નથી, તે રઝિયા સુલતાન છે. બરાબર ચેક કર.

મેં ફરીથી પુસ્તકમાં નજર કરી જ્યાં 'તારીખ અને ઘટનાઓ' લખેલા હતા. લગભગ ત્રણ સેકન્ડ પછી હું ઈર્ષાના સાગરમાં ડૂબવા લાગ્યો સાથે સાથે દુ:ખ પણ થયું, કારણ કે તે સાચો હતો. કેવો બકવાસ?

એટલામાં બેલ વાગ્યો અને અમારી પ્રશ્નોત્તરીમાં ખલેલ પડી. અમારે હવે ક્લાસમાં અંદર જઈને અમારી નક્કી કરેલી જગ્યાએ બેસવાનું હતું. મેં પુસ્તક બંધ કર્યું અને અમિત સામે જોયું. તેણે મને પૂછ્યું કે હું તને જણાવું

કે રઝિયા સુલતાન ક્યારે મૃત્યુ પામી?

હવે વાત અસહ્ય થઈ ગઈ હતી.

કોઈ જરૂર નથી, જા હવે, ઓલ ધ બેસ્ટ. એટલું કહીને હું પણ અંદર જતો રહ્યો. પાછળથી મને અવાજ આવ્યો, જોયું તો અમિત મને બેસ્ટ લક કહેતો હતો, પણ હવે શું તેની ખરેખર જરૂર હતી, કે અર્થ હતો?

અમે લોકો અમારી જગ્યાએ જઈને બેઠા. એવામાં બધું જ બદલાઈ ગયું, કોઈક મોરારજી દેસાઈ હતા તેમનું નિધન થયું હતું. તેના કારણે ટીચરે ક્લાસમાં આવીને જણાવ્યું કે આજની હિસ્ટ્રીની એક્ઝામ કેન્સલ થઈ છે જે આવતીકાલે લેવામાં આવશે.

મને ખ્યાલ નહોતો કે મોરારજી દેસાઈ કોણ છે અને તેમને અમારી હિસ્ટ્રીની એક્ઝામ જોડે શું લેવા દેવા છે. મને એમ થયું કે તે અમારી સ્કૂલની કમિટીમાં હશે. ટોળામાં મારા જેવા બીજા ઘણા હતા, જો કે કેટલાક હોંશિયાર વિદ્યાર્થીઓ પણ હતા. જેમણે અમને કહ્યું કે તે આપણા દેશના ચોથા વડાપ્રધાન હતા. મને ખાતરી હતી કે આ સાંભળ્યા પછી અમિત તેના મેમરી કેલેન્ડરમાં આ તારીખ પણ ઉમેરી દેશે.

જે હશે તે, અંતે સ્થિતિ એવી આવી કે અમારી પાસે ઘણો સમય હતો. સમજદાર વ્યક્તિ હોય તો આવા દિગ્ગજના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કરે પણ અમારા જેવા અણસમજુ લોકો ફિલ્મ જોવા જાય.

અને અમે લોકોએ તે જ કર્યું.

બધાને એમ જ હતું કે ફરીથી ઇતિહાસ વિશે વાંચવાનો કોઈ અર્થ નથી. તેનાથી ખાસ કોઈ ફેર પડવાનો નથી. અમારી પાસે આખી રાત અને સવાર હતી કે અમે આખો કોર્ષ ફરીથી વાંચી જઈએ.

લક્ષ્મી ટોકિઝમાં તે વખતે કરન-અર્જુન ચાલતું હતું. ત્યાં સુધી મેં ક્યારેય થિયેટરમાં ફિલ્મ જોઈ નહોતી. મારા વતન બુર્લામાં એકપણ થિયેટર નહોતું, જે એક હતું તે ઘણા સમય પહેલાં બંધ થઈ ગયું હતું. મને એમ થયું કે મારી પાસે એટલા પૈસા છે કે હું થિયેટરમાં જઈ શકીશ. સુશીલે મને કહ્યું કે આખા સંબલપુરમાં લક્ષ્મી થિયેટર એવું છે જેની ટિકિટ સૌથી સસ્તી છે. તેમાં એક

શોના વ્યક્તિ દિઠ પાંચ રૂપિયા લેવામાં આવે છે. અમારા માટે મેટની શો બરાબર હતો. અમને આનંદ હતો કે અમારી પાસે વધારાના પાંચ રૂપિયા હતા. અમે થિયેટર જવા તૈયાર થયા. બધા પોતાની સાઇકલ પર બેસી ગયા. મારી પાસે સાઇકલ નહોતી તેથી હું નંદુની સાઇકલના આગળના સળિયા પર ગોઠવાયો. અડધે સુધી તેણે પેડલ માર્યા અને પછી અમે બેઠક બદલી અને બાકી અડધે સુધી મેં સાઇકલ ચલાવી.

મૂવી જોવા જતાં પહેલાં મેં સ્કૂલના ફોનમાંથી અમારા પાડોશીને ત્યાં ફોન કર્યો જેથી જાણ કરી શકાય. તે અમારી બાજુમાં જ રહેતા હતા અને તેઓ એકલા જ એવા હતા જેમને ફોન રાખવો પોસાય તેમ હતો. મહત્ત્વની વાત એ હતી કે જેમના ઘરે ફોન હોય તેને બધા મૅસેન્જર તરીકે ઉપયોગમાં લેતા હતા. આ વાતથી કંટાળીને તે દિવસના અડધા મૅસેજ પહોંચાડતા જ નહોતા. મને ખાતરી હતી કે તેઓ મારી મમ્મીને તો ચોક્કસ મૅસેજ આપી દેશે.

લક્ષ્મી થિયેટરની તે મારી પહેલી મુલાકાત હતી અને આવા સ્થળે જવાનો અનુભવ હજી પણ મારા મનમાં જીવંત છે. એક મોટો અંધારિયો હૉલ હતો જેમાં કતારબંધ ખુરશીઓ ગોઠવેલી હતી. જેમાં ખસની સીટ બનાવી હતી અને ક્યાંક ક્યાંકથી તો તે બહાર આવતું હતું. કેટલાક લોકો સીટીઓ મારતા હતા પણ હું તેમને જોઈ શકતો નહોતો. અમે બધા બીજી જ હરોળમાં બેઠા હતા. ફિલ્મમાં બોલાતા ડાયલોગના આખા હૉલમાં પડઘા પડતા હતા અને પહેલી વખત મોટા મોટા ઘોડા, વિલનો અને હીરોઈનો જોવાનો મારો અનુભવ હતો.

વારંવાર એવું બનતું કે બાજુના દરવાજામાંથી કોઈ અંદર આવે કે બહાર જાય. તેના કારણે પહેલી બે-ત્રણ હરોળમાં બેઠેલા લોકો પર પ્રકાશ પડે અને તેમને ફિલ્મ જોવામાં તકલીફ પડે. જેટલી વખત તે પ્રકાશ પડે, તેટલી વખત હું આસપાસ બેઠેલા કેટલાક જાણીતા ચહેરા જોઈ લઉં. તેમાંના ઘણાં રિક્ષાવાળા હતા જે પ્રાઇમરીના છોકરાઓને સ્કૂલે લેવા-મૂકવા આવતા હતા. તેમને જોઈને મને આનંદ થયો અને મારા મિત્રોને પણ મેં તેના વિશે વાત કરી. સુશીલે મને અટકાવ્યો અને ફિલ્મ તરફ ધ્યાન આપવાનું કહ્યું.

અમરિશ પુરી કોઈના પર બળાત્કાર કરશે હવે. તેણે ફિલ્મ તરફ જ નજર

રાખીને મને કહ્યું.

મારી નજર હજી પેલા રિક્ષાવાળાઓ તરફ જ હતી. તે લોકો પણ ફિલ્મની સામે જ ધ્યાનથી જોતા હતા. તેથી હવે મારી પાસે પણ અમરિશ પુરીને જોવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. મને તે ફિલ્મના ફાઈટિંગ સીન ગમતા હતા અને ખાસ કરીને હીરોના ડબલ રોલના કારણે મજા આવતી હતી. ફિલ્મમાં ઇન્ટરવલ પડતાં જ પીળી લાઇટો શરૂ થઈ અને થિયેટરના દરવાજા પણ ખોલી દેવાયા. બધા તરત જ ઊભા થઈને બહાર જવા લાગ્યા. મેં આસપાસ નજર દોડાવી જેથી ખ્યાલ આવે કે કેટલા લોકો ફિલ્મ જોવા આવે છે. તે બધા પુરુષો જ હતા અને તેમાંથી અમે લોકો જ હતા જેણે સારાં કપડાં પહેર્યાં હતાં. બાકીના લોકો આસપાસની ઝૂંપડપટ્ટીમાંથી આવ્યા હોય તેવા હતા.

સુશીલ મારા હાવભાવ જોઈને બોલ્યો, પાંચ રૂપયે કી ટિકિટમેં યેહી જુગાડ મિલોગા. (પાંચ રૂપિયાના ટિકિટમાં આટલું જ મળે ને યાર.)

અમે લોકો તેની વાત સાંભળ્યા વગર ટૉઈલેટ તરફ જતા રહ્યા. તે આઠ દસ યુરિનલ પાસે લાગેલી મોટી લાઇન અમારી રાહ જોઈ રહી હતી. તે જગ્યા જોઈને મને ચીતરી ચઢી. ક્યાંક પાણી ટપકતું હતું, તો બીજી તરફ લોકોના યુરિનની એટલી બધી વાસ આવતી હતી કે મારું નાક તેનાથી ભરાઈ ગયું. સિગારેટનાં ઠૂંઠાં અને બીડી જમીન પર પડ્યાં હતાં અને નીચે પણ પાણી ફેલાયેલું હતું, જ્યાં પણ કચરો તરતો હતો. યુરિનલ્સમાં પણ ગંદકી હતી અને ચારેતરફ પાનની પીચકારીઓ મારેલી હતી. મોટાભાગના યુરિન કરીને તરત જ ચા પીવા માટે દોડી જતા. ત્યાંની ગંદકી જોઈને મને ખાવા કે પીવાનો વિચાર પણ ન આવ્યો. જો તે મજેદાર ફિલ્મ ન હોત તો હું ક્યારનોય ત્યાંથી જતો રહ્યો હોત. ફિલ્મ સારી હતી તેથી હું આસપાસનું બધું ભૂલી ગયો.

જ્યાંથી ફિલ્મ અટકી હતી ત્યાંથી આગળ જોવાનું શરૂ કર્યું. ટૂંક સમયમાં જ અમે ફિલ્મમાં ખોવાઈ ગયા. હીરો તેમના બીજા અવતારમાં શક્તિશાળી બની ગયા હતા જેથી વિલનને મારી રહ્યા હતા.



લાઇક ઈટ હેપ્ન્ડ યસ્ટરડે

અમે થિયેટરમાંથી બહાર આવ્યા ત્યારે સંધ્યાકાળ થવા આવ્યો હતો. અમે બહાર નીકળીને પાસેની એક રેસ્ટોરાંમાં સમોસા ખાધા અને ચા પીધી, પછી મારો એક મિત્રે મને બસ સ્ટેન્ડ સુધી મૂકી ગયો. હું એકલો જ હતો જેણે બસ પકડીને પાછા ઘરે જવાનું હતું. મને બસ મળી અને હું તેમાં બેઠો એટલે તે બધા જતાં રહ્યા.

તે ખરેખર સરસ દિવસ હતો, કારણ કે હું પહેલી વખત મારા મિત્રો સાથે સંબલપુરમાં ફર્યો હતો. હું ખરેખર ખુશ હતો. બાકીના દિવસોની સરખામણીમાં હું આજે મોડી બસમાં બેઠો હતો. મોટાભાગે તો હું સમયસર ઘરે પહોંચી જતો હતો. આજે મને એમ લાગતું હતું કે હું ડિનર વખતે જ ઘરે પહોંચી શકીશ.

બસમાં ગણતરીના જ લોકો બેઠા હતા. મોટાભાગની સીટ ખાલી હતી. પહેલી બેત્રણ સીટો લાંબાં અંતર માટે સારી નહોતી. તેથી હું આગળ જમણી તરફ આવેલી સીટમાં બારી પાસે ગોઠવાયો. મેં બારી સહેજ ખોલી, જેથી તાજી હવા અંદર આવે અને પછી બહાર જોવા લાગ્યો.

સ્ટ્રીટ લાઈટો ચાલુ થઈ ગઈ હતી અને બીજી તરફ દુકાનોમાં પણ લાઈટો ચાલુ કરેલી દેખાતી હતી. બસની અંદર અંધારું હતું. બસની છત પર લાઈટો લગાવેલી હતી પણ માટી અને મરેલી જીવાતોના ભારથી મોટાભાગની લાઈટો બંધ હતી. ડ્રાઈવરે બસ ચાલુ કરી. વાઈબ્રેશન સાથે બસ ચાલુ થઈને પછી જેવી આગળ વધી કે જાણીતો ચિચિયારી જેવો અવાજ આવ્યો જે સમગ્ર મુસાફરીનો એક ભાગ હતો.

મારી પાછળ એક વૃદ્ધ વ્યક્તિ બેઠી હતી અને મને ખ્યાલ આવ્યો કે તે ક્યારનીય મારી સામે જોઈ રહી હતી. તે અજાણી વ્યક્તિ હતી. તે પાન ખાઈ રહ્યા હતા. તેમના કાન પર મોટા વાળ ઉગેલા હતા તથા આગળ મોટી તાલ હતી અને આંખો પર જાડા કાચના ચશ્માં ચઢાવેલા હતા. તેમણે શર્ટ અને ધોતી પહેરેલા હતા. હું જેટલી વખત તેમની સામે જોતો તેટલી વખત તે થોડા અસહજ થઈ જતાં અને મારી સામે જોવાનું ટાળતા.

મારી ડાબી આંખના ખૂણેથી હું જોતો હતો કે તેઓ મારું નિરીક્ષણ કરી

રહ્યા છે. હું યાદ કરવાનો પ્રયાસ કરતો હતો કે પહેલાં હું ક્યારેય તેમને મળ્યો છું કે નહીં, પણ મને કોઈ પ્રસંગ યાદ ન આવ્યો. તેથી મેં નક્કી કર્યું કે તેની સામે જોયા વગર બારીની બહાર જોઈ રહેવું. મારા મનમાં હજી પણ ફિલ્મના વિચારો આવતા હતા, જો કે તરત જ બીજા દિવસે લેવાનારી હિસ્ટ્રીની એક્ઝામ પણ યાદ આવી ગઈ. હું એકસાથે ઘણી બધી બાબતો વિશે વિચારતો હતો. આ વિચારોમાં અને થાકના કારણે ક્યારે મારી આંખ મિચાઈ ગઈ તેનો મને ખ્યાલ ન આવ્યો. મારા ખભે કોઈના હાથનો અનુભવ થતા મારી આંખ ખૂલી. તે કન્ડક્ટર હતો જે મારો કોલર ખેંચી રહ્યો હતો.

ટિકિટ, ટિકિટ, મને જગાડતાની સાથે તેણે પૂછ્યું.

મેં બરાબર આંખો ખોલી, ત્યારે મને ખ્યાલ આવ્યો કે હું ક્યાં છું. મને સમજાયું કે હું ગાઢ ઊંઘમાં હતો. અત્યાર સુધીમાં બસે ઘણું અંતર કાપી નાખ્યું હતું. એક સ્ટોપ આવતા ત્યાં બસ ઊભી હતી. મેં બહાર જોયું તો લગભગ ઘરે પહોંચવામાં અડધે આવી ગયા હતા. બસમાંથી લગભગ મોટાભાગના હવે ઊતરી ગયા હતા.

ટિકિટ, ટિકિટ, કંડક્ટરે મને ફરીથી તેની કાયમી આદત પ્રમાણે યાદ કરાવતા કહ્યું.

યે લો, ઔર સોને દો ઉસે. (આ લઈ લો અને તેને સૂવા દો.) મારી પાછળથી અવાજ આવ્યો.

તે પેલા અજાણ્યા વૃદ્ધ હતા. કંડક્ટર તરફ લંબાવેલા તેમના જમણા હાથમાં બે રૂપિયા હતા. મેં પહેલાં તેની સામે જોયું અને પછી કંડક્ટરની સામે જોયું જે અમને બંનેને તાકી રહ્યો હતો. એકદમ ઊંઘમાંથી જાગવાના કારણે મને તે વૃદ્ધની આવી લાગણી સમજાઈ નહીં. મેં ખીસામાં હાથ નાખ્યો જેથી ટિકિટના પૈસા કાઢી શકાય, પણ તેમણે મને અટકાવ્યો.

ના, ના, અંકલ મારી પાસે પૈસા છે. મેં ભાર મૂકતા કહ્યું કે, હું જાતે ચૂકવી દઈશ.

કશો વાંધો નહીં. હું તારા પપ્પા પાસેથી લઈ લઈશ. હું તેમને સારી રીતે ઓળખું છું. તેમણે જવાબ આપ્યો.

કંડક્ટરે તેમની પાસેથી પૈસા લઈ લીધા અને પછી અમને ડ્રાઈવરની બાજુમાં એન્જિનના બૉનેટ પાસે બેસવા માટે આગળ જવા દીધા.

બસમાં હું અને તે વૃદ્ધ બે જ પેસેન્જર હતા.

તમે મારા પપ્પાને ઓળખો છો? થોડો રસ દાખવતા મેં પૂછ્યું.

હા, એટલું કહેતાની સાથે તેઓ મારી પાસે આવીને બેસી ગયા.

મને ખરેખર એ જાણીને સારું લાગ્યું, કે કોઈ મારા પપ્પાને ઓળખે છે જે મારા માટે ટિકિટના પૈસા ખર્ચવા તૈયાર છે.

હું થોડો બારી તરફ દબાયો જેથી તેમને બરાબર બેસવા માટે જગ્યા મળે. તે બરાબર ગોઠવાયા અને પછી મારા ખભા પર હાથ મૂક્યો. મેં બે રૂપિયાની નોટ પાછી મારા ખીસામાં સેરવી દીધી.

મેં બે રૂપિયા બચાવ્યા હતા. મારા મગજમાં વિચાર ચાલતો હતો કે બસમાંથી નીચે ઊતર્યા પછી હું કચ્ચા માર્કેટમાં વડના ઝાડ નીચે આવેલી રામ ભરોસે નાસ્તાની દુકાનમાં જઈને સમોસા કે પછી જલેબીની મજા માણીશ.

તો તું ક્યાં અભ્યાસ કરે છે? તેમણે મને સવાલ કર્યો.

ગુરુ નાનક પબ્લિક સ્કૂલ.

અરે, વાહ, ખૂબ જ સરસ. તેમણે કહ્યું.

મેં જવાબમાં સ્મિત કર્યું અને પાછો બારીની બહાર જોવા લાગ્યો.

તું આજે રાત્રે મારા ઘરે આવ. મારા ઘરે તારા જેટલી જ ઉંમરનો છોકરો પણ છે. તને તેમની સાથે રમવાની મજા આવશે. મારું ઘર તારા ઘરની બિલકુલ નજીક જ છે. તેમણે મારી સામે પ્રસ્તાવ મૂક્યો.

ના, ના અંકલ, મારે ઝડપથી ઘરે પહોંચવાનું છે. મેં થોડા અણગમા સાથે સીધો જવાબ આપી દીધો.

તને ખબર છે મેં તેને હમણાં જ નવી વીડિયો ગેમ લાવી આપી છે. તેનું નામ છે મારિયો. તું ક્યારેય રમ્યો છે? તેમણે મને લાલચ આપતા કહ્યું અને પછી બારીની બહાર થૂંકવા માટે મને સહેજ પાછો ખસેડ્યો.

વીડિયો ગેમનું નામ સાંભળીને મને જિજ્ઞાસા થઈ. મેં તેના વિશે મારી સ્કૂલના કેટલાક મિત્રો પાસેથી સાંભળ્યું હતું. મેં મારા પપ્પાને પણ દબાણ કર્યું

હતું કે મને લાવી આપે પણ તેમણે અમારી આર્થિક સ્થિતિનું કારણ આગળ ધરીને મને અપાવવાની મનાઈ કરી દીધી હતી.

તે પાછા પોતાની જગ્યાએ બેઠા એટલે મેં તેમને પૂછ્યું કે તમારું ઘર ક્યાં છે અંકલ?

તારા ઘરની એકદમ પાસે, હું તને પાછો મૂકવા પણ આવીશ. તારે આવવું છે મારા ઘરે? તેમણે ફરીથી મારી સામે જોતા કહ્યું.

ના અંકલ, કાલે મારે હિસ્ટ્રીની એક્ઝામ છે. મેં નિરાશા સાથે કહ્યું.

અરે, તે એટલું જ બોલ્યા. તેમણે પછી મારા ખભે હાથ મૂક્યો અને મારી બોચીના ભાગમાં હાથ ફેરવવા લાગ્યા. મને થોડી નવાઈ લાગી.

તમે મારા પપ્પાને ક્યાં મળ્યા હતા? મેં સવાલ કર્યો.

તેમણે તેમની આંખો ચકળવકળ ફેરવી અને પછી બોલ્યા, હમ... બેટા, હું તેમને ઑફિસમાં મળ્યો હતો.

હવે તે મારા માટે ખરેખર વિચિત્ર હતું. મારા પપ્પા કોઈ ઑફિસમાં કામ કરતા જ નહોતા.

મેં ચોખવટ કરતા જણાવ્યું કે, મારા પપ્પા તો ઑફિસમાં કામ જ નથી કરતા. તે ગુરુદ્વારામાં પૂજારી છે.

અરે, ના, ના. તેમણે જવાબ સુધારી દીધો. મારો કહેવાનો અર્થ એ હતો કે હું તેમને મારી ઑફિસમાં મળ્યો હતો. તે ઘણી વખત કામ માટે ત્યાં આવતા અને ત્યારથી તે મારા સારા મિત્ર બની ગયા હતા. મેં જોયું કે જવાબ આપતી વખતે તે થોથવાતા હતા.

મારા મનમાં શંકા ગઈ પણ હું તાત્કાલિક કંઈ કરી શકું તેમ નહોતો.

અમારી વાતો ચાલતી હતી તે દરમિયાન તે તેમનો હાથ થોડો વધારે નીચે જવા દઈ મારી પીઠ પર ફેરવવા લાગ્યા. મને થોડી નવાઈ લાગી અને તેથી મેં પ્રશ્નસૂચક દૃષ્ટિથી તેમની સામે જોયું, કે તે કરવા શું માગે છે? મને એમ થયું કે તરત જ તેનો હાથ હટાવીને તેને અટકાવી દઉં પણ તે પહેલાં જ તેણે મને સખત રીતે જકડી નાખ્યો. હું સહેજ પણ હાલીચાલી શકું તેમ નહોતો, એક ઈંચ પણ નહીં.

તેમની આંખો પહોળી થઈ ગઈ હતી, અને તેનાથી તેઓ મારી સામે તાકી રહ્યા હતા. હું સખત ડરી ગયો હતો અને તેનાથી થીજી ગયો હતો. મને ખ્યાલ નહોતો આવતો કે તેઓ મારી સાથે શું કરી રહ્યા છે. મારો ચહેરો પણ સુન્ન થઈ ગયો હતો. માત્ર મારી આંખો હલનચલન કરી રહી હતી.

બસની બહાર અને અંદર બંને તરફ અંધારું હતું. બસમાં અન્ય કોઈ પેસેન્જર પણ નહોતા કે અમને કોઈ જોઈ શકે. બસના એન્જિનનો અવાજ એટલો મોટેથી આવતો હતો કે બાકીનો અવાજ સંભળાવાની શક્યતા જ નહોતી.

બીજી જ ક્ષણે મને અનુભવ થયો કે તેનો બીજો હાથ મારા ગાલ પર છે. મને ખ્યાલ આવી ગયો કે હું મુસિબતમાં છું. મેં તેમની સામે જોયું. તેમને મારી આંખોમાં રહેલા ભયનો અનુભવ થતો હતો. મેં સહેજ પણ હલનચલન કર્યા વગર માત્ર મોઢું ફેરવી લીધું ત્યારે તેમના ચહેરા પર ગુસ્સો અને કપટી સ્મિત ઊપસી આવ્યા. તેમનો ચહેરો પાશવી બની ગયો હતો. ગુસ્સાથી ચહેરો લાલઘૂમ દેખાતો હતો. તેમના મોઢામાં રહેલા કાળા દાંત અને તેની વચ્ચે દેખાતી લાલ જીભથી હું વધારે ડરી ગયો અને મારી આંખો બંધ કરી દીધી.

થોડી મિનિટો માટે તો હું તેમના માટે એક રમકડા સમાન હતો. તેઓ પોતાની આંગળી મારા ચહેરા પર ફેરવતા હતા. અગમ્ય ભયથી હું કંપી રહ્યો હતો. મને વિચાર આવ્યો કે બૂમો પાડું, પણ પછી થયું કે બસના અવાજમાં મારો અવાજ કંડક્ટર સુધી પહોંચશે નહીં અને કદાચ હું બૂમ પાડું અને આ ડોસો મને કંઈક કરી નાખે તો. તે કદાચ મને મારે અથવા તો મારું ગળું દબાવીને મને મારી નાખે. મને સહેજ પણ કલ્પના નહોતી થતી કે આ વ્યક્તિ ખરેખર મારી સાથે શું કરી રહી છે અથવા શું કરવા માગે છે.

હું સાવ નિઃસહાય હતો. ભયના કારણે હું એવી સ્થિતિમાં આવી ગયો હતો કે ભગવાનને પ્રાર્થના પણ કરી શકતો નહોતો. તેણે તેની આંગળી મારા શર્ટના કોલરમાં નાખી અને પછી ગળાની આસપાસ ફેરવવા લાગ્યો. હું તેની પકડમાં હોવા છતાં ધ્રૂજી રહ્યો હતો. મને ગૂંગળામણ થતી હતી અને મારું મગજ કાબૂ ગુમાવતું જતું હતું. મારું હૃદય ઝડપથી ધબકી રહ્યું હતું. ભયથી બંધ મારી આંખોની સામે પેલી ફિલ્મનાં દૃશ્યો જીવંત થઈ રહ્યાં હતાં, વિલન દેખાઈ રહ્યો

હતો. મારા શરીર પર ફરતા તેના હાથનો મને અનુભવ થઈ રહ્યો હતો. મને ખ્યાલ આવ્યો કે કેવી રીતે વિલને પેલા બે હીરોને પહેલા ભાગમાં મારી નાખ્યા હતા. હું પણ તેવો જ અસહાય બની ગયો છું. હું લાચાર હતો. મારા શ્વાસ ઝડપથી ચાલી રહ્યા હતા અને ભય સાથે હું તેને વિનંતી કરી રહ્યો હતો. પ્લીઝ... પ્લીઝ... મત.. કરો, અંકલ (રહેવા દો અંકલ, આવું ન કરશો)... પ્લીઝ.

સ્કૂલના પહેલા દિવસની જેમ આજે પણ મને મારી મમ્મી યાદ આવતી હતી. હું સુરક્ષા માટે તેના ખોળામાં સમાઈ જવા માગતો હતો. મને થતું હતું કે મારા પપ્પા આવે અને આ ડોસલાને મારે. મારાં મમ્મી-પપ્પાનો ચહેરો મારી સામે તરવરી રહ્યો હતો. અગમ્ય રીતે તેમનો ચહેરો મારામાં હિંમત જગાવી રહ્યો હતો. તેથી હું તેમના વિશે વિચારતો રહ્યો.

લગભગ એક મિનિટ પસાર થઈ હશે, ત્યાં મને અનુભવાયું કે કંઈક વધારે થઈ રહ્યું છે. મને લાગ્યું કે મારે આંખો ખોલવી જોઈએ નહીંતર અનર્થ થઈ જશે.

મને તરત જ અનુભવાયું કે તે ડોસો મારા નીચલા હોઠ પર તેનો અંગૂઠો મસળી રહ્યો છે. તેમાંથી પાનની સુગંધ આવી રહી હતી. તેનો ચહેરો મારા ચહેરાની ખૂબ જ નજીક આવી ગયો હતો. મને લાગ્યું કે કંઈક ખરાબ બની રહ્યું છે. મેં ઝપડથી આંખો ખોલી નાખી. મારી અંદર કંઈક પરિવર્તન થઈ રહ્યું હતું. તે મારો ભય હતો જે હવે તાકાત બની રહ્યો હતો. હું ઊંડા શ્વાસ લઈ રહ્યો હતો. હવે દરેક ક્ષણે હું હકારાત્મક બનતો જતો હતો. મનમાં ને મનમાં હું પોતાની જાતને કહેતો જતો હતો કે હવે બહુ થયું. આ બધું બંધ થવું જોઈએ. મારે હિંમત રાખવી જોઈએ, કારણ કે મારાં મમ્મી-પપ્પા ઇચ્છે છે કે હું હિંમતવાન બનું.

ત્યાર બાદ કંઈક અજુગતું બન્યું. મારી આંખો સામેનાં દશ્યો બદલાવા લાગ્યાં. ફિલ્મના બીજા ભાગનાં દશ્યો દેખાવા લાગ્યાં. હિરોને વિલને પહેલા ભાગમાં મારી નાખ્યા હતા તે પાછા આવ્યા હતા. તેમણે આ વખતે વિલનને મારી નાખ્યો. હું પણ તેમની જેમ ફાઇટ કરીને આ વિલનને મારવા માગતો હતો.

મેં ફરીથી આંખો ખોલી ત્યારે તેનો એક હાથ મારા પેન્ટ તરફ સરકી ગયો હતો. મારી આંખોમાં રહેલો ભય હવે ગુસ્સામાં ફેરવાઈ ગયો હતો. મેં એક ચીસ પાડી અને ત્યાં સુધીમાં ખીસામાં રહેલી પેન કાઢી અને તેનું ઢાંકણું ખોલી તેના મોઢા પર પેન મારી દીધી. તેની આંખ સહેજ માટે બચી ગઈ. પેનનો પૉઈન્ટ તેના કાન પાસે ઘૂસી ગયો હતો.

તેણે તરત જ મને છોડી દીધો અને સીટ પરથી નીચે પડી ગયો. તેણે બચવા માટે સીટ પકડી પણ સફળ ન થયો. મારા પ્રહારથી તે ડઘાઈ ગયો. તેને સહેજ પણ કલ્પના નહોતી કે હું આ રીતની પ્રતિક્રિયા આપીશ.

હવે હું પાછું વાળીને જોવા નહોતો માગતો. મારા મગજમાં એક પાગલપન છવાઈ ગયું હતું. હું ગુસ્સાથી ચીસો પાડતો હતો. તેની સાથે સાથે મારા મોઢામાંથી થૂંક ઊડતું હતું. હું ફરીથી તેના પર હુમલો કરવા ગયો પણ તેણે મને પકડી લીધો. તેણે એક હાથથી મને પકડી લીધો અને બીજા હાથે મારું મોઢું દબાવી દીધું. આવી રમતનો તેને અનુભવ હોય તેમ લાગતું હતું, કારણ કે તેણે બમણા જોરથી મને ફરી પકડી લીધો હતો. હું તેની પકડમાંથી છૂટવા વલખાં મારી રહ્યો હતો. મેં તેને બચકું ભરવાનો પ્રયાસ કર્યો પણ તે નિષ્ફળ ગયો, કારણ કે તેનાથી બચવાનું પણ તેને આવડતું હતું.

હવે મારું શરીર થાકી રહ્યું હતું. હું ફસડાઈ પડ્યો. જો કે મારી આંખો હજી પહોળી હતી અને તેમાં બચવાની આશા હતી.

એવામાં જ મેં ત્રીજી કોઈ વ્યક્તિનો અવાજ સાંભળ્યો.

યે ક્યા કર રહે હો? (આ શું કરી રહ્યા છે?) કોઈએ બૂમ મારી.

મેં સામે નજર કરીનો જોયું તો તે કંડક્ટર હતો. તે નીચે નમ્યો અને મને પેલા ડોસાની પકડમાંથી છોડાવ્યો. આ દરમિયાન તેણે ડ્રાઇવરને બૂમ મારીને બસ ઊભી રાખવા અને બધી જ લાઇટો ચાલુ કરવા કહ્યું.

ડ્રાઈવરે અચાનક બ્રેક મારી અને બસ ત્યાં જ રોકાઈ ગઈ. અમે ત્રણે જણાં આગળની તરફ ખેંચાયા. કંડક્ટરે મને ખભેથી પકડીને ખેંચી લીધો તેથી પેલો ડોસો બચવા માટે છાપરા નીચે લગાવેલા સળિયાને પકડીને બેલેન્સ રાખવા મથતો રહ્યો. મને ત્યારે તેની આંખોમાં ભય દેખાતો હતો. તે વખતે મને સખત

ગુસ્સો આવતો હતો. બસમાં શું થઈ રહ્યું છે તેનાથી અજાણ ડ્રાઈવર તરત જ પાછળ આવ્યો. કંડક્ટરે ગુસ્સા સાથે પેલા ડોસાને કહ્યું કે બસમાંથી નીચે ઊતરી જા.

પેલો ડોસો હજી સફાઈ આપતો કહેતો હતો કે હું તેના પૌત્ર જેવો છું અને તેથી તે મને વહાલ કરતો હતો. તેના કારણે તો તેણે મારી ટિકિટના પૈસા આપ્યા હતા. તે હજી પણ કપટ કરીને ડ્રાઈવરને સમજાવવા મથી રહ્યો હતો, જેને તો આખી ઘટનાની જાણ પણ નહોતી. કંડક્ટરે તેની વાત અડધેથી કાપીને તેને કહ્યું કે નીચે ઊતરી જા. હું હજી પણ ગુસ્સા સાથે તેની સામે જોઈ રહ્યો હતો.

તે આગળના દરવાજેથી નીચે ઊતર્યો કે મેં મારા ખિસામાં હાથ નાખ્યો. મેં તેની સામે જોયું કે તે બસની બાજુમાં ચાલી રહ્યો છે. હું જ્યાં બેઠો હતો ત્યાં તે ડોસો આવ્યો કે મેં બારીની બહાર હાથ કાઢ્યો અને બે રૂપિયાની નોટ નીચે નાખી, કે જે બસનું ભાડું હતું. તેણે મારી સામે જોયું. મેં ગુસ્સાથી બારી બંધ કરી દીધી. મને કંડક્ટરે ખભેથી પકડી રાખ્યો હતો.

મને ત્યારે પણ ખ્યાલ નહોતો આવતો કે હું ધ્રૂજી રહ્યો છું.

ડ્રાઈવરે બસ ચાલુ કરી. કંડક્ટરે મને કેટલાક સવાલ કર્યા જેના મેં હા અને ના કહીને જવાબ આપી દીધા. તેણે મને કહ્યું કે ચિંતા ન કરીશ. હું તારી સાથે જ છું, પણ મેં તેની વાત સાંભળી ન સાંભળી કરી. અંદરથી મને લાગણીઓ ઊભરાતી હોય તેમ લાગતું હતું. જેમ જેમ સમય પસાર થયો મારામાં રહેલો ગુસ્સો, દુઃખ અને ભૂલની લાગણીમાં ફેરવાતો ગયો. મને ખ્યાલ નહોતો આવતો કે મારે તેવું વિચારવું જોઈએ કે નહીં પણ હું તેને અવગણી શકું તેમ નહોતો.

મેં ઘડિયાળમાં જોયું. રાતના ૭:૪૫ થયા હતા. આખરે બસ બુર્લાના સ્ટેન્ડ પર પહોંચી. હું તરત જ નીચે ઊતર્યો અને મારા ઘર તરફ ચાલવા લાગ્યો. શોરબકોર અને ભીડથી દૂર જ્યારે હું મારા ઘર તરફ જવા લાગ્યો અને ખાલી રસ્તા પર પહોંચ્યો ત્યારે મને ખ્યાલ આવ્યો કે હું રડી રહ્યો હતો. હું રડતો રહ્યો. હું ચાલતો હતો અને આંસુ પણ મારા ગાલ પર પડતા જતા હતા. આંસુથી ખરડાયેલી આંખો અને પોપચાના કારણે વાહનોની પીળી લાઈટ મને ઝાંખી દેખાતી હતી. મેં એક મોટું ડૂસકું ભરી લીધું.

હું મારી જાતને શાંત કરવા માગતો હતો. હું મારી જાતને સમજાવતો હતો કે તે ડોસાએ માત્ર મને જ્યાં ત્યાં સ્પર્શ કર્યો હતો, બીજું કંઈ જ બન્યું નહોતું જેના કારણે મારે રડવું જોઈએ. હું હજી પણ મારી જાતને યાદ કરાવતો હતો કે તેના ચહેરા પર પેનથી પ્રહાર કરીને મેં બદલો પણ લઈ લીધો હતો, છતાં કોઈ કારણોસર મારી દલીલો મારા મન પર અસર કરી રહી નહોતી.

ખાલી રસ્તા પર હું ચાલ્યો જતો હતો, મારા ખભા પર મારી સ્કૂલ બૅગ હતી અને હાથમાં અડખી ખાલી પાણીને બૉટલ તથા મગજમાં લાખો વિચારો ફરતા હતા. જેમ જેમ હું ઘર તરફ જતો હતો તેમ તેમ મારી ચિંતા વધતી જતી હતી. હું ઘરે પહોંચવા જ આવ્યો હતો. મને એમ થતું હતું કે હું મમ્મીને શું કહીશ, હું કેવી રીતે કહીશ કે મારી સાથે શું બન્યું, તેનાથી હું પરેશાન હતો.

પરેશાન હોવાની સાથે સાથે મને થોડો ભય પણ લાગતો હતો. તે ડોસો બીજી બસ પકડીને અહીં આવી જશે તો ? તે મારો પીછો તો નહીં કરતો હોય ને ? મારા ઘર તરફ જતાં રસ્તા પર જે અંધારું આવે છે તેમાં છુપાઈને ફરીથી મારી પર હુમલો કરશે તો ? આવી ચિંતામાં મેં પાછળ જોયું. તે ત્યાં નહોતો. મેં આસપાસ પણ નજર કરી, તે ત્યાં પણ નહોતો. તે ક્યાંય નહોતો પણ મારા મગજમાં હતો. તેના શરીર અને પાનની વાસ હજી પણ મારા નાકમાં ફરતી હતી. હું તેને મારા મનમાંથી કાઢી નાખવા માગતો હતો. હું મારું શરીર, મારી પીઠ, મારો ચહેરો અરે તેણે જ્યાં જ્યાં સ્પર્શ કર્યો હતો તે દરેક ભાગ સાફ કરવા ઇચ્છતો હતો.

મારા ભય સાથે સંઘર્ષ કરતા કરતા હું આખરે ઘરે પહોંચી ગયો. મેં જેવો ઘરનો દરવાજો ખોલ્યો કે સામે ઊભેલા પપ્પાએ બૂમ મારી, 'કિથ્થે સિગા આની દેર તક ?' (મોડે સુધી તું ક્યાં હતો ?)

તેમના ગુસ્સાથી હું વધારે ડરી ગયો. તેમના ગુસ્સાને સહન કરવાની સ્થિતિમાં હું નહોતો. તેમની વાત પર ધ્યાન આપ્યા વગર હું સીધો જ મમ્મી પાસે ગયો અને બોલ્યો, મેં રામી અંકલના ઘરે ફોન કરીને કહ્યું હતું કે મારે મોડું થશે.

પપ્પાએ મારો હાથ પકડીને મને ખેંચતા કહ્યું, 'પર તુ લેટ હોયા ક્યો ?'(પણ તારે મોડું થયું કેમ ?)

'પિક્ચર દેખાં ચલા ગયા સી.' તે મને લાફો મારશે તેવા ભયે મેં શાંતિથી જવાબ આપ્યો અને નીચું જોતો રહ્યો.

મમ્મીએ તરત જ મને તેની તરફ ખેંચી લીધો અને તેના બે હાથની વચ્ચે મારું માથું પકડીને મારી આંખોમાં જોવા લાગી. 'કિથ્થે રેહ ગયા સી ? તું ઠીક હે ? ભૂખ તા નહીં લગી ?' (ક્યાં અટવાયો હતો ? તે બરાબર તો છેને ? તને ભૂખ નથી લાગી ?)

પપ્પા ત્યારે પણ મારા પર ગુસ્સે હતા. મેં મમ્મી સામે જોયું, મને એમ થયું કે તેને ભેટી પડું અને જે બન્યું હતું તે બધું જ કહી દઉં. હું જ્યારે પણ તેની પાસે હોઉં ત્યારે મારી જાતને સુરક્ષિત અનુભવતો હતો. હું એકપણ શબ્દ બોલી શક્યો નહીં. તેમણે મારી સામે જોયું અને પછી મને છાતી સરસો ચાંપી દીધો. મારા મોઢામાંથી એક ડૂસકું નીકળી ગયું અને મારી પાંપણો ભીંજાઈ ગઈ.

મમ્મીએ મને પૂછ્યું કે હું કેમ રડી રહ્યો છું.

મેં કહ્યું કે મારી એક્ઝામ કેન્સલ થઈ ગઈ હતી તેથી અમે લોકો ફિલ્મ જોવા ગયા અને તેના કારણે મોડું થયું.

'પણ તેમાં રડવા જેવું છે શું ?' તેણે સવાલ કર્યો.

'બહોત ભૂખ લગી હૈ... ડેડી ગુસ્સા હો રહે હૈ... (મને ખૂબ જ ભૂખ લાગી છે અને પપ્પા ગુસ્સો કરી રહ્યા છે)' હું ધીમેથી બોલ્યો અને સાચી વાત ગળી ગયો.

મમ્મી મારી પાસેથી ખાતરી લેવા માગતી હતી કે હવેથી ક્યારેય હું ઘરે મોડો આવીશ નહીં. હું ખાતરી આપતો હતો ત્યારે બીજી તરફ મારા મગજમાં પેલી ભયાનક ઘટના ચાલી રહી હતી.

તે રાત્રે મને બરાબર ઊંઘ આવી નહોતી. હું વારંવાર જાગી જતો અને પથારીમાં પડખા ઘસતો રહ્યો. તે રાત્રે મને અનેક વખત પેલા ડોસા અને બસના અનુભવનાં ખરાબ સ્વપ્નો આવ્યાં. હું સવારે જાગ્યો ત્યારે પણ મને ઠીક લાગતું નહોતું. તેના પરિણામે મારી હિસ્ટ્રીની એક્ઝામ ખરાબ થઈ ગઈ. મને આજે

પણ તે દિવસ અને તારીખ યાદ છે, જ્યારે તે ગોઝારી ઘટના બની હતી. મેં પરાણે પરાણે પરીક્ષા આપી હતી.

તે ઘટના કરતા તેની અસર લાંબા સમય સુધી મારા મગજમાં રહી હતી. હું બસમાં બેસતા ડરતો હતો જે મારે દિવસમાં બે વખત તો કરવું જ પડતું હતું. હું ડરપોક બની ગયો હતો. જેટલી વખત હું બસમાં ચઢતો ત્યારે ખાતરી કરી લેતો કે પેલા રાક્ષસનો ચહેરો મારે જોવો ન પડે.

જેમ જેમ દિવસો પસાર થતા ગયા અને હું મોટો થતો ગયો. મારા મનમાં રહેલી તે ઘટના પણ ભૂંસાતી ગઈ.

સુખદ બાબત એ હતી કે તે ઘટના પછી હું પેલા ડોસાને મારી જિંદગીમાં ક્યારેય મળ્યો નહોતો.

૧૪
હાજર રહેવાનો સંઘર્ષ

તે ડિસેમ્બર મહિનાનો બીજો સપ્તાહ હતો. અર્ધવાર્ષિક પરીક્ષાઓ ભૂતકાળ થઈ ગઈ હતી અને તેનું પરિણામ ભવિષ્યકાળમાં એટલે કે જાન્યુઆરીમાં આવવાનું હતું. અમે અમારા વર્ષના સૌથી સારા મહિના ડિસેમ્બર કે જેમાં ક્રિસમસ અને નવું વર્ષ તથા શિયાળાનું નાનકડું વેકેશન આવે છે તેની મજા માણી રહ્યા હતા.

મારા માટે ડિસેમ્બર તેના કરતા પણ વધારે એટલા માટે ખાસ હતો, કારણ કે તે દરમિયાન વાર્ષિક સમારોહની ઉજવણી થવાની હતી. પટાવાળો તેને લગતી નોટિસવાળું રજિસ્ટર લઈને આવ્યો જેમાંથી અંગ્રેજીના સરે વાંચી સંભળાવ્યું.

તેમણે તે વર્ષના વાર્ષિક સમારોહની ઉજવણીની તારીખ જણાવી જે ૨૪મી ડિસેમ્બર હતી. તે દિવસ માટે ટિચિંગ સ્ટાફ દ્વારા નક્કી કરવામાં આવેલી જુદી જુદી ઈવેન્ટ વિશે પણ તેમણે ઉચ્ચારણ કર્યું. તેમાં નાટક, ડાન્સ અને માઈમ જેવી રસપ્રદ બાબતોનો સમાવેશ થતો હતો.

તેમણે તમામ ઈવેન્ટ અને તેના ઇન્ચાર્જ શિક્ષક વિશે જણાવીને કહ્યું કે આ ઈવેન્ટમાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓ તેમના નામ જે તે શિક્ષક પાસે નોંધાવી દે.

મને એમ હતું કે મારા ક્લાસના માત્ર ૨૦ ટકા લોકોને વાર્ષિક સમારોહ પસંદ હતો, કારણ કે તેઓ આકર્ષક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે. બાકીના ૮૦ ટકા લોકોને આ સમારોહ એટલા માટે ગમતો કારણ કે તેના લીધે દરરોજ છેલ્લો પિરિયડ ઝીરો પિરિયડ તરીકે ફાળવવામાં આવતો. તેનો અર્થ એ થયો કે સમારોહ સુધીના બે અઠવાડિયાં સુધી સ્કૂલનો છેલ્લો પિરિયડ કેન્સલ કરવામાં આવતો. સમારોહમાં ભાગ લેનારા લોકો આ પિરિયડમાં પ્રૅક્ટિસ કરતા જ્યારે બાકીના બહાર જઈને રમતા હતા.

સ્કૂલનું સમગ્ર વાતાવરણ આ દરમિયાન બદલાઈ જતું. આ દરમિયાન બધાને ભણવાનું ઓછું અને મજા વધારે રહેતી. વાર્ષિક સમારોહ બાદ તરત જ વૅકેશન પડતું હોવાથી લોકો પહેલેથી જ મજા કરવા લાગતા.

હું તે ૨૦ ટકા લોકોમાં આવતો હતો જે સ્કૂલના પહેલા દિવસથી જ વાર્ષિક સમારોહમાં ભાગ લઈને લોકોનાં વખાણ અને તાળીઓના ગડગડાટ સાંભળવા માટેના સ્વપ્ન જોતા હતા. મારા જીવનનો તે ઉચ્ચ તબક્કો હતો.

શરૂઆતમાં મને એમ થયું કે હું ભાંગડાની ઈવેન્ટમાં ભાગ લઈશ પણ પછી મને એમ થયું કે સમગ્ર સમારોહનું સંચાલન કરવાનો પણ એક અલગ જ અનુભવ છે અને તેનું અનોખું આકર્ષણ પણ છે. અમારા અંગ્રેજીના સરે જણાવ્યું કે જે લોકો સમારોહનું સંચાલન કરવા ઇચ્છતા હોય તેમણે પોતાના નામ પ્રાઈમરીના અંગ્રેજીના ટીચરને લખાવવા જે તેની કામગીરી સંભાળે છે. આ માટેના ઑડિશન બીજા જ દિવસથી શરૂ થવાના હતા. સરે જાહેરાત કરતાની સાથે જ હું સંચાલનનાં દિવાસ્વપ્નોમાં રાચવા લાગ્યો.

ઘરે જઈને મોડી રાત સુધી મેં ઑડિશન માટે તૈયારીઓ કરી. મારે જે કહેવાનું હતું તેના અંગે કેટલીક બાબતો લખી. સવારે નાહીને તૈયાર થતી વખતે અરીસા સામે જોઈને મેં તેનું રિહર્સલ પણ કરી નાખ્યું.

'રિસ્પેક્ટેડ ચિફ ગેસ્ટ, ટિચર્સ અને મારા વહાલા મિત્રો, આ અનોખી

સાંજે હું તમને આવકારું છું...' કમરે રૂમાલ ભરાવેલી સ્થિતિમાં જ મેં હાથમાં કાલ્પનિક માઈક રાખ્યું હોય તેમ બોલી ગયો.

તે દિવસે ઝીરો પિરિયડમાં હું કમ્પ્યૂટર રૂમમાં પહોંચી ગયો. આ રૂમને સંચાલનના ઑડિશન માટે ફાળવવા આવ્યો હતો. મેં જોયું કે મારા પ્રતિસ્પર્ધીઓ ત્યાં પહેલેથી જ હાજર હતા, પાંચ છોકરાઓ અને ચાર છોકરીઓ જે અલગ અલગ ક્લાસમાંથી આવ્યા હતા. આશ્ચર્ય એ હતું કે મારા ક્લાસમાંથી બીજું કોઈ હાજર નહોતું. બધા જ લોકો ત્યાં રહેલા કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં વ્યસ્ત હતા. કેટલાક લોકો પૅકમૅન ગેમ રમતા હતા જ્યારે કેટલાક સ્ક્રીન પર દેખાતા વિવિધ સ્ક્રીનસેવરની સાથે રમત કરતા હતા. અત્યાર સુધી તો કોઈ આવ્યું નહોતું, તેની ખાતરી કરી અને બારણું બંધ કરીને હું ખાલી સીટ પર બેસી ગયો.

જેવું બારણું ખૂલ્યું કે મારા ચહેરા પર સ્મિત રેલાઈ ગયું.

તે ફરી એક વખત મારી સામે આવીને ઊભા હતા. મારો પહેલો પ્રેમ, મારી સ્કૂલના પ્રાઈમરીના અંગ્રેજીના ટીચર. જેવા અમે લોકોએ એકબીજા સાથે વાત કરવાની શરૂ કરી કે તેમણે મારી સામે જોયું અને મારો દિવસ સુંદર બની ગયો. તેમણે તેમના વાળ ખુલ્લા રાખ્યા હતા. તે કાળા અને ભરાવદાર હતા.

તો વિદ્યાર્થીઓ જે ઑડિશનમાં ભાગ લેવા માગે છે તે અહીંયા છે? તેમણે પૂછ્યું.

દરેક જણાએ ઉત્સાહ સાથે જવાબ આપ્યો, 'હા'. તે સમયે ત્યાંની હવામાં પણ ચોક્કસ પ્રકારનો ઉત્સાહ હતો. બધા બોલી રહ્યા પછી મેં જવાબ આપ્યો, કારણ કે હું તેમનાથી અલગ દેખાવા માગતો હતો.

સારું, તો ચાલો જોઈએ કે તમે કેવી તૈયારી કરીને આવ્યા છો ? આટલું બોલીને તે મારી સામે જ બેસી ગયા.

અરે, યાર તેના વાળમાંથી સરસ સુગંધ આવતી હતી.

આ રીતે મારી આટલી નજીક તેમની હાજરી મને વધુ ઉત્સાહી બનાવતી હતી. અમે જ્યારે પણ નજીક આવી જતા ત્યારે મારી સાથે આવું બનતું રહેતું. હું તેમના પ્રત્યે એટલો બધો સજાગ થઈ જતો કે બાકીનું બધું ભુલાઈ જતું.

મારાથી બોલી પણ નહોતું શકાતું. મોટેથી બોલવાની તો વાત જ જવા દો, હું મારા ગાલ પર ઊપસી આવતા શરમના શેરડા પણ છુપાવી નહોતો શકતો. હું કાયમ મારામાં રહેલી શ્રેષ્ઠ બાબતોને તેમની સામે રજૂ કરવા મથતો હતો, પણ આજે આ ઠંડા પડી ગયેલા હાથ, કકડતી દાઢી અને તૂટક તૂટક ભાષામાં મારા માટે સામાન્ય રહેવું મુશ્કેલ થઈ ગયું હતું.

આવી સ્થિતિનો મને અનેક વખત અનુભવ થયો છે. જો કે અત્યારે વધારે તૈયારી કરી હોવા છતાં મેડમની હાજરીમાં એરકન્ડિશન્ડ રૂમમાં મારા માટે મુશ્કેલી વધી હતી. મેં અઢળક પાણી પીધું હતું અને તેના કારણે બાથરૂમમાં પણ ઘણી વખત જઈ આવ્યો હતો. હું પૂરેપૂરા વિશ્વાસ સાથે બેઠો હતો.

પહેલાં બોલવાની શરૂઆત કોણ કરશે તે શોધવા માટે ક્લાસમાં આમ-તેમ જોઈ રહેલા તેમની નજર મારા પર સ્થિર થઈ.

રવિન્દર, તું પહેલા બોલવા માગે છે? તેમણે મને પૂછ્યું.

તેમના હોઠ પર મારું નામ કેટલું સરસ લાગતું હતું. મારા ચહેરા પર સ્મિત રેલાઈ ગયું. હું ઉત્સાહમાં આવીને વાદળ પર સવારી કરવા લાગ્યો હતો કારણ કે તેમને મારું નામ યાદ હતું. મને વિશ્વાસ નહોતો આવતો કે તેમને મારું નામ યાદ રહી ગયું છે, છતાં હું થોડો નિરાશ દેખાતો હતો. થોડા શાંત થવા માટે મેં મારા બંને હાથની હથેળીઓ થોડીવાર સુધી ઘસી.

મેં એક ઊંડો શ્વાસ લીધો અને તૈયારી તો હતી જ એટલે શરૂ કર્યું... 'સો, લેડિઝ ઍન્ડ જેન્ટલમૅન, ટુનાઇટ વી આર હિયર ટુ સેલિબ્રેટ...'

બધા તરત જ હસવા લાગ્યા. મને ખ્યાલ ન આવ્યો કે તે કેમ હસી રહ્યા છે તેથી મેં અંગ્રેજીના ટીચર સામે જોયું.

'રવિન્દર, છોકરાએ હિન્દીમાં સંચાલન કરવાનું છે.'

મને એમ થયું કે હમણાં ઍટેક આવી જશે. હું બધાની સામે જોઈ રહ્યો. મારું સ્વપ્ન રોળાઈ ગયું અને મારો વિશ્વાસ ભાંગી પડ્યો. થોડાક ગણગણાટ સિવાય ક્લાસમાં એકદમ શાંતિ વ્યાપી ગઈ.

તું તારી લાઇનો અંગ્રેજીમાં બોલી રહ્યો છે, જે ખરેખર છોકરીએ બોલવાની છે. તેમણે ખુલાસો કર્યો.

લાઇક ઈટ હેપ્ન્ડ યસ્ટરડે

અરે, ખરેખર ? મેં પૂછ્યું. આવી જાહેરાતનો કાગળ ક્યારે રજૂ કરાયો હતો. કપાળ પર હાથ ફેરવતા ફેરવતા હું વિચારતો હતો.

ગઈકાલે જ તેની જાહેરાત કરાઈ હતી અને આ મુદ્દો છેક છેલ્લે આવ્યો હતો. એક છોકરી બોલી.

બની શકે કે તેનો ઉલ્લેખ થયો હોય, પણ તો મારું ધ્યાન કેમ ન ગયું ? કારણ કે તે દિવસે અંગ્રેજીના મેડમનું નામ સાંભળ્યા પછી મેં કશું સાંભળ્યું જ નથી. હું કેવો જાતે જ મૂર્ખ બની ગયો.

મારા ઑડિશનનું પ્લેન ટેકઑફ થાય તે પહેલાં જ ગ્રાઉન્ડ પર ક્રેશ થઈ ગયું હતું. હવે આ રાઉન્ડમાં રહી નહીં શકાય તેવા વિચારે હું નિરાશ થઈ ગયો. હું અસહાય હતો તેથી પાછો મારી સીટ પર જઈને બેસી ગયો.

ત્યાર પછી ટીચરે બીજા એક છોકરાને બોલાવ્યો. તે કેટલાંક વાક્યો બોલી ગયો અને ખરેખર સારી રીતે બોલી ગયો. તે સારું બોલ્યો હોવા છતાં મને ગમતો નહોતો કારણ કે ટીચર તેનામાં અને તેનાં વાક્યોમાં રસ લઈ રહ્યા હતા.

ખૂબ જ સરસ. એમ કહીને તેમણે તાળી પાડી. તેની સાથે બાકીના ટોળાએ પણ તેને તાળીઓથી વધાવી લીધો.

મારા સિવાય, કારણ કે હું બધાથી અલગ દેખાવા માગતો હતો.

તારું નામ શું છે? ટીચરે તેને પૂછ્યું.

હવે તેના નામમાં શું દાટ્યું છે ? ચાલો માની લઈએ કે તેણે સરસ સ્પીચ આપી પણ તેનું નામ જાણવું જરૂરી છે. ખરેખર કહું તો તે કંઈ અપવાદરૂપ કેસ નહોતો. તે સામાન્ય રીતે બોલી ગયો હતો. જો મને તક આપવામાં આવે તો હું તેના કરતા ઘણું સારું બોલી શકું, પણ મેં પેલી સૂચના બરાબર સાંભળી હોત તો. તે દિવસે જાહેરાત દરમિયાન મેડમનું નામ સાંભળ્યા પછી દિવાસ્વપ્નોમાં ખોવાઈ જવા બદલ હું મારી જાતને કોસતો રહ્યો. જો કે હવે હું કરી પણ શું શકું.

તે સમયે તો તે હીરો બની ગયો હતો.

'મેડમ હું પાર્થ', તેણે સહજતાથી જવાબ આપ્યો.

મેં તેના પગ સામે જોયું. મને એમ થયું કે તેમાંથી એકાદ તૂટી જાય તો સારું.

લાઇક ઈટ હેપ્પન્ડ યસ્ટરડે

એક પછી એક બધાએ પોતાની રીતે તૈયાર કરેલી સ્પીચ આપી. છોકરાઓએ હિન્દીમાં અને છોકરીઓ અંગ્રેજીમાં આપી.

થોડીવારમાં બેલ વાગ્યો. મેડમે કહ્યું કે તમારામાંથી જેની પસંદગી કરવામાં આવશે તેનું નામ હું બે દિવસ પછી જાહેર કરીશ.

નાનકડી ભૂલના કારણે મને એમ થયું કે મેં બધું જ ગુમાવી દીધું. જો કે પ્રેમ અને યુદ્ધમાં બધું ચાલે છે તેવો ભવ્ય વિચાર મને આવ્યો.

બીજા દિવસે મેં મારો કેસ અંગ્રેજીના ટીચર સામે રજૂ કર્યો. તેના માટે મેં હિન્દીમાં સરસ સ્પીચ પણ તૈયાર કરી લીધી હતી. મારે તેમને એટલા માટે જ મનાવવાના હતા કે તે મારી સ્પીચ સાંભળે. શરૂઆતમાં તો તેમણે સાંભળવાની મનાઈ કરી દીધી હતી. જો કે દિવસમાં બે-ત્રણ વખત આમને સામને આવ્યા પછી અંતે તેઓ સાંભળવા રાજી થયા. તેમણે મને તેમના સમયમાંથી પાંચ મિનિટ આપવાનું કહ્યું.

ભૂતકાળમાં બે વખત તેમની નજરમાંથી ઊતરી ગયા પછી હવે મારી પાસે આ છેલ્લો અને મરણિયો પ્રયાસ બાકી રહ્યો હતો. તેમણે રિસેસ દરમિયાન મને પેલી કમ્પ્યૂટર લૅબમાં બોલાવ્યો.

હું સમયસર પહોંચી ગયો. મારા આશ્ચર્ય વચ્ચે તે પણ ત્યાં જ હતા. ફરી એક વખત તેમની આટલી નજીક આવીને મને આનંદ થયો, જો કે આનંદ વધારે તો એ વાતનો હતો કે અમારા બેની વચ્ચે ખલેલ પાડનાર કે તેમનું ધ્યાન ખેંચનાર બીજું કોઈ નહોતું. તેમનું બધું જ ધ્યાન મારા પર હતું. તે મારા માટે ત્યાં આવ્યા હતા, હું તેમના માટે ખાસ હતો.

હું જેવો એરટાઇટ દરવાજાની અંદર દાખલ થયો કે દુનિયાભરનો ઘોંઘાટ બહાર રહી ગયો અને અમારી વચ્ચે બાકી રહ્યું પ્રેમાળ શાંત વાતાવરણ. ક્લાસમાં માત્ર એસી ચાલવાનો અવાજ આવતો હતો.

મેં તેમની રજા લઈને એસી બંધ કરી દીધું. હું ફરીથી ઠરી જવા નહોતો માગતો. તે દરમિયાન તેમની અનેક બાબતો મારા પર અસર કરી રહી હતી અને મારું ધ્યાન ખેંચી રહી હતી, પણ મારે તો મેં જે તૈયાર કર્યું હતું તેના પર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું.

અને હું ફરી એક વખત બોલી ગયો. આ વખતે તો હિન્દીમાં બોલ્યો.

કોઈપણ વ્યક્તિ લાંબા સમય સુધી કમનસીબ ન રહી શકે. આપણી ફિલ્મોની જેમ શરૂઆતથી અંત સુધી બધા જ બિંદુઓ જોડાઈ જાય અને અંતે બધું જ બરાબર ગોઠવાઈ ગયું હોય. તે દિવસ પણ મારા માટે ફિલ્મોની જેમ જ ખોટી બાબતોના અંત અને નવી બાબતોની શરૂઆત સમાન સાબિત થયો. ટિચર સાથેના મારા છેલ્લાં બે એન્કાઉન્ટર બાદ આ વખતે તો હું જાતે જ ફિનિક્સની જેમ મારી રાખમાંથી બેઠો થયો હતો. મેં સરસ રીતે સ્પીચ આપી દીધી.

તેની પાછળ આખી બીજી વાર્તા કામ કરતી હતી. બુર્લાની મારા જૂની સ્કૂલના હિન્દીના ટીચરને મેં કહ્યું હતું કે મને સ્પીચ લખી આપો. તેમને આ કામ પૂરતા મનાવવા માટે મેં સરસ ગુલાબજાંબુ પણ આપ્યા હતા. સવારે જ મેં આખી સ્પીચ ગોખી લીધી હતી જેથી બોલતી વખતે એક પણ ભૂલ ન થાય.

મેં તૈયારી પ્રમાણે જ સ્પીચ આપી.

તેમાંય ખાસ કરીને હિન્દીના હેવી ડ્યૂટી શબ્દો જેવા કે, ‘શ્રીમાન’, ‘મહોદયા’ અને ‘વિદ્યાર્થી’એ તેમના મન મસ્તિસ્ક પર આકર્ષણ જમાવ્યું હતું.

ખૂબ જ સુંદર રવિન્દર. મારી સ્પીચ પૂરી થતાં જ તે ઊભા થઈને તાળી પાડતા પાડતા બોલવા લાગ્યા.

મને તેમના ચહેરા પરનું તે હાસ્ય પસંદ હતું અને તે કાયમી રહે તેમ હું ઈચ્છતો હતો કારણ કે તે હાસ્ય મારા લીધે આવ્યું હતું. બીજી જ ક્ષણે મને મારા ખભા પર તેમના હાથનો અનુભવ થયો. મારા માટે તો તે પૂરતું હતું, હું લગભગ બેભાન થવાની તૈયારીમાં જ હતો. મારા જીવનની તે શ્રેષ્ઠ ક્ષણ હતી.

તેં આટલું સરસ કેવી રીતે તૈયાર કર્યું? તેમણે સવાલ કર્યો.

આ તો મારા માટે સામાન્ય છે. મેં પણ રોફ જમાવવા કહ્યું.

જો કે મેં પછી તરત જ પૂછી લીધું કે તમે મને સંચાલન માટે છોકરાઓ વતી તક આપશો કે નહીં. તેમણે કહ્યું કે હું જાહેરાત કરું ત્યાં સુધી મારે રાહ જોવી પડશે. બીજા દિવસે તેની કાયદેસર જાહેરાત કરવાની જ હતી.

૧૫
વાર્ષિક સમારોહ

મારા તે સ્વપ્નને સાકાર થવામાં વધારે સમય ન લાગ્યો. ઝીરો પિરિયડ બાદ તરત જ પટાવાળો એક સર્ક્યુલર લઈને આવ્યો. ટીચરે તેમાંનું લખાણ મોટેથી વાંચી સંભળાવ્યું. વાર્ષિક સમારોહમાં જે વિદ્યાર્થીઓને ભાગ લેવાની તક આપવામાં આવી હતી તેમના નામ લખેલા હતા.

તે બધામાં મારો પણ સમાવેશ થતો હતો.

ત્યાર પછીના બે અઠવાડિયાં સુધી હું દરરોજ એક જ પિરિયડની રાહ જોતો હતો અને તે હતો ઝીરો પિરિયડ. દરરોજ અમે ત્રણ જણા જ સાથે હતા, આઠમા ધોરણમાં ભણતી નિકિતા કે જે અંગ્રેજીમાં સ્પીચ આપવાની હતી, બીજો હું કે જે હિન્દી માટે હતો અને ત્રીજા મારા પ્રિય ટીચર.

અમે દરરોજ મળતા, અમારી સ્પીચની પ્રૅક્ટિસ કરતા અને તેના આધારે ફેરફારો કરતા. અમે તેને વારંવાર અપડેટ કરીને ચેક કરતા કે સ્પીચ હિન્દીમાંથી અંગ્રેજી થાય ત્યારે અને પાછી અંગ્રેજીમાંથી હિન્દી તરફ વધે ત્યારે કેવો અનુભવ થાય છે. સમારોહના તમામ કાર્યક્રમોની યાદી મારી અને નિકિતાની વચ્ચે વહેંચી

દેવામાં આવી હતી. અમારા બંને વચ્ચે સખત સ્પર્ધા રહેતી તેથી અમે દરરોજ તક શોધતા કે કોણ કોનાથી વધારે સારું બોલે છે અને તેથી પહેલા બોલવા માટે પણ સિક્કો ઉછાળીને નિર્ણય કરતા. મેડમ અમારા બાલિશ વર્તન પર હસી પડતાં પણ તેમનું તે હાસ્ય અને તેની અંદર સમાયેલા દાંત ઘાયલ કરી જતાં.

અમારી ભાષા અને પ્રસંગો પર બરાબર પકડ આવે તે માટે અમે ત્રણે સાથે બેસીને જ પ્રૅક્ટિસ કરતા. ઘણી વખત એવું બનતું કે અમે કંઈક ખોટું બોલીએ અથવા તો આડુંઅવળું બોલાઈ જાય ત્યારે હસી પડતાં. અમે એક પરિવાર જેવા થઈ ગયા હતા. જેમ જેમ દિવસ પસાર થતા હતા મને ટીચરના સાથનો નશો થતો જતો હતો. સ્કૂલે જવાનું મારું કારણ અભ્યાસ નહીં પણ ઝીરો પિરિયડમાં તેમને મળવાનું બની ગયું. તે મને જે પણ કહેતા તે મારા માટે ભગવાનના શબ્દો જ હતા. તે મને જે પણ આદેશ આપતા તે મારા માટે મોટા મિશન સમાન હતું અને હું તેને શ્રેષ્ઠ રીતે પૂરું કરવા મથતો હતો.

હવે તો મારી સવાર પણ સુંદર બની ગઈ હતી. દરરોજ સવારે તૈયાર થતી વખતે હું મારી તરફ નજર કરી લેતો કે બધું બરાબર પહેર્યું છે ને, જેથી તેમની સામે જતાં જ તે ખુશ થઈને સુંદર સ્મિત કરે. હું ધ્યાન રાખતો કે મારા પેન્ટની ક્રિઝ પણ બરાબર હોય, જો ન હોય તો હું ગુસ્સે થઈ જતો. સ્કૂલે પહોંચીને હું પહેલાં તો પ્રાઈમરીના પ્રાર્થના વિભાગ તરફ જતો જેથી તેમને જોઈ શકાય અને જાણી શકાય કે આજે તેમણે શું પહેર્યું છે. સવારના પહોરમાં તેમની ઝાંખી કરીને મને આનંદ થતો. હવે તે મારો રોજિંદો ક્રમ બની ગયો હતો. મને એમ લાગતું હતું કે તેમનો ચહેરો મારી સવારને અદ્‌ભુત બનાવી દે છે.

જે દિવસે હું તેમને જોતો નહીં તે દિવસે બધું અધૂરું અધૂરું લાગતું. ખરેખર એક દિવસ મેં જોયું કે ઝીરો પિરિયડ દરમિયાન તે હાજર નહોતા. હું સીધો ક્લાસ ટીચર પાસે દોડી ગયો જેથી તેમના સમાચાર મળે. મને સમાચાર મળ્યા કે તે દિવસે તે આવ્યા જ નહોતા. હું સખત નિરાશ થઈ ગયો. આખો દિવસ તેમને મળવાની રાહ જોયા બાદ તે નથી આવ્યાના સમાચારા મળતા હું શોકમાં ડૂબી ગયો.

જીવનમાં પહેલાં ક્યારેય ન થઈ હોય તેવી લાગણી મને ત્યારે થઈ રહી

હતી, હું તેમને યાદ કરી રહ્યો હતો. તેમની ગેરહાજરીમાં જાણે બધાનું નૂર જતું રહ્યું હોય તેમ લાગતું હતું. તેમની હાજરી વગર કમ્પ્યૂટર રૂમ પણ મૃત ભાસતો હતો. તેમના વગર વાર્ષિક સમારોહનો વિચાર પણ નીરસ બની ગયો હતો. તેમના વગર સ્કૂલમાં મારી હાજરી પણ અકારણ જણાતી હતી. તેમનું સુંદર સ્મિત, વાતો, ચહેરો અને સરસ કપડાં કે જે તે પહેરતાં હતાં તે બધું યાદ કરતો હતો. શનિવાર આવ્યો ત્યારે મને ખ્યાલ આવ્યો કે હવે હું છેક સોમવારે તેમને જોઈ શકીશ.

તે વિકએન્ડ મારા માટે ખૂબ જ દુઃખદ પસાર થયું. છેલ્લા એક અઠવાડિયામાં જે રીતે સમય પસાર થયો હતો તેની સરખામણીમાં આ દિવસો સાવ ખોટકાઈ ગયા હતા. રવિવારની દરેક પળ એક એક કલાક જેવી લાગતી હતી. મારી આસપાસની દરેક વસ્તુ મને કંટાળાજનક લાગતી હતી, મારાં મમ્મી-પપ્પા પણ. મને ખાવા, પીવા, ઊંઘવાનું કંઈ જ ગમતું નહોતું. તે મારાથી જોજનો દૂર જતાં રહ્યાં હતાં. ટિંકુએ જ્યારે મને અમારા ઘરના પાછળના ખુલ્લા ભાગમાં એકલો બેઠેલો જોયો તો તેણે ટીવી જોવા માટે કહ્યું. મેં ના પાડી દીધી. તેણે મને આમ ઉદાસ રહેવાનું કારણ પૂછ્યું. મેં તેને ટૂંકમાં જવાબ આપી દીધો કે તને ખબર નહીં પડે.

આ ઉચાટભર્યા દિવસોએ મને એક વાત જણાવી દીધી કે હું પ્રેમમાં હતો. તેને વધારે સરળ રીતે કહીએ તો એમ કહી શકાય કે મને તેમનું આકર્ષણ હતું, તેમનો મોહ હતો. જો કે હવે તે શબ્દો મારી ડિક્શનરીમાં સમાઈ શકે તેવા નહોતા.

મને અનુભવાતું હતું કે હું બદલાઈ ગયો છું. જ્યારે મારી ઉંમરના બાકીના છોકરાઓ હજી પણ કૉન્વેન્ટ સ્કૂલની અમારી ઉંમરની છોકરીઓના સ્કર્ટમાં જ રસ લેતા હતા, ત્યારે હું મારી ટીચર સાથે રોમાન્સ કરવાનું વિચારતો હતો. હું કેવી પાગલ દુનિયામાં આવી ગયો હતો? મને સહેજ પણ ખ્યાલ નહોતો આવતો કે આ દુનિયામાં ક્યાંથી આવ્યો અને તે કેવી હોય.

તે રવિવારની રાત્રે હું પડખા ફેરવતો રહ્યો. સવારે સૂર્યોદય થાય તેની રાહ જોતો રહ્યો. સવારે જાગીને ઝડપથી બધી ક્રિયાઓ પતાવીને હું સ્કૂલે જવા

નીકળ્યો. હું વહેલો પહોંચી ગયો અને સ્કૂલના દરવાજાની બહાર ગોઠવાઈ ગયો. ત્યાર પછી જે બન્યું તે જોવા હું ઊભો રહ્યો. સ્કૂલની સામે બસ આવીને ઊભી રહી. તેમાંથી એક પછી એક વિદ્યાર્થીઓ અને પછી ટીચર ઊતર્યા.

હા, તેમાં મારા ગમતા ટીચર પણ હતા.

મેં રાહતનો શ્વાસ લીધો. મને એમ લાગ્યું કે શરીરમાં થીજી ગયેલું લોહી ફરીથી શરીરમાં વહેવા લાગ્યું. તેમની હાજરીથી મારા શરીરમાં ઊર્જાનો સંચાર થયો.

રવિવારે જે દુ:ખ અને પીડા ઊભાં થયાં હતાં તે સોમવારે ગાયબ થઈ ગયા. બાકીનું અઠવાડિયું પણ આનંદથી પસાર થયું.



અમે જેના માટે સખત તૈયારી કરી રહ્યા હતા તે દિવસ આખરે આવી ગયો. વાર્ષિક સમારોહનો દિવસ આવી ગયો.

મેં સુશીલ પાસેથી બ્લૅક શૂટ અને રેડ ટાઈ ઉછીના લીધા હતા, કારણ કે ટીચરે મને કહ્યું હતું કે તે દિવસે આવાં કપડાં પહેરવાનાં છે અને નિકિતા પણ મારી સાથે મેચિંગની રેડ સાડી પહેરવાની હતી. મને એમ થયું કે તે તેની મમ્મીની સાડી પહેરી લાવશે. તેણે મને કહ્યું હતું કે બ્લાઉઝ તો નવો સિવડાવ્યો છે પણ સાડી તો જૂની જ છે.

હું સાંજે ચાર વાગ્યે સ્કૂલે પહોંચી ગયો. કાર્યક્રમ સાંજે છ વાગ્યે શરૂ થવાનો હતો. આખી સ્કૂલમાં ધમધોકાર કામ ચાલતું હતું. એક તરફ સ્ટેજને અંતિમ ઓપ અપાઈ રહ્યો હતો તો બીજી તરફ સ્ટેજની પાછળ બનાવેલા ગ્રીનરૂમમાં કોલાહલ વધી રહ્યો હતો. અન્ય લોકો કરતા મારે રાહત હતી કારણ કે મારે નકલી દાઢી કે પછી બનાવટી વીગ કે અન્ય વસ્તુઓ પહેરવાની નહોતી. હું જેવો હતો તેવો જ રહેવાનો હતો. મારા ઊછીના શૂટ અને ટાઈની મદદથી જ હું લોકોને ઇમ્પ્રેસ કરવાનો હતો.

સાંજે ૫:૩૦ વાગ્યે અમારા ટીચર અમને શોધતા શોધતા આવ્યા. મેં તેમને દૂરથી જ જોઈ લીધા હતા તેથી હું તેમને ઇમ્પ્રેસ કરવા સ્ટેજ તરફ દોડ્યો.

તેમણે મને દોડતા જોયો તેથી ધીમા પડવા ઈશારો કર્યો પણ હું કેવી રીતે ધીમો પડી શકું. મને એમ હતું કે આજે બ્લૅક શૂટમાં તૈયાર થઈને હું તેમને મારી પ્રોમ નાઈટ પર લઈ જવાનો હતો.

તું હેન્ડસમ લાગે છે રવિન્દર. તેમણે મારા ખભા પર હાથ મૂકતા જણાવ્યું.

મારા શરીર પર રહેલા તેમના હાથ તરફ મેં જોયું અને પછી તેમના ચહેરા તરફ અને પછી તેમને નખશીખ નિહાળી લીધા. ગોલ્ડન-બ્લૅક સાડીમાં તે સુંદર લાગતા હતા. તેમણે આજે પણ તેમના વાળ ખુલ્લા રાખ્યા હતા. તેમના હોઠ પર લાલી ચમકી રહી હતી અને તેમના પરફ્યુમની સુંદર સુવાસ આવી રહી હતી. તેમાંય હિલ્સ પહેરવાના કારણે વધારે ઊંચા દેખાતા હતા. તેમના નાનકડા બ્લાઉઝના કારણે તેમની કમરનો વળાંક સરસ રીતે દેખાતો હતો.

તે લગભગ કોના જેવા લાગતા હતા... અરે હું તેમની સાથે લગ્ન કરવા માગતો હતો.

થૅંક્યુ મેમ. સાવ દિગમૂઢ ભાવે હું બોલ્યો. મને સમજાતું જ નહોતું કે મારે કેવો પ્રતિભાવ આપવો.

શું થયું? તેમણે આંખો મિચકારીને રોમૅન્ટિક સ્માઈલ આપતા પૂછ્યું.

તમે ખૂબ જ સુંદર લાગો છે મેમ. હું શરમાતા શરમાતા બોલ્યો.

ઓ, હો... હો... મોઢા પર હાથ રાખીને તે હસતાં હસતાં બોલ્યાં. તે બોલતાં હતાં ત્યારે તેમનો ચહેરો ડાબે-જમણે ફરતો હતો. તેની સાથે સાથે તેમના વાળ પણ ફરતા હતા. મને એમ થયું કે આ પળને કૅમેરામાં કંડારી લઉં.

થૅંક્યુ રવિન્દર. તે થોડાં આગળ આવ્યાં અને નીચે નમીને મારી ટાઈની નોટ સરખી કરતા કરતા બોલ્યાં :

મને એમ લાગ્યું કે હું કંઈક ખાસ છું.

તેમણે મને કહ્યું કે મારી સાથે સ્ટાફરૂમમાં આવ. મેં પૂછ્યું કેમ ? તે કંઈ જ બોલ્યાં નહીં પણ મારો હાથ પકડીને ચાલવા લાગ્યાં.

મને એમ થયું કે હમણાં બેભાન થઈ જઈશ. મારો હાથ તેમના હાથમાં હતો. શું આ ઘટના ખરેખર બની હતી? અરે હા યાર, ખરેખર એવું બન્યું હતું.

કારણોની પળોજણમાં પડવાનું તો બાજુએ રહ્યું પણ જે ઘટના બની હતી તેના કારણે મને એમ લાગતું હતું કે હું પાગલ થઈ જઈશ અથવા તો ખુશીના ઓવરડોઝથી મરી જઈશ. હું પણ તેમનો હાથ પકડવા માગતો હતો પણ તે વખતે સમય અને સ્થળ અયોગ્ય હતાં. અડધો કલાક પછી મારે સ્ટેજ પર જવાનું હતું અને મારી સામે આખી સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મુખ્ય મહેમાન આવવાના હતા. તેમના આકસ્મિક સ્પર્શથી હું જાણે કે બધું જ ભૂલી ગયો હતો.

ટીચરના રૂમમાં આવ્યા ત્યાં સુધીમાં તો મારા શરીરમાં એડ્રિનાલિનનો ધસમસતો પ્રવાહ વહેવા લાગ્યો હતો. રૂમની અંદર કોઈ હતું નહીં. લાઇટો હજુ બંધ હતી પણ સંધ્યા પહેલાંના સૂર્યનાં થોડાંઘણાં કિરણો એકબીજાને જોવા જેટલો પ્રકાશ રેલાવતા હતા. તેમણે મારો હાથ છોડી દીધો અને કબાટમાંથી કશું કાઢવા માટે આગળ ગયા. મારો હાથ હું મારા ચહેરા પાસે લઈને તેને સૂંઘ્યો, ચહેરા પર ફેરવ્યો અને પછી એક કિસ કરી લીધી.

તે પાછળ ફર્યા ત્યારે તેમના હાથમાં કંઈક હતું પણ તેમણે મને એકાએક બતાવ્યું નહીં. તેમણે એક ચેર લીધી અને મને તેમની પાસે આવવા કહ્યું.

આ તારા માટે છે. તેમણે મારા માટે શૂટના પોકેટમાં રાખવાનો સિલ્કનો લાલ રૂમાલ બતાવતા કહ્યું.

મારા માટે હવે ખુશીનો કોઈ પાર રહ્યો જ નહોતો. તે મારા માટે યાદ કરીને કંઈક લાવ્યા તે ઘણું હતું.

તેમણે મારી આંખોમાં જોયું. હું થોડું શરમાઈ ગયો. તે પણ હસ્યા અને મારા કોટના ખિસામાં તે રૂમાલ બરાબર ગોઠવી દીધો. પોકેટની પાછળ રહેલું મારું હૃદય એટલું ઝડપથી ધબકતું હતું કે મને લાગ્યું હમણા ગિનિસ બુકમાં નામ આવી જશે અથવા કોઈ હૉસ્પિટલમાં દાખલ થવું પડશે.

તે મારી એટલી નજીક હતા કે હું તેમની શરીરની સુવાસ મારા ફેફસામાં ભરી રહ્યો હતો. હું તેમના માટે જે વિચારતો હતો તે કહેવા માગતો હતો. જો કે પછી શું થશે તેના માટે હું સહેજ પણ તૈયાર નહોતો. તેના વિશે કશું કહું નહીં છતાં મારા માટે તે સાંજ જાદુઈ પુરવાર થઈ હતી. દુનિયાની ટોચ પર આવી ગયો હોઉં તેવી લાગણી થતી હતી. મને અત્યારે મારા નસીબનો

વિચાર આવતો હતો જેના પર ભગવાન આટલો બધો મહેરબાન થયો હતો.

અડધો કલાક પછી હું સ્ટેજ પર હતો.

મારી બરાબર સામે બેઠેલા ટીચર તરફ જોયું. તેમણે મને થમ્સ અપની સાઇન કરી. મેં ખીસામાં રહેલા રૂમાલ તરફ જોયું અને પછી તેમની સામે જોઈને હસી પડ્યો.

પછીના બે કલાક અમારા માટે અદ્ભુત હતા. મારામાં આત્મવિશ્વાસનો વધારો થતો જતો હતો. હું જેમ જેમ બોલતો જતો હતો તેમ તેમ મારા ઉચ્ચારણો અને પ્રવાહિતા નિકિતાની સ્પીચ સાથે ભળતા જતા હતા. જ્યારે પણ એક કાર્યક્રમ પૂરો થાય અને બીજો શરૂ થાય તે પહેલાં જાહેરાત કરવા અમે સ્ટેજ પર આવતા કે લોકો તાળીઓથી અમને વધાવી લેતા.

આ રીતે તે સુંદર સાંજ પૂરી થઈ ગઈ. નિકિતા અને મને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા જે હું ક્યારેય નહીં ભૂલી શકું.

કાર્યક્રમ પૂરો થયા પછી ગ્રીનરૂમના દરવાજા પાસે હું અંગ્રેજીના ટીચરને મળ્યો જ્યાં બાકીના છોકરાઓ પણ પોતાના મેક-અપ ઉતારી રહ્યા હતા અને ડ્રેસ બદલી રહ્યા હતા. હું કંઈ કહું તે પહેલાં ટીચર અમારી પાસે આવી ગયા, નિકિતા પણ મારી બાજુમાં જ હતી.

બ્રિલિયન્ટ. તેમણે કહ્યું અને અમને બંનેને અભિનંદન આપ્યા. અમે તેમનો આભાર પણ માન્યો. જો કે નિકિતાના પપ્પાએ તેના નામની બૂમ મારી એટલે તે તરત જ ત્યાંથી જતી રહી.

મેં તેને તરત જ આવજો કહી દીધું અને મનમાં તેનો આભાર પણ માન્યો કે મને થોડી વાર ટીચર સાથે એકલા રહેવાની તક આપી. અમારા નવા સંબંધોને ઊજવવાની તે શ્રેષ્ઠ તક હતી. સાંજ પૂરી થાય તેવી મારી સહેજ પણ ઇચ્છા નહોતી. હું તેમનો હાથ પકડી રાખવા માગતો હતો. હું તેમને અનુભવવા માગતો હતો.

મને એમ લાગ્યું કે સુવાળી પળોને લંબાવવા માટે મારે તેમનો રૂમાલ પાછો આપવો જોઈએ કે જે તેઓ મારા માટે જ લાવ્યા હતા.

આ લઈ લો. પેલો રેશમી રૂમાલ તેમને પાછા આપતા મેં કહ્યું.

તેમણે સહેજ વંકાયેલી આંખે મારી સામે જોયું અને બોલ્યા, કેમ તને નથી ગમતો આ રૂમાલ?

ના, ના, તે ખરેખર સુંદર છે.

તો પછી રાખ તારી પાસે, તે તારા માટે જ છે.

મારા મનમાં પ્રેમના પરપોટા ઊઠી રહ્યા હતા.

ખરેખર? મેં સવાલ કર્યો. હું નક્કી કરવા માગતો હતો કે તે આ રૂમાલ ખાસ મારા માટે અને મારો વિચાર કરીને જ લાવ્યા હતા. તે હસી પડ્યા અને હકારમાં જ માથું હલાવ્યું.

હવે જવાનો સમય થઈ ગયો હતો. તે સ્કૂલનો છેલ્લો દિવસ હતો. પછી શિયાળું વૅકેશન શરૂ થવાનું હતું. જો કે મારી જિંદગીમાં પહેલી વખત મને એમ થયું કે વૅકેશન ન હોવું જોઈએ.

મને એમ થતું હતું કે હવે હું નવા વર્ષે તેમને જોઈ શકીશ અને તેના કારણે હું થોડો ભાવુક થઈ ગયો. ત્યારે લગભગ ૯:૦૦ વાગ્યા હતા. તે મને ગુડબાય કહીને સ્કૂલના ઝાંપા તરફ ચાલવા લાગ્યાં. તે હાથ હલાવીને મને આવજો કરી રહ્યાં હતાં. મેં પણ હાથ હલાવીને તેમને મેરી ક્રિસમસ અને હેપ્પી ન્યૂ યર ઈન એડવાન્સ કહ્યું. તેમણે મારા હાથ તરફ જોયું અને પછી તેમણે હાથ નીચે કરી દીધો.

તે રસ્તા પર દેખાતા બંધ થયા ત્યાં સુધી હું સ્થિર ઊભો રહ્યો હતો.

પંદર વર્ષની ઉંમરે મને પહેલો પ્રેમ મળી ગયો હતો.

તે રાત્રે હું ઊંઘી શક્યો નહોતો.

હું તેમના માટે નવા વર્ષનું ગ્રિટિંગ કાર્ડ બનાવતો હતો.

લાઇક ઈટ હેપ્પન્ડ યસ્ટરડે

જાન્યુઆરીનો તે બીજો દિવસ હતો, નવા વર્ષનો બીજો દિવસ. મારા શરીરમાંથી પીઅર્સ સાબુની અને ચહેરા પર મમ્મીએ પરાણે ઘસેલા પોન્ડ્સ કોલ્ડ ક્રિમની સ્મેલ આવતી હતી. યુનિફોર્મની ઉપર મેં લાલ સ્વેટર પહેર્યું હતું.

સ્કૂલે પાછા જવા માટે હું ઉત્સાહિ.ત હતો. હું બરાબર આઠ દિવસ પછી અંગ્રેજીના ટીચરને જોવાનો હતો. મારા ચહેરા પર ફરી રહેલા સ્મિતને હું છુપાવી શકું તેમ નહોતો.

બુર્લાથી સ્કૂલ સુધીની સફરમાં હું એક જ વાત વિચારતો હતો કે પહેલી વખત તે મળશે તો હું તેમને શું કહીશ. ભીડથી ખચાખચ ભરેલી બસમાં ડ્રાઈવર પાસે બૉનેટ પર બેસીને હું મારા વિચારોમાં ખોવાયેલો હતો. પાછળની તરફ બે મહિલાઓ સીટ પર પહેલાં કોણ બેસે તેના માટે ઝઘડતી હતી. બીજી તરફ કંડક્ટર પણ અન્ય પેસેન્જર સાથે રકઝક કરતો હતો અને બાકીના અવાજો પણ આવી રહ્યા હતા. તે તમામ શોરબકોર મારા સુધી પહોંચતા નહોતા. મારું મન શાંત અને પ્રસન્ન હતું. મારા મનમાં લાગણીઓ ઊઠતી હતી. મારી આસપાસનું બધું વાતાવરણ સુંદર લાગતું હતું, પછી ભલેને અઠવાડિયાથી નાહ્યા વગર ફરતો બસનો ક્લિનર પણ કેમ ન હોય.

ડ્રાઈવર જ્યારે પણ બ્રેક મારે ત્યારે હું થોડો આગળ લપસી જતો હતો. તેના કારણે હું પાછો વાસ્તવિક સ્થિતિમાં આવી જતો અને મારા હાથમાં ખૂબ જ કાળજીથી પકડેલી વસ્તુ તરફ જોઈ લેતો.

વ્હાઈટ ચાર્ટ પેપરની મદદથી બનાવેલું ગ્રિટિંગ કાર્ડ હતું. તે મારી સ્કૂલબૅગમાં સમાઈ શકે તેટલું ન હોવાથી મેં તેને હાથમાં જ પકડી રાખ્યું હતું.

લાઇક ઈટ હેપ્નૂડ યસ્ટરડે

સ્કૂલમાં એક ખાસ વ્યક્તિને તે આપવાનું છે, ડ્રાઈવરે જ્યારે મને પૂછ્યું કે આ શું છે ત્યારે મેં ધીમેથી તેને જણાવ્યું. ધીમેથી એટલે કહ્યું કે બીજા કોઈને સંભળાય નહીં, તે મારી સામે જોઈ હસવા લાગ્યો.

મેં તેના પર વૉટરકલર કર્યા હતા અને ઠેકઠેકાણે રૂ લગાવ્યું હતું જેથી બરફનો આભાસ ઊભો થાય, જો કે મારા જિંદગીમાં મેં ક્યારેય બરફ પડેલો જોયો નહોતો. મને એટલો ખ્યાલ હતો કે બરફ પણ રોમૅન્ટિક હોય છે. તેની અંદર લાલ કલરના હાથરૂમાલનું પણ ચિત્ર બનાવ્યું હતું. મને અંદાજ હતો કે તેમને ખ્યાલ આવી જશે જે માત્ર અમારા બે વચ્ચેનું રહસ્ય હતું.

બસ સ્ટેન્ડથી માંડી સ્કૂલ સુધી પણ હું ખૂબ જ કાળજીથી તેને સાચવતો સાચવતો જવા લાગ્યો. તેવામાં એક ટ્રક પાગલની જેમ મારી બાજુમાંથી પસાર થઈ અને રેતનું મોટું વાદળ ઉડાડતી ગઈ. તેના કારણે મારા બૂટ અને મોજાં ગંદાં થયાં પણ મને ખુશી એ વાતની હતી કે મેં કાર્ડને કંઈ ન થવા દીધું.

આ દરમિયાન હું સ્કૂલે પહોંચી ગયો. કાર્ડને આ રીતે સાચવીને હું થાકી ગયો હતો કારણ કે છેલ્લા દોઢ કલાકથી હું તેને સાચવતો આવ્યો હતો. મેં જઈને બેંચ પર કાર્ડ મૂક્યું અને પછી મારાં કપડાં સરખાં કર્યાં. વૅકેશન બાદ તે પહેલી વખત મને જુએ તો હું વ્યવસ્થિત દેખાઉં તેની મેં કાળજી રાખી.

સ્કૂલના પરિસરમાં બધા એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા હતા. હું કોઈની પાસે શુભેચ્છા આપવા માટે ઊભો પણ ન રહ્યો કે કોઈને શુભેચ્છાનો જવાબ પણ ન આપ્યો. હું લગભગ દોડતો દોડતો સ્ટાફરૂમ તરફ જતો રહ્યો.

પ્રાર્થના શરૂ થાય તે પહેલાં હું સ્ટાફરૂમમાં આવી ગયો. ત્યાં સ્કૂલના તમામ ટીચર ભેગા થયેલા હતા અને એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ આપતા હતા. અંદર જવા માટે મેં બારણે ટકોરા માર્યા પણ કોઈની પાસે મને પરવાનગી આપવાનો સમય નહોતો.

હું મારી જાતને રોકી ન શક્યો તેથી ધીમે રહીને અંદર જતો રહ્યો.

અંદર જતાની સાથે જ કંઈક અજુગતું બન્યું. મેં જોયું કે બધા ટીચર એકબીજાને શુભકામનાઓ નહીં પણ કોઈ એક ટીચરને શુભેચ્છાઓ આપી રહ્યા

છે. તેના માનમાં બધા લાડુ પણ ખાઈ રહ્યા છે.

મેં તેમનું નામ સાંભળ્યું અને ફરીથી સાંભળ્યું.

કોઈએ મારા ખભા પર હાથ મૂક્યો. મેં જોયું તો તે પંજાબી મેડમ હતાં. તે મને કંઈ કહે તે પહેલાં ખૂણામાં રહેલા હિન્દીના સરે બૂમ મારી, 'અરે પંજાબી મેડમ સુના આપને? હમારી ઈંગ્લિશ મેમ કી શાદી તય હો ગઈ હૈ. આઈયે મુહ મીઠા કિજીયે.' (તમને સમાચાર મળ્યા કે નહીં? આપણા અંગ્રેજીના મેડમના લગ્ન નક્કી થઈ ગયા છે. આવો અને મોઢું મીઠું કરો.)

મોટા અને સ્પષ્ટ અવાજે ઉચ્ચારાયેલાં વાક્યો મને સંભળાયા.

એકાએક હું ત્યાં જ અટકી ગયો. મારા હૃદયમાં અસહ્ય પીડા ઊઠી હતી જાણે કે કોઈએ ચાકુ ભોંકી દીધું હોય. હવે મને કોઈ અવાજ સંભળાતા નહોતા. મારી સામે મારા બધા જ ટીચર હતા પણ હું કોઈને ઓળખી શકતો નહોતો. તેમણે મને પૂછ્યું કે શું થયું પણ હું જવાબ આપી શકતો નહોતો. હું મારા ગ્રિટિંગ કાર્ડ સાથે હજી ત્યાં જ ઊભો રહ્યો હતો.

મેં ત્યાંથી ખસી જવાનો પ્રયાસ કર્યો, પણ મારા પગ થીજી ગયા હતા. હું ત્યાંથી ખસી જવા માગતો હતો, કારણ કે હું કોઈની સામે રડવા નહોતો માગતો. ત્યાં એકાએક મેં તેમનો આવાજ સાંભળ્યો. હું અંગ્રેજીના મેડમની સામે આવવા નહોતો માગતો.

હું ત્યાંથી ભાગી ગયો.

૧૬

દુઃખ અને પરાજયની લાગણી

એક સમયે અંગ્રેજીના ટીચરની સતત પાછળ ફરનાર તરીકેની અંગત ઓળખ ધરાવનારમાંથી હું બદલાઈ ગયો હતો. હવે હું તેમની સામે આવવાનું પણ ટાળતો હતો. દરેક તબક્કે હું તેમની અવગણના કરતો હતો. જેમની એક ઝાંખી માટે હું કલાકો રાહ જોતો હતો તેના બદલે તે પરિસરમાં સામે આવે કે તરત જ હું છુપાઈ જતો હતો. એકબે વખત તો તેમણે મને બૂમ મારી હતી પણ મેં સાંભળી જ ન હોય તેમ સંતાઈ ગયો. હું કેવી રીતે સાંભળું ? તેમણે મને છેતર્યો હતો. મારા મનમાં ઊંડી પીડાની લાગણી થતી હતી.

મારા મિત્રોએ પણ મને આ પીડાનું કારણ પૂછ્યું પણ મેં જણાવ્યું નહીં. હું કાયમ માથું હલાવીને હા કે નામાં જવાબ આપી દેતો. રિસેસમાં પણ હું સાવ એકલો જ બેસતો. એક દિવસ રિસેસમાં હું મેદાનમાં બેન્ચ પર બેઠો હતો ત્યારે નિકિતા મારી પાસે આવી.

કેમ છે ? તેણે સ્મિત કરતા કહ્યું.

મેં તેને જવાબ ન આપ્યો પણ મારી ઉદાસ આંખો જોઈને તેને અંદાજ

આવી ગયો.

સાંભળ, મને ખ્યાલ છે કે તમને અંગ્રેજીના મેડમ ગમે છે. તેણે ખચકાતા સ્વરે કહ્યું.

મને સખત આઘાત લાગ્યો. તેને ખબર કેવી રીતે પડી ? તેણે માત્ર અંદાજ લગાવ્યો કે પછી મારા વર્તનમાં તે છતું થાય છે ?

જો કે મેં વાત સ્વીકારી નહીં.

શું ? શું કહે છે તું ? શક્ય બને તેટલા આશ્ચર્ય સાથે મેં સવાલ કર્યો.

છોકરીઓ છોકરાઓની સરખામણીમાં ઝડપથી સમજુ થઈ જાય છે. નિકિતા પણ તેમાં જ આવતી હતી.

કશો વાંધો નહીં. મારી મમ્મી કહેતી હતી કે આ ઉંમરે આવું આકર્ષણ થાય તે સામાન્ય છે. આપણો વિકાસ થઈ રહ્યો છે તેની આ નિશાની છે. તે બોલે જતી હતી પણ હું તેને સાંભળતો નહોતો.

મને એમ વિચાર આવતો હતો કે જો નિકિતાને ખ્યાલ આવી ગયો તો મારા મિત્રોને પણ તેનો અણસાર આવી જ જશે. તે સિવાય જો તે લોકો મને અહીંયા નિકિતા સાથે જોશે તો તેમને એમ થશે કે હું તેના પ્રત્યે આકર્ષાયો છું. ત્યારપછી શરૂ થનારી ચર્ચાઓનો કોઈ અંત નહીં હોય.

નિકિતા બોલે જ જતી હતી.

નિકિતા... મારે... મારે... જવું પડશે, નવો પિરિયડ ચાલુ થશે. હું ઊભો થયો અને ભાગી ગયો.

તે દિવસથી હું શક્ય એટલો સામાન્ય રહેવા પ્રયાસ કરવા લાગ્યો. તેના માટે અભ્યાસે મને સૌથી વધારે સહાય કરી. હું માત્ર મારા વિષયો અને તેમાં કેવી રીતે સારા માર્ક લાવવા તે વિશે વિચારતો હતો. મેં બૉર્ડની પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી દીધી. ધીમે ધીમે હું સામાન્ય થતો ગયો.

જે દિવસે મને સમાચાર મળ્યા કે અંગ્રેજીના મેડમના લગ્ન થઈ ગયા છે અને તેમણે સ્કૂલ છોડી દીધી છે તે દિવસે મને ખાસ દુઃખ થયું નહોતું.



લાઇક ઈટ હેપ્નૂડ યસ્ટરડે

મને હતું કે મારી બૉર્ડની પરીક્ષાઓ પ્રમાણમાં ઘણી સારી ગઈ છે. મારી સતત ચિંતા કરતાં મારાં મમ્મી-પપ્પાને પણ મેં આ જ વાત કરી હતી. રિઝલ્ટ જાહેર થવાને હજી થોડા દિવસો બાકી હતા. બધાં તેની ચિંતામાં હતાં.

મારી સ્કૂલમાં હું કાયમ ટોપ ૧૦માં જ આવતો હતો. હું સ્કૂલમાં ગમે તેટલી મસ્તી કે તોફાન કરતો પણ અભ્યાસમાં ટોપ રેન્કરો પાસે આવી જ જતો. હવે મારી ઇચ્છા આ બધાથી આગળ જઈને ટોપ પર પહોંચવાની હતી. તે સમયે ગુરુનાનક સ્કૂલમાં અલગ અલગ વિભાગના થઈને કુલ ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓ હતા. આ બધામાં ટોપ પર આવવું તે સામાન્ય કામ નહોતું.

સખત મહેનત કર્યા પછી મેં નવમા ધોરણની અર્ધવાર્ષિક પરીક્ષામાં બીજો ક્રમ મેળવ્યો હતો જેમાંથી દસમા ધોરણમાં ત્રીજા ક્રમે સરકી જવાયું. જો કે બૉર્ડની પરીક્ષા પાસેથી મને અનેક અપેક્ષાઓ હતી.

જ્યારે પરિણામો જાહેર થયાં ત્યારે મને સખત આઘાત લાગ્યો. મારા માત્ર ૬૯ ટકા આવ્યા હતા. હું પહેલી વખત ૭૦ ટકાથી નીચે ગયો હતો.

અમારા નગરમાં પહેલા ક્રમે આવનારે ૭૫ ટકા મેળવ્યા હતા. હું તેના કરતા ૬ ટકા પાછળ હતો. તે સમયે ૯૦ના દાયકામાં ૭૦ ટકાને સારા માર્ક ગણવામાં આવતા અને તેની ઉજવણી પણ કરવામાં આવતી. જેના માર્ક વધારે આવ્યા હોય તેની મમ્મી પોતાનાં સંતાનોના માર્ક બાકીના ઓછા માર્ક લાવનારા છોકરાઓની મમ્મીઓને બતાવતી રહેતી.

મારા દીકરાના ૭૨ ટકા આવ્યા. તમારા દીકરાના કેટલા આવ્યા?

જાણે કે તેને ખબર જ ન હોય?

મને સખત શરમ આવતી હતી, ગુનાની લાગણી થતી હતી અને અપમાન જેવું લાગતું હતું. અત્યાર સુધીનું મારું આ સૌથી ખરાબ પરિણામ હતું. તેમાંય બૉર્ડનું પરિણામ તો માત્ર સ્કૂલ નહીં, પણ નગર અને શહેરની બહાર પણ ચર્ચાતા વિષયમાં સ્થાન ધરાવતું હતું. તે તમારા પરિણામનું સીમાચિહ્ન હતું અને તે પણ સમગ્ર દેશ માટેનું. હું તે સીમાચિહ્નથી નીચે પટકાઈ ગયો હતો.

જ્યારે તમે ધારણા પ્રમાણેના માર્ક મેળવો ત્યારે સ્થિતિને સૂચવી શકો છે. જ્યારે પરિણામ તમારી ધારણા કરતા નીચું આવે અને જે સ્થિતિ સર્જાય

ત્યારે તમારે પહેલાં તમારી અપેક્ષાઓ સાથે સમજૂતી કરવી પડે અને પછી બાકીના લોકોના મત અને અપેક્ષાઓ સાથે સમજૂતી કરવી પડે. મારા માટે અત્યારે બીજી સ્થિતિનું નિર્માણ થયું હતું.

પહેલાં તો મને આ પરિણામ ગ્રાહ્ય નહોતું. મેં પેપરનું રિચેકિંગ કરાવ્યું પણ નસીબ મારી સાથે નહોતું. હિન્દીમાં મારે ૧૦૦માંથી માત્ર ૪૧ માર્ક આવ્યા હતા. રાષ્ટ્રભાષાની ઓછી આવડતના કારણે મારું સમગ્ર પરિણામ રોળાઈ ગયું હતું. મારા કેટલાક મિત્રો મને આશ્વાસન આપતા કે તારે તો ખુશ થવું જોઈએ કારણ કે ગણિતમાં તારા ૧૦૦માંથી ૯૮ માર્ક આવ્યા છે. મારી જેમ તેમને પણ અંદરખાને ખ્યાલ હતો કે ગણિતના માર્કથી મારા પરિણામમાં વધારો થવાનો નથી.

પરિણામ ધારણા કરતા ઓછું આવતા જ હું નિરાશામાં પટકાઈ ગયો. મારા મિત્રોમાં જેના સૌથી વધારે માર્ક આવ્યા હતા તેની મમ્મી મારી મમ્મી પાસે આવીને મારી આબરૂના લીરેલીરા ઉડાડી રહી હતી. મને એમ થતું હતું કે એવી કોઈ જગ્યાએ ભાગી જાઉં જ્યાં મને કોઈ પરીક્ષા કે તેનું પરિણામ કે પછી કોઈપણ જાતની અપેક્ષાઓ કશું જ ન પૂછે કે કહે. હું તે અપેક્ષાઓ માટે સારો નહોતો અને મારા માટે તે અપેક્ષાઓ સારી નહોતી. મારા પર રહેલી અપેક્ષાઓના કારણે મારા મિત્રોને પણ હું સ્પર્ધકો માનતો થઈ ગયો હતો. મારો કેસ આ રીતે બદલાયો હતો.

અથાક મહેનત કર્યા પછી પણ મને સારું પરિણામ મળ્યું નહોતું. હવે હું બીજું કરી પણ શું શકું?

બધું છોડી દેવાનો મેં નિર્ધાર કર્યો.

એક દિવસ મમ્મીની પાસે હું ભાંગી પડ્યો અને કહેવા લાગ્યો કે તેમણે કે પપ્પાએ મારી પાસેથી વધારે અપેક્ષા રાખવી નહીં કારણ કે હું અન્ય લોકોની જેમ આવી અપેક્ષાઓ સંતોષી શકતો નથી. હું સારો છું પણ શ્રેષ્ઠ નથી. પહેલા નંબરે આવવાની રમતમાં મારો જીવ ગૂંગળાય છે.

મમ્મીએ મારા આંસુ લૂછ્યા. મને તેના ખોળામાં સુવડાવ્યો અને પછી મારા કપાળ પર હાથ ફેરવતા ફેરવતા જણાવ્યું કે તે કેમ મને સફળ થતો જોવા

માગે છે. તેમણે મને જણાવ્યું કે કેવી રીતે પપ્પા સખત મહેનત કરીને મારા ભણતરનો ખર્ચો ઉઠાવે છે. તેમણે તો ત્યાં સુધી કહ્યું કે મારા દાદા પાસે મારા પપ્પાને ભણાવવા પણ પૈસા નહોતા તેથી તેમનું ભણતર અધૂરું રહ્યું હતું. માત્ર તેના કારણે જ પપ્પા મને ભણતર પ્રત્યે વધારે સજાગ અને સમજુ રહેવા કહે છે.

અમારા ભણતર અને ભવિષ્ય માટે મમ્મી અને પપ્પાએ કેટલો ભોગ આપ્યો છે તે મમ્મી જણાવે છે. અમારા માટે થઈને તેમણે ક્યારેય પપ્પા પાસે નવા કપડાંની માગણી નથી કરી. તેમણે ક્યારેય પોતાના માટે કંઈ જ ખરીદી નથી કરી, જેથી અમારા માટે કંઈક લઈ શકાય. એક પરિવારની જેમ અમે ક્યારેય રેસ્ટોરાંમાં જમવા નથી ગયા, ઘરે જ બનાવીને ખાધું છે. તેમણે મને કહ્યું ત્યાં સુધી મને ખ્યાલ જ નહોતો કે પપ્પા જે કમાણી લાવે છે તેનો મોટા ભાગનો હિસ્સો અમારા ભણતર પાછળ વપરાતો હતો. હવે જે કરવાનું હતું તે અમારે કરવાનું હતું.

તેમણે કહ્યું કે મારા માટે સારા માર્ક લાવવા એટલે પેલા ઉંદરોની રેસ જેવું નથી. અમારા માટે ભણતરનો એક જ અર્થ છે કે આપણા પરિવારને ગરીબીમાંથી ઉગારી શકાય.મારી અને મારા ભાઈની ચિંતામાં અમારાં મમ્મી-પપ્પાએ ક્યારેય તેમની ચિંતા કરી જ નહોતી. અમારી પાસે એક જ રસ્તો હતો કે સારા માર્ક લાવીએ અને આગળ વધીએ જેથી સારી જિંદગી તરફ આગળ વધી શકાય.

તે સાંજે મમ્મીએ મને જે કહ્યું તે ઘણા સમય સુધી મારા મગજમાં ફરતું રહ્યું. તેની પાસે તેના નક્કર કારણો હતાં તેથી તે સાચાં પણ હતાં.

જેમ જેમ દિવસ પસાર થતા ગયા મને ‘પાપા કહેતે હૈ....’ ગીત પણ ગમવા લાગ્યું હતું. તેના દ્વારા મારા મનમાં જુદી જ લાગણી થતી હતી. હું એવી વ્યક્તિ બનવા માગતો હતો કે જેના દ્વારા લોકોને બતાવી શકું કે હું જે ગીત ગાતો હતો તેના દરેક શબ્દને હું સમજતો હતો અને તેને સાબિત કરી બતાવ્યા.

આ વખતે મારામાં હકારાત્મક પરિવર્તન આવ્યું હતું. જે લોકો મારાથી

આગળ હતા મને તેમની ઈર્ષા થતી નહોતી. હું શાંત ચિત્તે, સરળતાથી અને સહજતાથી મારા પોતાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરતો. તે રસ્તે જતાં જતાં હું પાછો પેલી રેસમાં જોડાઈ ગયો...

જો કે તે વખતે હું મારી જાતને ઉંદર સમજતો નહોતો.

૧૭
સ્કૂલનો અંતિમ દિવસ

અગિયારનું ધોરણ શરૂ થઈ ગયું હતું. મેં સાયન્સમાં એડમિશન લીધું હતું. મેં મારી જાતને પ્રોમિસ આપ્યું હતું કે હું બાકીના તમામને પાછળ પાડી દઈશ. હવે મને સ્પષ્ટ રીતે ખબર હતી કે મારું લક્ષ્ય શું છે. તેને પામવા માટેનું સંપૂર્ણ આયોજન મેં કરી નાખ્યું હતું. જો કે તે વખતે મારી અને મારા લક્ષ્યની વચ્ચે એક ૬ ફૂટની મોટી અડચણ આવી ગઈ.

તે અડચણનું નામ હતું નિતિન રામચંદાની. તે સિંધી મારા નગર બુર્લાનો જ હતો અને તેણે આ વર્ષે મારી સ્કૂલમાં અગિયારમા ધોરણમાં એડમિશન લીધું હતું. નિતિન તેના ડાબા તરફના જડબામાં આવેલા કાળા દાંતના કારણે ઓળખાઈ જતો હતો. તમે જ્યારે પણ તેની સામે જોતા ત્યારે તે તમારી સામે કારણ વગર પણ હસતો રહેતો.

તે દસમા ધોરણ સુધી સેન્ટ જોસેફ કૉન્વેન્ટ સ્કૂલમાં ભણ્યો હતો, (જ્યાં છોકરીઓ સ્કર્ટ પહેરતી હતી.) અને હવે તે ગુરુનાનક પબ્લિક સ્કૂલમાં આવ્યો હતો કારણ કે તેની સ્કૂલમાં અગિયાર અને બાર ધોરણ નહોતાં. તેના કારણે

જ હું ત્યાં જઈ શક્યો નહોતો.

જ્યાં સુધી અમારી વચ્ચે મિત્રતા ન થઈ ત્યાં સુધી અમે તેને અને અન્ય નવા આવેલા વિદ્યાર્થીઓને દત્તક લીધા હોય તેમ રાખતા હતા. આમ જોવા જઈએ તો તે બરાબર નહોતું પણ આ વર્તન દ્વારા અમે કૉન્વેન્ટમાં ન ભણી શક્યા તેવો વલોપાત કાઢતા હતા. તમને કેમ જલસા કરવા મળતા હતા?

જો કે હું ઈર્ષાળુઓમાં આવતો નહોતો. મને તો આનંદ હતો કે આખરે અન્ય કોઈ તો મારા ક્લાસમાં આવ્યું જે મારા નગરમાં રહેતો હોય. છેલ્લાં ત્રણ વર્ષમાં બુર્લામાં એવું કોઈ નહોતું જેની પાસે જઈને હું હોમવર્કની ચર્ચા કરું કે એક્ઝામ માટે તૈયારી કરી શકું. બીજા મહિનાથી તો અમે એકબીજાના ઘરે જતાં અને મમ્મીઓ દ્વારા બનાવાતા ભોજનનો આનંદ લેતા થઈ ગયા હતા. તેના કારણે અમે ખાસ મિત્રો બની ગયા હતા. તેમાંય પરીક્ષા પહેલાની અંતિમ તૈયાર હોય કે યુનિટ ટેસ્ટની તૈયારી હોય અમે તેના ઘરે જ રહીને કરતા તેથી અમારી વચ્ચે લાગણીનો સંબંધ વધારે મજબૂત બની ગયો હતો.

જો કે પરિણામ આવતું ત્યારે મને ભાન થતું કે પેલા કાળા દાંતવાળો જાયન્ટ મારા ક્લાસમાં પહેલા ક્રમે આવ્યો છે.

હું બીજા ક્રમે આવ્યો હતો.

મને સહેજ પણ વિશ્વાસ આવતો નહોતો. મારા ક્લાસના જૂના ટોપર્સને મેં પાછા પાડી દીધા હતા પણ પેલા જાયન્ટને હરાવી ન શક્યો.

તમને જ્યારે ખ્યાલ આવે કે માર્કની રેસમાં તમારો જ ખાસ મિત્ર તમારા કરતા આગળ વધી ગયો છે ત્યારે તેની પીડા વધારે હોય છે. તે દિવસથી મને નિતિનની ઈર્ષા થવા લાગી. તેનો ગુનો માત્ર એટલો જ હતો કે તેના માર્ક મારા કરતા વધારે આવ્યા હતા.

સામે મળે ત્યારે હું તેને અભિનંદન આપતો પણ તેની પીઠ પાછળ ખોદણી કરતો રહેતો.

'ઈતના લંબા હૈ ફિર ભી બાસ્કેટબૉલ નહીં ખેલતા, તો પછી હાઈટને કરવાની શું.' તે ક્યારેય બાસ્કેટબૉલ રમતો નહીં. આ રીતે હું તેનું જાહેરમાં અપમાન કરતો રહેતો.

કૉન્વેન્ટના અન્ય છોકરાઓની જેમ તે પણ સારી રીતે અંગ્રેજી બોલી શકતો હતો. બાયૉલૉજીમાં પણ તે પાવરધો હતો. ઘણી વખત તો બાયૉલૉજીના મેડમને ઓર્ગેનિઝમ અને અન્ય સાયન્ટિફિક નામ યાદ રહેતા નહોતા પણ નિતિન ફટાફટ બોલી જતો હતો. ઘણી વખત ટીચર દ્વારા અજાણતા ભૂલ થઈ જતી તો તેને પણ તે સુધારી લેતો.

'નો મેડમ, સાયન્ટિફિક નેઈમ ઑફ ધ ચિમ્પાન્ઝી ઇઝ પેન્ટ્રોગ્લોડાઇટ્સ. હોમીનોઈડિયા ઇઝ ફોર એપ્સ.' આ રીતે તે ટીચરની પણ ભૂલ સુધારતો.

'લગતા હૈ ઝુ મેં કામ કરતા હૈ.' (લાગે છે કે પ્રાણી સંગ્રહાલયમાં કામ કરે છે) હું ધીમેથી બોલતો અને બધા હસી પડતા. નિતિન પણ તેમની સાથે હસતો અને તે જોઈને હું ચૂપ થઈ જતો. હું તેને શરમમાં નાખવા માગતો હતો, પણ તેને ક્યારેય તેવી લાગણી થતી જ નહીં.



આ ઈર્ષાનો કોઈ વિકલ્પ નહોતો. હું અનેક વખત નિતિનના ઘરે ભણવા માટે ગયો હતો છતાં તે અભ્યાસમાં સારો વિદ્યાર્થી હોવાથી હું તેની મજાક કરતો રહેતો હતો. મને સૌથી વધારે નફરત ત્યારે થતી જ્યારે અમારા મિત્રો કોઈ સમસ્યાના ઉકેલ માટે મારા બદલે નિતિન પાસે જતા. ક્લાસમાં નવું ચેપ્ટર ભણાવવામાં આવે તે પહેલાં આગલા દિવસે તેને એક વખત વાંચી જવાનો તેનો નિયમ હતો. તેના કારણે તેને જવાબો આવડતા અને બધા શિક્ષકોની નજરમાં પણ રહેતો. તે મેથ્સમાં થોડો નબળો હતો પણ તેનું નિરાકરણ પણ તેણે કાઢી લીધું હતું. તે સ્કૂલ ચાલુ થાય તે પહેલાં વહેલી સવારે અમારી સ્કૂલના જ સરને ત્યાં ટ્યૂશન માટે જતો.

નિતિનનું ગ્રે કલરનું ચેતક સ્કૂટર પણ મારી ઈર્ષાનું બીજું કારણ હતું. હું તેના ઘરે જતો ત્યારે મારી સાઇકલ લઈને જતો જ્યારે તે મારા ઘરે આવે ત્યારે સ્કૂટર લઈને આવતો. તે લોકો અમીર હતા અને તેથી વિક-એન્ડમાં કાયમ તે ગ્રીન કલરની મહિન્દ્રા જીપ લઈને ચક્કર મારવા નીકળતો અને તેના પગ થોડા બહાર રહે તેનું ખાસ ધ્યાન રાખતો.મને તેનું સ્કૂટર ત્યારે જ ગમતું જ્યારે

તે મને પાછળ બેસાડીને બુર્લાના માર્કેટમાં ફરવા લઈ જતો.

મારા અને નિતિનના યુનિટ ટેસ્ટના માર્કમાં ઘણું અંતર રહેતું તેથી મેં મારી મહેનત બમણી કરી નાખી હતી સાથે પ્રાર્થના પણ કરતો રહેતો. મેં ક્યારેય ભગવાનને પ્રાર્થના કરી નહોતી કે મને સારા માર્ક આપજો. મારી નવી યોજના પ્રમાણે હું ભગવાનને પ્રાર્થના કરતો કે નિતિનના માર્ક ઓછા આપજો.

નિતિન પણ પેલા કંટાળાજનક લોકોમાંનો જ એક હતો જે એક્ઝામ પહેલાં કહેતા, 'ફટ રહી હૈ મેરી. બસ ભગવાન ઈસ સબજેક્ટ મેં પાસિંગ માર્ક આ જાયે.' (મને ખરેખર ભય લાગે છે. હે ભગવાન બસ આ વિષયમાં માત્ર પાસ થવાય એટલા માર્ક આવે તો પણ સારું.)

'આમીન' તેની સામે ઊભા રહીને હું કહેતો, પણ અંદરખાને ભગવાનને કહેતો કે હે ભગવાન તેને માત્ર પાસિંગ માર્ક પર જ અટકાવી દેજે.

'સરદાર ક્યું ચિઢતા રહેતા હૈ તુ મેરે સે. ચલ આ એક્ઝામ દેતે હૈ.' (સરદાર તું મારા પર શા માટે ગુસ્સે થાય છે, ચાલ આવ એક્ઝામ આપીએ.) આખી વાતને ઉડાવી દેવા તે આમ કહેતો.

સૌથી કઠીન સ્થિતિ એ હતી કે મારાં મમ્મી-પપ્પાને નિતિન ગમતો હતો. તેમના મતે તે ગંભીર અને સરળ હતો. તે લોકો મને સંબલપુર કે તેની આસપાસના વિસ્તારમાં મોડી રાત સુધી ત્યારે જ જવા દેતા જ્યારે નિતિન મારી સાથે હોય. મારા પપ્પા નિતિનના પપ્પાને સારી રીતે જાણતા હતા. બુર્લામાં ગણતરીના લોકો હતા જેમના પ્રત્યે લોકોને માન હોય અને નિતિનના પપ્પા તેમના એક હતા. હું નિતિન કરતા તેના પપ્પાને વહેલો ઓળખતો થયો હતો. દર વર્ષે ઉનાળો પૂરો થવા આવે ત્યારે અમે જાંબુના ઝાડ પરથી જે જાંબુ ઉતારીએ તેમાંથી એક ટોપલી ભરીને જાંબુ પપ્પા નિતિનના ઘરે આપવાનું કહેતા હતા. તેના બદલામાં તેઓ મને બિસ્કિટનું પેકેટ અથવા ચૉકલેટ આપતા હતા.

જો તેમના દીકરાને મારા કરતા થોડા ઓછા માર્ક આવ્યા હોત તો અમે કેટલા સારા મિત્રો બની શક્યા હતો, પણ તકદિરને કંઈક જુદું જ પસંદ હતું.

બીજી યુનિટ ટેસ્ટ પૂરી થઈ ગઈ. હું ચોથા ક્રમે ધકેલાઈ ગયો જ્યારે નિતિન તેના પહેલા સ્થાને જ હતો. ધીમે ધીમે ઘણી યુનિટ ટેસ્ટ પસાર થઈ

અને તેમ કરતા કરતા અડધું વર્ષ પૂરું થઈ ગયું પણ સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નહીં. પરિવર્તન આવ્યું હતું તો એટલું જ કે અમારા આખા ક્લાસના બદલે હવે આખી સ્કૂલ નિતિનને જાણતી હતી. તે અમારી સ્કૂલનો હેડબૉય બની ગયો. હું તેના કરતા વહેલો આવ્યો હતો છતાં તે સ્કૂલમાં આવ્યો, ક્ષમતા સાબિત કરી અને હવે સત્તા પર આવી ગયો છે. ટીચર જે પણ કહેતા તેની સાથે સહમત થવાનો તેનો સ્વભાવ હતો. ટીચર જે પણ કહેતા તેના માટે પહેલાં તો નિતિન એક વખત માથું હલાવીને હા પાડી દેતો અને પછી વિચારતો કે ટીચર શું કહે છે. એક વખત તો મેં જોયું કે કોઈ એક મુદ્દા અંગે તે સ્કૂલના બે ટીચરોના અલગ અલગ મત સાથે સહમત થયો હતો. તેનું માર્કેટિંગ પણ સારું હતું. તે પોતાનું જ માર્કેટિંગ કરતો હતો.

'બીજી સ્કૂલમાંથી આવેલો તારા જેવો છોકરો એકાએક સ્કૂલનો હેડબૉય કેવી રીતે બની શકે?' એક રાતે મેં તેને સવાલ કર્યો હતો.

નિતિન સરળ અને પ્રામાણિક હતો. તેણે મને તેવી વાત શીખવી જે આજ સુધી કોઈએ મને સ્કૂલમાં પણ શીખવી નહોતી. તેણે મને જણાવ્યું કે શું કરવું અને શું ન કરવું જેથી આપણી છાપ સારી પડે. લોકોનું ધ્યાન ખેંચવા માટેની તેણે મને કેટલીક ટીપ્સ આપી જેમાં તે પાવરધો હતો.

તક મળતાની સાથે જ મેં તેની શિખામણને અમલમાં મૂકી અને હું ટૂંક જ સમયમાં હાઉસ કૅપ્ટન બની ગયો. મને ખ્યાલ આવ્યો કે આ બહુ મોટું કામ નથી, માત્ર થોડું કામ, થોડી સભાનતા અને શબ્દોની રમત એટલે તમારું ૭૫ ટકા કામ થઈ જાય. આ સફળતાની સાથે જ મારો નિતિન પ્રત્યેનો અભિગમ પણ બદલાવા લાગ્યો. હવે મને તે શત્રુ કે પ્રતિસ્પર્ધી જેવો નહોતો લાગતો. તેના બદલે હું તેની ગંભીરતા અને ચતુરાઈને માન આપતો હતો.

તેના કારણે અગિયારમા ધોરણના અંતિમ દિવસોમાં મારું નિતિન પ્રત્યેનું વલણ બદલાઈ ગયું હતું. તેના કારણે જ ક્લાસમાં ટોપ પર રહેવાનો મારો વિચાર પણ શાંત થવા લાગ્યો હતો. મને ખ્યાલ આવી ગયો હતો કે મજબૂત મનોબળ ધરાવતી દીવાલ સમા નિતિન સામે માથા અફળાવવા વ્યર્થ છે.

તેના કારણે જ પહેલીવાર હું એક્ઝામ દરમિયાન શાંત અને સહજ રહી

શક્યો હતો. નિતિન મારા કરતા આગળ છે તે વાતને મેં ભુલાવી દીધી હતી. હકીકતમાં તો હું ઈર્ષા કરીને થાક્યો હતો. હું થોડો નિશ્ચિંત બની ગયો હતો અને તેના કારણે જ અભ્યાસ દરમિયાન થોડો રિલેક્સ રહેતો હતો. હું ફરીથી કેટલીક રમતો રમવા લાગ્યો હતો અને મને મજા પણ આવતી હતી, ખાસ કરીને અગિયારમા ધોરણની પરીક્ષા પછી હું નિતિન સાથે પણ ઘણી વખત રમતો હતો. તેના કરતા વધારે શું પરિવર્તન આવવાનું હતું, તેથી તે પરિવર્તન મને ગમતું હતું.

અગિયારમા ધોરણના વૅકેશનમાં હું અને નિતિન ખૂબ જ સારા મિત્રો બની ગયા હતા.



હું નર્વસ હતો.

આખરે એ ઘડી આવી ગઈ જેની અમે બધા આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. મને ખ્યાલ હતો કે મેં સારી મહેનત કરી છે. જો કે ઈતિહાસનું પુનરાવર્તન થાય તો શું ? છેલ્લાં બે વર્ષ પહેલાં જે બન્યું હતું તે ઘટના મારા મગજમાં ફરી એક વખત તાજી થઈ ગઈ.

સ્કૂટરની ઘરઘરાટી મારા વિચારોને વચ્ચે વચ્ચે ખોરવી નાખતી હતી. તેવામાં મને અવાજ સંભળાયો, સરદાર જલદી આજા. (સરદાર ઝડપથી આવી જા.) નિતિન સમયસર આવી ગયો હતો.

મેં મમ્મીને કહ્યું હતું કે નિતિન મને લેવા આવવાનો છે. તેમને પગે લાગીને હું ઘરની બહાર નીકળી ગયો. તેમણે જતાં જતાં બૂમ મારી, 'ઓલ ધ બેસ્ટ ઍન્ડ હેવ ફેઈથ ઈન ગૉડ.'

મારા ઘરના દરવાજાની બહાર મેં નિતિનને સ્કૂટર લઈને ઊભેલો જોયો. તે પણ ઉત્સાહી દેખાતો હતો. અમે બંનેએ એકબીજા સામે જોઈને સ્મિત કર્યું.

'ચલ ચલ જલદી કિક માર ભાઈ.' (અરે જલદી સ્કૂટર ચાલુ કર યાર) પાછલી સીટ પર બેસતા બેસતા મેં તેને કહ્યું.

સ્કૂટર ઊપડ્યું અને થોડીવારમાં તો અમે બુર્લાથી સંબલપુર જવાના હાઈવે પર આવી ગયા. અમે લોકો વાતો કરતા હતા પણ શું વાતો કરતા હતા તેનો

ખ્યાલ નહોતો. અમે લોકો માત્ર એટલા માટે વાત કરતા હતા કે થોડું ટેન્શન ઓછું થાય.

જેમ જેમ સ્કૂલ તરફનું અંતર ઘટતું જતું હતું તેમ તેમ અમારા ચહેરા પર ચિંતાની રેખાઓ વધારે સ્પષ્ટ થતી જતી હતી. કાયમ રહેતું ઉત્સાહી હાસ્ય વિલાઈ ગયું હતું તેના બદલે અમારા કપાળ પણ ચિંતાની રેખાઓ ઊપસી આવી હતી. અમને ખ્યાલ હતો કે અમે તે સ્થિતિની નજીક હતા જે અમને અઢળક ખુશીઓ અથવા તો અપાર વેદના આપવાની હતી. મને નિતિનની તો ખાતરી હતી પણ મારા વિશે થોડો અવઢવમાં હતો.

સ્કૂલના દરવાજા પાસે અમે સ્કૂટર પાર્ક કર્યું. અમે લોકો વહેલા પહોંચી ગયા હતા તેથી ખાસ કોઈ આવ્યું નહોતું. તેમ છતાં સ્કૂલના નોટિસબોર્ડ સુધી પહોંચવા માટે અમારી વચ્ચે બરાબરની રેસ લાગી. સ્કૂલના પરિસરમાં પડેલું નોટિસબોર્ડ અમારું લક્ષ્ય હતું.

અમે ઝડપથી સ્કૂલની ગેલેરી પાર કરીને ત્યાં પહોંચી ગયા. અમારા શરીર થોડા શાંત થયા પણ શ્વાસ ઝડપથી ચાલતા હતા. તે દરમિયાન અમે લોકો નવું એ-૪ સાઈઝનું પેપર શોધવામાં વ્યસ્ત થઈ ગયા જેના પર પરિણામ લગાવેલું હતું. આ અંતિમ ક્ષણે અમે પાગલ જેવા દેખાતા હતા. અમારામાં રહેલી ધીરજ સાવ ખૂટી પડી હતી.

'અહીંયા', નિતિને બૂમ મારી અને મને નોટિસબોર્ડની પાછળની બાજુએ જોવા કહ્યું.

તેના શબ્દોથી જાણે સમય એક ક્ષણ માટે રોકાઈ ગયો. હું તેના તરફ દોડ્યો અને ફરી એક વખત મારી એડ્રિનાલીન ગ્રંથિ સક્રિય થઈ ગઈ. મારા ધબકારા એટલા વધી ગયા કે મને સંભળાવા લાગ્યા હતા.

હું નંબર પ્રમાણે ધોરણ બારનું સીબીએસઈનું પરિણામ જોતો હતો. હું માત્ર એક ક્ષણ જ દૂર હતો મારા પરિણામ સુધી પહોંચવામાં.

નિતિને મને પહેલી હરોળમાં જોવાનું કહ્યું, પણ મેં ખાસ ધ્યાન ન આપ્યું કારણ કે મને ખ્યાલ હતો કે તે સ્કૂલમાં પહેલો આવ્યો હશે. હું તેને અભિનંદન આપીને સમય બગાડવાની જગ્યાએ મારું શું થયું છે તે જોવામાં પડ્યો હતો.

મારી આંખો બીજી હરોળ પર હતી. તેમાં મારું નામ નહોતું. હવે તેના

પરના અક્ષરો ભયંકર ભાસતા હતા. ઉતાવળમાં મેં ત્રીજી અને ચોથી હરોળ પણ જોઈ લીધી પણ મને તેમાં આરથી શરૂ થતો એકપણ શબ્દ દેખાયો નહીં.

મારા મનમાં ફાળ પડી. હે ભગવાન આ વખતે પણ હું ટોપ ટેનમાં ન આવ્યો કે શું. હું ભાંગી પડવાની સ્થિતિમાં હતો. મેં બૂમ મારી કે મને મારું નામ દેખાતું નથી. મેં નિતિનને બૂમ મારીને કહ્યું કે મારું નામ ટોપટેનમાં નથી.

તેણે મને ખભેથી પકડ્યો અને પછી ખેંચી ગયો. તે મને કંઈક કહેવા માગતો હતો પણ મને તેમાં રસ નહોતો. હું બૂમો જ પાડતો રહ્યો.

તેણે મને જોરથી એક તમાચો મારી દીધો.

હું ડઘાઈ ગયો. મેં તેને કહ્યું કે મારું નામ શોધી આપ.

ડફોળ, હું બીજું શું કરું છું? અને ફરીથી તેણે પહેલી હરોળ તરફ આંગળી કરીને મને જોવા કહ્યું.

મેં આખરે તેની આંગળી હતી ત્યાં નજર કરી. મેં પહેલો શબ્દ વાંચ્યો, આર, અને પછી મારું આખું નામ વાંચી ગયો. તે મારું જ નામ હતું.

હે ભગવાન, તે હું જ હતો. હું જાતે જ સમજવાનો પ્રયાસ કરતો રહ્યો કે ત્યાં મારું નામ લખાયું છે તેનો અર્થ શું થાય.

'સરદાર ફટ્ટે ચકતે તુ તાં.' (સરદાર તેં સાબિત કરી દીધું.) નિતિને બૂમ મારી અને મને ભેટી પડ્યો.

અરે યાર આખરે મેં કરી બતાવ્યું, યસ, યસ, યઅઅઅઅઅઅઅઅઅસ.

'આઈ એમ ધ ટોપર. આઈ... આઈ...આઈ... આઈ... આઈ... એમમમમમમમ ધ ટોપપપપપપપરરરરરરરરર.'

મને વિશ્વાસ આવતો જ નહોતો. હું શું અનુભવતો હતો તેનું વર્ણન પણ કરી શકતો નથી. હું હજી પણ નોટિસબૉર્ડ સામે જોઈ રહ્યો હતો. મારે હજારો કામ કરવાના હતા. તે પહેલાં મારે મારાં મમ્મી-પપ્પા પાસે જવાનું હતું. મારે તેમને કહેવાનું હતું કે હું સ્કૂલમાં પ્રથમ આવ્યો હતો.

આખરે.

ઉપસંહાર

મેં ધોરણ બારમાં ૭૬ ટકા મેળવ્યા હતા. તે સમયે બુર્લા અને સંબલપુરમાં કોઈ નહોતું જે મારી સાથે સરખામણી કરી શકે. કોઈક કારણોસર નિતિનના માર્ક લોકોની ધારણા કરતા ઓછા આવ્યા. તે પહેલા ક્રમેથી સીધો ચોથા ક્રમે ગગડી ગયો હતો. અમને બંનેને જાણ હતી કે તેણે જે મેળવ્યું છે તેના કરતા કંઈક વધારે તેને મળવું જોઈતું હતું. તે સાચા અર્થમાં ટોપર હતો. છેલ્લાં બે વર્ષમાં તે ખૂબ જ સારો વિદ્યાર્થી સાબિત થયો હતો. મને ખ્યાલ હતો કે માત્ર બૉર્ડના એક્ઝામથી કોઈની ક્ષમતાને આંકી ન શકાય. સારી વાત એ હતી કે નિતિન નિરાશ હતો પણ થોડા સમય સુધી જ. ત્યાર પછી તે બધું ભૂલી ગયો.

મેં બિડર, કર્ણાટકમાં આવેલી ગુરુ નાનક દેવ એન્જિનિયરિંગ કૉલેજમાં એડમિશન લીધું. ફરી એક વખત પહેલાની જેમ હું એકલો એવો હતો જે બુર્લામાંથી સંબલપુર જીએનપીએસમાં ગયો હતો તેમ ઓરિસ્સાથી કર્ણાટક ભણવા માટે ગયો. તે વખતે તેમાં શીખ ક્વોટા હતો અને મને મળેલા માર્ક અને મારા મેરિટના આધારે મને કમ્પ્યૂટર સાયન્સમાં એકપણ પૈસો ખર્ચ્યા વગર સીટ મળી ગઈ. તે લોકો તેને ફ્રી સીટ કહેતા. ફરી એક વખત હું મારા જૂના મિત્રોથી અલગ થઈ ગયો જે મારાથી પાછળ રહેવાના કારણે ઓરિસ્સામાં જ હતા. મને એટલું તો સમજાઈ ગયું હતું કે સ્થિતિ બદલાતી રહે છે પણ જે નથી બદલાતી

તે મારા અને નિતિન વચ્ચે રહેલી મિત્રતા હતી.

આજે નિતિન, ભારતમાં રહેલી કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ મલ્ટિનેશનલ કંપનીનો કન્ટ્રી હેડ (સેલ્સ એન્ડ માર્કેટિંગ) છે. મને ખ્યાલ છે કે તેના માટે આ જોબ પરફેક્ટ છે કારણ કે તે પોતાની આ જ આવડતથી ટીચરને ઇમ્પ્રેસ કરીને સ્કૂલનો હેડબૉય બની ગયો હતો. હજી ગયા વર્ષે જ તેણે અનુ સાથે લગ્ન કર્યા. તે બંને અત્યારે પૂનામાં રહે છે. અમે બંને લગભગ છ મહિને એક વખત મળીએ છીએ અને ભૂતકાળને વાગોળીએ છીએ અને હસી પડીએ છીએ.

મારો નાનો ભાઈ જિતેન્દર ઉર્ફે ટિંકુ છેલ્લાં કેટલાક સમયથી અમેરિકામાં છે. તે પણ મારા જ પગલે પહેલા બુર્લા પછી સંબલપુર પછી બિડર એમ જ ભણ્યો હતો. ત્યાર પછી તેને ઇન્ફોસિસમાં જોબ મળી ગઈ. એક જ કામમાં તે મારા કરતા આગળ હતો અને તે હતું લગ્ન. તેણે મારા કરતા વહેલાં લગ્ન કરી લીધા હતા. મારો એનઆરઆઇ ભાઈ વર્ષે એક વખત ઇન્ડિયા આવે છે. છેલ્લે તે મારા લગ્નમાં આવ્યો હતો.

થોડા સમય પહેલાં ફેસબુક પર મારી મુલાકાત સુશીલ સાથે થઈ હતી. ત્યાર પછી અમે લોકો ઓનલાઇન મળતા રહ્યા અને એક વખત હું કોલકાતા ગયો હતો ત્યારે તે મને હોટેલ પર મળવા આવ્યો હતો. અમે જેટલો સમય મળ્યા અને સાથે પસાર કર્યો અમે ભૂતકાળમાં કરેલાં કામોને યાદ કર્યાં. બાકીના લોકો શું કરે છે તેની પણ એકબીજાને જાણકારી આપી. મને તે જાણીને આનંદ થયો કે બધા પોતાની જિંદગીમાં સેટ થઈ ગયા હતા.

હું કામની શોધમાં ઓરિસ્સાથી ચંડીગઢ આવ્યો જ્યારે મારા પપ્પા હજી પણ એમ જ માને છે કે બુર્લા જ તેમની કર્મભૂમિ છે. પંજાબ તેમનું વતન હોવા છતાં, અહીંયા તેમના મૂળ હોવા છતાં અને ઉત્તર ભારતમાં સ્થાયી થવાની મારી ઇચ્છા હોવા છતાં તેમના માટે બુર્લા છોડવું અશક્ય છે. તે માને છે કે આ એ સ્થળ છે જ્યાં તેમણે અથાક પરિશ્રમ કર્યો અને ત્રીસ વર્ષની મહેનત દરમિયાન તેમના સંતાનોને વિકસતા જોયા છે. હું જ્યારે આ પુસ્તક પૂરું કરી રહ્યો છું ત્યારે હું મારા પપ્પાની માફી માગવા ઇચ્છું છું કે જીવનના ઘણા પ્રસંગે મેં તેમને

ધિક્કાર્યા હતા, ખાસ કરીને તેઓ જ્યારે મને પહેલી વખત સ્કૂલે લઈ ગયા ત્યારે અને દરરોજ ઇન્જેક્શન લેવા લઈ જતા હતા ત્યારે. જો તેમણે આટલી મહેનત ન કરી હોત તો અત્યારે મારી જિંદગી કેવી હોત તેની હું કલ્પના પણ નથી કરી શકતો.

મારા મમ્મી અડધું વર્ષ મારી સાથે ચંડીગઢમાં અને અડધું વર્ષ પપ્પા સાથે બુર્લામાં રહે છે. આ રીતે તે અમારા બંને વચ્ચે પ્રેમની વહેંચણી કરે છે. અત્યારે તેમના ચહેરા પર રહેલું હાસ્ય મને ગમે છે કારણ કે તેમણે મારા અને મારા ભાઈ માટે જે ભોગ આપ્યો છે તે હું જ જાણું છું. જો તેમણે અમારા ભણતર માટે ભોગ ન આપ્યો હોત તો અત્યારે અમે જ્યાં છીએ ત્યાં ક્યારેય ન આવી શક્યા હોત. હું તેના માટે તેમનો અંતઃકરણથી આભાર માનવા માગું છું.

અને મારું સ્ટેટસ શું?

મેં સ્ટોરી ટેલિંગનું (વાર્તાઓ કહેવાનું) કામ અપનાવ્યું છે અને મને તેમાં મજા આવે છે. તમે જ્યારે આ પુસ્તક વાંચતા હશો ત્યારે હું બીજું લખતો હોઈશ...

ઋણ સ્વીકાર

હું મારી પત્ની ખુશ્બુનો આભાર માનું છું કે વાર્તા લખવાની મારી કારકિર્દીમાં તે સતત મારી પડખે રહી છે અને કાયમ જ્યારે પણ હું લખતા લખતા અટવાઈ જાઉં ત્યારે તે રસપ્રદ વિચારો પણ મને આપતી રહી છે. દિલ્હીમાં જ્યારે આપણે સાથે હતાં ત્યારે તેં મને મારા સ્કૂલના દિવસોની વાત કરી અને આપણે કેટલું બધું હસ્યાં હતાં. બસ તેની આટલી વાતથી મને વિચાર આવ્યો કે બુર્લાની મારી સ્કૂલ લાઈફ પર લખવું જોઈએ.

હું પેંગ્વિન બુક્સ ઇન્ડિયાના સિનિયર કોમિશનિંગ ઍડિટર વૈશાલી માથુરનો પણ આભાર માનું છું. તેમણે દરેક તબક્કે મારા લખાણમાં સુધારો આવે તેવું માગદર્શન આપ્યું છે અને મારા કામને મઠાર્યું છે. ખાસ કરીને તો તેમણે મારાં પુસ્તકો પર ખૂબ જ ઝડપથી કામ કર્યું હતું. તમારા વગર મારી આ ડ્રિમબુક ક્યારેય પ્રસિદ્ધ ન થઈ શકી હોત, વૈશાલી !

હું મારા ઍડિટર મોનિદિપા મેડમનો પણ આભાર માનું છું જેમણે મારા લખાણમાંથી કેટલીક બ્રિલિયન્ટ ભૂલો શોધી કાઢી. ક્યારેક હું તે ભૂલોને ધ્યાનમાં રાખીને કોઈ પુસ્તક તૈયાર કરીશ.

રવિન્દર સિંહની અન્ય રચનાઓ

આઈ ટુ હેડ એ લવ સ્ટોરી

શું લવસ્ટોરી ક્યારે પૂરી થાય છે?...જ્યારે કોઈ સુંદર વ્યક્તિ તમારા જીવનમાં પ્રવેશે ત્યારે તમે કેવો પ્રતિભાવ આપો છો, તમને એટલી મહત્ત્વની વ્યક્તિ બનાવીને તે સહજતાથી ચાલી જાય ત્યારે શું... કાયમ માટે?

દરેક લવસ્ટોરી સારા અંત માટે સર્જાતી નથી. ઘણી અધૂરી જ રહે છે, તેના કારણે તે વધારે સારી લાગે છે. આઈ ટુ હેડ એ લવ સ્ટોરી પણ એવી જ છે. તેમાં રવિન અને ખુશી નામના બે પાત્રોની વાત છે જે એકબીજાને ઇન્ટરનેટ દ્વારા મળે છે. પ્રેમમાં પડે છે... અને ત્યાં સુધી પ્રેમ કરે છે જ્યાં સુધી જિંદગી તેમના પ્રેમની પરીક્ષા નથી કરતી.

રોમૅન્ટિક, ફની છતાં ગંભીર એવી તેમની પ્રેમભંગની વાત લાખો લોકોને પસંદ પડી છે. જે લોકો પ્રેમના જાદુમાં વિશ્વાસ રાખે છે તેમણે આ નૉવેલ એક વખત તો વાંચવી જ જોઈએ...

કેન લવ હેપન ટ્વાઈસ?

જ્યારે રવિન પહેલી વખત કહે છે 'આઇ લવ યુ...' તેનો અર્થ કાયમ માટે છે. આઇ ટુ હેડ એ લવ સ્ટોરી નોવેલની મદદથી જ આ બેસ્ટ સેલિંગ નોવેલનું સર્જન થયું છે. પણ રવિનની લવ સ્ટોરી નૉવેલના અંતિમ પાના પર સારી રીતે પૂરી થાય છે ખરી?

વેલેન્ટાઇન ડે પર ચંડીગઢના રેડિયો સ્ટેશનમાં રોમૅન્ટિક ચેટ શોનું આયોજન કરાયું હતું. તેમાં રવિન્દરના ત્રણ મિત્રો રવિનની લવસ્ટોરી વિશે

વાત કરતા હતા. બધાની નવાઈની વચ્ચે રવિન જ જાતે બોલવા તૈયાર થયો. રવિને જેવું માઇક હાથમાં લઈને ઓનએર બોલવાનું શરૂ કર્યું કે બધાને એક જ વાત જાણવી હતી કે રવિનનું શું થયું?

આ વાતનો જવાબ આપવા માટે રવિનના ત્રણ મિત્રો તેના હાથે લખેલી અને અધૂરી રહેલી બીજી બુક વાંચવાનું શરૂ કરે છે. આખું શહેર અધ્ધર શ્વાસે તેની વાત સાંભળી રહ્યું હતું.

પોતાની જ લવસ્ટોરીની સિક્વલ કે જે પ્રેમના રોલરકોસ્ટર પર સવારી કરાવીને જિંદગીના ઉતાર-ચઢાવ બતાવે છે તેનું તેમાં વર્ણ કરાયું છે.

લવ સ્ટોરી ધેટ ટચ માય હાર્ટ

લવ, માત્ર ચાર અક્ષરોનો શબ્દ, છતાં તેનામાં એટલી તાકાત છે કે તે દુનિયામાં કંઈપણ કરી શકે છે.

આપણને દરેકને પહેલા પ્રેમ કે આકર્ષણનો અનુભવ થયો જ હશે અને તેની યાદ આજે પણ મનમાં ક્યાંક સંગ્રહાયેલી હશે. પ્રેમ એક એવો અનુભવ છે જેના વિશે દરેક લોકો માને છે કે જીવનમાં એક વખત તો તેનો અનુભવ થવો જ જોઈએ. માનવજાતે સમયાંતરે અનેક રીતે આ લાગણીને વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે પણ આ એવી લાગણી છે જેને સરળતાથી વ્યાખ્યાયીત કરી શકાતી નથી. તેને માત્ર વર્ણવી શકાય છે અને તે પણ વાર્તા તરીકે.

લવ સ્ટોરીઝ ધેટ ટચ માય હાર્ટમાં એવી વાર્તાઓ છે જે લોકોએ લખેલી છે અને દરેકમાં એક વાત છપાયેલી છે. જેને તે લોકો સમક્ષ રજૂ કરવા માગે છે.

રવિન્દર સિંહ દ્વારા પસંદ કરાયેલી અને ઍડિટ કરાયેલી આ વાર્તાઓ રવિનને વધારે પસંદ પડી હતી અને તેના દ્વારા તમને પણ ખ્યાલ આવશે કે દુનિયામાં કોઈ એક એવી વ્યક્તિનું સર્જન થયું છે જે માત્ર તમારા માટે છે.



તમને ક્યારેય કોઈએ પૂછ્યું છે કે
તમારી જિંદગીના
શ્રેષ્ઠ દિવસો કયા હતા ?

તમારા જીવનનો એવો તબક્કો કે જેમાં
તમે વારંવાર પાછા જવા ઈચ્છતા હોવ ?
જ્યારે પણ મને આવું પુછાય છે ત્યારે
હું મારી આંખો બંધ કરીને વિચારું છું...

...એવા દિવસો વિશે જ્યારે જીવનની સૌથી મોટી મૂંઝવણો અને મુશ્કેલીઓનો 'અક્કડ બક્કડ બમ્બે બો' કરીને ઉકેલ શોધવામાં આવતો. વરસાદ પડે ત્યારે કાગળની હોડીઓ બનાવતા, જ્યારે રેલવે ક્રૉસિંગ પાસે ઊભા રહેવાનો અર્થ થતો પસાર થતી ગાડીના ડબ્બા ગણવા.

જ્યારે હું મારી આંખ ખોલતો ત્યારે એમ લાગતું કે, લાઈક ઈટ હેપન્ડ યસ્ટરડે, જ્યારે મને મારી અંદર થતા હોર્મોનલ ચેન્જિસની જાણ થતી, હું મારા બૉર્ડના પરિણામની રાહ જોતો અને જ્યારે હું પહેલી વખત પ્રેમમાં પડ્યો.

ભૂતકાળ એટલે એક રોમાંચક સફર. તે મને હસાવે છે, રડાવે છે અને હું અત્યારે જે છું તેનું એક કારણ પણ છે.

તો આવો અને મારો હાથ પકડીને મારી આ સફર પર ચાલો. તમારા માટે તે ફરી એક વખત ગઈકાલ સાબિત થશે.


Author photograph by
Amit Kumar Chockalingam




ISBN : 978-81-84
9788184408584

₹ : 160.00